Boundary, *s.* સીમા, મર્યાદા, હદ્દ.
Boundless, *a.* અત્યંત, અપાર, બેહદ્દ.
Bountiful, *a.* ઉદાર, સખી, ઓલોદોલો.

Bounty, *s.* ઔદાર્ય. સખાવત, ૨ બક્ષિસ,સંભાવના.
Bow, *s.* નમન, નમસ્કાર, સલામ. ૨ ધનુષ્ય, કામઠું.
Bowels, *s.*આંતરડાં.[3 *v.* વાંકું વાળવું,નમસ્કાર કરવો.
Bower, *s.* માંડવો, મંડપ, કુંજ.
Bowl, *s.* પ્યાલો, વાટકો, કટોરો, ૨ દડી.
Bowman, *s.* તીરકામઠાવાળો, ધનુર્ધારી.
Box, *s.* પેટી, દાભડો, દાભડી, સંદુક, ૨ મુક્કી,ઠોંસો, ગાડીવંનને બેસવાની જગ્યા. [છોકરવાદ,
Boy, *s.* છોકરો, છૈયો. 2-hood, બચપણ, 3-ish,
Bracelet, *s.* પોંહોંચી, બાજુબંધ, કરભૂષણ.
Bracket, *s.* કૌંસ. ૨ ટેકો. [વી, ડીંગ મારવી.
Brag, *s.* પતરાજી, બડાઈ. 2.*v.* પતરાજી-બડાઈ કર-
Braid, *s.* અંબોડો,વેણી. 2 *v.* અંબોડો વાળવો,વેણી
Brain, *s.* મગજ, ભેજું. ૨ જ્ઞાન,બુદ્ધિ, અક્કલ.[ગુંઠવી.
Brake, Bramble, *s.* કાંટાની ઝાડી. [ભાગ કરવા.
Branch, *s.* ડાળી, ડાંખલી, શાખા. 2 *v.* ડાળાં ફુટવા,
Brand, *s.* ડાહામ, ૨ કલંક, ડાઘ,લાંછન. 3 *v.* ડાહામ
Brass, *s.* પિત્તલ. ૨ નિર્લજ્જતા. [દેવો,કલંક લગાડવું.
Bravado, *s.* બડાઈ, પતરાજી, શેખી, ફીશીઆરી.
Brave,*a.* શૂરો, બાહાદુર.૨ શોભિતું.3 *v.* સામા થવુ.
Bravery, *s.* બાહાદુરી, શૌર્ય, હિંમત.
Bravo, *s.* ખુની. 2 *int.* શાબાસ, ધન્ય છે.

Brawl, *s.* કજિયો, કટકટ, કંકાસ. 2 *v.* કજીયો-ટંટો કરવો, તડાતડી કરવી.
Brawler, *s.* કજીયાખોર, બરબડનાર.
Bray, *s.* ગધેડાનો પોકાર.2 *v.*ધુંદવું, ભુંકવું, આરાડવું.
Brazen, *a.* પિતલનું. ૨ નફટ, નિર્લજ. [પાડવું.
Breach, *s.* ભંજન, ખાતર, બિગાડ, તુટ.2 *v.* ખાતર
Bread, *s.* રોટલી, રોટલો, પોળી. ૨ અન્ન, ખોરાક. ૩
Breadth, *s.* પોહોળાઈ, વ્યાસ. [ગુજરાન.
Break, *s.* ખીણ, ચીરો, 2 (–of day) પરોઢિયું, પ્રાતઃકાળ. 3 *v.* ફોડવું, ભાંગવું, અથડવું, અફળાવું, દેવાળું નિકલવું. [સ્તો કરવો.
Breakfast, *s.* નાસ્તો, સીરામણ, ટીંમણ, 2 *v.* ના-
Breast, *s.* છાતી, ઉર, સ્તન, થાન, ધાઈ. ૨ -હૃદય, અંતઃકરણ. [૫ શબ્દ.
Breath, *s.* દમ, શ્વાસ. ૨ જીવ. ૩ લેહેર. ૪ વિસામો.
Breathe, *v.* દમ-શ્વાસ લેવો.૨ જીવવું.૩ વિસામો ખાવો.
Breathless, *a.*થાકેલું.૨ પ્રાણહીન, મુવેલો, દમવગરનો.
Breed, *s.*જાત, ઓલાદ, કુળ.2 *v.*ઉછેરવું પાળવું, ઉત્પન્નકરવું
Breeding, *s.* કેળવણી.૨ માણસાઈ. ૩ સભ્યતા, વિનય.
Brethren, *s.* ભાઈબંધ, જાતભાઈ, બંધુ.
Brevity, *s.* સંક્ષેપ, અલ્પતા.
Bribe, *s.*લાંચ, રૂસવત.2 *v* લાંચ આપવી, મોહોડું દાબવું.

Bribery, *s.* લાંચ, રૂસવત, પાનસોપારી.
Brick, *s.* ઈંટ. 2–bat, રોડું, 3–layer, કડિયો. 4–work,કડિયાકામ,5–mould,ઈંટબનાવાનો સાંચો,
Bride, *s.* કન્યા, વહુ, નવી વહુ. 2–groom, વરરાજા.
Bridge,*s.*પુલ,સેતુ.2 *v.* પુલ બાંધવો.Bridle, *s.* લગામ.
Brief, *s.* સંક્ષેપ. 2 *a.* ટુંકું, થોડું, સંક્ષિપ્ત.
Brigade, *s.* લશ્કરની મોહોટી ટુકડી.
Bright, *a.* ચળકતું, તેજસ્વી.૨ ચંચલ. ૩ ઉમેદવાર. ૪ સ્પષ્ટ. ૫ સાફ. 6–en, *v.* ચકચકીત કરવું, હોંશીયાર કરવું, ચળકવું.
Brilliancy, *s.* ચળકાટ,૨ ઝળકાટ. ૩ નુર, આબ,પાણી.
Brilliant,*a.*પાણિદારહીરો.2 *a.*ભભુકદાર.૩ પાણીદાર.
Brim, *s.* કોર, ટોચ, છલાછલ. ૨ કિનારો, કાંઠો.
Bring, *v.* લાવવું, આણવું. 2–forth જણવું, 3–up કેળવવું, ઉછેરવું. 4–over મનાવવું, સમજાવવું.
Brink, *s.* કોર, કિનારો.
Brisk, *a.* આનંદી, મોજી.૨ ચાલાક, ચપળ.૩ તેજી. ૪ ધકધકતું. [સ્વભાવ.
Briskness, *v.* ચાલાકી, ચપળતા. ૨ તેજી. ૩ સંતોષ,
Britain, *s.* સ્કાટલંડ, ઇંગ્લંડ, એન્ડ વેલ્સ.
British, *a.* ઇંગ્રેજી, બ્રિટન દેશનું.
Briton, *s.* ઇંગ્રેજ, બ્રિટનનો રેહેવાસી.

Brittle, *a.* નાજુક, તકલીદી, કકરૂં.
Broad, *a.* પોહોળું, વિસ્તીર્ણ. ૨ ખુલ્લું, ૩ નિર્લજ.
Broad-cloth, *s.* બનાત. [પોહોળા પાનાની તરવાર.
Broadness, *s.* પોહોળાઈ, પન્હો. Broad-sword.
Brocade, *s.* કીનખાબ, કસબી લુઘડું,
Broil, *s.* કચકચ, કજીયો, કળકળાટ. 2 *v.* સેકવું, ભુંજવું
Broker, *s.* દલાલ. ૨ ભડવો. ૩ જુનો સામન વેચનાર.
Bronze, *s.* પંચરસ ધાતુ, પૂતળા બનાવવાની ધાતુ.
Brooch, *s.* છાતીનું બટન, બોરીઉં. [ચિંતન કરવું.
Brood, *s.* વેત, વેતર. 2 *v.* સેવન કરવું.3 (over)
Brook, *s.* ઝરો, પ્રવાહ. 2 *v.* ખમવું, સાંખવું.
Broom, *s.* સાવરણી, ઝાડુ, Brothel, *s.* વેશ્યાવાડો.
Brother, *s.* ભાઇ, 2 (foster) દુધભાઈ, 3 (half) સાવકો ભાઈ. 4–ly, *a.* ભાઈ સમાન; *ad.* બંધુ ભાવે.
Brother-in-law, *s.* સાળો, ૨ બનેવી ૩ દીએર.
Brow, *s.* ભવું, ભમર, ૨ કપાળ. ૩ શિખર, ટોચ.
Brown, *a.* ભુરૂં, બદામી, ઘઉંવર્ણું, તપખીરીઉં.
Bruise, *v.* છુંદવું, ભુકો કરવો. ૨ શોળ પાડવો. 3 *s.* ચામડું, સોળ. [હાથ મારવો.
Brush, *s.* પીછી, વાળાકુંચી, કુચો. ૨ મારામાર.3 *v.*
Brutal, *a.* પશુ સમાન. ૨ નિર્દય. 3–ity, *s.* નિર્દયપણું, દુરાચરણ.

Brute, *s.* પશુ, હેવાન, જનાવર. ૨ મૂર્ખ, અજ્ઞાન.
Bubble, *s.* પરપોટો. ૨ સટ્ટો, ઠગાઈ. 3 *v.* ફસાવવું, ઉકળવું.
Buck, *s.* હરણ, સાબર. ૨ બકરો. ૩ મેંઢો. ૪ ફાંકડો, અકડબાજ.
Bucket, *s.* ડોળ, ડોળચી.
Buckle, *s.* ચપરાસ, અટકણ આંકડી. 2 *v.* તૈયાર કરવું.
Bud, *s.* કળી, અંકુર, પલ્લવ, 2 *v.* કલમ કરવું, ખીલવું.
Budget, *s.* કોથળી, થેલી. ૨ જથ્થો, પુંજી, સંગ્રહ.
Buffalo, *s.* (male) પાડો. 2 (female) ભેંસ, મહીશ.
Buffet, *s.* મુક્કો, ઠોંસો. 2 *v.* મુક્કી-લપડાક મારવી.
Buffoon, *s.* તીખલી, મશ્કરો, રંગલો, વિદૂષક, મકરંદ.
Buffoonery, *s.* મશ્કરી, તીખલ, હાસ્ય, ઠઠ્ઠાબાજી.
Bug, *s.* માંકડ, માંકણ. 2-trap, માંકણીયું.
Bugle, *s.* (horn), રણસીંગું, તતુડું.
Build, *v.* બાંધવું, ઉભું કરવું, ભરોસો રાખવો. 2-ing, ઈમારત, હવેલી.
Builder, *s.* ઘર બાંધનાર, મીસ્રી.
Bulb, *s.* ડીડવું, કંદ, કાંદો.
Bulk, *s.* કદ, પરિમાણ, સ્થૂલતા. ૨ મુખ્યભાગ, 3-y, *a.* કદાવર
Bull, *s.* આખળો, સાંઢ, ગોધો, 2 (dog) એક જાતનો મજબુત કુત્રો.
Bullet, *s.* બંદુકની ગોળી.
Bullion, *s.* નગદી, સોના રૂપાની પાટો. ૨ ચાંદી.
Bullock, *s.* બળદ, બેલ. 2 (young) ગોણીયું.
Bully, *s.* કજીયાખોર, લફંગો. ૨ *v.* ધાંધલ કરવું.

Bulwark, *s.* કોટ, કિલ્લો, બુરજ. ૨ રક્ષણ સાધન.
Bunch, *s.* ઝુમખું.૨ ઝુડી,પણી.૩ગાંડો,4 *v.* ઝુડી બાંધવી.
Bundle, *s.* ગાંસડી,બચકો,પોટલી.2 *v.* ગાંસડી બાંધવી
Burden, *s.* બોજો, ભાર, વેઠ. 2. *v.* લાદવું. બોજો ભરવો. 2–some, ભારે, કષ્ટકર.
Burial-ground, *s.* મસાણ,શ્મશાન, ઘોર, કબરસ્તાન.
Burn, *s.* ડાહ્યામ,ચટકો.2 *v.* બાળવું; દઝાડવું; બળવું.
Burning, *s.* દાઝવું, ડાહ્યામ. ૨ દઝાડવું. 3 –glass આગીયોકાચ,
Burnish, *v.* ઓપવું,ઝકઝક્નું કરવું. 2 *s.* ઓપ, ઝકઝકાટ.
Burst, *v.* ફોડવું, જોરથી ભાગવું. ૨ ફુટવુ, નીકળવું.
Burthen, *s.* બોજો, ભાર.
Bury, *v.* દાટવું, ભૂમીદાહ કરવો.
Bush, *s.* ઝાડી, રાન, ઝાખરૂં.
Business, *s.* ધંધો,ઉદ્યમ,રોજગાર.૨ લેવડદેવડ.૩ ફરજ.
Bustle, *s.* ગડબડ, ધામધુમ. Bustling, ગડબડીયો.
Busy, *a.* ઉદ્યોગી,રોજગારી.૨ જંજાલી.3*v.* ધંધેલગાડવું.
But, *prep. & conj.* સિવાય, વગર, વિના. ૨ પણ, પરંતુ, ૩ માત્ર.
Butcher, *s.* કસાઈ,ખાટકી.૨ ખુની. 3 *v.* હત્યા કરવી.
Butler, *s.* બુટલેર, રસોઈયો.
Butter, *s.* માંખણ, નવનીત,મસ્કો.2 *v.* માંખણ ચોપડવું.

Butterfly, *s.* પતગિયું.
Buttock, *s.* ધગડો, કુલો.
Button, *s.* બોરીયું, બુટાન, 2 *v.* બોરીઉં ઘાલવું.
Buttress, *s.* ટેકો, પુષ્ટી. 2 *v.* ટેકો આપવો.
Buxom, *a.* આનંદી, રંગીલું, ખુશમિજાજી.
Buy, *v.* ખરીદ કરવું, વેચાતી લેવું. Buyer, *s.* ખરીદ
Buzz, *v.* ગણગણવું, 2–ing, *s.* ગણગણાટ. [કરનાર.
By, *prep.* પાસેથી, ૨ નજદીક 3 (and by) ધીમે ધીમે. 4–word કેહેવત.
By-stander, *s.* તમાસગીર. ૨ તટસ્થ, મોહીત.

C

Cabal, *s.* ફીતુરી ટોળી. ૨ ફીતુર, તરકટ. 3*v.* ફીતુર કરવું.
Cabbage, *s.* કોબી.
Cabin. *s.* કેબીન, ડબુસો. ૨ ઝુંપડી, ઝુંપડું.
Cabinet, *s.* દિવાનખાનું, મંત્રગૃહ, ખાનાંવાળી પેટી.
Cable, *s.* લંગર દોર, લંગરનું દોરડું, હમાર.
Cackle, *v.* ખરખર હસવું, હિ હિ હા હા કરવી.
Cage, *s.* પાંજરૂં, ૨ કેદખાનું. [૨ બક બક કરવી.
Cajole, *v.* ફોસલાવવું, પટાવવું, લલચાવવું, સમજાવવું.
Cake, *s.* પુરી, રોટલી, રોટલો, પોળી.
Calamitious, *a.* દુઃખદાયક, પીડા કરનારૂં.
Calamity, *s.* સંકટ, વિપત્તિ, આપદા, હાલ, દુઃખ.

Calculate, *v.* ગણવું,હિસાબ કરવો. ૨ અજમાસ-અટ-
Calculation, *s.* હિસાબ, ગણતરી, ગણિત, [કળ કરવી.
Calendar, *s.* પંચાંગ, ટીપણું.2 *v.* કુંદી કરવી,ઘુંટવું.
Calf, *s.* વાછરડું, પાડું. ૨ પગનું ટેટું.
Calico, *s.* છીંટ.
Call, Calling, *s.* સાદ, હાંક. ૨ નોતરું, આમંત્રણ, ધંધો, ઉદ્યોગ. ૪ ઉઘરાણી, માગણી. 5 *v.* કેહેવું, બોલાવવું, તેડું કરવું, નામ પાડવું, હાક મારવી.
Callous, *a.* સુનું, નિર્જીવ,૨ બેશીકર.૩ બેહેરૂં.4-ness, *s.* બેહેરાપણું, બેશીકરાપણું, શઠપણું. [શાંત કરવું.
Calm, *s.* નિર્વાત, શાંતિ. 2 *a.* શાંત, સ્થિર. 3 *v.*
Calmness, *s.* નિર્વાત. ૨ શાંતિ,સ્થિરતા, સ્વસ્થપણું.
Caluminate, *v.* આળ મુકવું,નિંદા કરવી,બદ નામ કરવું
Calumny, *s.* નિંદા, આળ, તોહોમત, કલંક.
Camel, *s.* (male) ઉંટ, (female) સાંઢણી.
Camp, *s.* છાવણી, કાંપ. ૨ લશ્કર.
Campaign, *s.* મેદાન, સપાટી. ૨ સ્વારી, સફર.
Camphor, *s.* કપૂર.
Can, *s.* પ્યાલો, કટોરો. 2 *v.* શકવું, સમર્થ થવુ.
Canal, *s.* નેહેર, નાળું.
Canary, (bird) મેનાં.
Cancel, *v.* છેકવું, રદ કરવું, બાતલ કરવું.

Candid, *a.* નિષ્કપટ,સાફ દિલનું,ભોળો,મનનો મોકળો.
Candidate, *s.*ઉમેદવાર,પદાભિલાષી. [-stick દીવી.
Candle, *s.* મિણબત્તી. ૨ દીવો, બત્તી. ૩ રેહેમ. 4
Candour, *s.* નિષ્કપટપણું, સાલસાઈ. ૨ સત્યતા.
Candy, *s.* (sugar) સાકર. [નેતરથી મારવું.
Cane, *s.* નેતર, છડી. ૨ (sugar) શેરડી, ઉસ. 3 *v.*
Canker, *s.* સળો. ૨ દાંતમાં કીડ થાય છે તે.
Connon, *s.* તોપ, જંબુરો. 2–ade, *v.* તોપ છોડવી.
3 *s.* તોપનો માર.
Canon, *s.* કાયદો, કાનૂન,રસમ. ૨ વિધિ,નિયમ,સૂત્ર.
Canopy, *s.* છત્ર, ચંદરવો, છતરી, ચંદની.
Canto, *s.* કાવ્યનો ભાગ, સર્ગ, અધ્યાય.
Canton, *s.* જીલ્લો, પરગણું. 2-ment છાવણી.
Canvas, *s.*કંતાન,જાડું કપડું. 2 *v.* તપાસ કરવી,મત
Cap, *s.* ટોપી. ૨ મથાળું.3 *v.*ટોપી બેસાડવી.[માગવો.
Capability, *s.* શક્તિ, યોગ્યતા. ૨ કાર્યક્ષમતા.
Capable, *a.* યોગ્ય, લાયક, સમર્થ, કાબેલ. [કળાપણું.
Capacious, *a.* વિશાળ, વિસ્તીર્ણ, 2–ness, *s.* મો-
Capacity, *s.* પરિમાણ, માપ. ૨ શક્તિ, ગજુ. ૩
હાલત, સ્થિતિ. ૪ દશા, વ્યવસ્થા. ૫ હક, તાકાત.
Cape, *s.* ભૂશિર, ભૂશલાકા. [૬ અધિકાર.
Caper, *v.* કુદવું, ઉછળવું, કુદકો મારવો. [2 *a.* મુખ્ય.

Capital, *s.* રાજ્યધાની,મુખ્ય શેહેર. ૨ મુદ્દલ,થાપણ.
Capitalist, *s.* પૈસાદાર, ધનાઢ્ય, થાપણવાળું.
Capitation, *s.* શિરગણત્રી. 2 (tax) જજીઆ [કર-વેરો.
Capitulate, *v.* કોલકરાર કરવા.
Caprice, *s.* તુરંગ, તોર, તબીઅત, ઝાંઝ, ફાકો.
Capricious, *a.* ફાંકાવાળો,ઝાંઝી, અસ્થિર. [કપતાન.
Captain, *s.* ફોજનો સરદાર, કપતાન. ૨ વાહાણનો
Captivate, *v.* કેદ કરવું. ૨ મોહિત કરવું. 2 *a.* કેદ.
Captivity, *s.* કેદ, બંધીખાનું.
Captor, *s.* પકડનાર, લડાઇમાં કેદી પકડનાર.
Car, *s.* રથ, ગાડી.
Caravan, *s.* કાફલો, પોઠ, વણજાર.
Caravansary, *s.* ધર્મશાળા, સરાહ.
Carbon, *s.* એક તત્વ, કોયલાનું તત્વ.
Carcass, *s.* મરદુ, લોથ, શબ. [*v.* પિંજવું.
Card, *s.* ગંજીફો, રમવાનાં પાનાં, નામની ચીઠ્ઠી. 3
Cardamom, *s.* એલચીનું ઝાડ. ૨ એલચી.
Cardinal, *s.* પાદરી. 2 *a.* મૂખ્ય, શ્રેષ્ટ.
Care, *s.* કાળજી, સંભાળ, ચિંતા. ૨ સાવધપણું. ૩ પરવા 4 *v.* કાળજી લઈ કરવું, સંભાળ હોવી. [મવેગો.
Career, *s.* દોડ, દોડવાનો ઝપાટો. ૨ ગતિ. ૩ ક્રમ. [પર-
Careful, *a.* સાવધ, ચિંતાતુર. ૨ સાવધ, ખબરદાર, હોશિયાર.

Careless, *a.* બેફિકરો, ગાફેલ. 2–ness, બેફિકરાઈ, અસાવધપણું.
Caress, *v.* લાડ લડાવવું. ૨ પંપાળવું, હેત કરવું.
Cargo, *s.* વાહાણમાં ભરેલો માલ.
Carnage, *s.* કતલ, કાપાકાપી, કાટાકાટી.
Carnivorous, *a.* માંસ ખાનારા, માંસહારી.
Carol, *s.* રાગ, ગીત, સ્તોત્ર. 2 *v.* રાગ–ગીત ગાવા.
Carpenter, *s.* સુતાર, મિસ્તરી. Carpentery, *s.* સુતારકામ.
Carpet, *s.* ગલીચો, સેતરંજી, જાજમ. 2 *v.* ગાલીચો [પાથરવો.
Carriage, *s.* ગાડી. ૨ હેલ, ભાડું. ૩ વર્તણુક, ચાલચલણ.
Carrier, *s.* હેલકારી, વૈતરો, હમાલ, ભાર ઉચકનાર.
Carrion, *s.* બગડેલું અથવા મુડદાલ માંસ.
Carrot, *s.* ગાજર.
Carry, *s.* વહી, 2 *v.* લઈ જવું, ૨ ફાવવું. ૩ દેખા-[ડવું. ૪ વહી ગણવી.
Cart, *s.* ગાડું, ગાડી, ખટારો, વેહેલ. 2–er, *s.* ગાડીવાન.
Cartridge, *s.* કારતુસ, દારૂ ભરીને મુકેલો ટેટો.
Carve, *v.* નકસી કોતરવી, કોરવું. ૨ કાપવું, ભાગપાડવો.
Case, *s.* કજીયો, મુકર્દમો. ૨ ઘર, ઢાંકણ. ૩ હેવાલ. ૪ વિભક્તિ. 5 *v.* ઘર કરવું. 6–ment, *s.* ઝરૂખો, ખડકી.
Cash, *s.* રોકડ, નગદ. 2 *v.* વટાવવું, વેચવું. ૩ બ-[રતરફ કરવું.

Cashew, *s.* કાજુ.
Cashier, *s.* સરાફ, કિલિદાર, રોકડ રાખનાર.
Cask, *s.* પીપ. Casket, *s.* ટોપલી, કંડીયો.
Cast, *s.* ઢબ, ડોળ, છટા. ૨ નજર, ઈસારત. ૩ સાં-
ચો, નમુનો, ઘાટ. 4 *v.* ફેંકવું, કાઢી નાખવું, યોજ-
વું, સાંચામાં ઓતવું.
Caste, *s.* જાતિ, જ્ઞાત, વર્ણ,કોમ, જાત.
Castle, *s.* કોટ, ગઢ, કિલ્લો.
Caster-oil, *s.* એરંડિયું, દીવેલ. [દૈવયોગે.
Casual, *a.* અકસ્માત્, અનિત્ય.2–ly, *ad.* ઓચિંતું,
Cat, *s.* બીલાડો, બીલાડી, બિલ્લી.
Catalogue, *s.* ટિપ, નોંધ, યાદી, હાજરીપત્ર.
Cataract, *s.* પાણીનો ધોધ. ૨ મોતીયો, ફુલું.
Catastrophe, *s.* આફત, સંકટ, વિઘ્ન. [૩ કબજ કરવું.
Catch, *s,* આંકડો, અટકણ. 2 *v.* પકડવું, ઝીલીલેવું.
Catechu, *s.* કાથો. Category, *s.* વર્ગ, ભાગ, યાદી.
Cathedral, *s.* દેવળ, દેરૂં, ખ્રિસ્તી લોકોનું દેવળ,
Catholic, *s.* કેથોલિક ધર્મનું માણસ. 2 *a.* સર્વનું.
Cattle, *s.* ઢોર, જાનવર. [૩ ઉદાર.
Causal, *a.* કારણ બતાવનાર, સાધક, પ્રયોજ્ય.
Cause, *s.* કારણ, સબબ, હેતુ. ૨ કરનાર, કર્ત્તા. ૩
કજીયો. ૪ પક્ષ. 5–less, *a.* નિષ્કારણ, નાહક, કાર-
ણ વગર.

Caution, *s.* ચેતવણી, સાવચેતી, બંદોબસ્ત. 2 *v.* ચે-
Cautious, *a.* સાવધ, હોંશિયાર. [તવણી આપવી.
Cavalier, *s.* ઘોડેસ્વાર, શીલેદાર, તુરંગી.
Cavalry, *s.* ઘોડાસ્વારનું લશ્કર.
Cave, Cavern, *s.* ગુફા, કોતર, ખો, વિવર.
Cavity, *s.* પોલાણ, ખાડો, ખાંચ. Caw, *v.* કાકા કરવું.
Cease, *v.* બંધ પડવું, મોકુફ થવું. ૨ અંત આવવું.
Ceaseless, *a.* અખંડ, નિરંતર, હમેશનું.
Cede, *v.* સ્વાધીન કરવું, આપવું, માનવું.
Ceiling, *s.* છત્ર, છત. ૨ ચંદરવો.
Celebrate, *v.* તારીફ કરવી, વખાણવું. ૨ ઉજવવું, પાળવું.
Celebrated, *a.* પ્રસિદ્ધ, પંકાયેલો, વિખ્યાત, નામાંકિત.
Celebration, *s.* સ્તુતિ, ઓચ્છવ, વખાણ. ૨ ઉત્સાહ.
Celebrity, *s.* કીર્તિ, પ્રસિદ્ધિ, નામદારી, નામ.
Celerity, *s.* ઝડપ, ઉતાવળ, વેગ, ચપળતા.
Celestial, *a.* સ્વર્ગનું, સ્વર્ગમાંવસનારૂં. ૨આકાશસંબંધી.
Cell, *s.* દર, કોતર. ૨ ભોંયરૂં, ઘર. ૩ છિદ્ર, નાકું.
-ar, *s.* ભોંયરૂં. [દોસ્તીથી જોડવું.
Cement, *s.* ગાર, કેળ. ૨ સંબંધ, નાતું. 3 *v.* સાંધવું.
Censer, *s.* ધુપદાનીઉં. Censor, *s.* દોષ દેનાર. કર્માધ્યક્ષ.
Censurable, *a.* દોષપાત્ર, ઠપકા લાયક.
Censure, *s.* ઠપકો, દોષ. 2 *v.* ઠપકો દેવો, દોષ મુકવો.

Census, *s.* વસ્તિ પત્રક. Cent, *s.* સેંકડો, સો.
Centipede, *s.* કાનખજુરો. Central, *a.* મધ્ય, વચલું.
Centre, *s.* મધ્ય, ગોળાનું મધ્ય બિંદુ, 2 *v.* એકઠું કરવું.
Century, *s.* સદી, સૈકું, સેંકડો. Cere-cloth, *s.*
Ceremonial, *a.* સંસ્કાર કર્મ સંબંધી. [મીણકાપડ.
Ceremony, *s.* ક્રિયા, સંસ્કાર, વિધિ. ૨ આદર સત્કાર.
Certain, *a.* ચોકસ, ખચીત, નક્કી. 2-ly, ખરેખર, ખચીત.
Certainty, *s.* ખાત્રી, નિશ્ચય, ખાતર જમા.
Certificate, *s.* માનપત્ર, આબરૂ પત્ર.
Certify, *v.* નક્કી કરવું, ૨ સાહેદી પુરવી.
Cessation, *s.* વિરામ, અટકાવ, નિવૃત્તિ.
Cession, *s.* ત્યાગ, સમર્પણ, વિસર્જન.
Chafe, *v.* ચોળવું, ગરમ કરવું, ખીજવવું. ૨ તરફડવું.
Chaff, *s.* છોડાં, ફોતરાં, થુલું. [ચઢવી, ખીજવવું.
Chagrin, *s.* રીસ. ૨ શોક. ૩ ઝાંઝ, ખીજ. 4 *v.* રીસ
Chain, *s.* સાંકળ, સાંકળી. ૨ હાર, અનુક્રમ.
Chair, *s.* ખુરસી; મુખ્યસ્થાન. 2-man, સભાપતિ.
Chaise, *s.* બગી, ગાડી. Chalk, *s.* ચાક, ખડી.
Challenge, *s.* લઢાઈ માગવી. 2 *v.* જવાબ માંગવો, તોહોમત મુકવું.
Chamber, *s.* ઓરડો, ખોલી. ૨ તોપનો ખજાનો.
Chamberlain, *s.* ઘરની વ્યવસ્થા કરનાર, કારભારી.

Champion, *s.* વીર,લડવૈયો,પઠાણ. ૨ રક્ષક. [બનવું.
Chance, *s.* કિસમત, નસીબ, દૈવ. ૨ સંભવ. 3 *v.*
Chancellor, *s.* પ્રધાન, ખજાનચી, સદર દિવાન.
Chancery, *s.* સદર દિવાની અદાલત.
Chandelier, *s.* ઝુંમર, ઝાડ, દીપવૃક્ષ.
Change, *s.* ફેરફાર, ફરક; ખુડદો. 2 *v.* બદલવું,ફેરવવું; વટાવવું, ખુડદો કરવો; ફરવું. –able, *a.* બદલવા લાયક. ૪ ચંચળ.
Chant, *v.* ગાવું. Chapel, *s.* દેવળ, દેવાલય, દેરૂં.
Chaplain, *s.* પાદરી, દેવળનો અધિકારી.
Chapter, *s.* પ્રકરણ, અધ્યાય, વર્ગ, કાંડ.
Character, *s.* ચિન્હ, નિશાન; અક્ષર, વર્ણ; લિપિ, સ્વરૂપ, લક્ષણ; આબરૂ, પત; આચરણ. –istic, *a.* વિશેષ ગુણ,વિશેષ લક્ષણ. –ize, *v.* લક્ષણ–ગુણ કેહેવા.
Charcoal, *s.* કોલસા, કોયલા.
Charge, *s.* જુમ્મો, સોંપેલું કામ; ખરચ, તોંહોમત, દાવો. 2 *v.* બંદુકમાં દારૂ વિગેરે ભરવો; તોહોમત મુકવું, કિંમત માગવી; ચડાઈ કરવી; સોંપવું.
Charger, *s.* લડાઈનો ઘોડો; ચાળો. ૨ કાબી.
Chariot, *s.* રથ,ચારઠ.–eer,*s.*રથ હાંકનાર, ગાડીવન.
Charity, *s.* દયા, કૃપા, ૨ દાન, પુણ્ય. Charitable, *a.* દયાળુ,ધાર્મિક. [મોહ પમાડવું, વશ કરવું.

Charm, *s.* મંત્ર, તંત્ર, જાદુ; મોહ, મોહિનિ. 2 *v.*
Charmer, *s.*બાજીગર,જાદુગર;મનોરંજક. [લોભાવનાર.
Charming, *s.* મોહની, વશીકરણ. 2 *a.* મનોરંજક,
Chart, *s.*નકશો.–er,*s.*સનંદ, પટ્ટો.2 *v.* સનંદ આપવી.
Chase, *s.* શિકાર,પારધ.2*v.*શિકાર કરવો,પછવાડે પડવું.
Chaste, *a.* પવિત્ર, પાક. ૨ (woman) નિર્દોષ પ-
તિવ્રતા સ્ત્રી. [શિક્ષા, દંડ.
Chastise, *v.* શિક્ષા–શાસન–દંડ કરવો. –ment, *s.*
Chastity, *s.* પતિવ્રતા ધર્મ. ૨ શુદ્ધી, નિર્દોષપણું.
Chat, *s.* ગપ્પાં, બકબક, લવારી. 2 *v.* ગપ્પાં મારવા.
Chatter, *v.* ગપ મારવી, બકબક કરવી;દાંત પીસવા.
Cheap, *a.* સસ્તું, સોંઘું. –en, *v.* સસ્તું કરવું, થવું.
–ness, *s.* સોંઘાઈ, સસ્તાઈ.
Cheat, *s.* ઠગાઈ;ઠગ,દગાબાજ. 2 *v.* છેતરવું,ફસાવવું.
Check, *s.* અટકાવ, મનાઈ;છેકો.2 *v.* અટકાવવું,રોકવું.
Cheek, *s.* ગાલ. [ધીરજ આપવી, ઉત્તેજન આપવું.
Cheer, *s.* જય શબ્દ,આનંદ,ઉલ્લાસ. 2 *v.* ખુશ કરવું,
Cheerful, *a.*આનંદી,હસમુખો.2–ly,આનંદથી,હોંસથી,
Cheerfulness, *s.* આનંદ,ઉલ્લાસ. ૨ આનંદી સ્વભાવ.
Cheese, *s.* પનીર. –Cake, *s.*પનીર, ખાંડ,તથા માં-
Chemical, *a.* રસાયન શાસ્ત્ર સંબંધી.[ખણની રોટલી.
Chemist, *s.* રસાયન શાસ્ત્ર જાણનાર; 2–ry, *s.* ર-
સાયન શાસ્ત્ર.

Cheque, *s.* ચેક, નાણાની ચિઠ્ઠી.
Cherish, *v.* પાળવું, પોસવું; રાખવું,ધરવું. -er, *s.* પાળનાર.
Cheroot, *s.* પીવાની બીડી. Cherub, *s.* ફરેસ્તો.
Chess, *s.* શેતરંજ. -board, શેતરંજનું પાટીયું.
Chest, *s.* પેટી; છાતી,વક્ષ, 2-nut, *s.* એક જાતનું ફળ.
Chew, *v.* ચાવવું,વાગોળવું.Chicane,*s.*દાવપેચ;કપટ.
Chicken, *s.* મરઘીના બચ્ચાં. -hearted, *a.* ના-
Chide, *v.* ધમકાવવું, ઠપકો દેવો. [મર્દ, બાયલો.
Chief, *a.* મુખ્ય; શ્રેષ્ઠ, ઉત્તમ. 2 *s.*સરદાર. -ly, *ad.* ઘણું કરીને, મુખ્યત્વે કરીને.
Chieftain, *s.* સરદાર, સેનાપતિ. ૨ આગેવાન.
Child, *s.* બાળક, છોકરૂં, બચ્ચું. -birth, *s.* પ્રસવ, જણવું. -hood, *s.* બચપણ, બાલ્યાવસ્થા.-ish, *a.* છોકરવાદ, નાદાન.-ishness, *s.* છોકરવાદી.-less, *a.*
Chilli, *s.* મરચું. [વાંઝણી, પુત્ર રહિત.
Chill, *a.* થંડું, શીતળ; 2 *s.* ટાહાડ. Chilliness, *s.* થંડી, ટાહાડ, ઝાકળ.
Chin, *s.*હડપચી.China, *s.*ચિનદેશ; ચિનાઈ.2.*a.*ચિની.
Chip, *s.* કડકો, ચીપ. 2 *v.* કાપવું. Chirp, *v.* ચું-
Chisel, *s.* વિંધણું, ફરસી. [ચું કરવું.
Chit, *s.* બાલક; ચિઠ્ઠી. -Chat, *s.* વાતચિત.

Chivalrous, *a.* શૂરવીર, બાહાદૂર, મહાવીર.
Chivalry, *s.* વીરપણું, પુરૂષાતન.
Choice, *s.* મરજી, ખુશી; પસંદ વસ્તુ. 2 *a.* ઉત્તમ.
Choke, *v.* ગુંગળાવવું, રૂંધાવવું.
Choler, *s.* પિત્ત. ૨ પિત્ત પ્રકૃતિ. ૩ ક્રોધ, ગુસ્સો.
Cholera, *s.* કોગળિયું,કોલેરા. Choleric, *a.* તામસી,
Choose, *v.* પસંદ કરવું, ચુંટી કાઢવું; ગમવું. [તીખો.
Chord, *s.* તાર, તાંત, દોરી, જ્યા.
Chorus, *s.* ગાનારી મંડળી, ટેક, ધરબો.
Chosen, *a.* પસંદ કરેલું, ચુંટી કાઢેલું.
Christ, *s.* ઈસુખ્રિસ્ત.–en, *v.* ખ્રિસ્તી કરવું–ian, *s.* ખ્રિસ્તી.–ianity, *s.*ખ્રિસ્તી ધર્મ.–mas, *s.* ઈસુ ખ્રિસ્તનો જન્મનો દિવસ.
Chronology, *s.* કાળક્રમનો ઈતિહાસ.
Chrystal, *s.* કાચ, બિલોર. 2 *a.* સ્વચ્છ, નિર્મળ.
Chunam, *s.* ચુનો. Chuckle, *v.* ગાલમાં હસવું.
Church, *s.* દેવળ, દેહેરૂં, ભજનની જગ્યા.—yard, *s.* મશાણ, શ્મશાન, કબરસ્તાન.
Churl, *s.* ગામડિયો. 2 *a.* કંજુસ, બખીલ.
Cigar, *s.* બીડી. Cinder, *s.* અંગારા.
Cinnamon, *s.* તજ. [હિસાબ કરવા.
Cipher, *s.* મીડું, શૂન્ય, આંક; સંકેતની ભાષા.2 *v.*

Circle, *s.* કુંડલી, કુંડાલુ, વર્તુલ; મંડળી; ઘેરો. 2 *v.*
Circuit, *s.* સ્વારી, ફેરો. [ઘેરવું; ફરવું.]
Circuitous, *a.* ગુચવણ ભરેલું, ચક્કર ખાવું પડે તેવું.
Circular, *s.* જાહેર હુકમ. 2 *a.* ગોળ, ફરતું.
Circulate, *v.* ફેરવવું, ફરવું. Circulation, *s.* ફે-
Circumference, *s.* પરિધ, ઘેર, ઘેરાવો. [રવવું, ફરવું.
Circumscribe, *v.* ઘેરી રેહેવું, હદ બાંધવી.
Circumspect, *a.* સાવધ, હોંશિઆર.
Circumstance, *s.* હેવાલ, હાલત, દશા; બનાવ, બિના.
Circumstantial, *a.* તપસીલવાર, સવિસ્તર.
Circus, *s.* અખાડો, રંગભૂમિ, ચક્કર.
Cistern, *s.* ટાંકી, હોજ, કુંડ.
Cite, *v.* ઉતારો કરવો, મોહોડે ભણવું.
Citizen, *s.* શેહેરી. City, *s.* શેહેર, નગર.
Civil, *a.* સભ્ય; દિવાની, સુધરેલું; અંદર અંદર. —Case, *s.* દીવાની મુકરદમો. —Court, *s.* દિવાની અદાલત. Civilian, *s.* દિવાની ખાતાનો સનંદી અમલદાર. Civilization, *s.* સુધારો. Civilize, *v.* સુધારવું. Civilly, *ad.* સભ્ય રીતે. Civil-war, *s.* અંદર અંદરની લડાઈ.
Claim, *s.* દાવો, હક, દાપું. 2 *v.* દાવો કરવો. —ant, *s.*
Clamber, *v.* મહા મુશ્કેલીથી ચઢવું. [દાવો કરનાર,

Clamor, *s.* ધુમ, પોકાર, કકલાટ. 2 *v.* કકલાટ કરવો.
Clan, *s.* કુલ, વંશ, ગોત્ર. ૨ ટોળી.
Clandestine, *a.* છુપું; ગુપ્ત, ચોરીનું. -ly, *ad.* [ચોરીથી
Clap, *v.* તાળી પાડવી. 2 *s.* તાળી, ગર્જના.
Clarion, *s.* તતુડું, રણસીંગડું.
Clasp, *v.* ભેટવું, આલીંગન કરવું; મજબુત કરવું.
Clash, *s.* અથડાવવું, અવાજ, 2 *v.* અથડાવવું.
Class, *s.* વર્ગ, વર્ણ, જાત; પ્રકાર. ૨ વર્ગ પાડવો.
Classic, classical, *a.* જુનું, પુરાણું; શુદ્ધ.
Classification, *s.* classify, *v.* વર્ગ બાંધવો.
Clatter, *s.* ખણખણાટ; ખડખડાટ. 2 *v.* ખડખડવું; બકવું.
Clause, *s.* કલમ, પ્રકરણ, બાબ, વાકયનો ભાગ.
Claw, *s.* પંજો, નખ. 2 *v.* પંજો મારવો, નખ દેવા.
Clay, *s.* માટી, મટોડી, મૃત્તિકા.
Clean, *a.* શુદ્ધ, સ્વચ્છ, ચોખું; પવિત્ર; ચકચકિત.
2 *v.* સ્વચ્છ કરવું. Cleanliness, *s.* સ્વચ્છતા, સુ- [ઘડાઈ.
Cleanse, *v.* માંજવું, ઉજળું કરવું.
Clear, *a.* સ્વચ્છ, સાફ, ખુલ્લું; સ્પષ્ટ. 2 *v.* મેલ કહાડવો. Clearly, *ad.* સ્પષ્ટ રીતે, સ્વચ્છપણે. Clear-sighted, *a.* દીર્ઘદર્શી. Clearness, *s.* સ્વચ્છતા, ઉઘાડપણું.
Cleft, *s.* ફાટ, ચીરો. 2 *a.* ચીરેલું, ફાડેલું.

Clemency, s. દયા, કૃપા, કરૂણા, રેહેમ. clement, a. [કૃપાળુ.
Clergy, clergyman, s. પાદરી
Clerk, s. કારકુન, મેહેતો, લખનાર.
Clever, a. ચાલાક, કુશળ, કાબેલ, ચતુર.
Client, s. અસીલ, કુળ. 2 a. આશ્રિત.
Cliff, s. ટેકરી, ખડક.
Climate, s. હવા, હવા પાણી; દેશ, મુલક.
Climax, s. સારાલંકાર; શિખર, ટોચ.
Climb, v. ચઢવું, પકડી પકડીને ચઢવું.
Cling, v. વગળવું; મોહોબતથી જોડાઈ રેહેવુ.
Clip, v. કાતરવું; ટુંકું કરવું.
Cloak, s. ઝભ્ભો, ડગલો, જામો, વેશ.
Clock, s. મોહોટું ઘડિયાળ, વાગતું ઘડિયાળ.
Clod, s. ઢેપું; મૂર્ખ, ઘોડો. 2 v. ઢેપું બંધાવું.
Close, s. સમાપ્તિ, છેડો, અંત. 2 a. સાંકડું, બારીક; પાસેનું, નજીક. 3 v. બંધ કરવું, ઘેરવું; સંધાઈ જવું. –ly, ad. પાસે પાસે. –ness. સમીપતા.
Closet, s. એકાંત ઓરડી; અભ્યાસની જગ્યા.
Cloth, s. કાપડ, વસ્ત્ર, પોશાક, લુઘડાં.
Clothe, v. પોશાક પેહેરાવવો, વસ્ત્ર પેહેરાવવાં.
Clothes, s. પોશાક, લુઘડાં, વસ્ત્ર, ર ચાદર.
Cloud, s. વાદળું, આભલું, મેઘ. 2 v. ઢાંકી નાખવું, ઝાંખું કરવું.

Clove, *s.* લવંગ. Cloven, *a.* ફાટેલું, ચીરેલું.
Clown, *s.* ગામડિયો, ગમાર; વિદૂષક,રંગલો, મશ્કરો.
Club, *s.* સોટો, ગદા. 2 ટોળી, મંડળી.
Clumsy, *a.* બેડોળ, બેઢંગ, અકુશળ, અણુકિસ્બી.
Cluster, *s.* ઝુમખું, ગુંછળું, ઘુમખું; જમાવ, સમૂહ.
Clyster, *s.* પિચકારી. [2 *v.* એકઠું કરવું.
Coach, *s.* ગાડી, રથ. – Hire, *s.* ગાડી ભાડું. – man, *s.* ગાડીવાન.
Coadjutor, *s.* મદદનીસ, સાહકારી, સાથી.
Coal, *s.* ખાંણનો કોયલો. –mine,*s.* કોયલાની ખાંણ.
Coalesce, *v.* મળવું, જમવું, એકત્ર થવું.
Coalition, *s.* સંપ, મેળાપ; સંયોગ, એકત્ર થવું.
Coarse, *a.* જાડું, ભરાવ;ખરબચડું;અસભ્ય;અસ્વચ્છ.
Coast, *s.* કાંઠો, કિનારો, 2 *v.* કાંઠે કાંઠે જવું.
Coat, *s.* અંગરખુ, ડગલો; પડદો; થર, લેપ.
Coax, *v.* ફોસલાવવું, પટાવવું, સમજાવવું.
Cobler, *s.* ચમાર, પગરખાં સાંધનાર. –web, *s.* કરોળિયાનું પડ.
Cock, *s.* મરઘો, કુકડો; નર; તોટી, ત્રાજવાનો કાંટો; બંદુકનો ઘોડો. 2 *v.* ઘાસનો ગંજ કરવો.
Cockatoo, *s.* કાકાકૌવા.
Cockscomb, *s.* કલગી; માંજર; ફાંકડેશાવ.

Cocoa, *s.* નારીયેળી. –nut, *s.* શ્રીફળ, નારીયેળ.
Code, *s.* કાયદાનું પુસ્તક; સંગ્રહ.
Co-equal, *a.* સમતોલ, સરખે સરખા.
Coerce, *v.* બળાત્કાર કરવો, જબરજસ્તી કરવી.
Coercion, *s.* બલાત્કાર, જુલમ.
Co-eternal, *a.* અન્યની પ્રમાણે સદા ચાલનાર.
Co-eval, *a.* સરખી ઉમ્મરનું. –existent, *a.* સમકાલિક.
Coffee, *s.* કાફી, બુંદ. Coffer, *s.* પેટી, ખજાનો, તીજોરી.
Cog, *s.* દાંતો. Cogitate, *v.* કલ્પના કરવી.
Cognizable, *a.* સમજણમાં આવવા જોગ.
Cognizance, *s.* તજવીજ, ચોકસી; સમજણ, જ્ઞાન.
Cohabit, *v.* એકઠાં સુવું, સંયોગ કરવો, (સ્ત્રી પુરૂષે.)
Cohabitation, *s.* સહવાસ, એકત્રવાસ.
Co-heir, *s.* ભાગીદાર, ભાગિયો. [ચીકણું.
Cohesion, *s.* વલગી રેહેવું, સંબંધ. Cohesive, *a.*
Coil, *s.* દડી, વીંટળો. 2 *v.* વીંટવું. [નાવવું, નવું રચવું.
Coin, *s.* શિક્કો, નાણું, પૈસા. 2 *v.* શિક્કો પાડવો, બ-
Coin-age, *s.* શિક્કો, બનાવટ, તરકટ.
Coincide, *v.* એકમત થવું, મળવું, રાજી થવું.
Coincidence, *s.* મેળાપ, જમાવ, મેળ.
Coir, *s.* કાથો.

Cold, *s.* શરદી, સળેખમ, ટાહાડ. 2 *a.* થંડુ, ટાહાડું; બેદરકાર. –blooded, *a.* થંડા લોહીનું; કઠણ છાતીનું, નિર્દય. –ly, *ad.* ઉદાસપણે, થંડાઈથી. –ness, *s.* શરદી, થંડક, થંડી.

Collar, *s.* ગલપટો. –bone. ગળા આગળનું હાડકું.

Collateral, *a.* સમાંતર; સરખું, મળતું.

Colleague, *s.* સાથી, સોબતી, સાહ્યકારી.

Collect, *v.* સંગ્રહ–જમાવ કરવો, વસુલ કરવું, અનુમાન કરવો; જથ્થે થવું.

Collection, *s.* જમાવ, જથ્થો, સંગ્રહ; ઉઘરાણું; ટોળું.

Collector, *s.* જમા કરનાર; ઉઘરાવનાર; તસીલદાર.

College, *s.* પાઠશાળા, મદ્રેસા, વિદ્યાલય. Collegian, *s.* વિદ્યાર્થી, શિષ્ય.

Collier, *s.* ખાણમાં કોયલા ખોદનાર; કોયલાનો ધંધો કરનાર.

Collision, *s.* ટક્કર, અથડાઅથડી, હોંસાતુસી.

Colloquial, *a.* બોલચાલનું.

Collyrium, *s.* કાજળ, મેંસ, અંજન.

Colonel, *s.* કર્નલ, સૈન્યનો ઉપરિક. Colonist, *s.* સંસ્થાન વસાવનાર.

Colonize, *v.* વસાવવું, નવું સંસ્થાન કરવું.

Colony, *s.* નવું વસેલું સંસ્થાન; પરદેશમાં જઈ વસનારી ટોળી.

Colour, *s.* રંગ, વર્ણ; નિમિત્ત. 2 *v.* રંગવું, વધારીને બોલવું.

Coloured, *a.* રંગેલું, રંગીત.
Colours, *s.* નિશાન, વાવટો, ઝંડો.
Colossal, *a.* કદાવર, રાક્ષસી.
Colt, *s.* વછેરો, ટટ્ટુ. ૨ મૂર્ખ, બેવકુફ.
Column, *s.* સ્તંભ, થાંભલો; સૈન્યની ટુકડી; કોષ્ટક.
Comb, *s.* કાંસકી, ફણી; મધપુડો. 2. *v.* ઓળવવું, પિંજવું.
Combat, *s.* લડાઈ, મારામારી. 2 *v.* લડાઈ કરવી.
Combatant, *s.* લડવૈયો, લડાઈ કરનાર.
Combination, *s.* સંપ, મેળાપ, એકઠો; મેળવવું.
Combine, *v.* મેળવવું, એકઠું કરવું; સંયોગ કરવો.
Combustible, *a.* દાહ્ય, બળી જાય એવું. [સામેલ થવું.
Combustion, *s.* બળવું, દહન, સળગવું.
Come, *v.* આવવું; ઉત્પન્ન થવું, નિપજવું, પુગવું.
Comedy, *s.* હાસ્ય રસ પ્રધાન નાટક.
Comeliness, *s.* ખુબસુરતી, સૌંદર્ય, ખુબી, સુંદર આકૃતિ.
Comely, *a.* ખુબસુરત, રૂપાળું; યોગ્ય, લાયક.
Comet, *s.* ધૂમકેતુ, પુંછડીયો તારો.
Comfort, *s.* સુખ, ચેન, આરામ; સમાધાન, દિલાસો.
2*v.* ધીરજ આપવી, સમાધાન કરવું. સુખ દેવું.
–able, *a.* સુખી, સુખદાયક. –er, *s.* સુખ–ધીરજ દેનાર. –less, *a.* બેચેન, અસ્વસ્થ.
Comical, *a.* હાસ્યજનક.

Comma, *s.* સ્વલ્પ વિરામ.

Command, *s.* આજ્ઞા, હુકમ; સત્તા, અમલ. 2 *v.* આજ્ઞા કરવી, તેનાતમાં રાખવું. Commander-in chief, *s.* સેનાપતિ;

Commandment, *s.* આજ્ઞા, હુકમ, ફરમાન.

Commemorable, *a.* સ્મરણીય, યાદગીરી રાખવા જોગ.

Commemorate, *v.* યાદ રાખવું, પાળવું, માનવું.

Commemoration, *s.* યાદગીરી, સંભારણું, ઓચ્છવ.

Commence, *v.* આરંભ કરવો, માંડવું. -ment, *s.* આરંભ.

Commend, *v.* વખાણ કરવાં, તારીફ કરવી; ભલામણ કરવી.-able, *a.* સ્તુતિપાત્ર, સ્તુત્ય. -ation, *s.* સ્તુતિ, [પ્રશંસા, તારીફ.

Commensurable, *a.* સમપરિમાણ.

Comment, *s.* ટીકા, વ્યાખ્યા. 2 *v.* ટીકા કરવી, વ્યાખ્યા કરવી.-ator, *s.* ટીકા કરનાર. -ary, *s.* ટીકા, વ્યાખ્યા, ભાષ્ય.

Commerce, *s.* લેવડદેવડ; વ્યાપાર, ધંધો. Commercial, *a.* વેપાર સંબંધી. Commiseration, *s.* [દયા, કરૂણા.

Commissariat, *s.* મોદીખાનું.

Commission, *s.* અખત્યાર, મુખત્યારી; સનંદ; હક્સાઈ, દસ્તુરી. 2 *v.* અખત્યાર આપવો. 3-er, *s.* અધિકારી, મુનીમ.

Commit, *v.* સોંપવું, સ્વાધીન કરવું. (to memory), [પાઠે કરવું.

Committee, *c.* પંચ પંચાત, કમિટિ.

Commodity, *s.* જણસ, માલ, સોદો.

Common, *s.* મેદાન, ખેતર. 2 *a.* સાધારણ, સામાન્ય; સર્વનું, લૌકિક, પ્રસિદ્ધ; રૂઢીનું.–ly, *ad.* પ્રાય:, ઘણું કરીને.–place, *a.* સાધારણ, સામાન્ય; હલકું. –place–book, *s.* નોંધ, સ્મરણ પૂસ્તક. Commons, *s.* સામાન્ય લોક. common–wealth, *s.* પ્રજાસત્તાત્મક રાજ્ય.–sense, *s.* સેહેજ અનુભવ.

Commotion, *s.* સંતાપ, ગભરાટ; ગડબડ, બંડ.

Commune, *v.* વાતચીત કરવી, સંભાષણ કરવું.

Communicate, *v.* દેવું, આપવું, ખબર કરવી; સંબંધ રાખવો.

Communication, *s.* સંબંધ, સંદેશો, કાગળ, માર્ગ.

Communicative, *a.* બોલકણો, નિષ્કપટી.

Community, *s.* લોક, કોમ, મંડળી, જમાત.

Compact, *s.* સરત, કરાર, ઠેરાવ. 2 *a.* ઘટ્ટ, સંગીન. 3 *v.* ખીચોખીચ કરવું.

Companion, *s.* સોબતી, સાથી, સંગી. [સૈન્યની ટુકડી.

Company, *s.* મંડળી, ટોળી, સોબત, સહવાસ; પેઢી,

Comparable, *a.* ઉપમેય, તુલ્ય, બરોબરિયું. Comparative, *a.* સરખાવી જોયેલું.–ly, *ad.* સરખાવી જોતાં.

Compare, *v.* સરખાવવું, મેળવવું, મુકાબલો કરવો.

Comparison, *s.* મુકાબલો, તુલના; ઉપમા, દ્રષ્ટાંત.

Compartment, *s.* ભાગ, ખાનું, આંતરો.

Compass, *s.* ઘેરાવ; ફેરો, ચક્કર; હોકાયંત્ર; સીમા. 2 *v.* ઘેરવું, સાધવું. [2 *v.* દયા કરવી.

Compassion, *s.* દયા, કરૂણા, માયા.–ate, *a.* દયાળુ.

Compatible, *a.* મુનાસિબ, યોગ્ય, સંભાવ્ય. [પાડવી.

Compel, *v.* ફરજ પાડવી, બલાત્કાર કરવો, જરૂર

Compendium, *s.* સારગ્રંથ, સારસંગ્રહ.

Compensate, *v.* ભરી આપવું, ખોટ પુરી પાડવી, બદલો વાળવો.

Compensation, *s.* બદલો, ગુનેગારી, દંડ.

Compete, *v.* સ્પર્ધા કરવી, હરીફાઈ કરવી.

Competency, *s.* સામર્થ્ય, લાયકી, યોગ્યતા.

Competent, *a.* લાયક, યોગ્ય, કામેલ, ખબરદાર.

Competition, *s.* સ્પર્ધા, ચઢાચઢી, હરીફાઇ, સરસાઈ.

Competitor, *s.* ઉમેદવાર, હરીફાઈ–સરસાઈ કરનાર.

Compilation, *s.* સંગ્રહ; સંગ્રહ પૂસ્તક. [રચનાર.

Compile, *v.* સંગ્રહ કરવો, બનાવવું, રચવું.–r, *s.*,

Complain, *v.* ફર્યાદ કરવી; વિલાપ કરવો, રડવું.
Complainant, *s.* વાદી, ફરિયાદી, પૂર્વ પક્ષી.
Complaint, *s.* વિલાપ, રૂદન; રોગ; ફરિયાદ, દાવો.
Complement, *s.* પુરવણી, ભરવું.
Complete, *a.* સંપૂર્ણ, પૂર્ણ, પુરૂ. 2 *v.* સમાપ્ત કરવું. -ly, *ad.* તદન, છેક, કેવળ. completion, *s.* સંપૂર્ણતા, સમાપ્તિ, અંત.
Complex, *a.* ગુંચવણવાળું, અઘરૂં.
Complexion, *s.* અંગવર્ણ, શરીરનો રંગ, રૂપ.
Compliant, *a.* નમતું,વિનયી, સભ્ય.
Compliance, *s.* સ્વીકાર, હા.
Complicate, *v.* ગુંચવવું. -d, *a.* ગુંચવણવાળું.
Compliment, *s.* સ્તુતિ, વખાણ; આદર વચન. 2 *v.* ભેટ [આપવી.
Compliments, *s.* નમસ્કાર, સલામ, રામરામ.
Comply, *v.* માન્ય રાખવું, સ્વીકારવું, હા કહેવી.
Component, *s.* અંશ, અંગોભૂત. 2. *a.* જુદા ભાગનું બનેલું.
Compose, *v.* ગોઠવવું; રચવું, જોડવું, શાંત કરવું.
Composer, *s.* વાંધો પતવનાર; રચનાર, કર્ત્તા.
Composition, *s.* મેળવણી, ગ્રંથ, રચના, સમાધાની.
Compositor, *s.* ટાઈપ ગોઠવનાર.
Composure, *s.* શાંતિ, સ્વસ્થતા; ઘાટ. બાંધો.

Compound, *s.* સમાસ; મેળવણી; રસાયણ; આંગણું. 2. *a.* મિશ્રિત. 3. *v.* મેળવવું, એકઠું કરવું. [પડવી.
Comprehend, *v.* સમાવેશ કરવો, મવાડવું; સમજ
Comprehension, *s.* સમજ, સમજશક્તિ, બુદ્ધિ.
Compress, *v.* દાબવું, સાંકડું કરવું, ટુંકું કરવું.
Comprise, *v.* સમાસ કરવો, અંદર આણવું. [કાઢવો.
Compromise, *s.* તોડ, સમાધાન, નિવેડો. 2 *v.* તોડ
Compulsion, *s.* બળાત્કાર, જુલમ, જબરજસ્તી.
Compulsory, *a.* જુલમનું, બલાત્કારનું.
Compunction, *s.* પસ્તાવો, ખેદ, સંતાપ, શોક, દુઃખ.
Compute, *v.* ગણવું, માપવું; સુમાર કાહાડવો,
Comrade, *s.* સોબતી, સાથી, સંગી.
Conceal, *v.* સંતાડવું, છુપાવવું, ગુપ્તરાખવું, ઢાંકવું.
Concealment, *s.* ગુપ્તતા, છુપામણી; ગુપ્તસ્થાન.
Concede, *v.* માન્ય કરવું, કબુલ કરવું, સ્વીકારવું.
Conceit, *s.* કલ્પના; ઠગાઈ; અહંકાર.–ed, *a.* શેખીખોર.
Conceive, *v.* ધારવું, કલ્પવું; સમજવું; ગર્ભ ધારણ કરવું.
Concentrate, *v.* એક ઠેકાણે કરવું, એકત્ર કરવું.
Conception, *s.* ગર્ભ ધારણ, દહાડા; કલ્પના; સમજ.
Concern, *s.* ખટલો; ચિંતા, અંગ સંબંધ. -ed, *a.* સંબંધી, લાગતું; ચિંતાતુર.-ing, *prep.* વિષે, સંબંધી.
Concert, *s.* એકમત, એક સંપ; ગાયન. 2 *v.* એક સંપથી રચવું, યુક્તિ કાઢવી.

Concession. s. કબૂલાત, સ્વીકાર. Conch, s. શંખ.
Conciliate, v. રીઝવવું, મન મનાવવું; સમાધાન કરવું, સલાહ કરાવવી. Conciliation, s. સમાધાન, સલાહ.
Concise, a. ટુંકું, સંક્ષિપ્ત. -ness, s. સંક્ષેપ.
Conclude, v. સમાપ્ત કરવું; નિર્ણય કરવો; અનુમાન કરવું.
Conclusion, s. સમાપ્તિ, અંત; અનુમાન, તર્ક.
Conclusive, a. નિશ્ચયનું.
Concord, s. એકસૂર; એક ચિત્ત, એકમત.
Concrete, a. ઘટ્ટ, ઘાડું. 2 v. જમાવવું, બાંધવું.
Concubine, s. રાંડ, વેશ્યા, ખટકી. [મેળાપ, એકગાંઠ.
Concur, v. મળતા આવવું, કબૂલ થવું. -rence, s.
Condemn, v. દંડવું, દોષ મુકવો, ના પસંદ કરવું.
Condemnation, s. શિક્ષા ઠેરવવી તે; ધિઃક્કાર.
Condescend, v. મેહેરબાની કરવી. Condescension, s. નમ્રતા, વિનય, કૃપા, મેહેર. [એકત્ર કરવું.
Condense, a. ઘટ્ટ, ઠરેલું; ખીચોખીચ. 2 v. ઘટ્ટ કરવું,
Condition, s. હાલત, દશા, સ્થિતિ: હકીકત; લક્ષણ; પ્રકૃતિ; સંકેત, કરાર, સરત.-al, a. સાંકેતિક, કરારવાળું.
Condole, v. બીજાના દુઃખે દુઃખી થવું. [s. કાણ.
Condolence, s. બીજાના દુઃખનો શોક. (visit of)
Conducive, a. ઉપયોગી, સહાયી.
Conduct, s. ચાલ, વર્તણૂક, આચરણ; વહિવટ. 2 v. વહિવટ કરવું; વર્તવું.-or, s. કારભારી, વહીવટ ચલાવનાર.

Conduit, *s.* નળ,નેહેર;ગટર, મોરી. [કંદોઈ, હલવાઈ.
Confection, *s.* મિઠાઈ, સુખડી. confectioner, *s.*
Confederacy, *s.* એકસંપ, મેળાપ [મેળાપ.
Confederate, *a.* એકસંપી. confederation, *s.* સંપ,
Confederated, *a.* એકસંપી થએલા.
Confer, *v.* આપવું, દાન કરવું; વાત કરવી, બોલવું.
Conference, *s.* વાતચિત, સંભાષણ, ભાષણ કરવા સારૂં ટોળી. [ખચિત, બેશક.
Confess, *v.* કબુલ કરવું,માન્ય કરવું. -edly, *ad.*
Confession, *s.* અંગીકાર, કબૂલાત, સ્વીકાર, ઈકરાર.
Confessor, *s.* કબૂલ કરનાર, માન્ય કરનાર.
Confidant, confidante, *s.* વિશ્વાસુ મિત્ર.
Confide, *v.* સ્વાધીન કરવું; વિશ્વાસ રાખવો.
Confidence, *s.* વિશ્વાસ, આકીન; ઈતબાર; ઉમેદ.
Confidential, *a.* વિશ્વાસુ, તનનો, ખાતરીનું.
Confine, *v.* હદ બાંધી આપવી; હદપર હોવું.
Confined, *a.* હદ બાંધેલું; સાંકડું.
Confinement, *s.*મર્યાદા,નિયમ;કેદ,બંધીખાનું;અટકાવ.
Confines, *s.* સીમાડો, સીમા, સરહદ, હદ્દ.
Confirm, *v.* મંજુર રાખવું, પુષ્ટિ આપવી.
Confiscate, *v.* confication, *s.* જપ્ત કરવું.
Conflagration, *s.* આગ, લાહ્ય, મોહોટી આગ.

Conflict, *s.* લડાઈ,યુદ્ધ,મારામારી.2.*v.*મારામારી થવી.
Conform, *v.* મળતા આવવું; કબૂલરાખવું. -able, *a.* અનુકૂળ, સરખું. -ably, *ad.* પ્રમાણે, મુજબ, માફક. -ity, *s.* અનુકૂળતા, મેળાપ, સાદૃશ્ય.
Confound, *v.* ગુંચવવું, ઘભરાવવું; ભરાવવું.
Confront, *v.* રજુ કરવું, સન્મુખ-સમક્ષ કરવું.
Confuse, *v.* ઘભરાવવું, ગુંચવવું.-d, *a.* ઘભરાયેલો, બેહોશ.
Confusion, *s.* ગભરાટ, ગરબડાટ; ઘાલમેલ.
Confute, *v.* ખંડન કરવું, ખોટું પાડવું.
Congratulate, *v.*વધામણી ખાવી,મુબારકબાદીઆપવી.
Congratulation. *s.* વધામણી, મુબારકબાદી.
Congregation, *s*, સભા, જમાત, મંડળી.
Congress, *s.* સભા,મંડળી,કચેરી.
Conjecture, *s.* અટકળ, અનુમાન, સુમાર, અડસટ્ટો. 2.*v.* સુમાર કાઢવો.
Conjoin,*v.*જોડવું,મેળવવું. conjointly,*ad.*સાથેમળીને
Conjugal, *a.* લગ્ન સંબંધી, વિવાહ સંબંધી.
Conjunction, *s.* સંયોગ, સંબંધ; ઉભયાન્વયી અ-વ્યય; સંધી.
Conjuncture, *s.* પ્રસંગ, યોગ, અવસર, વખત.
Conjure, *v.* સોગન ખાઈને બોલવું; જાદુ કરવું.
Conjurer, *s.* જાદુગર, બાજીગર, ગારૂડી.
Connect, *v.* જોડવું, સંબંધ કરવો,સાંધવું. -ed, *a.* લગતં, સગપણવાળં.

Connection, connexion, *s.* સંબંધ, સગપણ, સંગતિ, નાતુ.
Connive, *v.* અખાડા કરવા; ગુપ્ત રાખવું;સહન કરવુ.
Connoisseur, *s.* કદરદાન, પરિક્ષક, ખુબી સમજનાર.
Conquer, *v.* જીતવું, હરાવવું, જય મેળવવો.
Conqueror, *s.* જીતનાર, વિજયી, જય મેળવનાર.
Conquest, *s.* જય, ફતેહ, વિજય, જીત.
Conscience, *s.* અંતઃકરણ, મન, હૈયું, વિવેક બુદ્ધી.
Conscientious, *a.* ઈમાની, સાફ મનનો, પ્રમાણિક.
Conscious, *a.* સાવધ, હોંશિયાર, માહિતગાર.
Conciousness, *s.* ભાન, શુદ્ધી, માહિતી, સમજણ.
Consecrate, *v.* અર્પણ કરવું, અભિષેક કરવો.
Consecration, *s.* સંસ્કાર, અર્પણ, આત્મનિવેદન.
Consecutively, *ad.* અનુક્રમે, હારોહાર.
Consent, *s.* કબૂલાત, અનુમત, સંમતી. 2 *v.* હા પાડવી, કબુલ કરવું.
Consequence, *s.* ફળ, પરિણામ; વજન, મોટાઈ, ભારબોજ.
Consequent, *a.* અનુસરતું. -ly, *ad.* તેથી, લીધે, તેટલા વાસ્તે.
Consider, *v.* વિચાર કરવો; ગણવું, માનવું.
Considerable, *a.* વિચારવા લાયક; ઘણું, બહુ.
Considerate, *a.* વિચારવંત, ગંભીર, સમજુ.
Consideration, *s.* વિચાર; વજન; કારણ, સબબ; ખાતર; ફિકર.
Consignment, *s.* આડત, સોંપવું.

Consist, *v.* હોવું, થવું; માફક આવવું.
Consistent, *a.* અનુકૂળ, યથાયોગ્ય; ઘટ્ટ, જાડું.
Consolation, *s.* દિલાસો, સમાશ્વાસન, સાંત્વન.
Consolatory, *a.* દિલાસો દેનાર.
Console, *v.* દિલાસો આપવો, સમાધાન કરવું. [નાખવું.
Consolidate, *v.* મજબૂત કરવું, ઘટ્ટ કરવું-થવું; જોડી
Consonant, *s.* વ્યંજન. 2 *a.* અનુકૂળ, યોગ્ય, મનગમતું. [સહવાસ કરવો.
Consort, *s.* વર અથવા વહુ. 2 *v.* સમાગમ કરવો,
Conspicuous, *a.* પ્રસિદ્ધ, જાહેર; સ્પષ્ટ, ઉઘાડું.
Conspiracy, *s.* તરકટ, દગો, કાવતરૂં.
Conspirator, *s.* તરકટ કરનાર, રફિક.
Conspire, *v.* તરકટ કરવું, દગો રચવો.
Constable, *s.* નાયક, જમાદાર.
Constancy, *s.* સ્થિરતા, ધૈર્ય, દૃઢતા, નિરંતરપણું.
Constant, *a.* રોજનું, નિત્યનું; સ્થિર, દૃઢ, અચલ,
Constellation, *s.* રાશી, નક્ષત્ર. [ધૈર્યવાન.
Consternation, *s.* ત્રાસ, વિસ્મય, ગભરાટ.
Constitute, *v.* કરવું, બનાવવું, નિમવું, યોજવું.
Constitution, *s.* પ્રકૃતિ, સ્વભાવ, તબિયત; દશા;
Constitutional, *a.* સ્વાભાવિક, જાતનું. [દેશાચાર.
Constrain, *v.* બલાત્કાર કરવો, જરૂર પાડવી.

Constraint, *v.* બલાત્કાર,જબરજસ્તિ;અટકાવ, બંધન.
Construct, *v.* બાંધવું, રચવું; સમજાવવું.
Construe, *v.* અર્થ બેસાડવો, સંબંધ આણવો.
Consult, *v.* સલાહ લેવી; વિચાર પુછવો.
Consultation, *s.* સલાહ,વિચાર,મસલત. [ખપીજવું.
Consume, *v.* બાળી નાખવું, નાશ કરવું, ખાઈ જવું:
Consummate, *a.* સંપૂર્ણ, પુરૂં. 2 *v.* પુરૂં કરવું.
Consummation, *s.* સમાપ્તિ, સંપૂર્ણતા.
Consumption, *s.* ખર્ચ; નાશ; ક્ષય,રોગ, ખઇરોગ.
Contact, *s.* સ્પર્શ, પાસે પાસેનો સંબંધ.
Contagion, *s.* મરકી, સ્પર્શ, ચેપ.
Contagious, *a.* ચેપીયો, ઉડતો, ઝેરી.
Contaminate, *v.* સમાવું, માવું, રાખવું.
Contamination, *s.* ભ્રષ્ટ કરવું, બગાડવું.
Contemnation, *s.* અપવિત્રતા, ભ્રષ્ટાઈ.
Contemn, *v.* તિરસ્કાર કરવો, ધિઃક્કારવું.
Contemplate,*v.*વિચારવું,ચિંતન કરવું;ધ્યાનમાં હોવું.
Contemp lation, *s.* ચિંતન, વિચાર, ધ્યાન.
Contemporary, *a.* સમકાળિક, એક વખતે હોવું.
Contempt, *s.* તિરસ્કાર, ધિઃક્કાર. Contemptible, *a.* ધિઃક્કારવા જેગ. Contemptuous, *a.*નિંદાત્મક,
Contend, *v.* લડવું, ભાંડવું, કજિયો કરવો. [નિંદક.

Content, *s.* તૃપ્તિ, સંતોષ. 2 *a.* સંતોષી, તૃપ્ત. 3 (table of contents), સાંકળિયું. -ed, *a.* સંતોષી, તૃપ્ત.

Contention, *s.* કજિયો, ટંટો, લઢાઈ, ક્લેશ.

Contents, *s.* સાંકળિયું, અનુક્રમણિકા; ક્ષેત્રફળ.

Contest, *v.* કજીયો–ટંટો–લઢાઈ કરવી.

Context, *s.* સંબંધ, અન્વય.

Continent, *s.* ખંડ, મહાદ્વિપ.

Contingent, *a.* પરચુરણ. ૨ ઓચિંતું, એકાએક.

Continual, *a.* નિત્ય, અખંડ, હમેશનું.

Continuance, *s.* સ્થિતિ, રેહેવું, ટક્યા રેહેવું.

Continue, *v.* ચાલુ રાખવું, જારી રાખવું; ટકવું.

Contraband, *s.* કાયદાથી મનાઈ કરેલો વેપાર. 2 *a.* વિરૂદ્ધ.

Contract, *s.* સગાઈ, ઈજારો, વેવીશાલ. 2 *v.* ટુંકું કરવું, સંકોચવું, સંકોચાવવું. Contraction, *s.* સંકોચ; સંક્ષેપ.

Contractor, *s.* ઈજારદાર, ઉધડ લેનાર.

Contradict, *v.* ઉલટું બોલવું, વિરૂદ્ધ બોલવું, ખંડન કરવું.

Contradiction, *s.* વિપરીત વચન, વિરૂધ્ધોક્તિ.

Contradictory, *a.* વિરૂદ્ધ, ઉલટું.

Contrary, *a.* ઉલટું, વિરૂદ્ધ. આડું.

Contrariety, *s.* વિરૂદ્ધતા,

Contrast, *v.* સરખાવવું, મુકાબલો કરવો. 2 *s.* ભેદ, તફાવત.
Contribute, *v.* ટીપમાં ભરવું;ભાગ આપવો;મદદ કરવી.
Contribution, *s.* હિસ્સો; મદદ; ખંડણી; ઉઘરાણું.
Contrivance, *s.* તદબીર, યુક્તિ, તજવીજ, બનાવટ.
Contrive, *v.* યુક્તિ કરવી; ઉપાય કરવો.
Control, *s.* કબજો, દાબ; હુકમ, સત્તા.2 *v.* કબજામાં [રાખવું.
Controversy, *s.* વાદ,વિવાદ,તકરાર,રગજગ.
Controvert, *v.* વાદ વિવાદ કરવો, ભાંડવું.
Contumely, *s.* નિંદા, તિરસ્કાર.
Convene, *v.* સભા મેળવવી, એકઠું કરવું.
Convenience, *s.* સગવડ; અનુકૂળતા.
Convenient, *a.* અનુકૂળ, માફક, ઠીક; સુતર, ફાવતું.
Convent, *s.* સ્ત્રીઓને રહેવાને મઠ; અપાસરો.
Convention, *s.* સભા, મંડળી; ઠરાવ, કરાર.
Conversant, *a.* વાકેફ, પ્રવીણ; નિપુણ.
Conversation, *s.* વાતચિત,સંભાષણ. [એક સંગ કરવો.
Converse, *a.* ઉલટું, વિરૂદ્ધ, 2 *v.* વાતચિત કરવી,
Conversion, *s.* બદલી,ફેરફાર, રૂપ ભેદ. [ત્યાગી.
Convert, *v.* વટલાવવું, બદલવું. 2. *s.* વટલેલ, ધર્મ
Convertible, *a.* ફેરવી શકાય એવું.
Convey, *v.* લઈ જવું, પોહોંચાડવું; ઠસાવવું; જણાવવું.

Convict, *v.* અપરાધ લાગુ પાડવો. 2 *s.* અપરાધી, [ગુન્હેગાર.
Convince, *v.* ખાત્રી કરવી, સમજાવવું.
Conviction, *s.* ખાત્રી, અપરાધ લાગુ પાડવો તે.
Convocation, *s.* મંડળી, સભા, જમાત.
Convoke, *v.* જમા કરવું, બોલાવવું.
Convoy, *s.* રખવાળ, રખોપાળ.
Convulse, *v.* કંપાવવું, ધ્રુજવું. Convulsion, *s.* કંપારી, ધ્રુજારી ધ્રુજાટ; ઝગડો.
Cook, *s.* રસોઇયો, રાંધણીયો; બબરચી. 2 *v.* રાંધવું; બાફવું.
Cookery, *s.* રસોઈ, પાકશાસ્ત્ર. Cook-room, *s.* રસોડું, બબરચીખાનું.
Cool, *s.* થંડી, ટાહાડ. 2 *a.* થંડું, શીતળ; ઉદાસ. 3 *v.* થંડું પાડવું, સાજા કરવું, ટાહાડું કરવું. –ing, થંડું, શીતળ. –ly, *ad.* થંડેપણે, ધીમે રહીને.–ness, *s.* થંડક, થંડી;બેદીલી. Cooly, *s.* હમાલ, કોળી.
Co-operate, *v.* એકત્ર કામ કરવું, મદદ કરવી, સહાય થવું. –operation, *s.* સહાકરણ, મદદ, સાહ્ય. –ordinate, *a.* સરખી પદ્વીનું, સમતોલ. –partner, *s.* ભાગીદાર. ભાગીયો.–partnership, *s.* પાંતી, ભાગ.
Cope, *s.* માથાનું ઢાંકણ 2 *v.* લઢવું, તક્કર લેવી.
Copious, *a.* પુષ્કળ, બહુ, વિપુલ, ઘણું.
Copper, *s.* તાંબુ, તામ્ર. 2 *a.* ત્રાંબાનું.

Coppice, copse, *s.* ઝાડી. [lation, *s.* મૈથુન.
Copulate, *v.* સંભોગ કરવો, સંયોગ કરવો. copu-
Copy, *s.* નકલ. ઉતારો,પ્રત;ખરડો. 2 *v.* નકલ કરવી,
નકલનો ઉતારો કરવો.Copyist, *s.*નકલ કરનાર,લૈયો.
Coquet, *v.* નખરાં કરવા. coquetry, *s.* લટકો, ચા-
Coquetry, *s.* નાચણ, નખરાંબાજ. [ળા, નખરાં.
Coral, *s.*પરવાળું. 2 *a.* પરવાળાનું.
Cord, *s.* દોરડું, રસી, દોરડી. 2 *v.* દોરડું બાંધવુ.
Cordial, *a.* જીવજનન, એકદીલ, પુષ્ટિકારક. –ity, *s.*
એકદિલ, ખરાપણું.
Cork, *s.* દાટો, બુચ 2 *v.* દાટો મારવો.
Corn, *s.* અનાજ, ધાન્ય, દાણો, આંટણ.
Corner, *s.* ખુણો;છુપી જગ્યા.Cornelian, *s.* અકીક.
Coronation, *s.* રાજ્યાભિષેક.Coronet,*s.*તાજ, મુગટ.
Corporal, *a.* શરીર સંબંધી, દેહી. corporate, *a.*
Corporation, *s.* સનંદવાળી સભા; ટોળી. [જોડાયેલું.
Corporeal, *a.* દેહી, શારીરી. corps, *s.* રસાળો,
Corpse, *s.* લાશ, લોથ, સબ. મડદું. [ખટલો; સૈન્ય.
Corpulent, *a.* જાડો, ફાલેલો, દોંગો. [ક્ષા કરવી.
Correct, *a.* શુદ્ધ. દુરસ્ત; નિર્દોષ. 2 *v.* સુધારવું; શિ-
Correction, *s.* સજા; સુધારવું. corrective, *a.* શા-
સન કરનાર, સુધારનાર. [*s.* ભુલ સુધારનાર.
Correctly, *ad.* બરાબર; વ્યાજબીપણે. corrector,

Correspond, *v.* મળતા આવવું;પત્રવ્યવહાર ચલાવવો.
Correspondence, *s.* પત્ર વ્યવહાર, મેળ, તાળો; ચર્ચાપત્ર, આડત.
Correspondent, *s.* આડતીયો, મુનીમ; ચર્ચાપત્રી.
Corresponding, *a.* સરખું, બરાબર.
Corroborate, *v.* પુષ્ટિ આપવી, મજબુત કરવું.
Corrode, *v.* ખવાઈજવું, કાટ ચઢવો.
Corrupt, *a.* આચાર ભ્રષ્ટ; લાંચીઓ. 2 *v.* બગાડવું, લાંચ આપવી; ભ્રષ્ટ થવું, સડવું. –ible, *a.* નાશવંત, વિનાશી. Corruption, *s.* અપભ્રંશ, સડવું; રસી, પરૂ.
Corsair, *s.* ચાંચીઓ, લુટારો. Corselet, *s.* બખ્તર.
Cosmetic, *s.* શરીરને સફાઈદાર કરનારી વસ્તુ.
Cosmography, *s.* ભૂસૃષ્ટિ વિદ્યા. Cosmos, *s.* જગત્, સૃષ્ટિ. Cost, *s.* મૂલ, કિંમત; ખર્ચ 2 *v.* કિંમત પડવી. મૂલબેસવું. Costive, *a.* બંધકોઠાનું.
Costly, *a.* કિંમતી, મૂલ્યવાન, મોંઘું.
Costume, *s.* વેશ, પેહેરવેશ, પોષાક, લેબાસ. [ઝુંપડું.
Cot, *s.* નાહાની ઝુંપડી; ખાટલો, પલંગ. Cottage, *s.*
Cotton, *s.* રૂ. (uncleaned), કપાસ. (seed), કપાસીયો. –gin, *s.* કપાસમાંથી રૂ છુટું કરવાનો સંચો.
Couch, *s.* પલંગ, કોચ. 2 *v.* ભરાઈ રહેવું, ગુપ્ત રહેવું.

Cough, *s.* ઉધરસ,ઠાંસી. 2 (hooping), ઉંટાંટીયો.
Council, *s.* મસલત કરનારી ટોળી. (privy), *s.* દીવાની ખાસ.
Counsel, *s.* સલાહ, અભિપ્રાય, મસલત. 2. *v.* સલાહ આપવી.
Counsellor, *s.* મંત્રી, સભાસદ, સલાહ આપનાર.
Count, *s.* ઉમરાવની પદ્વી.2.*v.* ગણવું, સુમાર કાઢવો.
Countenance, *s.* આકૃતિ, ચેહેરો, સુરત; કૃપાદષ્ટિ; મદદ. 2 *v.* મદદ કરવી.
Counter, *s.* ચોરંગ. 2 *a.* ઉલટું, વિરૂદ્ધ.
Counteract, *v.* સામુ થવું, પ્રતિકાર કરવો.
Counterbalance, *s.* સમતોલ, સરખું વજન.
Counterfeit,*s.* બાહાનું; ઠગારો. 2 *a.* બનાવટનું. 3 *v.* બનાવટ કરવી.
Counter-mand, *v.* ઉલટો હુકમ કરવો.
Counter-motion,*s.* ઉલટો વેગ counter-pane, *s.* પલંગ પોશ. counterpart, *s.* જોડી, પ્રતિરૂપ.
Counterpoise, *s.* સમતોલ. 2 *v.* સમતોલ કરવું.
Counter-sign, *v.* સામાસામી સહી લેવી. counter-weight, *s.* ધડો.
Countess, *s.* ઉમરાવજાદી.
Counting-house, *s.* દુકાન, પેઢી.
Count-less, *a.* અગણિત, અસંખ્યાત, ઘણા.
Country, *s.* દેશ, મુલક, પ્રાંત. (native), વતન. (foreign), પ્રદેશ.

County, *s.* પ્રાંત,જીલ્લો, મહાલ.
Couple, *s.* જોડું, સાંકળ. 2 *v.* પરણાવવું ગાંઠવાળવી.
Couplet, *s.* શ્લોક, દોહરો બેત. [geous, *a.* હિંમતવાન.
Courage, *s.* હિંમત, છાતી, બાહાદુરી, ધૈર્ય. Coura-
Courier, *s.* દૂત, જાસૂદ, ખેપીઓ, કાસદ.
Course, *s.* માર્ગ, રસ્તો; અનુક્રમ; ગતિ, ઘોડાને દોડ-
વાની જગ્યા; હાર. 2 *v.* શીકાર કરવો. (of), અલબત,
Courser, *s.* લઢાઈનો ઘોડો; શીકારી, પારધી. [બેશક.
Court, *s.* કચેરી,અદાલત;ન્યાયાધીશ; ચોક, આંગણું.
2 *v.* પરણાવા સારૂં અર્જ ગુજારવી. હાજીહા કરવું.
Court-yard, *s.* આંગણું, વાડો, ચોક. [રીતે.
Courteous, *a.* સભ્ય,સજ્જન, શિષ્ટ.–ly, *ad.* સભ્ય-
Courtesy, *s.* સભ્યતા, મર્યાદા, અદબ.
Courtezan, *s.* વેશ્યા, રાંડ, છિનાળ, નાયકા.
Courtier, *s.* દરબારી માણસ.
Court-martial, *s.* લશ્કરી અદાલત.
Cousin, *s.* પિતરાઈ,સગુ. Cove, *s.* ખાડી. [ર કરવો.
Covenant, *s.* સનંદ, સંકેત, કોલ. 2 *v.* કોલ કરા-
Cover, *s.* ઢાંકણ; આશ્રય; પડદો, બુરખો; ચાદર, પર-
બીડીયું. 2 *v.* ચોરવું, સંતાડવું, પાથરવું, વિંટાળવું.
Covering, *s.* ઢાંકણ, અસ્તર; વસ્ત્ર.
Covert, *s.* ઝાડી; ગુપ્ત સ્થાન. 2 *a.* ગુપ્ત, ફિતુરી, સુજી.
3–ly, *ad.* છુપી રીતે.

Covet, *v.* લોભ કરવો, લાલચ કરવી, લાલચ લાગવી.
Covetous, *a.* લોભી, લાલચુ Covetousness, *s.* લોભ, લાલચ.
Cow, *s.* ગાય, ધેનુ, ગૈ. Coward, *a.* નામર્દ, બીકણ, બાયલો.
Cow-dung, *s.* છાણ. (cakes of), છાણાં, અડૈયા.
Cow-herd, *s.* ગોવાળ, ગોપાળ.(female), ગોવાળણ, ગોપી.
Cow-house, shed, *s.* ગૈશાળ,ગૈખાનું.
Cow-pox, *s.* સિતલા.
Cowry, *s.* કોડી. Cox-comb, *s.* ઘશકી, અકડબાજ, રંગીલો.
Coy, *a.* શરમાળ. 2 *v.* લાજવું, ઘુમટો તાણવો.
Crab, *s.* કરચલો. Crabbed, *a.* કડણ, વાંકો.
Crack, *s.* કડાકો, ભડાકો. 2 *a.* ગાંડો, ઘેલો. 3 *s.* તડ, ફાટ. 4 *v.* ભાગવું. -brained, *a.* ગાંડો, ઘેલો.
Cracker, *s.* ફટાકો; બડાઈખોર. (nut), *s.* સુડી.
Crackle, *v.* કડ કડ થવું. Cradle, *s.* ઝોળી, ઘોડિયું, પાયણું.
Craft, *s.* કારીગરી; કપટ, મછરો. Crafty, *a.* કપટી, લુચ્ચો.
Crag, *s.* ખડક, ખરાંબો. Craggy, *a.* ખાંચખુંચવાળું.
Cramp, *s.* ચુંક, આંકડી, ચાપડો. Crane, *s.* બગલું; ચારી.
Crash, *s.* કડકડાટ, ધડાકો, કડાકો.
Crave, *v.* વિનંતી કરવી, કાલાવાલા કરવા; તવળવું.
Crawl, *v.* પેટે ચાલવું. Crazy, *a.* ગાંડો, દુર્બળ.
Cream, *s.* મલાઈ, સાર, સત્વ. Creak, *s.* ખાડી. 2 *v.* કડકડવું.

Create, *v.* પેદા કરવું,ઉત્પન્ન કરવું,બનાવવું.[કડકડથવું.
Creation, *s.* સૃષ્ટિ, ઉત્પત્તિ, પેદાસ.
Creative, *a.* પેદા કરવાની શક્તિ ધરાવતું.
Creator, s. પેદા કરનાર, સૃષ્ટિ–દુનિયા બનાવનાર.
Creature, *s.* પ્રાણી,જીવ;આશ્રિત માણસ,ઉત્પન્ન કરેલો
Credibility, *s.* વિશ્વાસ; સત્યતા,પ્રામાણ્ય. [પદાર્થ.
Credit, *s.* સાખ, પત; વજન, પતિષ્ઠા; વિશ્વાસ.2 *v.* જમે કરવું, ધીરવું, ખરૂં માનવું.
Creditor, *s.* ધીરનાર, લેણદાર, સાહુકાર.
Credulity, *s.*ભોળપણ,ભોળાઈ.Credulous,*a.*ભોળો.
Creed, *s.* માર્ગ,પંથ,ધર્મ;કાયદો,કાનુન.Creek,*s.*ખાડી.
Creep,*v.*પેટેચાલવું.Creeper,*s.*પેટે ચાલનાર;વેલ;લતા.
Crescent, *s.* અર્ધ ચંદ્ર, વધતો ચાંદ.
Crest, *s.* કલગી; શિખર; અભિમાન; તાજ, ફેણ.
Crested, *a.* કલગીવાળું; તાજદાર.
Crest–fallen, *a.* નિરાશ, આશાભંગ.
Crevice, *s.*ફાટ,ચીર,તડ.Crew,*s.*ખલાસી;મંડળી,ટોળી.
Cricket, *s.* રાત્રીના કીડા; દડાની રમત.
Crier, *s.* રડનાર, ઢંઢેરો પીટનાર, લીલામ કરનારો.
Crime, *s.* પાપ,વાંક,તકસીર,અન્યાય. Criminal, *a.* અન્યાયી, અપરાધી;પાતકી. Criminal–Court, *s.* ફોજદારી અદાલત. Criminality, *s.* અપરાધીપણું; દોષ; અધર્મ. Criminate, *v.* દોષમાં લાવવું.

Crimson, *s.* કીરમજીરંગ. [3 *v.* લંગડું કરવું.
Cripple, *s.* લંગડો. 2 *a.* ખોડો, લંગડો, પાંગળો.
Crisis, *s.* અણીનો વખત, હારજીતનો વખત.
Criterion, *s.* પ્રમાણ, પરિમાણ; કસોટી; લક્ષણ.
Critic, *s.* પરીક્ષક, ખામી કાઢનાર, ગુણદોષ પારખનાર.
Critical, *a.* બારીક, અણીનું. Criticise, *v.* દોષ કાઢવો.
Criticism, *s.* ટીકા. Crocodile, *s.* મગર, સોસવાટ.
Crone, *s.* ઘરડી બાયડી. [Crookedness, *s.* વાંકાપણું.
Crook, *s.* અંકુશ, ડાંગ, વાંકુ વાળવું. -ed, *a.* વાંકું.
Crop, *s.* પાક, ઉપજ, મોસમ. 2 *v.* કાપવું, કાપણી કરવી.
Cross, *a.* આડું, પ્રતિકુલ, વાંકું. 2 *s.* છેકો, ફાંટો; વિઘ્ન, ખળેલ. 3 *v.* ઓળંગવું, ઉતરવું. -examination, *s.* ઉલટ પાલટ તપાસ. -eyed, *a.* બાડો. -road, *s.* આડો રસ્તો; ચૌટું, ચકલાનું નાકું.
Crouch, *v.* પગે પડવું, દબી જવું, હાજી હા કરવું.
Crow, *s.* કાગડો. 2 *v.* વાસવું, બુમ પાડવી.
Crowd, *s.* ભીડ, ગરદી, ઠઠ. 2 *v.* ભીડ કરવી, જમાવ થવો.
Crowded, *a.* ખીચોખીચ, ભચડાયેલું.
Crown, *s.* મુગટ, તાજ; સાર્થક, સિદ્ધિ; રાજ્ય, અઢી રૂપીયાનો શિકકો. 2 *v.* મુગટ ઘાલવો, રાજ્યાભિષેક કરવો, સાર્થક કરવું. Crowned, *a.* તાજવાળું.
Crude, *a.* કાચું; અધુરૂં.

Cruel, *a.* નિર્દય, ઘાતકી, ક્રૂર.
Cruelty, *s.* નિર્દયતા, ઘાતકીપણું.
Crumble, *v.* ભુકો કરવો–થવો, ચુરો કરવો–થવો.
Crusade, *s.* ધર્મ યુદ્ધ.
Crush, *v.* ચાંપવું, કચરવું, નાશ કરવું.
Crutch, *s.* ટેકો,બગલમાં ભરાવીને ચાલવાની લાકડી.
Cry, *s.* પોકાર, ચીસ, બુમ. 2 *v.* રડવું,પોક મુકવી, જાહેર કરવું.
Crystal, *s.* બિલોર, પાસાદાર કાચ. 2 *a.* બિલોરી, [નિર્મળ, ચળકતું.
Crystallized, *a.* પાસાદાર, પાસા પાડેલું.
Cub, *s.* બચ્ચું. 2 *v.* જણવું. Cube, *s.* ઘન.
Cubit, *s.* હાથ, હાથનું પ્રમાણ.
Cuckold, *s.* છીનાળનો વર. Cuckoo, *s.* કોયલ.
Cucumber, *s.* કાકડી, ખીરૂં. Cud, *s.* વાગોળવું.
Cudgel, *s.* ડંગોરો, સોટી. 2 *v.* સોટી મારવી.
Cuff, *s.* લપડાક, ઠોંસો, મુક્કો. 2 *v.* મુક્કો મારવો.
Cuirass, *s.* બખતર, કવચ.
Culinary, *a.* રસોઈ સંબંધી.
Cull, *v.* ચુંટવું, કાઢવું. Culminate, *v.* શિખરે પોં- [હોચવું.
Culpable, *a.* દોષી, અપરાધી. Culprit, *s.* અપરાધી, દોષી.
Cultivate, *v.* ખેડવું, સુધારવું, કમાવું, શિખવું, [વિધારવું.

Cultivation, *s.* ખેતી, સુધારો.
Cultivator, *s.* ખેડુત, કણબી. [ધડવાળું.
Cumbersome, Cumbrous, *a.* માથા કુટનું, અવ-
Cunning, *s.* ચાતુર્ય, કુશળતા, લુચ્ચાઈ; પક્કાઈ. 2*a.* મતલબીયો, લુચ્ચો, ખંદો, ઠગ. [કંદર્પ.
Cup, *s.* પ્યાલો, વાટકો. Cupid, *s.* કામદેવ, મદન,
Cupola, *s.* ઘુંમટ. Cur, *s.* કુતરૂં.
Curable, *a.* મટે એવું, સાધ્ય. Curate, *s.* પાદરી.
Curb, *s.* લગામની કડી; દાબ, ધાક. 2 *v.* દાબમાં રાખવું; અટકાવવું.
Curd, *s.* દહીં. Curdle, *v.* બંધાઈને જાડું થવું.
Cure, *s.* કરાર, રોગશાંતિ, ઉપાય. 2 *v.* મટાડવું, ફેર પાડવો, સારૂં કરવું. [ધક બુદ્ધિ.
Curiosity, *s.* જીજ્ઞાસા, કૌતુક; ચમત્કારીક વસ્તુ, શો-
Curious, *a.* શોધક, નવાઈનું, અદ્દભૂત, આશ્ચર્યકારક.
Curl, *s.* ગુચ્છો, ગોટો. 2 *v.* પેચ દેવો, વીંટવુ, ગુ-
Currency, *s.* ચલણ, પ્રવાહ. [ચ્છા વાળવા.
Currant, *s.* રેલો, પ્રવાહ, ઓઘ. 2 *a.* દોડતું, ચાલતું.
Currier, *s.* ચમાર, ચામડાનો ધંધો કરનાર.
Curry, *s.* કઢી. 2 *v.* આજીજી કરવી, ખરેરો કરવો.
–Comb, *s.* ખરેરો.
Curse, *s.* શ્રાપ, બદદુવા. 2 *v.* શ્રાપ દેવો.

Cursory, *a.* ઉપર ઉપરનું, સરાસરીનું.
Curtail, *v.* ઓછું કરવું, કમી કરવું.
Curtain, *s.* પડદો, ચક. [વાળવું.
Curve, *s.* વાંકી લીટી. 2 *a.* વાંકુ. 3 *v.* નમાવવું,
Cushion, *s.* ગાદી, તકીયો, ઉશીકું.
Custard-apple, *s.* શીતાફળ.
Custody, *s.* બંધીખાનું, કેદ,કબજો, રક્ષણ. [ઘરાકી.
Custom, *s.* ચાલ, રીત, રૂઢી, આચાર, જકાત, દાણ,
Customary, *a.* દસ્તુરી પ્રમાણે. Customer,*s.* ઘરાક.
Cut, *v.* કાપવું, કાતરવું, તોડવું. 2 *s.* ઘા, જખમ,
Cutler, *s.* છરી, કાતર વગેરે બનાવનાર. [કાપ.
Cutlery, *s.* છરી વિગેરે લોઢાનો સામાન.
Cut-purse, *s.* ખીસા કાતરૂ, ગંઠીયો. [પર્યાય.
Cycle, *s.* કાલચક્ર, યોગ. (of the seasons), ઋતુ-
Cyclopædia, *s.* વિદ્યામાળા, સર્વ વિદ્યાના સંગ્રહનું
પુસ્તક. [ળાકાર.
Cylinder, *s.* નળી, રોલ. Cylindrical, *a.* લંબ ગો-
Cymbal, *s.* ઝાંઝ,કાંસીજોડા. Cynic, *s.* તોછડો પુરૂષ.
Cypher, *s.* શૂન્ય, મિંડુ; અંક.
Czar, *s.* રૂશિયાના રાજાનું નામ.

D.

Dagger, *s.* ખંજર, કટાર.

Daily, *a.* રોજનું, નિત્યનું. 2 *ad.* દરરોજ, નિત્ય.
Dainty, *s.* મિષ્ટાન. ભારે જમણ. 2 *a.* સ્વાદિષ્ટ, મિષ્ટ.
Dairy, *s.* દહીં વલોવવાની જગ્યા. Dale, *s.* ખીણ, ખો.
Dally, *v.* કામચેષ્ટા કરવી, રમવું, વિલંબ લગાડવો.
Dam, *s.* માદા; સેતુ, પુલ. 2 *v.* રોકવું.
Damage, *s.* નુકશાન, નાશ, હાનિ. ર ધક્કો. 3 *v.* બગાડવું, નુકશાન કરવું.
Dame, *s.* ઘરની ડોશી, બાઈ, માજી.
Damn, *v.* દોષ મુકવો, નાપસંદ કરવું, ધિક્કાર કરવો.
Damnable, *a.* ધિઃક્કારવા જોગ.
Damnation, *s.* નર્કવાસ, ધિઃક્કાર. [*v.* નિરાશ કરવું.
Damp, *s.* શરદી, શરદહવા. 2 *a.* ભીનું, ઉદાસી. 3
Damsel, *s.* તરૂણી, બાલા, કન્યા, જુવાન સ્ત્રી.
Dance, *s.* નાચ, નૃત્ય. 2 *v.* નાચવું, નૃત્ય કરવું.
Danger, *s.* ભય, ડર, ધાસ્તી, જોખમ, વિપત્તિ.
Dapple, *a.* પચરંગી, અબલક. Dare, *v.* હિંમત રાખવી.
Daring, *a.* હિંમતવાન, સાહસિક, છાતિવાળો. [અંધકાર.
Dark, *a.* અંધારૂં; અજ્ઞાની; છુપું; સામળું. 2 *s.* અંધારૂં,
Darken, *v.* ઝાંખું પડવું, કાળું કરવું. [અંધકાર.
Darkly, *ad.* ઝંપલાઈને. Darkness, *s.* અંધારૂં.
Darling, *s.* વાહાલો, પ્રાણપ્રિય; લાડકો. 2 *a.* વાહાલું.
Dart, *s.* ભાલો, બરછી. 2 *v.* ફેંકવું, મારવું, નાખવું; છટકી જવું. [pieces), ચુરો કરવો.

Dash, *s.* ઉછાળો, ધડાકો. 2 *v.* ફેંકવું, ઉરાડવું. (to
Dastard, *s.* બીહીકણ, નામર્દ. 2 *v.* ત્રાસદેવો.
Data, *s.* આશ્રય, તત્વ, મુદ્દો. [તારીખ ઘાલવી.
Date, *s.* ખજુર; તિથિ, તારીખ; સમય, કાળ. 2 *v.*
Dative, (case) ચોથી વિભક્તિ. Daub, *v.* ચોપડવું.
Daughter, *s.* છોડી, દીકરી, બેટી, દુહિતા. --in--
law, *s.* છોકરાની બૈરી. [ર્ભય, હિંમતવાન.
Daunt, *v.* ધાકબેસાડવો, ત્રાસદેવો. --less, *a.* નિ-
Dauphin, *s.* ફ્રાન્સના રાજાનો વડો છોકરો.
Dawk, *s.* ડાક, ટપાલ.
Dawn, *s.* પ્રભાત, મળસ્કું, પરોઢ. 2 *v.* વાહાણુંવાવું.
Day, *s.* દિવસ, દિન; કાળ. (of the week) વાર.
(lunar) તિથિ. By day, દિવસે. Day by day,
દિવસે દિવસે. Day-book, *s.* રોજમેળ. Day-
break, *s.* પરોડ. Day-labourer, *s.* રોજનદાર,
Day-star, શુક્ર.
Dazzle, *v.* ઝાંખવી નાખવું, ઝાંઝવા આણવા.
Dead, *a.* મરેલું, મૃત, અચેતન; બેહેરો; મંદ્ય.
Deaden, *v.* દુર્બલ કરવું. [*s.* પડતર માલ.
Deadly, *a.* પ્રાણઘાતક, પ્રાણ લેનાર. Dead stock,
Deaf, *a.* બેહેરો. Deafen, *v.* બેહેરા કરવું-થવું.
Deafness, *s.* બેહેરાપણું.

Deal, s. દેવદાર; પ્રમાણ, માપ. 2 v. વેંહેંચવું, વા-
ટવું; રોજગાર કરવો. -with, v. વ્યવહાર રાખવો,
વર્તવું. Dealer, s. ઉદ્યમી, વેપારી, રોજગાર.
Dealing, s. ઉદ્યમ, વ્યાપાર, રોજગારી:
Dear, a. વાહાલો, લાડકો, પ્રિય; ૨ મોંઘું.
Dearly, ad. વાહાલથી; મોઘું.
Dearth, s. દુષ્કાળ, દુકાળ. [મારી નાખવું.
Death, s. મોત, મરણ, મૃત્યુ. To put to death, v.
Debar, v. અટકાવવું, હરકત કરવી, આડું આવવું.
Debase, v. હલકી પદ્વીપર ઉતારવું, હલકો પાડવો.
Debate, s. તકરાર, વાદ; વિવાદ. 2 v. વાદ કરવો.
Debauch, s. રંડીબાજી, બદફેલી. 2 v. બદફેલી ક
Debauchee, s. રંડીબાજ. [રવી.
Debauchery, s. રંડીબાજી, બદફેલી.
Debility, s. કમજોર, નબળાઈ, વીર્યહાની.
Debit, s. ઉધાર. 2 v. ઉધારવું. [ણદાર.
Debt, s. કરજ, ઋણ, દેવું. Debtor, s. દેવાદાર, લે-
Decay, s. નાશ, ક્ષય, ક્ષીણતા. 2 v. ઘસાવું, ઉમેદ
તુટવી. [એલો, મરનાર.
Decease, s. મરણ, મોત, મૃત્યુ. Deceased, a. મુ-
Deceit, s. ઠગાઈ, કપટ; પ્રપંચ. -ful, a. કપટી,ઠગ,
Deceive, v.ઠગવું, છેતરવું,ના ઉમેદ કરવું. [દગલબાજ.

Deceiver, *s.* ઠગ, ઠગનાર, ફસાવનાર.
December, *s.* બારમો મહીનો, કારતક–માગસર.
Decency, *s.* યોગ્યતા, લાયકી, મર્યાદા.
Decent, *a.* યોગ્ય, લાયક, ઉચિત; મર્યાદાવાળું.
Deception, *s.* ઠગાઈ, કપટ, દગલબાજી.
Decide, *v.* ઠરાવ–નિકાળ કરવો; ફેંસલો કરવો; ઠરવું.
Decipher, *v.* ઉકેલવું; બંદ બેસાડવું.
Decision, *s.* ઠરાવ, નિવેડો, ફેંસલો; ધીરજ, ધૈર્ય.
Deck, *s.* તુતક. 2 *v.* સણગારવું, સુશોભિત કરવું.
Declaim, *v.* અસર થાય એવી રીતે ભાષણ કરવું.
Declamation, *s.* અલંકારયુક્ત ભાષણ.
Declaration, *s.* પ્રતિજ્ઞા, પ્રતિજ્ઞાનો લેખ,સ્પષ્ટ કરવું.
Declare, *v.* જાહેર કરવું,પ્રતિજ્ઞા પૂર્વક કેહેવું;સ્પષ્ટ કેહેવું.
Declension, *s.* (Grammar). વિભક્તિ.
Declination, *s.* ક્ષય; વાંકાપણું, વક્રતા; ક્રાન્તિ.
Decline, *v.* ના પાડવી, કબૂલ ન રાખવું, વિભક્તિ કેહેવી; ઢળતું થવું; નરમ પડવું.
Declivity, *s.*ઢાળ,ઢોળાવ.Decoction,*s.*કાવો,ઉકાળો.
Decompose, *v.* પૃથક્ કરવું.
Decomposition, *s.* પૃથુક્કરણ.
Decorate, *v.* સણગારવું, ઘરેણા પેહેરાવવા.
Decoration, *s.* સણગાર.

Decorum, *s.* મરજાદા,અદબ,સભ્યતા,વિનય,સદાચાર.
Decoy, *v.* લાલચમાં ફસાવવું; પેચમાં લેવું.
Decrease, *s.* ઘટ, ન્યૂનતા. 2 *v.* ઓછું થવું, ઘટવું.
Decree, *s.* હુકમ, આજ્ઞા; હુકમનામું. 2 *v.* આજ્ઞા ક-
રવી, ફેંસલો કરવો.
Decrepit, *a.* જઈફ, જુનું, ખળખળી ગયેલું.
Dedicate, *v.* અર્પણ કરવું,નજરાણું કરવું;ખુરબાન કરવું.
Dedication, *s.* અર્પણ, નજરાણું, ખુરબાની.
Deduce, *v.* તર્ક–અનુમાન કરવો; સાર કાઢવો.
Deduct, *v.* બાદ કરવું, કાપવું.
Deduction, *s.* અનુમાન, તર્ક; બાદ કરેલી રકમ.
Deed, *s.* કામ, કૃત્ય; ખત, દસ્તાવેજ, મુકરદમો. (–of
acquitance), ફારગતી. (–of gift), દાનપત્ર.
(–of purchase),કબાલો.(–of sale), વેચાણખત.
Deem, *v.* માનવું, ગણવું; સમજવું, કયાસ કરવો.
Deep, *s.* સમુદ્ર, સાગર. 2 *a.* ઉંડું, અગાધ; કઠણ,
Deepen, *v.* ઉંડું કરવું,વધારવું [ગૂઢ,ગહન;દીલનેલાગે એવું.
Deeply, *ad.* અતિશય, અત્યંત. [ગાડવું.
Deer, *s.* હરણ, મૃગ. Deface, *v.* ચેહેરી નાખવું, બ-
Defame, *v.* બદનામી કરવી, આબરૂ લેવી.
Default, *s.* કસુર, ચુક; તફાવત; અભાવ, અસંભવ,
દોષ, 2 *v.* કસુર પડવી. Defaulter, *s.* અપરાધી.

Defeat, *s.* હાર, પરાજય; નાશ. 2 *v.* જીતવું; પરાજય કરવો.
Defect, *s.* ખોડ, ખામી, એબ, છીદ્ર, ન્યૂનતા.
Defection, *s.* ત્યાગ, ફિતુર.
Defective, *a.* ઓછું, ખોડખામી ભરેલું. કમી, એબવાળું
Defence, *s.* બચાવ, રક્ષણ; આશ્રય; પ્રતિવાદ; જવાબ.
Defenceless, *a.* રક્ષણવિનાનું, નિરાશ્રય
Defend, *v.* બચાવવું, રક્ષણ કરવું, ઉગારવું.
Defendant, Defender, *s.* રક્ષણ કરનાર, પ્રતિવાદી
Defensible, *a.* બચાવ કરવા લાયક.
Defer, *v.* વિલંબ કરવો, મોકુફ રાખવું.
Deference, *s.* માન, આદરસત્કાર, મરજાદા.
Deferential, *a.* ઈજતદાર, મર્યાદશીલ.
Deferred, *a.* વિલંબિત, મોકુફ રાખેલું.
Defiance, *s.* ધમકી, ટક્કર, તુચ્છ ગણવું.
Deficiency, *s.* ખોટ, ખોડ, ખામી; અપૂર્ણતા, ન્યૂનતા.
Deficient, *a.* ઓછું, અધુરૂં, અપૂર્ણ.
Defile, *s.* નેળ, સાંકડી ગલી. 2 *v.* બગાડવું, અભડાવવું; વટલાવવું.
Definable, *a.* વ્યાખ્યા કરવા લાયક; હદ બાંધવાલાયક.
Define, *v.* વર્ણન કરવું, મર્યાદા કેહેવી.
Definite, *a.* મુકરર, નક્કી; ચોકસ.
Definition, *s.* વાખ્યા, લક્ષણ, ગુણનિરૂપણ.

Deform, *v.* કદરૂપ-બદસુરત કરવું.
Deformed, *a.* કદરૂપું, બદસુરત.
Deformity, *s.* બદસુરતી, બદસિકલ, કુરૂપતા.
Defraud, *v.* ફસલવવું, ઠગવું, દગોદેવો.
Defray, *v.* આપવું, ખરચવું, ખરચપુરેપાડવો.[દશા.
Defy, *v.* ધિઃકારવું, તુચ્છગણવું. Degeneracy, *s.* પડતી
Degenerate, *a.* પડતી દશાને પામેલું, અધમ. 2 *v.* પડતી દશામાં આવવું.
Degradation, *s.* ફજેતી, માનભંગ, બેહુરમત, પદભ્રષ્ટ.
Degrade, *v.* હલકો પાડવો, માન ઉતારવું; પદભ્રષ્ટ
Degraded, *a.* માનભ્રષ્ટ, પદભ્રષ્ટ થયેલો. [કરવું.
Degree, *s.* પદ્ધી, પાયરી, દરજ્જો; અંશ; વંશ, પેઢી.
Deign, *v.* કૃપા કરવી, પ્રસન્ન થવું.
Deity, *s.* દેવ, દેવતા, ઈશ્વર, ભગવાન.
Deject, *v.* ઉદાસ થવું, ખિન્ન થવું.
Dejected, *a.* ઉદાસી, ખિન્ન થયેલું.
Dejection, *s.* ખેદ, ખીન્નતા. [વો, ખોટી કરવું.
Delay, *s.* વિલંબ, વાર, ખોટી. 2 *v.* વિલંબ લગાડ-
Delegate, *s.* વકીલ, પ્રતિનિધી, મુનીમ. 2 *v.* વકીલ કરી મોકલવો; હસ્તક કરવું.
Deliberate, *a.* વિચારવંત, જાણી જોઈને કરેલું. 2 *v.* વિચાર કરવો.-ly, *ad*, વિચારીને, જાણી બુજીને.

Deliberation, *s.* વિચાર, મતલબ,કયાસ, હુંશિયારી.
Deliberative, *a,* ડાહ્યા,વિચાર શીલ.[ચાદા, મુરવત.
Delicacy, *s.* નાજુકતા; બારીકાઈ, સ્વાદ, મજા, મ
Delicate, *a.* ગળ્યું, મિષ્ટ; સ્વાદિષ્ટ, નાજુક, સુકુ-
Delicious,*a.*સ્વાદિષ્ટ,મિષ્ટ,લેઝતદાર. [માર; બારીક.
Delight, *s.* આનંદ, હર્ષ, સંતોષ, ખુશાલી. 2 *v.*
ખુશી કરવું, રીઝવવું.
Delighted, *a.*ખુશી–આનંદ થયેલું.
Delightful, *a.* રમણીય, આનંદકારક. [આંકવું.
Delineate, *v.* ચિતરવું, છબી પાડવી, વર્ણન કરવું;
Delineation, *s.* વર્ણન,નિરૂપણ;નકશો, આકાર, ચિત્ર.
Delinquency, *s.* અપરાધ, તકસીર, કસર, દોષ.
Delinquent, *s.* અપરાધી, ગુનેહગાર, તકસીરવાન.
Delirious, *a.* બાવરો,બેહોશ,બેશુદ્ધ,અસાવધ,બેભાન.
Deliver, *v.* છોડવવું, રક્ષણ કરવું, બચાવવું, તારવું,
આપવું, જણવું.—up, *v.* સોંપવું, સ્વાધીન કરવું.
Deliverance, *s.* છુટકારો, ઉદ્ધાર, સોંપવું, પ્રસવ,ગ
ર્ભવિમોચન. Deliverer, *s.*છોડવનાર;તારનાર;આપનાર.
Delivery, *s.* છુટકો, મુક્તિ, સોંપવું, સ્વાધીન કરવું.
Dell, *s.* ગુફા, દર. Delude, *v.* ફસાવવું,ઠગવું,છેતરવું.
Deluge, *s.* જલપ્રલય, મોહોટી રેલ 2 *v.* જલમય–ગ-
Delusion, *s.* ઠગાઈ, ભ્રમ, માયા. [ર્ક કરવું.

Delusive, *a.* કપટી, મોહક.
Delve, *v.* ખોદવું. Delver, *s.* ખોદનાર.
Demagogue, *s.* આગેવાન; દગાખોર.[તાથી માગવું.
Demand, *s.* દાવો; સત્તા; માગણી, પશ્ન. 2 *v.* સ-
Demeanour, *s.* ચાલ, આચરણ, વર્ત્તણુક.
Demerit, *s.* દોષ, ખોડ, ખાંપણ, ખામી.
Demi, *a.* અર્ધું. Demigod, *s.* ઉપદેવ, દેવતા.
Democracy, *s.* પ્રજાસત્તાક રાજ્ય.
Demolish, *v.* નાશકરવું, ભાગવું, તોડવું.
Demolition, *s.* નાશ, હાનિ, નુકશાન, ઉચ્છેદન.
Demon, *s.* ભૂત, રાક્ષસ; દૈત્ય, અસૂર.
Demonstrate, *v.* ખરૂં કરી આપવું, સિદ્ધ કરવું.
Demonstration, *s.* સિદ્ધિ, નિર્ણય, પ્રમાણ.
Demoralize, *v.* નીતિ તોડવી; નીતિભ્રષ્ટ કરવું.
Demur, *v.*આનાકાનીકરવી. Demure, *a.* ગંભીર,શાંત.
Den, *s.* ગુફા, કોતર, દર. Denial, *s.* ઈનકાર, નિષેધ.
Denominate, *v.* નામ પાડવું, સંજ્ઞા આપવી.
Denomination, *s.* નામ, સંજ્ઞા.
Denominator, *s.* છેદ, નામ આપનાર.
Denounce, *v.*તિરસ્કાર કરવો; ચાડીખાવી, ફર્યાદકરવી.
Dense, *a.* ઘટ્ટ, ઘાડું, ખીચોખીચ.
Density, *s.* જડાઈ; દૃઢતા.

Dental, *a.* દાંત સંબંધી. Dentist, *s.* દંત વૈદ્ય.
Deny, *v.* ના કેહેવી, ના પાડવી, નાકબૂલ કરવું.
Depart, *v.* જવું, મરવું; વિયોગ થવો; વિદાય થવું.
Department, *s.* ખાતું, કારખાનું, ભાગ.
Departure, *s.* ગમન, મૃત્યુ, પ્રાણ ત્યાગ. [ન રેહેવું.
Depend, *v.* ઝુલવું; વિશ્વાસ–આધાર રાખવો, આધી-
Dependance, *s.* લટકણુ, આશ્રય, આધાર; વિશ્વાસ.
Dependant, Dependent, તાબેદાર, પરતંત્ર, આધીન.
Depict, *v.* ચિતરવું. ચિત્રકાઢવું; વર્ણન કરવું.
Deplorable, *a.* શોક કરવા જોગ, દીલગીરીભરેલું, ખરાબ.
Deplore, *v.* રડવું, ખેદ કરવો, વિલાપ કરવો.
Deponent, *s.* સાહેદી, શાક્ષી. [ઉજડ, વેરાન.
Depopulate, *v.* ઉજડ કરવું, વેરાન કરવું.–d, *a.*
Depopulation, *s.* ઉજડ કરવું, વેરાન કરવું. [ચરણ.
Deport, *v.* ચાલવું, વર્ત્તવું. –ment, *s.* વર્ત્તણુક; આ-
Depose, *v.* રાજ્યભ્રષ્ટ કરવું; બરતરફ કરવું; જુબાની
Deposit, *s.* અનામત 2 *v.* અનામત મુકવું. [આપવી.
Depository, *s.* જુમ્મેદાર, અનામત રાખનાર.
Deposition, *s.* જુબાની, સાક્ષી. 2 *v.* રાજ્ય ભ્રષ્ટ કરવું; અનામત મુકવું.
Depository, Depot, *s.* કોઠી, વખાર, મોદીખાનું.
Deprave, *v.* બગાડવું, ખરાબ કરવું.–d, *a.* દુઃખી, ખ-
Depravity, *s.* દુષ્ટપણું દુષ્કર્મ, બુદ્ધિ. [રાબ, ભ્રષ્ટ.

Deprecate, *v.* માફી માગવી,દુ:ખ નિવારણ કરવા મા-
ટે અરજ કરવી. [પાડવો.
Depreciate, *v.*દર ભાવ ઉતારવો, ફજેતીકરવી; હલકો
Depredation, *s* લૂટ, બિગાડ. Depredator, *s.*લુ-
Depress, *v.* દાબવું; ઉદાસ કરવું. [ટનાર; ઉપદ્રવી.
Depression, *s.* દાબવું; હર્ષભંગ, ખેદ,
Deprive, *v.*ખુંચી-છીનવી લેવું;નાગું કરવું; હરી લેવું.
Depth, *s.* ઉંડાણ, ઉંડાઈ, ગંભીરતા.
Deputation, *s.* પ્રતિનિધી તરીખે મોકલેલો માણસ.
Depute, *v.* વકીલ નેમીને મોકલવો.
Deputy, *s.* વકીલ, પ્રતિનિધી; મુનીમ;નાયબ.
Derange, *v.* ગુંચવી નાખવું, બુદ્ધિ ભ્રંશ કરવું.
Derangement, *s.* વ્યવસ્થા, ગડબડ, ઘાલમેલ.
Deride, *v.* હસી કાઢવું, મશ્કરી કરવી.
Derision, *s.* મશ્કરી, ઠઠ્ઠા મશ્કરી.
Derivation, *s.* વ્યુત્પત્તિ, મૂળ. Derivative,*s.* સા-
ધિત શબ્દ. [ત્પત્તિ કરવી.
Derive, *v.* મેળવવું, ઉપજાવવું, લેવું, આણવું; વ્યુ-
Derogate, *v.* કાયદો રદ્દ કરવો, માનહાની કરવી.
Derogatory, *a.* હલકું, નીચું લગાડનાર, નાલાયક.
Descant, *s.* ગીત. 2 *v.*ગાવું, રાગની ઢબમાં બોલવું.
Descend, *v.* ઉતરવું;નીચે આવવું;વંશમાં ઉત્પન્નથવું.

Descendant, *s.* વંશી, વંશજ, કુળનો, ઓલાદનો.
Descent, *s.* ઢાળ; વંશ, ઓલાદ, પેઢી.
Describe, *v.* નકસો કાઢવો, વર્ણન કરવું; આંકવું.
Description, *s.* નકસો, વર્ણન, બ્યાન; પ્રકાર, જાત.
Descriptive, *a.* સવિસ્તર, હકિકત સહિત.
Descry, *v.* શોધ કાઢવી-લાગવી; દૂરથી જોવું.
Desert, *s.* રણ, અરણ્ય, જંગલ, વન. 2 *v.* છોડવું, ત્યાગ કરવો; નાશી જવું. -er, *s.* ત્યાગી, સેના ત્યાગી, નોકરી છોડનાર. [ગ્ય, ઘટિત, લાયક.
Deserve, *v.* ઘટવું, લાયક થવું. Deserving, *a.* યો-
Desideratum, *s.* ખોડ, ખામી, ઘટ.
Design, *s.* વિચાર, ઈરાદો, ધારણા, મસલત, યુક્તિ. 2 *v.* યોજવું, નકસો કાઢવો.
Designation, *s.* નામ; નિશાન, લક્ષણ; નેમણુક.
Designedly, *ad.* જાણી જોઈને, જાણીબુજીને, સમજીને.
Designing, *a.* લુચ્ચો, કાવત્રાં કરનાર, લબાડ. [ઈચ્છા.
Desirable, *a.* ગમતું, ઈષ્ટ, ઈચ્છવા જોગ. -ness.*s.*
Desire, *s.* ઈચ્છા, મરજી, ખુશી, અપેક્ષા. 2 *v.* ઈચ્છવું, આશા રાખવી, માગવું.
Desirous, *a.* આતુર, ઈચ્છુ, ઉત્કંઠિત.
Desist, *v.* અચકવું, હાથ ઉઠાવવો.
Desk, *s.* લખવાની મેજ. [ઉજાડ કરી નાખવુ.

Desolate, *a.* ઉજાડ, વસ્તી વિનાનું, વેરાન, શૂન્ય. 2 *v.*
Desolation, *s.* ઉજાડ, નિર્જનતા, વસ્તી નાશ.
Despair, *s.* આશાભંગ, નિરાશા, દિલગીરી. 2 *v.* આશા ભંગ થવું.
[રવું, ગટ કરવું.
Despatch, *s.* જલદી, ઝડપ. 2 *v.* મોકલવું, રવાને ક-
Desperate, *a.* નિરાશ, નિરૂપાય, મરણીયો, અસાધ્ય, નિર્ભય. –ly, *ad.* મરણીયો થઈને, ચાહોમ કરીને, નિરાશ થઈને.
Despicable, *a.* તુચ્છ, હલકું, નીચું, પાજી. [દ્વેષ, ઈર્ષા.
Despise, *v.* ધિઃક્કારવું, અપમાન કરવું. Despite, *s.*
Despoil, *v.* લુટવું, ચોરવું, બગાડવું.
Despond, *v.* નિરાશ થવું, હિંમત હારવી.
Despondency, *s.* આશા ભંગ, નિરાશા.
Despondent, *a.* નિરાશ, ઉદાશ. [તંત્રતા, જુલમી અમલ.
Despot, *s.* સ્વતંત્રરાજા, જુલમીરાજા. –ism, *s.* સ્વ-
Destinate, Destine, *v.* પૂર્વયોજના કરવી, સરજવું.
Destiny, *s.* નસીબ, તકદીર, દૈવ્ય, ભાગ્ય, કપાળ.
Destitute, *a.* વિનાનું, રહિત, નિરાધાર, નિરાશ્રય.
Destroy, *v.* નાશ–સંહાર કરવો, તોડીનાખવું, લયકરવો.
Destruction, *s.* હાની, નાશ, ઘાણ. સંહાર.
Destructive, *a.* હાનિકારક, નાશકારક.
Desultory, *a.* તુટક, રખડતું, બેતાલ, અસ્વસ્થ.

Detach, *v.* જુદું પાડવું, ઉકેલવું; ટુકડી કરી મોકલવું.
Detachment, *s.* ફોજની ટુકડી.
Detail, *s.* હકીકત,બાબત,વર્ણન. 2 *v.* સવિસ્તર કેહેવુ.
Detain, *v.* રોકવું; ખોટી કરવું, રાખવું.
Detect, *v.* પકડવું, શોધીકાઢવું, ઉઘાડું કરવું.
Detection, *s.* ભાળ, તપાસ, ખોળ.
Detention, *s.* અટકાવ, ખોટી, રાખી મુકવું.
Deter, *v.* દેહેશત આપવી; બંધ પાડવું, અટકાવવું.
Deteriorate, *v.* બિગાડવું, ખરાબ કરવું.
Determinate, *a.* ઠરાવેલું, મુકરર, ખચિત.
Determination, *s.* ઠરાવ, નિશ્ચય, નેવેડો; સંકલ્પ.
Determine, *v.* ઠરાવવું, નિર્ણય કરવું, મર્યાદા બાંધ-વી, નિવેડો કરવો. [ધિઃક્કારને યોગ્ય.
Detest, *v.* ધિઃક્કારવું, દ્વેષ કરવો, તરછોડવું.–able,*a.*
Detestation, *s.* ધિઃક્કાર, તિરસ્કાર.
Dethrone, *v.* ગાદીઉપરથી ઉઠાડી મુકવું,પદભ્રષ્ટકરવું.
Detriment, *s.* નુકસાન, તોટો, ધક્કો; અપકાર.
Detrimental, *a.* હાનીકારક, નુકશાનકારક.
Devastation, *s.* નાશ, ધુળધાણી. 2 *v.* મેદાન કરવું.
Develop, *v.* ખિલવું, વિસ્તારવું, પ્રસિદ્ધિમાં આણવું.
Deviate, *v.* Deviation,*s.*આડેમાર્ગેજવું,આડુંફાટવું.
Device, *s.* યુક્તિ, ઉપાય, તદબીર, કરામત; કલ્પના.

Devil, *s.* ભૂત, પિશાચ, સેતાન, ખવીસ.
Devious, *a.* આડે માર્ગે જનાર, અપથગામી.
Devise, *s.* તજવીજ--યુક્તિ કરવી, બુટ્ટો ઉઠાવવો.
Devoid, *a.* રહિત, શૂન્ય, વિનાનું, ખાલી.
Devolve, *v.* માથાઉપર નાખવું, સોંપવું, માથે પડવું.
Devote, *v.* અર્પણ કરવું, ગુજારવું.–d, *a.* અર્પણ કરેલું, આસક્ત, તત્પર. [અર્પણ, ભકિત.
Devotee, *s.* ભક્ત, જોગી, વૈરાગી. Devotion, *s.* ભજન,
Devotional, *a.* ભક્તિ સંબંધી, ભજન સંબંધી.
Devour, *v.* ફાડીખાવું, ખાઈજવું, ગટ કરીજવું.
Devout, *a.* ભક્તિમાન, ભાવિક. [ચાલાકી, હશોટી.
Dew, *s.* દવ, ઝાળક, ઠાર. Dexterity, *s.* ચતુરાઈ,
Dexterous, *a.* ચ ચળ, ચાલાક, કુશળ, હસ્ત કૌશલ્ય.
Diabolical, *a.* દુષ્ટ, ક્રૂર. Diadem, *s.* મુગટ, તાજ.
Diagonal, *s.* કર્ણરેષા.
Diagram, *s.* ક્ષેત્ર, નકશો, આકૃતિ, સિદ્ધાંતની આકૃતિ.
Dial, *s.* તક્તિ, ચંદો, શકુયંત્ર.–plate, *s.* ઘડીયાલનીતક્તિ.
Dialect, *s.* ભાષા, બોલી.
Dialogue, *s.* સંભાષણ, સંવાદ. [વજ.
Diameter, *s.* વ્યાસ, મધ્યરેષા. Diamond, *s.* હીરો,
Diarrhœa, *s.* હધામણ, અતિસાર. Diary, *s.* રોજમેળ.
Dictate, *v.* ફરમાવવું, આજ્ઞા કરવી. 2 *s.* આજ્ઞા, હુકમ.

Diction, *s.* ભાષાની છટા. Dictionary, *s.* કોશ.
Die, *s.* પાસો. 2 *v.* મરવું.
Diet, *s.* રાજસભા; ખાણું; કરી, પથ્ય.
Differ, *v.* ભેદ-ફેર પડવો, જુદા પડવું, વાંધોપડવો.
Difference, *s.* ભેદ, તફાવત, વાંધો; અંતર.
Different, *a.* જુદું, ભિન્ન, વિજાતીય, નિરાળું.
Difficult, *a.* કઠણ, અઘરૂં, મુશ્કેલ; ઉંડું, કરડી નજરનું.
Difficulty, *s.* મુશ્કેલી, અડચણ, ગૂઢતા, સંકટ; શંકા.
Diffidence, *s.* અવિશ્વાસ, અધિરતા, સંકોચ.
Diffident, *a.* અવિશ્વાસી, અધીરો, વેહેમી, શંકાવાળો.
Diffuse, *v.* ફેલાવવું, પ્રસારવું.
Diffusion, *s.* પ્રસાર, ફેલાવો.
Diffusive, *a.* વ્યાપક, પસરેલું. Dig, *v.* ખોદવું, ખણવું.
Digest, *s.* સાર, સંગ્રહ, સંક્ષેપ. 2 *v.* પચવવું, જીરવવું,
Digestion, *s.* પાચન; હજમ, પચન. [સિજવવું, પચવું.
Dight, *v.* સણુગારવું. [રમો ભાગ.
Digit, *s.* ચંદ્રની કળા, સુર્ય તથા ચંદ્રના વ્યાસનો બા-
Dignify, *v.* પ્રૌઢ કરવું, ઉંચ્ચે દરજ્જે ચઢાવવું.
Dignity, *s.* ઉંચીપદ્વી, દરજ્જો, મરતબો; ટેક, દબદબો.
Dike, *s.* ખાઈ; બાંધ. Dilapidate, *v.* ભાગી-તુટીપડવું.
Dilatoriness, *s.* ઢીલ, સુસ્તી.
Dilatory, *a.* મંદ, સુસ્ત, ધીરો.

Dilemma, *s.* સંદેહ. Diligence, *s.* ઉદ્યોગ, શ્રમ.
Diligent, *a.* ઉદ્યોગી, મેહેનતુ. Dilute, *v.* કમજોર કરવું.
Dim, *a.* ઝાંખું, અસ્પષ્ટ. Dimension, *s.* ક્ષેત્રફળ, કદ.
Diminish, *v.* કમી-ઓછું કરવું, કમી થવું, ઘટવું.
Diminution, *s.* ઘટ, ખોટ.
Diminutive, *a.* નાહાનું, લઘુ.
Din, *s.* ઘોંઘાટ, બકોર, શોર. 2 *v.* કાન બેહેરા કરવા.
Dine, *v.* જમવું, ખાવું. Dinner, *s.* જમણ, ભોજન.
Dint, *s.* ઘા, ફટકો, જોર, બળ.
Diocese, *s.* પાદરીના હાથ નીચેનો દેશ.
Dip, *s.* ઝોક. 2 *v.* બોળવું, ઝબોળવું. [વેજ.
Diphthong, *s.* સંધીસ્વર. Diploma, *s.* સનંદ, દસ્તા-
Diplomacy, *s.* ખટપટ, પારકા રાજ્ય સાથે કોલક-
રાર કરવાની યુક્તિ.
Direct, *a.* સિધું, સરળ, સુલટું. 2 *v.* રસ્તો દેખા-
ડવો, હુકમ કરવો. Direction, *s.* દિશા, માર્ગ, હુકમ.
Directly, *ad.* સીધું, ઠેઠ, લાગલોજ, ઉઘાડી રીતે.
Director, *s.* માર્ગ દેખાડનાર, કારભારી. [કચરો.
Dirk, *s.* કટાર, કટારી, ખંજર. Dirt, *s.* મેલ, ધુળ;
Dirty, *a.* મેલું, મલીન, ગંદુ. 2 *v.* મલીન કરવું.
Dis-ability, *s.* અશક્તપણું; નાલાયકી.
Dis-abuse, *v.* સંશય છેદવો, ભ્રાંતિ તોડવી.

Dis-able, *v.* અશક્ત કરવું, નિર્બળ કરવું, જોર ભાગવું.
Dis-advantage, *s.* ગેર ફાયદો, હાની, નુકશાન.
Dis-advantageous, *a.* હાનીકારક, નુકશાન ભરેલું.
Disaffected, *a.* બેદીલ, નારાજી. Dis-affection, *s.* બેદીલી.
Dis-agree, *v.* અણબનાવ થવો, વાંકું પડવું, નહીં સદવું.
Disagreeable, *a.* અણગમતું, અપ્રિય, નાપસંદ.
Dis-agreement, *s.* અણબનાવ, વાંધો, ફેર.
Dis-allow, *v.* મનાઈ કરવી, નાકબુલ કરવું.
Dis-appear, *v.* ગુમ થવું, અલોપથવું, નાશી જવું.
Dis-appoint, *v.* નિરાશ કરવું, આશાભંગ થવું.
Dis-appointment, *s.* આશાભંગ.
Dis-approbation, *s.* નાપસંદી, અપ્રીતિ, ઈનકાર.
Dis-approve, *v.* નાપસંદ કરવું, નામંજુર કરવું.
Dis-arm, *v.* હથીયાર લઈ-ખુંચાવી-લેવા.
Dis-aster, *s.* વિપત્તિ, આફત, સંકટ, અનર્થ, નાશ
Dis-astrous, *a.* સંકટ ભરેલું, નાશકારક. [નામંજુરી.
Disavow, *v.* નાકબુલ જવું. Dis-avowal, *s.* ઈનકાર,
Dis-band, *v.* છોડી દેવું, લશ્કરના માણસને બરતરફ કરી
Dis-belief, *s.* અવિશ્વાસ, બેઈમાન. [લશ્કર તોડી નાખવું.
Dis-believe, *v.* અસત્ય માનવું, વિશ્વાસ-આકીન ઉથાવવું.
Dis-burden, *v.* ભાર ઉતારવો, હલકું કરવું.
Dis-bursement, *s.* ખરચ, વ્યય.

Dis-card, *v.* દૂર કરવું,તરછોડવું.[ભેદ,પારખ,વિચાર.
Dis-cern, *v.* પારખવું, શોધવું,વિચારવું.-ment, *s.*
Dis-charge, *v.* ભરતરફ કરવું,બજાવવું,બંદૂક છોડવી.
Dis-ciple, *s.* શિષ્ય,ચેલો, વિદ્યાર્થી. [2 *s.* બરતરફી.
Dis-cipline, *s.* કવાયત; કેલવણી; શિક્ષા.-d, *a.* ક-
સાયેલું; કેળવાએલું, કવાયત પામેલું.
Dis-claim, *v.* હાથ ઉઠાવવો, પતન કરવું.
Dis-close, *v.* ખુલ્લું કરવું, જાહેર કરવું, ફોડી દેવું.
Dis-colour, *v.* કુદરતી રંગ ફેરવી નાખવો,મેલુંકરવું.
Dis-compose, *v.* અવ્યવસ્થિત કરવું, અસ્વસ્થ કર-
વું, ગભરાવવું. -d, *a.* અવ્યવસ્થિત થયેલું.
Dis-concert, *v.* વ્યર્થ-નિષ્ફળ કરવું.
Dis-consolate, *a.* ખિન્ન, ઉદાસ. [તોષી, અતૃપ્ત.
Dis-content, *s.* અસંતોષ, અતૃપ્તિ.-ed, *a.* અસં-
Dis-continuance, *s.* બંધી. Dis-continue,*v.* બંધ
Dis-cord, *s.* અણબનાવ, બેદીલી. [રાખવું.
Dis-cordance, *s.* બેતાલ, બેસૂર.
Discount, *s.* વટાવ, છુટ. 2 *v.* વટાવવું
Dis-countenance, *v.* સહાય ન કરવી. [ઉમેદ થવું.
Dis-courage, *v.* ના ઉમેદ કરવું,હિંમત તોડવી, ના-
Dis-course, *s.* સંભાષણ, સંવાદ, ભાષણ.
Dis-cover, *v.* શોધી કાઢવું, શોધવું, પડદો ખોલવો.

Discovery, *s.* શોધ, પ્રકાશ, દર્શન. [નવું.
Dis-credit, *s.* અપમાન, અપ્રતિષ્ઠા. 2*v.* ખોટું મા-
Dis-creet, *a.* વિવેકી, સુજ્ઞ, સમજુ, વિચારવંત.
Dis-cretion, *s.* સમજણ, ડાહાપણ, બુદ્ધિ, વિવેક,
Dis-criminate, *v.* ફરકજોવો, વિવેચન કરવું. [મુખ્તિયારી.
Discrimination, *s.* વિચાર, પિછાણવાની શક્તિ.
Dis-cuss, *v.* તકરાર કરવી, વાદ કરવો.
Dis-cussion, *s.* પંચાત, વાદ, તકરાર.
Dis-dain, *s.* તિરસ્કાર, ધિઃક્કાર. 2 *v.* તિરસ્કાર કરવો.
Dis-ease, *s.* રોગ, મંદવાડ.–d, *a.* રોગી.
Dis-embark, *v.* વાહાણ ઉપરથી ઉતારવું.
Dis-engage, *v.* છોડવવું, મુક્ત કરવું.–d, *a.* નવરો, મુક્ત.
Dis-entangle, *v.* ઉકેલવું, ગુંચવણ કાઢી નાખવી.
Dis-enthral, *v.* ગુલામગીરીથી મુક્ત કરવું.
Dis-figure, *v.* બેડોળ કરવું, બગાડવું.
Dis-gorge, *v.* ઓકાવવું.
Dis-grace, *s.* અપજશ, ફજેતી, અપ્રતિષ્ઠા. 2 *v.* ફજેત કરવું.–ful, *a.* અપજશવાળું, ફજેતી ભરેલું. [કરવો.
Dis-guise, *s.* વેશ. 2 *v.* વેશ બદલવો, વેશ ધારણ
Dis-gust, *s.* કંટાળો. 2 *v.* કંટાળો આપવો.
Dish, *s.* તાસક, રકાબી; ભાણું, ભોજન.
Dis-hearten, *v.* ના ઉમેદ કરવું, મનોભંગ કરવું.

Dis-hevelled, *a.* વિખરાઈ–ચુંથાઈ ગયેલું.
Dis-honour, *s.* અપજશ,અપ્રતિષ્ઠા. 2*v.*આબરૂ લેવી.
Dis-honourable, *a.* અપમાનકારક, આબરૂ લે એવું.
Dis-inclination, *s.* નામરજી, અરૂચી, અનુત્સાહ.
Dis-ingenuous, *a.* કપટી, જુઠું.
Dis-inherit, *v.* ના વારસ કરવું.
Dis-interested, *a.* પરગજુ, પરમાર્થ, સ્વાર્થવગરનું.
Dis-join, *v.*સંબંધ તોડવો.Dis-joint,*v.*સાંધો તોડવો.
Disk, *s.* બિંબ, મંડળ, થાળી.
Dis-like, *s.* અભાવ,અરૂચી,ના મરજી. 2 *v.*ના ચાહાવું.
Dis-locate, *v.* જુદું પાડવું, ઉતરી જવું (હાડકું).
Dis-lodge, *v.* જગોપરથી ઉઠાડવું. [ફાદારી.
Dis-loyal, *a.* બેવફા, રાજદ્રોહી.–loyalty, *s.* બે વ-
Dis-mal, *a.* અંધારૂં, ભયાનક, દીલગીર, ઉદાસી.
Dis-mantle, *v.* તોડી પાડવું.
Dis-may, *s.* દેહેશત,ગભરાટ, ત્રાસ.2 *v.*ધાક આપવી.
Dis-member, *v.* અવયવ જુદા પાડવા.
Dis-miss, *v.* બરતરફ કરવું, વિદાય કરવું.
Dis-missal, *s.* રજા, બરતરફી. Dis-mission,*s.* રજા,
Dis-mount, *v.* ઉતરવું; ઉતારવું. [બરતરફી.
Dis-obedience, *s.* આજ્ઞાભંગ, અમર્યાદા.
Dis-obedient, *a.* અમર્યાદ, આજ્ઞા તોડનાર.

Dis-order, *s.* અવ્યવસ્થા, અંધેર; વિકૃતિ. 2 *v.* ધાલમેલ કરવી.–ly, *a.* અવ્યવસ્થ, ફિસાદખોર.
Dis-own, *v.* નામંજુર કરવું, નાપડવી.
Dis-parage, *v.* હલકું પાડવું, અવગણના કરવી.–ment, *s.* અપ્રતિષ્ઠા. [શાંત, થંડું.
Disparity, *s.* તફાવત, ફેર. Dis-passionate, *a.*
Dis-pel, *v.* દૂર કરવું. Dispensary, *s.* દવાખાનું.
Dispensation, *s.* ભાગ, વાટો. [માફ કરવું.
Dispense, *v.* વેંહેંચવું, વાંટવું.–with, *v.* છોડવું,
Disperse, *v.* Dispersion, *s.* વિખેરવું,વેરી નાખવું.
Dispirit, *v.*નાહિંમતકરવું.Displace,*v.* જગાબદલવી.
Display, *s.* ડોળ, દેખાવ, ઠાઠમાઠ. 2 *v.* દેખાડવું,
Displease, *v.*નાખુશ કરવું,ખફા કરવું.[પ્રગટ કરવું.
Displeasing, *a.* નાખુશ કરનારૂં.
Displeasure, *s.* નાખુશી, ઈતરાજી.
Disposal, *s.* વ્યવસ્થા; સત્તા, અધિકાર, હુકમ.
Dispose, *v.* ગોઠવવું, માંડવું, ઠેકાણે કરવું; ઇચ્છા કરવી. (of), *v.* વેચવું. ધંધે લગાડવું.
Dispossess, *v.* ખુંચી લેવું, લઈ લેવું. [ખંડન કરવું
Disprove, *v.* ખોટું સાબીત કરી આપવું, બાતલ–
Disputatious, *a.* ભાંજગડિયો, માથાકુટિયો.
Dispute, *s.* વાદ, તકરાર, ભાંજગડ.2 *v.* વાદ કરવો,

Disqualify, *v.* અયોગ્ય-નાલાયક કરવું. [તકરાર કરવી.
Disquiet, *a.* અસમાધાન, બેચેન. 2 *v.* ગભરાવવું
Disquietude, *s.* બેચેન, મનનું અસમાધાન.
Disregard, *s.* અવગણના, બેપરવા, અનાદાર. 2 *v.*
Disrelish, *s.* અરૂચી, અભાવો, અપ્રીતિ. [અવગણના કરવી.
Disreputable, *a.* હલકું, નીચ, બે આબરૂવાળું.
Disreputation, *s.* અપકીર્ત્તિ, અપમાન, અપજશ.
Disrespect, *s.* અપમાન, અનાદાર, અવજ્ઞા.–ful, *a.* અમર્યાદ, બે અદબ.–fully, *ad.* બે અદબીથી.
Dissatisfaction, *s.* અસંતોષ, અતૃપ્તિ, અસમાધાન.
Dissect, *v.* Dis-section, *s.* કાપવું, ફાડવું, મડદું ચીરવું.
Dissemble, *v.* છુપાવવું, ઢોંગ કરવો, બાહાનું કાઢવું.
Disseminate, *v.* વેરવું, વિખેરવું, વિસ્તારવું.
Dissemination, *s.* ફેલાવો, પ્રસાર.
Dissension, *s.* કલહ, કલેશ, કજીયો. [જુદામતનું થવું.
Dissent, *s.* ઈનકાર, નાકબુલી, નામંજુરી. 2 *v.*
Dis-similar, *a.* ભિન્ન, વિષમ, વિજાતીય.
Dissimilarity, Dissimilitude, *s.* ભેદ, તફાવત, અંતર.
Dissipate, *v.* વેરી નાખવું, ઉડાવી દેવું, વેરાઈ જવું.
–d, *a.* વ્યસની, ઉડાઉ, બદફેલી, દુરાચારી.
Dissolute, *a.* વ્યભિચારી, વ્યસની, બદફેલી.

Dissolution, *s.* પ્રલય, ક્ષય; મોત, દુરાચરણ; પાણી થવું; વિસર્જન.
Dissolve, *v.* ઓગાળવું, ગાળવું, છુટું પાડવું, વિસર્જન કરવું.
Dissonant, *a.* બેસુરૂં, બેતાલ; અણબનાવનું.
Dissuade, *v.* સમજાવવું, ભાગી પાડવું, મના કરવી.
Dissyllable, *s.* બે અક્ષરનો શબ્દ, દ્વયક્ષર. [જવું.
Distance, *s.* છેટું, અંતર; ટપ્પો. 2 *v.* આગળ વધી
Distant, *a.* દૂર, આઘું, લાંબું, વેગળું.
Distaste, *s.* અરૂચી, અભાવ, અપ્રીતિ.–ful, *a.* બે-
Distemper, *s.* રોગ:વ્યાધિ, પીડા, વિકાર, વિકૃતિ. [સ્વાદિષ્ટ.
Distil, *v.* ગાળવું, તેજાબ કાઢવો, ટપકવું, ગળવું.
Distinct, *a.* જુદું, અલાયદું, નિરાળું; સ્પષ્ટ.
Distinction, *s.* ભિન્નતા; સ્પષ્ટતા, આબરૂ, કીર્તિ.
Distinctly, *ad.* સ્પષ્ટ રીતે, ખુલ્લીરીતે. [પ્રખ્યાત થવું.
Distinguish, *v.* પારખવું, ઓળખવું, ફરક જાણવો;
Distinguished, *a.* નામાંકિત, પંકાએલો, વખણાયેલો.
Distort, *v.* Distortion, *s.* મચડવું, મરડવું, વળદેવા.
Distract, *v.* ગભરાવવું, ધાંધલ કરવી, ખીજવવું, સતાવવું.–ed, *a.* ગભરાયેલું. Distraction, *s.* વ્યગ્રતા.
Distress, *s.* દુ:ખ, કષ્ટ; સંકટ, દુર્દશા; વિપત્તિ, પીડા. 2 *v.* દુ:ખ દેવું.–ed, *a.* દુ:ખી, હેરાન.–ful, *a.* પીડાકારી, અડચણ ભરેલું.

Distribute, *v.* વેંહેંચવું, વાટવું, વિભાગ કરવા.
Distribution, *s.* વેંહેંચણ, વાટણી; દાન, ખેરાત.
District, *s.* પ્રાંત, તાલુકો, મહાલ;ચકલો, મોહોલ્લો.
Distrust, *s.* અણવિશ્વાસ, શંકા, સંશય. 2 *v.* અણ વિશ્વાસ રાખવો.–ful, *a.* અણવિશ્વાસી, સશંક.
Disturb, *v.*છેડવું,હરકત–વિઘ્ન કરવું.–ance, *s.*ખલેલ, હરકત, વિઘ્ન; બખેડો, બંડ, મનનો સંતાપ, ઉદ્વેગ.
Disunion, *s.* દૂર કરવું, કુસંપ, તુટ, ફુટ, બિગાડ.
Disunite, *v.* જુદું પાડવું, સંબંધ તોડવો.
Disuse, *s.* અવ્યવહાર, ખરાબ ઉપયોગ.
Ditch, *s.* ખાઈ, ખાડી, ચર, ખંડક.
Ditto, *s.* મજકુર, પુર્વોક્ત. Ditty, *s.* ગાયન, ગીત.
Diurnal, *a.* રોજનું, નિત્યનું, હમેશનું.
Dive, *s.* ડુબકી, બુડકી. 2 *v.* ડુબકી મારવી.
Diver,*s.*બુડકી-ડુબકી મારનાર.Divers,*a.*અનેક,વિવિધ.
Diverse, *a.* વિવિધ, નાના પ્રકારનું. ભાત ભાતનું.
Diversify, *v.* જુદું જુદું કરવું, ફેરફાર કરવો.
Diversion, *s.* રમત, ખેલ, કૌતુક; ગમત, તમાસો.
Diversity, *s.* ભિન્નતા, નિરાળાપણું.
Divert, *v.* ફેરવવું,માર્ગ છોડવવો,રંજન કરવું, રમાડવું.
Divest, *v.* ખુંચવી-ઉતારી લેવું.2 *v.*ઉઘાડું-નાગું કરવું.
Divide,*v.*વેંહેંચવું,ભાગપાડવા,જુદુંકરવું;દોસ્તીતોડવી.

Dividend, *s.* ભાગ, હિસ્સો,વાંટો, વેંહેંચણી;ભાજ્યાંક.
Divi-nation, *s.* અગમચેતી, પ્રશ્ન જોવાની વિદ્યા.
Divine, *s.* ધર્મ ગુરૂ, પાદરી.2 *a.* ઈશ્વરી, દિવ્ય.3 *v.* આગમજથી કેહેવું; અનુમાન કરવો.
Divinity, *s.* દેવતા, બ્રહ્મજ્ઞાન.
Division, *s.* ભાગ, પ્રકરણ; વાંટો, હિસ્સો; ભાગવું, ભાગાકાર; પડદો; અણબનાવ; વર્ણ.
Divisor, *s.* ભાજક, ભાગનાર.
Divorce, *s.* છેડો છુટકો,ત્યાગ.2 *v.* છેડો ફાડી આપવો.
Divulge, *v.* પ્રગટ કરવું, છાની વાત જાહેર કરવી.
Dizziness, *s.* ચક્કર, ફેર, ભમરી, ચકરી, ઘુમરી.
Dizzy, *a.* ફરતું, ભમતું.
Do, *v.* કરવું, સાધવું, સંપાદન કરવું; લાગુ પડવું.
Docile, *a.* અસીલ, ભલું, સાલસ, ગરીબ.
Docility, *s.* સાલસપણું,ગરીબાઈ.[-yard, *s.* ગોદી.
Dock, *s.* ગોદી. 2 *v.* પુછડું કાપવું,વહાણ ગોદીમાં લેવું.
Doctor, *s.* વૈદ્ય, હકીમ, તબીબ;વિદ્વાન,પંડિત, આચાર્ય.
Doctrine, *s.* મત, શિક્ષા, ઉપદેશ, તત્વ.
Document, *s.* દાખલો, દસ્તાવેજ, લેખ.
Doe, *s.* હરણી. Doer, *s.* કરનાર, કર્ત્તા.
Doff, *v.* કાઢવું, ઉતારવું, પાઘડી ઉતારવી.
Dog, *s.* કુતરો, શ્વાન. 2 *v.* પાછળ લાગવું.

Dogged, *a.* નિષ્ઠુર, દૃઢ. Dogma, *s.* મત, તત્વ.
Dogmatism, *s.* સ્વમતાભિમાન.
Dog-sleep, *s.* કુતરાની ઉંઘ.
Doing, *s.* કામ,કરણી,કરણ.Doings,*s.* આચરણ, કૃત્ય.
Dole,*s.*ભાગ,હિસ્સો.2*v.*વાંટવું.-ful,*a.*શોકાતુર,ઉદાસ.
Doll, *s.* પુતળી, ઢીંગલી, બાવલું. Dollar, *s.* રાળ.
Dolor,*s.*શોક,દીલગીરી.Dolorous,*a.* શોકાતુર,દીલગીર.
Dolphin, *s.* એક જાતની માછલી. Dolt, *s.*મૂર્ખ, મૂઢ.
Domain, *s.* રાજ્ય; વતન. Dome, *s.* ઘુમટ, કળસ.
Domestic, *a.* ઘરનું, ઘર ખટલા સંબંધી; પાળેલું, [ઉછેરેલું.
Domesticate, *v.* પાળવું, ઉછેરવું.
Dominant, *a.* પ્રબળ, પ્રધાન, જોરાવર;રાજ્ય કરતું.
Domination, *s.*અખ્તિયાર,અમલ,સાહેબી;રાજ્ય,દેશ.
Domineer, *v.*કરડો અમલ ચલાવવો,સાહેબી ભોગવવી.
Dominion, *s.* રાજ્ય, દેશ, મુલક, અધિકાર,હકુમત.
Donation, *s.* દાન, ભેટ,બક્ષિસ.Done, *p.* કૃત, કરેલું.
Donkey,*s.*ગધેડો,ખર.Donor,*s.*દાતા,બક્ષિસ આપનાર.
Doom, *s.* નસીબ, ભાગ્ય, દંડ, નાશ, ક્ષય.2 *v.* શિક્ષા ઠરાવવી;નિર્ણય કરવો. Doomsday,*s.*નિર્ણય દિવસ.
Door, *s.* બારણું, દ્વાર, કમાડ. -keeper,*s.* દ્વારપાળ.
Dormant, *a.* ગુપ્ત, છાનું, સુસ્ત.
Dormitory, *s.* સુવાની ઓરડી

Dose, *s.* ઓસડ, માત્રા.

Dot, *s.* મીંડું, બિંદુ, શૂન્ય. 2*v.* બિંદુ મુકવું.

Dotage, *s.* બાળક બુદ્ધિ, અત્યન્ત પ્યાર.

Dotard, *s.* ક્ષીણ બુદ્ધિ.

Dote, *v.* બાળક બુદ્ધિ થવી;લાડ કરવું,ઘણું હેત રાખવું.

Double, *a.* બેવડું, બમણું, જોડ. 2 *v.* ફરવું, પ્રદક્ષિણા કરવી.–dealing, *s.* તરકટ, છક્કાપંજા, કાવતરૂં, કપટ. –minded, *a.* ચંચળ મનનો.

Doublet, *s.* વાસકુટ.

Doubt, *s.* શક, સંશય, ભ્રાંતિ.2 *v.*શક લાવવો, વેહેમ લાવવો.–ful, *a.* શકભરેલું,સંદેહ વાળું,સંશયભરેલું.

Doubt-fully, *ad.* સંશયથી, શકથી.–less, *a.*નિ:સંશય, ખચીત. Dough, *s.* કણક.

Dove, *s.* ખબુતર.–cot, *s.* ખબુતરખાનું.–tail, *s.* બે લાકડાના દાંતાથી જોડવાની રીત.

Dowager, *s.* મોહોટા કૂળની વિધવા.

Dower, Dowery,Dowry,*s.*પલ્લું,પેહેરામણી,સ્રીધન.

Down, *s.* રૂવાટાં, રૂઆં. 2 *prep* & *ad.* નીચે,તળે. 3 *s.* પડતર જમીન. 4 *a.* અધમ.–cast, *a.* ઉદાસ, લાજવંત, ગમગીન.–fall,*s.* દુર્દશા, પડતી દશા.–right, *a.* તદન, બીલકુલ, તમામ, હરહડતું.2*ad.* ખરેખર. –ward, *ad.* નીચે.

Doze, *s.*ઝોકું,ઉંઘની લેહેર,અલ્પનિદ્રા.2*v.* ઝોકા ખાવા.
Dozen, *s.* બાર.
Draft, *s.* હુંડી; મુસદ્દો, ખરડો. 2 *v.* ખરડો કરવો.
Drag, *s.* માછલી પકડવાની જાળ. 2*v.* ખેંચવું,તાણવું.
Dragon, *s.* ઉડતો સર્પ. Dragoon, *s.* ઘોડેસ્વાર.
Drain, *s.* મોરી, ગટર. 2 *v.* છણવું; ખાલી કરવું.
Drainage, *s.* ગટર કામ બાંધવાની યુક્તિ.
Drake, *s.* બતક.
Dram, *s.* રા તોલા;જલદદારૂ. Drama, *s.*નાટક,રૂપક.
Dramatic, *a.* નાટક સંબંધી, નાટકનું.
Dramatist, *s.* નાટકકાર.
Draper, *s.* કાપડીઓ. Drapery, *s.* કાપડ કામ.
Draught, *s.* પાન; કોગળો; ખરડો; આકર્ષણ; પવનનો ઝપાટો; તીર મારવું.
Draughtsman, *s.* ઘરનો નકશો કાઢનાર–પાડનાર.
Draw, *v.* ખેંચવું, તાણવું; ઘસડી લઈ જવું; આંકવું; મોહ પમાડવું; અર્ક કાઢવો; લલચાવવું; ઉપાડવું,લેવું; ધીમે ધીમે આગળ જવું; નિપજાવવું; હુંડી લખવી; ચિત્ર લખવું.–back, *s.*જકાતના પાછા મળેલા નાંણાં; નુકસાની, ખોટ.–bridge, *s.* લઘુ પુલ અથવા સેતૂ.
Drawer, *s.* હુંડી લખનાર; ખેંચનાર; આંકનાર; ચિત્ર પાડનાર; ખાનુ કાઢનાર. Drawee, *s.*હુંડી સીકારનાર.

Drawers, *s.*ઈજાર, પાયજામો. [વાનખાનું.
Drawing, *s.* ચિત્ર, નકશો; ખેંચાણ.–room, *s.* દિ-
Dread, *s.* ડર, ધાસ્તિ, ત્રાસ.2 *v.*ડરવું,ધાસ્તી ખાવી.
–ful, *a.* ભયંકર, ભયાનક.–fully, *ad.* બીહીને, ડ-
રીને, ધાસ્તી ખાઈને.
Dream, *s.* સ્વપ્ન, સ્વપ્નુ; ખ્યાલ.2 *v.* સ્વપ્નુ આવવું.
Dreamer, *s.* સ્વપ્ન આવનાર; મનમાં જુદા જુદા તુ-
રંગ ઉઠાવનાર.
Dreary, *a.*ઉજડ,ભયાનક,શૂન્ય.Dregs, *s.*કચરો,રગડો.
Drench, *v.* ભીંજાવવું, લચકા બોળ થઈ જવું.
Dress, *s.* પોશાક, વસ્ત્ર, લુગડાં; વેશ.2 *v.* રાંધવું;ગો-
ઠવવું, પોશાક પેહેરાવવો, સણગારવું; સમારવું; પો-
Driblet, *s.* નાહાની રકમ. [શાક પેહેરવો.
Drift, *s.* પાણીના પ્રવાહથી અથવા પવનના જોરથી
ઘસડાઈ આવેલી વસ્તુ; જોસ; પ્રવાહ; તાત્પર્ય;રાશી.
Drill, *s.* કવાયત, કસરત. 2 *v.* કવાયત કરવી; વિંધવું.
Drilling, *s.* સણનું કપડું.
Drill–plough, *s.* એક જાતનું હળ.
Drink, *s.* પાન, પીવાની જણસ. 2 *v.* પીવું.
Drive, *s.* ગાડીની સેહેલ. 2 *v.* ધકેલવું, ઠસાવી બે-
Driver, *s.* હાંકનાર, ગાડીવાન. [સાડવું; હાંકવું.
Droll, *a.* મશ્કરૂ, હસાવનાર.

Drollery, *s.* મશ્કરી,ટકોર. Dromedary, *s.*સાંઢણી.
Drone, *s.* આળસુ, સુસ્ત.
Droop, *v.* કરમાઈ જવું; ખરી પડવું; હિંમત તુટવી.
Drop, *s.* ટીપું, ટપકું, બિંદુ, છાંટો. 2 *v.* પાડવું, નાખવું, ગમાવવું, છોડી દેવું, પડતું મુકવું; બંધ પાડવું; ઉતારવું; ગળવું; છેડો આવવો.
Dropsy, *s.* જલંદર, ઉદર રોગ. Dross, *s.* મેલ,કીટ.
Drought, *s.* દુકાળ, અનાવૃષ્ટિ; તરસ, સોસ.
Drove, *s.* કાફલો. Drover, *s.* ગોવાળિયો.
Drown, *v.* બુડવું, ડુબવું, બુરાડવું. [આળસુ.
Drowsiness, *s.* સુસ્તી, આળસ. Drowsy, *a.* સુસ્ત,
Drudgery, *s.* માથાકુટ, વેઠ. Drug, *s.* ઓસડ, જડીબુટ્ટી.
Druggist, *s.* ગાંધી, વસાંણા વેચનાર.
Druid, *s.* ઈંગ્લાંડમાં અસલના વખતનો ધર્મગુરૂ.
Drum, *s.* પડઘમ, ઢોલ, મૃદંગ; કાનનો પડદો. 2 *v.* પડઘમ વગાડવી.
Drummer, *s.* પડઘમ વગાડનાર.
Drunkard, *s.* છાકટો, દારૂડીયો.
Drunkenness,*s.*છાકટાપણું.Drunk,*a.*પીધેલું,પીધેલ.
Dry, *a.* સુકું, કોરૂં; શુષ્ક, રસ વગરનું; પ્યાસું, જોશ વગરનું. 2 *v.* સુકાવવું; કોરૂં કરવું.
Dryness, *s.* કોરાપણું, શુષ્કતા. Dual, *s.* દ્વિવચન.
Duality, *s.* દ્વિત્વ. Dubious, *a.* શક ભરેલું.

Duct, s. નળી, નળ. Duck, s. બતક.
Ductile, a. ટીપી શકાય એવુ; શિખી શકે એવું.
Ductility, s. પ્રસારણ. [યોગ્ય, લાયક.
Due, s. લેહેણું; દસ્તુરી. 2 v. મુદત પાકવી. 3 a.
Duel, s. દ્વંદ્વ યુદ્ધ. Duellist, s. દ્વંદ્વ યુદ્ધ કરનાર.
Dug, s. આંચળ; જનાવરના થાન.
Duke, s. અમીર, ઉમરાવ.
Dulcet, a. મધુર, રસીક, મિષ્ટ, સ્વાદિષ્ટ; શાણી.
Dull, a. જડ બુદ્ધિનો; સુસ્ત, ઉદાસ; ગાફેલ, બુઠું,
Dullard, a. બેવકુફ. [ખિન્ન; ઠોઠ.
Duly, ad. યથામાર્ગે. Dumb, a. મુંગો.
Dunce, s. મુર્ખ, પથરો, ઉલ્લુ, બેવકુફ.
Dung, s. છાણ, લાદ, વિષ્ટા. -cake, s. અડૈયાં,છાણાં.
Dungeon, s. બંધીખાનું, કારાગૃહ.
Dung-hill, s. ઉકરડો.
Dupe, a. ભોળો. 2 v. ઠગવું, ફસાવવું.
Duplicate, s. બીજી નકલ-પ્રત. 2 v. બીજી પ્રત કરવી.
Duplicity, s. કપટ,છળભેદ. Durability, s. ટકાઉપણું.
Durable, a. ટકાઉ, કાયમ, સ્થાયી.
Duration, s. ટકાવ, વખત.
During, prep. માં, મધ્યે, માંહે.
Dusk, s. અંધારૂં; કાળાસ. 2 a. અંધારૂં.

Dusky, *a.* નિસ્તેજ, ઝાંખું, કાળું.
Dust, *s.* ધૂળ, રજ,ગિરદ;કચરૂ.2 *v.*ઝાડવું,ધૂળ કાઢવી.
Dusty, *a.*મેલું,ધૂળવાળું.Dutch, *s.*વલંદો.2*a.*વલંદાનું.
Duteous, Dutiful, *a.* આજ્ઞાંકિત, આજ્ઞા ધારક.
Duty, *s.* ધર્મ,ફરજ,જરૂરનું કામ;અધિકાર;જગાત,દાણ.
Dwarf, *s.* ઠીંગણું, વામનજી.Dwarfish,*a.* ઠીંગણું.
Dwell, *v.* રેહેવું, લંબાવીને બોલવું.
Dwelling, *s.* મકાન, મુકામ, ઠેકાણું, રેહેઠાણ, ઘર.
Dye, *s.* રંગ. 2 *v.* રંગવું.Dyer, *s.*રંગનાર,રંગારો.
Dynasty, *s.* રાજ્ય વંશાવળી.
Dysentery, *s.* મરડો, અતિસાર.
Dyspepsia, *s.* અજીરણ, અપચો, બાદી.

E.

Each, *a.* પ્રત્યેક, દરેક, એકેક.–other, *pron.*પરસ્પર.
Eager, *a.* આતુર, ઇંતેજાર, ઉત્કંઠિત; આકળું, ઉતાવળું.–ly, *ad.* ઇંતેજારીથી;ઉતાવળથી; હોંસથી.–ness, *s.* આતુરતા;ઇંતેજારી;ઉતાવળ. [વાળું, તીણી નજરનું.
Eagle, *s.* ગરૂડપક્ષી.–eyed, *a.* તીક્ષ્ણ–સૂક્ષ્મ દૃષ્ટી
Ear, *s.* કાન, કર્ણ; ધાન્યના કણસ. To lend an ear to, *v.* ચિત્ત–લક્ષ આપવું, સાંભળવું. To poison one's ears, *v.* કાન ભંભેરવા. To pull one's ear, *v.* કાન મરડવો. To set one by the ears, *v.*

ભાંડવું. To turn a deaf ear to, *v.* કાને હાથ દેવા, આંખ આડા કાન કરવા. –ache, *s.* કાનનું દુઃખ–દરદ. –lock, *s.* ગુચ્છા. –ring, *s.* વાળી, એરણુ, અકોટાં. –trumpet, *s.* સાંભળવાની ભુંગળી.–wax, *s.* કાનનો મેલ. –witness, *s.* શ્રવણ વિદ્યા.

Earl, *s.* મોહોટી પદ્વીનો અમીર. Earless, *a.* બેહેરો.

Early, *a.* જલદીનું, વેળાસરનું; આગલું. 2 *ad.* જલદી, વેહેલું.

Earn, *v.* કમાવવું, મેળવવું, સંપાદન કરવું, પેદાકરવું.

Earnest, *a.* ખરા દીલવાળું. 2 *s.* ખરાપણું, સત્યભાવ; ચિન્હ, ઈસારો. –ly, *ad.* કરગરીને; આસ્થા પૂર્વક, આતુરતાથી. Earnestness, *s.* ઉત્કંઠા.

Earning, *s.* કમાઈ, પેદાસ, આયપત, પ્રાપ્તિ.

Ear–pick, *s.* કાનખોતરણી.

Earshot, *s.* કાને સંભળાય એવું છેટું–તફાવત.

Earth, *s.* પૃથ્વી, દુનીયા, સૃષ્ટિ, ભૂલોક; જમીન; માટી, મટોડી.

Earthen, *a.* માટીનું, મટોડીનું.

Earthly, *a.* ભૂલોકનું, દુનીયાનું,આ લોકનું,ક્ષણભંગુર.

Earthquake, *s.* ધરતીકંપ, ભૂકંપ.

Earthy, *a.* માટીવાળું; મેલું, ધૂળવાળું.

Ease, *s.* ચેન, આરામ; સમાધાન, વિશ્રાંતિ, અનાયસ. 2 *v.*ચેનકરવું,નિરાંતવાળવી.

Easily, *ad.* સેહેલાઈથી.

East, *s.* પૂર્વ દિશા, ઉગમણુ દિશા.
Easterly, Eastern, *a.* પૂર્વ દિશાનું.
Eastward, *ad.* પૂર્વ-ઉગમણુ દિશા તરફ.
Easy, *a.* સુખી, સ્વસ્થ, નિશ્ચિંત; સેહેલું, સરળ; નરમ, ભોળો.
Eat, *v.* ખાવું, જમવું, ભોજન કરવું.
Eatable, *a.* ખાદ્ય, ભક્ષ્ય.
Eatables, *s.* ખાણું, ભક્ષ્ય, ભોજન, ખાવાની વસ્તુ.
Eaves, *s.* છાપરાની પાંખ.
Ebb, *s.* ઓટ, વૃદ્ધાવસ્થા. 2 *v.* ઓટ થવી.
Ebony, *s.* અબનુસનું લાકડું.
Ebrious, *a.* દારૂડીયો, છાકટો.
Ebullition, *s.* ખળખળ ઉકળવું; જોસ, ઉભરો.
Eccentric, Eccentrical, *a.* વિષમકેંદ્ર; દીવાનો, ચળેલો, વિલક્ષણ.
Eccentricity, *s.* વિલક્ષણપણું, ઘેલાપણું; કઢંગ.
Ecclesiastic, *s.* ધર્મોપદેશક, પાદરી.
Ecclesiastical, *a.* ધર્મ પ્રકરણ સંબંધી.
Echo, *s.* પ્રતિશબ્દ, પ્રતિધ્વનિ, પડઘો. 2 *v.* પ્રતિશબ્દ થવો.
Eclat, *s.* ભભકો, રંગ, શાબાશ, પ્રતિષ્ઠા.
Eclipse, *s.* ગ્રહણ. 2 *v.* ગ્રહણ લાગવું; ફીકા પડવું.
Ecliptic, *s.* ક્રાંતિવૃત્ત.
Economic, Economical, *a.* કરકસરિયું; વ્યવસ્થિત.

Economy, *s.* કરકસર, નીતિનો ખરચ, વ્યવસ્થા, બં-
Ecstacy, *s.* પરમાનંદ, ખુશાલી; સમાધિ. [દોબસ્ત.
Eddy, *s.* ભમર, વાવટોળ.
Edge, *s.* કોર, કિનારી, કાંઠો; ધાર. 2 *v.* ધાર કાઢવી.
Edged, *a.* ધારદાર; તેજદાર, આબદાર.
Edgeless, *a.* બુઠ્ઠું. Edging, *s.* કોર, ઝાલર, મગજી.
Edible, *a.* ખાદ્ય, ખાવાજોગ.
Edict, *s.* રાજાનો હુકમ-આજ્ઞા.
Edifice, *s.* ઈમારત, હવેલી, મેહેલ.
Edit, *v.* ગ્રંથ તપાસીને છાપવો. [પત્રનો અધિપતિ.
Edition, *s.* આવૃત્તિ. Editor, *s.* લખનાર; વર્ત્તમાન
Educate, *v.* કેળવવું, શિખવવું; પાલન પોષણ કરવું,
Educated, *a.* શિખેલો, ભણેલો, સુશિક્ષિત. [ઉછેરવું.
Education, *s.* કેળવણી, તાલીમ, શિક્ષા, વિદ્યા.
Efface, *v.* છેકી નાખવું, ભુસી નાખવું, લુછી નાખવું.
Effect, *s.* અસર; ફળ, પરિણામ, કાર્ય. 2 *v.* સાધ-
વું, પાર પાડવું; ઘડીને લાવવું. [લમતા, સામાન.
Effective, *a.* અસરકારક; ઉદ્યોગી. Effects, *s.* મા-
Effectual, *a.* અસરકારક, સફળ, વખતને લાયક.—ly,
ad. અસરકારક રીતે; પૂર્ણપણે.
Effeminacy, *s.* નામર્દાઈ, બાયલાપણું.
Effeminate, *a.* બાયલો, રાંડવો.

Effervescence, *s.* ઉભરો, રીણ.
Effort, *s.* પ્રયત્ન, મેહેનત, ઉદ્યમ; આયાસ.
Effrontery, *s.* ઉદ્ધતાઈ, નિર્લજ્જપણું.
Effulgence, *s.* પ્રકાશ, તેજ.
Effulgent, *a.* ચકચકતું, ઝલેદાર, પ્રકાશિત,તેજસ્વી.
Egg, *s.* ઇંડું.–plant, *s.* વેંગણ.
Egotism, *s.* હુંપદ, આત્મસ્તુતિ.
Egregious, *a.* વિલક્ષણ, બુલંદ. Egress, s. નિર્ગમન.
Eight, *a.* આઠ, અષ્ટ. Eighteen, *a.* અઢાર.
Eighth, *a.* આઠમ; આઠમો ભાગ. 2 *a.* આઠમું.
Eighty, *a.* એંસી.
Either, *pron.* બેમાંનું એક, અન્યતર. 2 *ad.* કિંવા.
Ejaculate, *v.* ફેંકવું, પ્રાર્થના કરવી.
Ejaculation, *s.* પ્રસંગોપાતિક પ્રાથના.
Eject, *v.* બાહાર ફેંકવું; હાંકી મેહેલવું.
Ejectment, *s.* ઘર ખાલી કરાવવાનું હુકમનામું.
Ejection, *s.* બાહાર કાઢવું. [તૈયાર કરીને.
Elaborate, *a.* ઘણાશ્રમે કરેલું.–ly, *ad.* મોહોટાશ્રમે
Elapse, *v.* ગુજરવું, વહીજવું, વટીજવું. [સ્થાપકતા.
Elastic, *a.* સ્થિતિસ્થાપક. Elasticity, *s.* સ્થિતિ
Elate, *v.* હર્ષથી ફુલાવવું.Elate, Elated, *a.* ઉહ્લા
Elbow, *s.* કોણી. 2 *v.* કોણી મારવી. [સિત, મગરૂર.

Elder, s. ગુરૂજન, વૃદ્ધ, આર્યજન. 2 a. વડીલ, જેષ્ટ. 3 s. ધર્મ સંબંધી કામ કરનારા પાદરીઓ.–ly, a. પુખ્ત ઉમ્મરનું. Eldest, a. વડું, જયેષ્ટ.
Elect, v. પસંદ કરવું, નિવડવું.–ed, a. પસંદ કરેલુ.
Election, s. પસંદગી, નેમણુક, પસંદ કરવાની સત્તા.
Electric, Electrical, a. વિજળી સંબંધી.
Electricity, s. વિજળી, વિજ, વિદ્યુત.
Elegance, Elegancy, s. સૌંદર્ય, ખુબ સુરતી, કાંતિ; સભ્યતા, [રસીલું, સાલંકાર.
Elegant, a. શોભિતું, ફાંકડું, ખુબસુરત, કાંતિદાર,
Elegy, s. પરજીઓ, રાજવઈ, શોકનું ગીત.
Element, s. વિષય, બાબત; મૂળતત્વ, પંચમહાભુત.
–ary, a. અમિશ્રિત; અસલી, શુદ્ધ.
Elements, s. મૂળતત્વ.
Elephant, s. ગજ, હાથી, હસ્તી.–iasis, s. વારૂળ.
Elevate, v. ઉચ્ચે દરજ્જે ચઢાવવું; ચઢાવવું; સુધારવુ.
Elevation, s. ઉચ્ચાઈ; પદ્વી. Eleven, a. અગીઆર.
Elf, s. જીન, ભૂત. Elicit, v. બહાર કાઢવું, દેખાડવું.
Eligibility, s. યોગ્યતા, લાયકી.
Eligible, a. યોગ્ય, લાયક, ઘટતું.
Elixir, s. અર્ક, રસાયણ. Elk, s. સાબર.
Ell, s. કાપડ ભરવાનું માપ. Ellipse, s. અંડાકૃતિ.

Ellipsis, *s.* પદન્યૂનતા, અંડાકૃતિ. [લાંબું કરવું.
Elocution, *s.* વાક્ચાતુર્ય. Elongate, *v.* લંબાવવુ,
Elope, *v.* નાહાસીજવું; અન્ય પુરૂષ સાથે નાહાસી જવું. –ment, *s.* પલાયણ.
Eloquence, *s.* વાક્ચાતુરી, સુભાષણ.
Eloquent, *a.* વાક્ચાતુર; વક્તા. [*ad.* અન્યત્ર.
Else, *pron.* બીજું, અન્ય. 2 *ad.* શિવાય.–where,
Elucidate, *v.* સમજ આપવી, ખુલ્લું કરવું.
Elucidation, *s.* સમજ, તફસીલ. [જર ચુકાવે એવું.
Elude, *v.* નજર ચોરવવી, ચુકાવવું. Elusive, *a.* ન-
Elysium, *s.* સ્વર્ગ, વૈકુંઠ, ઇંદ્રભુવન.
Emaciate, *v.* સુકાઈ જવું, દુબલું થવું, તવાઈ જવું.
Emaciation, *s.* દુબલાઈ, ઝુરાપો.
Emancipation, *s.* મોક્ષ, મુક્તિ;સ્વતંત્રતા, છુટકારો.
Embalm, *v.* મમાઈ કરવી.
Embankment, *s.* બાંધ, પાલક.
Embargo, *s.* બંદરમાં વહાણને આવવાને થયેલી મનાઈ.
Embark, *v.* વહાણ ઉપર ચઢવું–ચઢાવવું; હાથ ઘાલવો; માથે લેવું; ધંધામાં પડવું.
Embarrass, *v.* ગભરાવવું, ગુંચવાવવું, પેચમાં લાવવું; ભીડમાં આણવું.–ment, *s.* ગભરાટ, ગુચવણ; ભીડ, તંગી.
Embassador, *s.* વકીલ, એલચી, રાજદૂત.

Embassy, s. પેગામ, દૂત; વકીલાત.
Embellish, v. સણગારવું, શોભાવવું.–ment, s. શણગાર, શોભા, ભૂષણ, અલંકાર, ઘરેણું.
Embers, s. અંગારા; રાખ.
Embezzle, v. પારકા પૈસા ઉચાપત કરવા, હઝમ-હોઈયાં કરી જવું.–ment, s. ઉચાપતપણું; હરામખોરી.
Embitter, v. કડવું કરવું, દુઃખદેવું.
Emblem, s. ચિન્હ, નિશાન. Embody, v. શરીર આપવું, સંગ્રહ કરવો.
Emboss, v. છાપ પાડવી.
Embrace, v. આલિંગન–કોટિ કરવી, ભેટવું; પત કરવું; અંગીકાર કરવો; અંદર લેવું. 2s. કોટિ, આલિંગન; સ્વીકાર; અંગીકાર.
Embrasure, s. તોપની બારી.
Embrocate, v. ઓસડ ચોપડવું.
Embroider, v. ભરત કાઢવું, વેલ તથા બુટ્ટી કાઢવી.
Embroidery, s. ભરત, ચિક્કન, વેલ બુટ્ટી.
Embroil, v. ગભરાટ–ખટપટમાં નાંખવું.–er, s. કજીયા દલાલ, ટંટો સળગાવનાર; દીવાશળી.
Embryo, s. હમેલ, ગર્ભ; અધુરી સ્થિતિ.
Emendation, s. શોધ, શોધન.
Emerald, s. પાંનું, લીલમ.
Emerge, v. બહાર નિકળી આવવું.
Emergency, s. પ્રસંગ, જરૂરીયાત, ગરજ; વિપત્તિનો વખત.

Emigrant, *s.* પરદેશવાસી.
Emigrate, *v.* દેશાંતર જઈ વસવું.
Emigration, *s.* પરદેશવાસ.
Eminence, *s.* ઉચ્ચાણ; દરજ્જે માતબરી.
Eminent, *a.* પ્રખ્યાત, પ્રસિદ્ધ, નામાંકિત; ઉંચું, માતબર, ઉચી પદ્વીનું.–ly, *ad.* ઘણું કરીને, વિશેષે કરીને.
Emissary, *s.* દૂત, એળીયો, કાસદ, પેગામ, હલકારો.
Emit, *v.* Emission, *s.* છોડવું, નિકળવું, કાઢવું; નાખવું.
Emmet, *s.* કીડી. Emolument, *s.* લાભ, ફળ; મિલકત, વધારો.
Emotion, *s.* જોશ, ઉદ્વેગ, ભાવ, ચિત્તવૃત્તિ, મનોવિકાર, વ્યગ્રતા.
Emperor, *s.* રાજાધિરાજ, સુલતાન, શેનશાહ.
Emphasis, *s.* શબ્દપરભાર–જોર–સ્વર.
Emphatic, *a.* જોરવાળું, મજબૂત.
Empire, *s.* શેહુનસાઈ, મોહોટું રાજ્ય, ચક્રવર્તી રાજ્ય.
Empiric, *s.* ઉટવૈદું કરનાર; નિમહકીમ; વૈદકશાસ્ત્ર જાણ્યા વગર વૈદું કરનાર.
Employ, *s.* ચાકરી, રોજગાર. 2*v.* ચાકરીએ રાખવું, કામે લગાડવું, વાપરવું.
Employment, *s.* ચાકરી, રોજગાર, ધંધો, ઉદ્યોગ.
Emporium, *s.* વ્યાપારનું મથક–શેહેર.
Empower, *v.* સત્તા–અધિકાર આપવો.
Empress, *s.* મહારાણી, શેનશાહની રાણી.

Empty, *a.* ખાલી, પોકળ; નકામું. 2 *v.* ખાલી કરવું.–ness, *s.* પોકળતા.
Empyreal, *a.* સત્યલોક સંબંધી.
Emulate, *v.* બરોબરી-ચડસાચડસી કરવી. [ઉમંગ.
Emulation, *s.* બરોબરી, ચડસાચડસી; ઈર્ષા, સ્પર્ધા,
Emulous, *a.* ઈર્ષાનું, બરોબરીનું. Enable, *v.* સમર્થ કરવું.
Enact, *v.* કાયદો બાંધવો.–ment, *s.* કાયદો, ધારો,
Enamel, *s.* મિનો. 2 *v.* મિનાકારી કરવું. [સ્થાપના.
Enamelled, *a.* મિનાકારી. [મોહિત, લંપટ, લુબ્ધ.
Enamour, *v.* મોહ પામવું, પ્રીતિ બાંધવી.–ed, *a.*
Encamp, *v.* તંબુ મારવો, છાવણી કરવી. –ment, *s.* છાવણી, પડાવ, ઉતાર.
Enchain, *v.* સાંકળથી બાંધવું; જોડવું, મેળવવું.
Enchant, *v.* જાદુ કરવું, મંતરવું.–er, *s.* જાદુગર, ઈલમી.–ing, *a.* મનોરંજક; મનોહર, મનમોહન.–ment, *s.* જાદુ, વશીકરણ, મોહીની.–ress, *s.* જાદુગરણી;
Enchase, *v.* જડવું, કુંદન કરવું. [મોહમાં નાખે એવી સ્ત્રી.
Encircle, *v.* ઘેરવું, ઘેરો નાખવો.
Enclose, *v.* વાડ બાંધવી; ભીડવું.
Enclosure, *s.* ઘેરો, ઘેરાવ, વાડ.
Encomium, *s.* સ્તુતિ, પ્રશંસા.
Encompass, *v.* ઘેરી લેવું. વીંટી લેવું.

Encounter, *s.* લઢાઈ, ઝઘડો; આકસ્મિક સમાગમ. 2 *v.* લઢવું, સામા થવું, હોમલો કરવો.
Encourage, *v.* ઉશ્કેરવું, ધીરજ-દિલાસો આપવો. -ment, *s.* હિંમત, દિલાસો, ઉત્તેજન; ઉશ્કેરણી.
Encroach, *v.* Encroachment, *s.* હુમલો કરવો, અડચણ કરવી, દબાવવું.
Encumber, *v.* અડચણમાં નાખવું; દેવું વધારવું.
Encumbrance, *s.* વિઘ્ન, અડચણ, બોજો, ટખલ; કરજ, [દેવું.
Encyclopedia, *s.* વિદ્યામાળા, સર્વ વિદ્યા સંગ્રહ
End, *s.* છેવટ, પરિણામ, ફળ; અંત, સમાપ્તિ, અભિપ્રાય. 2 *v.* સમાપ્ત કરવું, અંત આવવો; નાશ કરવો, મારી નાખવું.
Endanger, *v.* ભય-સંકટમાં નાખવું. [લાડ, પ્યાર, હેત.
Endear, *v.* વાહાલું કરવું; દયા લગાડવી. -ment, *s.*
Endeavour, *s.* પ્રયત્ન, કોશેશ, શ્રમ. 2 *v.* પ્રયત્ન-ઉદ્યોગ કરવો. [અનંત.
Endite, *v.* દાવો કરવો. Endless, *a.* બેહદ્દ, અપાર,
Endorse, *v.* સહી કરવી; શેરોમારવો, હુકમ લખવો, માન્ય રાખવું.
Endorsement, *s.* સહી, શેરો; હુકમ.
Endow, *v.* બક્ષીસ આપવી, વર્ષાસન આપવું-ment, *s.* નેમણુક, ગુણ, બક્ષિસ.

Endue, *v.* ગુણી કરવું.
Endurable, *a.* સહ્ય, ખમી શકાય એવું.
Endurance, *s.* સહનતા, ક્ષમા, ધીરજ; ટકાઉપણું.
Endure, *v.* ખમવું, સાંખવું, સેહેવું; ટકવું, નિભવું, [ચાલવું.
Enemy, *s.* શત્રુ, વેરી, દુશ્મન;સામાવાળીઓ.
Energetic, *a.* ઉત્સાહી, દમવાળું.
Energy, *s.* શક્તિ, જોર, કૌવત, તેજ, દમ; ઉદ્યોગ.
Enervate, Enfeeble, *v.* નબળું-કમજોર કરવું.
Enforce, *v.* બજાવવું, અમલમાં લાવવું; જબરજસ્તીથી કરાવવું. [પવો.–ment, *s.* સ્વતંત્રતા.
Enfranchise, *v.* સ્વતંત્ર કરવું, સ્વતંત્રતાનો હક આ-
Engage, *v.* કામે લાગવું, વચને બાંધવું; લડાઈકરવી, હાથ ઘાલવો, કબુલ કરવું. [લો, લઢાઈમાં ગુંથાએલો.
Engaged, *p. p.* & *a.* વચનથી બંધાયેલો, રોકાયે-
Engagement, *s.* કરાર, બોલી; કામ, રોકાણ, લડાઈ, [યુદ્ધ.
Engaging, *a.* મનોહર, મનોરંજક.
Engender, *v.* પેદા કરવું. [ત્રકાર, ઈજનેર.
Engine, *s.* યંત્ર, સાંચો; હથિયાર, શસ્ત્ર.–er, *s.* યં-
Engineering, *s.*. ઈજનેરનું કામ-વિદ્યા.
English, *s.* ઇંગ્રેજી લોક. 2 *a.* ઇંગ્રેજી, વિલાયતી.
Engrave, *v.* કોતરવું, નકસી પાડવી.
Engraver, *s.* કોતરનાર, નકસી પાડનાર.

Engross, *v.* ગર્ક કરવું, કદમાં વધવું.
Enhance, *v.* વધારવું, વધવું; કિંમત વધારવી.
Enhancement, *s.* વધારો, વૃદ્ધિ.
Enigma, *s.* ઉખાણું, સમશ્યા.
Enigmatical, *a.* ગૂઢ, અટપટું, ગહન.
Enjoin, *v.* આજ્ઞા કરવી, તાકીદી કરવી.
Enjoy, *v.* ભોગવવું, સુખ લેવું; મોજ કરવી.–ment, *s.* ભોગ, સુખ, મોજ, હર્ષ. [વધવું.
Enlarge, *v.* વધારવું, વિસ્તારીને કેહેવું; લેહેકાવવું,
Enlighten, *v.* રોશન કરવું, જ્ઞાન આપવું, સુધારવું.–ed, *a.* જ્ઞાની, સુજ્ઞ, સુધરેલ, પ્રકાશિત.–ment, *s.* જ્ઞાન, પ્રકાશ;સુધારો. [ના બંધાણ સંબંધી લખત.
Enlist, *v.* નોંધવું; ભરતી કરવી.–ment, *s.* ચાકરી-
Enliven, *v.* સજીવન કરવું, દમ આણવો.
Enmity, *s.* અદાવત, વેર, દ્વેષ.
Ennoble, *v.* અમીરની પદ્વી આપવી.
Enormity, *s.* મહાપાતક, અઘોરતા. [અસાધારણ.
Enormous, *a.* અતિ દુષ્ટ, વિશાળ, અતિ મહાન,
Enough, *s.* પુરતાપણું. 2 *a.* પુરૂં, બસ, ઘણું.
Enquire, *v.* પુછવું, તપાસ કરવી. [3 *int.* ઘણુંજ.
Enquiry, *s.* તપાસ, તલાસ. [તપેલો, ચિડાયેલો.
Enrage, *v.* ખિજવવું, ગુસ્સે કરવું, ચિડવવું.–d, *a.*

Enrapture, *v.* આનંદમય કરવું.
Enrich, *v.* તાલેવંત કરવું, સુશોભિત કરવું.
Enroll, *v.* નામ નોધાવવું.–ment, *s.* નોધ, નામની ટીપ.
Enroot, *v.* જડમુળથી ઉખાડી નાંખવું.
En-route, *ad.* રસ્તાપર.
Enshrine, *v.* જાળવી રાખવું; કબાટમાં મુકવું.
Ensign, *s.* વાવટો, ઝુંડો, નિશાન.
Enslave, *v.* ગુલામ કરવો.
Ensnare, *v.* ફસાવવું, સંકટમાં નાખવું, પેચમાં લાવવું.
Ensue, *v.* બનવું, પરિણામ થવું, પછવાડે આવવું.
Ensuing, *a.* આવતું. [વંશ પરંપરા કરી આપવું.
Entail, *s.* વંશપરંપરા કરી આપેલી મિલકત. 2 *v.*
Entangle, *v.* પેચમાં આણવું, ગુંચાવવું, ગુંથાવવું.
Enter, *v.* દાખલ કરવું, નોધવું, પ્રવેશ કરવો, દા-
Enterprise, *s.* સાહસ, જોખમ. [ખલ થવું; ભેદવું.
Enterprising, *a.* સાહસિક. [સત્કાર કરવો; ખુશકરવું.
Entertain, *v.* ચાકરિયે રાખવું, જમવા તેડવું; આદર
Entertaining, *a.* રમુજી, મનોરંજક.
Entertainment, *s.* ઉજાણી, મિજબાની, જીઆફત, તમા-
Enthrall, *v.* ગુલામ કરવું. [સો, વિનોદ, આદરસત્કાર.
Enthrone, *v.* ગાદી ઉપરથી ઉઠાડી મુકવું.
Enthusiasm, *s.* હોંસ; જોસ્સો, ભક્તિ, વ્યગ્રતા.

Enthusiastic, *a.* આવેશી.

Entice, *v.* લોભાવવું, લલચાવવું. [કેવળ, બિલકુલ.

Entire, *a.* તમામ, આખું,સકળ,તદન.-ly, *ad.* તદન,

Entitle, *v.* અધિકાર–સત્તા આપવી; કિતાબ આપ-

વો.-d, *a.* હક–અધિકાર મળેલું.

Entomb, *v.* દાટવું, દફનાવવું.Entrails, *s.*આંતરડા.

Entrance, *s.* પ્રવેશ, દાખલ થવું; દરવાજો, પ્રારંભ; અંદર જવાની સત્તા.

Entrap, *v.* સપડાવવું, ફસાવવું, ગુંચવણમાં નાખવું.

Entreat, *v.* કાલાવાલા કરવા, અર્જ–વિનંતી કરવી;

Entreaty, *s.* વિનંતી, અર્જ, કાલાવાલા. [કરગરવું.

Entrust, *v.* સોંપવું, હવાલે કરવું.

Entry, *s.* દરવાજો; પ્રવેશ, માર્ગ; નોંધ.

Enumerate, *v.* સુમાર કાઢવો, ગણવું.

Enumeration, *s.* સુમાર, ગણત્રી.

Enunciate, *v.* બોલવું, જાહેર કરવું. [બીડીયું કરવું.

Envelope, *s.* પરબીડીયું. 2 *v.* લપેટવું, ઢાંકવું, પર-

Envenom, *v.*ઝેર દેવું, ઝેરી કરવું. Enviable, *a.*દ્વેષ્ય.

Envious, *a.*અદેખું,દ્વેષી.Environ, *v.*ઘેરવું,વીટીલેવું.

Environs, *s.* પરું, સરહદ.Envoy, *s.* વકીલ,રાજદૂત,

Envy,*s.*અદેખાઈ,મત્સર,ઈર્ષા.2*v.*અદેખાઈકરવી.[પેગામ

Ephemeral, *a.* એક દિવસ જીવનારૂં, ક્ષણભંગુર.

Epic, *a.* વીર ચરિત્ર-ઈતિહાસ સંબંધી.-poem, s. [વિર ચરિત્ર.
Epidemic, *s.* મરકી. 2 *a.* સર્વ વ્યાપી.
Epigram, *s.* સરસ ટુંકી કવિતા.
Epigraph, *s.* કોતરેલો લેખ.
Epilepsy, *s.* ફેફર, મુર્છાવાયુ.
Epilogue, *s.* નાટકની છેવટનો મંગલ શ્લોક.
Episode, *s.* ઉપકથા, ઉપાખ્યાન.
Epistle, *s.* કાગળપત્ર. Epistolary, *a.* કાગળપત્રસંબંધી
Epitaph, *s.* ઘોર ઉપરનો લેખ.
Epithet, s. વિશેષણ; નામ, ખેતાબ.
Epitome, *s.* સાર ગ્રંથ, સંક્ષેપ.
Epoch, *s.* શક, સન, સંવત. [સરખું કરવું.
Equal, *s.* બરોબરિયો. 2 *a.* બરોબર, સમ. 3 *v.*
Equality, *s.* સરખાપણું, સમાનતા, તુલના.
Equally, *ad.* સરખી રીતે.
Equation, *s.* સમીકરણ. Equator, *s.* ભૂમધ્ય રેષા.
Equidistant, *a.* સમાંતર. Equilateral, *a.* સમબાજુ.
Equilibrium, *s.* સમતોલ.
Equinoctial, *a.* ભૂમધ્ય રેષા સંબંધી. [બંધ કરવું.
Equinox, *s.* વિષુવ. Equip, *v.* સજવું, હથિયાર
Equipage, *s.* સ્વારી, ઈતમામ.
Equipment, *s.* સાજ, લઢાઈની સામગ્રી.

Equitable, *a.* વાજબી, ઈનસાફી, પ્રમાણિક.
Equitably, *ad.* ઈનસાફની રૂએ.
Equity, *s.* ન્યાય, ઈનસાફ, નીતિ, અપક્ષપાત.
Equivalent, *s.* અવેજ, બદલો. 2 *v.* એક અર્થનો બીજો અર્થ કહેવો. 3 *a.* એક અર્થનું.
Equivocal, *a.* અસ્પષ્ટ, દ્વિઅર્થી.
Equivocation, *s.* દ્વિઅર્થ.
Era, *s.* સંવત, શક, સન. Eradicate, *v.* જડમૂળ [કાઢવું, નિર્મૂળ કરવું.
Erase, *v.* છેકી નાખવું.
Eraser, *s.* છેકણી. Erasure, *s.* છેકો.
Ere, *ad.* અગાઉ, પૂર્વે.–long, *ad.* લાંબો વખત પેહેલા.–now, *ad.* અત્યાર સુધી.
Erect, *a.* ઉભું, ટટાર, સીધું. 2 *v.* ટટાર કરવું; બાંધવું.
Err, *v.* ભૂલવું, ચૂકવું. Errand, *s.* સંદેસો, પેગામ, [સમાચાર.
Errata, *s.* શુદ્ધિપત્ર.
Erroneous, *a.* ખોટું, અશુદ્ધ, ભુલ ભરેલું.
Erroneously, *ad.* ભુલચુકથી, ભુલથી.
Error, *s.* ભૂલ, ચૂક; ભ્રમ. Erudite, *a.* વિદ્વાન, કાબેલ.
Erudition, *s.* વિદ્યા, જ્ઞાન, નિપૂણતા.
Eruption, *s.* ફાટવું, ભડાકો, ગરમી.
Escalade, *v.* સીડી મુકી ચઢવું.
Escape, *v.* અખાડા કરવા, ચુકવવું, નાહાસી જવું, છટકી જવું. 2 *s.* પલાયન, છુટકો, બચાવ.

Escort, *s.* અંગરક્ષક, રખવાળ. 2 *v.* વળાવો લેવો.
Especial, *a.* મુખ્ય, ચોકસ, ખસૂસ.–ly, *ad.* મુખ્યત્વે
Esplanade, *s.* મેદાન. [કરીને, બહુધા.
Espousals, *s.* વિવાહ, સગાઈ, માંગણી.
Espouse, *v.* સગાઈ કરવી, પાણી ગ્રહણ કરવું, અં-
Espy, *v.* દૂરથી જોવું. [ગીકાર કરવો, પક્ષ ખેંચવો.
Esquire, *s.* શેઠ સાહેબ, મેહેરબાન મુરબી. [કરવો.
Essay, *s.* નિબંધ; કોશેશ, યત્ન. 2 *v.* યત્ન–ઉદ્યોગ
Essence, *s.* તત્વ, ગર, માવો; સાર, તાત્પર્ય; અર્ક,
ઉકાળો; વાસ, સુગંધ. [વિક.–ly, *ad.* જરૂર.
Essential, *s.* જરૂરની વાત. 2 *a.* જરૂરનું, સ્વાભા-
Establish, *v.* સ્થાપવું, માંડવું, નિમવું.–ed, *a.* કાયમ, નિમેલું; સ્થાપિત, સિદ્ધ.–ment, *s.* સ્થાપના, પેઢી, કારખાનું, નિમણુક.
Estate, *s.* વતનદારી, વતન, વજીફો, માલમતા.
Esteem, *v.* માન આપવું; ગણવું. 2 *s.* સન્માન; પ્રીતિ.–able, *a.* માન્ય, યોગ્ય, ભલો, લાયક, સારો.
Esteemed, *a.* સર્વ માન્ય; પ્યારું.
Estimate, *s.* અડસટો, સુમાર, આસરો, અટકળ. 2 *v.* ગણવું, અડસટ્ટો કાઢવો, સુમાર કાઢવો.
Estimation, *s.* ગણત્રી, અડસટ્ટો, સુમાર, મત, માન.
Estrange, *v.* મન ઉઠાવવું; વિરક્ત થવું.

Estuary, *s.* ખાડી, નાળું.
Et-cætera, *ad.* ઈત્યાદિ, આદિ, વિગેરે.
Etch, *v.* તેજાબથી કોતરવું.
Eternal, *a.* અનાદિ, સનાતન, અનંત.–ly, *ad.* નિ-
Eternity, *s.* નિરંતરતા, અનંતત્વ. [રંતર, સદા.
Ether, *s.* ઈથર; આકાશ.
Ethereal, *a.* આકાશનું, આકાશ સંબંધી.
Ethics, *s.* નીતિશાસ્ત્ર. Etiquette, *s.* લોકાચાર
Etymological, *a.* ધાતુ સંબંધી.
Etymology, *s.* શબ્દવ્યુત્પત્તિ, ધાતુ.
Eulogy, *s.* સ્તુતિ, પ્રશંસા, તારીફ.
Eunuch, *s.* હિજડો, નપુંસક. Euphony, *s.* સુસ્વરોચ્ચાર.
European, *s.* ટોપીવાળો, ગોરો, ફીરંગી. 2 *a.* યુરપનું,
Evacuate, *v.* ખાલી કરવું; છોડવું, હઘવું. [વિલાયતી.
Evacuation, *s.* ત્યાગ, વિસર્જન; મળશુદ્ધિ.
Evade, *v.* ઉડાવવું, વાયદા કરવા, ચુકવવું.
Evangelist, *s.* ખ્રિસ્તચરિત્ર રચનાર.
Evaporate, *v.* વરાળરૂપે ઉડી જવું.
Evaporation, *s.* વરાળ–બાફ થવી.
Evasion, *s.* બાહાનું, નિમિત્ત, અખાડા.
Evasive, *a.* અનિશ્ચિત, લથડતો.
Eve, *s.* સાંજ; પડતી દશા; ઘરડપણું.

Even, *s.* સાંજ. 2 *a.* સરખું; બેકી. 3 *ad.* પણ,બી.
Even-handed, *a.* અપક્ષપાત.
Evening, *s.* સાંજ, સંધ્યાકાળ, પડતી હાલતનો વખત; ઘરડપણ. 2 *a.* સાંજનું.–hymn, song, *s.* સંધ્યાકાળની પ્રાર્થના, સ્તોત્ર–ભક્તિ.–star, *s.* શુક્રનો તારો.
Evenness, *s.* સરખાપણું, બેકી.
Event, *s.* બનાવ, ફળ,પરિણામ. At all events, *ad.* ગમે તેમ કરીને.
Eventful, *a.* ઉથલપાથલવાળું.
Eventually, *ad.* આખરે, અંતે.
Ever, *ad.* કદી, કદાચિત, સદા, સર્વકાળ. (Ever & anon), *ad.* વારંવાર. (For ever), નિરંતર, સદા.
Ever-green, *a.* સર્વદા લીલું.
Ever-happy, *a.* પરમાનંદ.–lasting, *a.* અવિનાશી. –living, *a.* અમર, નિત્યજીવી.–more, *ad,* સદા, નિરંતર, હંમેશ.
Every, *a.* પ્રત્યેક, હરેક.–day, *ad.* રોજ, દરરોજ, નિત્ય.–where, *ad.* સઘળે–સર્વે ઠેકાણે.
Evidence, *s.* પુરાવો, મુદ્દો, સાહેદી, સાક્ષી. 2 *v.* પુરાવો આપવો.
Evident, *a.* ખુલ્લું, સ્પષ્ટ, જાહેર,પ્રસિદ્ધ.–ly, *ad.* ખુલ્લી–ઉઘાડી રીતે.
Evil, *s.* ખરાબી, બુરાઈ, કુકર્મ, દુરાચરણ; આફત, સંકટ; અપકાર. 2 *a.* ખરાબ, બુરું, નઠારું; પાપી.

–minded, *a.* પાપી, હૈયામેલો.–speaking, *s.* બદબોઈ, ચાડી, ચુગલી, નિંદા, અપવાદ.
Evince, *v.* બતલાવવું. Evitable, *a.* છોડાય તેવું.
Evolution, *s.* ઘનમૂળ કાઢવું; કવાયત.
Ewe, *s.* મેંઢી. Ewer, *s.* બરણી, ઘડો.
Exact, *a.*બરોબર;વખતસર,માફક.2 *v.* જોરથી કઢાવવું.
Exaction, *s.* જબરજસ્તીથી કઢાવેલા નાણાં; ખંડણી.
Exactly, *ad.* બરાબર, ખરેખરૂં.
Exactness, *s.* ચોકસપણું, ખરાપણું.
Exaggerate, *v.* લંબાવી બોલવું, અતિશયોક્તિ કરવી; મરી મીઠું ભભરાવી બોલવું.
Exaggeration, *s.* અતિશયોક્તિ.
Examination, *s.* પરિક્ષા, તપાસ, ચોકસી.
Examine, *v.* તપાસવું, તલાસ કરવી, પરીક્ષા કરવી. (closely), ચોકસાઈથી તપાસવું.
Examiner, *s.* પરિક્ષક, તપાસનાર.
Example, *s.* દાખલો, ઉદાહરણ, નમુનો.
Exceeding, *a.* અતિશય, પુષ્કળ.–ly, *ad.* ઘણુંજ, [અતિશય.
Exasperate, *v.* ખિજવવું, ચિડાવવું.
Excavate, *v.* કોરવું, કોતરી કાઢવું.[હદની બહાર જવું.
Exceed, *v.* વધી જવું, અતિશય થવું, સરસ થવું.
Excel, *v.* હઠાવવું, જીતવું, ચઢવું, ઉત્કૃષ્ટ થવું.

Excellent, *a.* ઉત્તમ, શ્રેષ્ઠ.
Excellence, Excellency, *s.* ગુણ, ખુબી.
Excellency, s. એક જાતનો કિતાબ.
Except, *v.* બાતલ કરવું, છોડવું, મુકીદેવું. 2 *prep.* વગર, વિના, શિવાય.
Exception, *s.* અપવાદ, હરકત, વાંધો.
Exceptionable, *a.* બાધ્ય.
Excess, *s.* વિશેષ, આધિક્ય; અતિશય.
Excessive, *a.* અતિશય.–ly, *ad.* ઘણુંજ.
Exchange, *s.* અદલાબદલ, સાટું, વટાવ. 2 *v.* સાટું કરવું, વટાવવું.
Exchequer, *s.* નાણાંનો ખજાનો, રાજકોષ.
Excise, *s.* જગાત, દાણ.
Excite, *v.* ઉત્તેજન આપવું, ખિજવવું, ગડબડ કરવી.–ment, *s.* ઉશ્કેરણી, આવેશ; ઉત્તેજન; ધાંધલ, તોફાન; ખિજવવું.
Exclaim, *v.* મોહોટેથી બોલવું, આરડવું.
Exclamation, *s.* પોકાર, બુમ.
Exclude, *v.* Exclusion, *s.* બાહાર કાઢવું, દુર કરવું, વર્જન.
Exclusive, *a.* પ્રતિબંધક, ગણત્રિમાં નહી લીધેલું.
Exclusively, *ad.* એકનેજ.
Excommunicate, *v.* નાત–ટોળી બહાર મુકવું.
Excommunication, *s.* નાત બાહાર.
Excrement, *s.* વિષ્ટા, નર્ક, ગૂ,
Excrescence, *s.* અવાળું, વૃદ્ધિ.

Excursion, *s.* સફર, સેહેલ; ભટકવું; આડકથા.
Excusable, *a.* માફ કરવા જોગ.
Excuse, *s.* બાહાનું, નિમિત્ત, સબબ; માફી, ક્ષમા.
2 *v.* કારણ બતાવવું, માફ કરવી.
Execrable, *a.* અતિ દુષ્ટ, કુત્સિત.
Execrate, *v.* બદ દુવા દેવી, શ્રાપ દેવો.
Execration, *s.* શ્રાપ, બદ્દુવા. [મારવું; ફાંસી દેવી.
Execute, *v.* અમલમાં લાવવું, દેહાંત દંડ કરવો, ઠાર
Grief, *s.* દીલગીરી, શોક, ખેદ; દુઃખ, સંતાપ.
Grievance, *s.* દુઃખની વાત; સંકટ, દુઃખ, જુલમ.
Grieve, *v.*દલગીર થવું,શોક કરવો,રડવું;દલગીર કરવું,
Grieved, *a.* ગમગીન, દલગીર, દુઃખી.
Grievous, *a.* દુઃખકારક; જડ, જબર; નાશકારક.
Grill, *v.* ઉકાળવું, ભુંજવું, રિબાવવું.
Grim, *a.* ભયંકર,વિકાળ.Grimace, *s.* મોંના ચાળા.
Grin, *v.* દાંત પીસવા, દાંત પીસીને હસવું.
Grind, *v.* દળવું, પિસવું. ભરડવું,વાટવું;જુલમ કરવો.
Grinder, *s.* દળનાર:દાઢ;ઘંટી.Grindstone, *s.*સરાણ.
Gripe, *s.* દબાણ, ચંપાણ;અમળાટ.2 *v.* ચુક આવવી.
Grisly, *a.* ભયંકર,ડરામણું.Grist, *s.*દળણું, દળામણી.
Gristle, *s.* કુમળું હાડકું. Grit, *s.* સાંજો;કાંકરા,રેતી.
Gritty, *a.*કાંકરા-રેતીવાળું.Grizzle,*s.*કાબરચિત્રો રંગ.
Groan, *s.* અફસોસ, દલગીરી. 2 *v.* હાય હાય કરવી.
Grocer, *s.* ગાંધી, નેરતી. Grocery, *s.* કરીયાણું.
Groin, *s.* જાંગનો સાંધો. Groom, *s.* ઘોડાવાળો.

Groove, *s.* ખાંચો. 2 *v.* ખાંચ પાડવી.
Gross, *s.* બાર ડઝન. 2 *a.* જાડું. કદદાર, માતેલું; [આખું; હલકું.
Grot, *s.* ગુફા, ભોંયરૂં.
Grotesque, *a.* વિલક્ષણ, વિચિત્ર.
Ground, *s.* ધરતી, જમીન; સબબ, કારણ; આધાર, પ્રમાણ; રંગભૂમી. 2 *v.* જમીન પર મુકવું; મૂળ તત્વ માં પકકો કરવો.
Ground-floor, *s.* ભોંયતળિયું.–less, *a.* પાયા વગરનું; ખોટું; નિષ્કારણ, અકારણ.–plot, *s.* ઈમારત બાંધવાની જગા.–rent, *s.* ભોંયભાડું.–work, *s.* પાયો, ભોંય; જમીન.
Group, *s.* ટોળું, જમાવ, ભીડ. 2 *v.* જમાવ કરવો.
Grove, *s.* કુંજ, ઝાડોની ઘટા. Grovel, *v.* પેટે ચાલવું.
Grow, *v.* ઉગવું, નિપજવું, પાક થવો; ઉગવું, વધવું, [ચઢતા જવું.
Growl, *v.* ઘુરકવું, ઘુરવું.
Growth, *s.* ઉપજ, પાક, વધારો; પ્રસાર.
Grudge, *v.* અદેખાઈ કરવી, દ્વેષ રાખવો. 2 *s.* વેર, દ્વેષ,
Grudgingly, *ad.* ના ખુશીથી. Gruel, *s.* કાંજી. [દંશ.
Gruff, *s.* કડક, સખ્ત. Grumble, *v.* કકલવું; ઘુરકવું.
Grunt, *v.* ડુક્કરની માફક આરડવું. 2 *s.* ડુક્કરનું આરડવું.
Guarantee, *s.* જામીનગીરી, જામીન. 2 *v.* જામીન થવું.
Guard, *s.* પોહોરો, ચોકી; ચોકીદાર. 2 *v.* ચોકી કરવી;

પેહેરો ભરવો; ચેતવવું, સાવધ રહેવું.
Guardian, *s.* રખેવાળ.–ship, *s.* રખેવાળી.
Guava, *s.* જમરૂખ, પેરૂ. [તર્ક બાંધવો.
Guess, *s.* અટકળ, અનુમાન. 2 *v.* અનુમાન કરવો,
Guest, *s.* પરોણો,મેમાન.Guidance, *s.*આજ્ઞા;સંભાળ.
Guide, *s.* ભોમીયો, વળાવો. 2 *v.* રસ્તો બતલાવવો.
Guile, *s.* કપટ, કાવાદાવો.–less, *a.*નિષ્કપટી, ભોળું.
Guillotine, *s.* શીરચ્છેદ કરવાનો સાંચો.
Guilt, *s.* ગુન્હો,અપરાધ.–less, *a.* નિર્દોષી,નીરપરાધી.
Guilty, *a.* અપરાધી, ગુન્હેગાર, તકસીરવાન.
Guinea, *s.* ૨૧ સિલિંગનો શિક્કો. વાળો.
Guise, *s.* પોશાક; રીતભાત; કાનુન, રવેશ.
Guitar, *s.*વિણા,સતાર. Gulf, *s.*અખાત, અથાગ ખાડો.
Gull, *v.* ઠગવું, છેતરવું. Gullet, *s.* ગળું.
Gulp, *s.* કોળિઓ, ગ્રાસ. 2 *v.* ગપાગપ ખાવું.
Gum, *s.* ગુંદર; અવાળુ. 2 *v.* ગુંદર લગાડવો.
Gun, *s.* તોપ, બંદુક. Gunner, *s.* ગોલંદાજ.
Gunnery, *s.* તોપખાનાને લગતી વિદ્યા.
Gunny, *s.* ગુણપાટ. Gunpowder, *s.*બંદુકનો દારૂ.
Gunshot, *s.* તોપનો ગોળો.Gunsmith, *s.* તોપ બ-
Gurgle, *v.* ઘોંઘાટથી વેહેવું. [નાવનાર.
Gush, *v.* ધસારો કરી નિકળી આવવું; ધાર ચાલવી.

Gust, *s.* પવનનો ઝપાટો; સ્વાદ, રૂચી; મનનું વળણ.
Gustful, *a.* સ્વાદિષ્ટ,લેહેજતદાર. Gusty,*a.*તોફાની.
Gut, *s.* આંતરડું. 2 *v.* આંતરડાં બહાર કાઢવા.
Gutter, *s.* પાણી જવાનો માર્ગ,મોરી.2 *v.*પોકળ થવું.
Guttural, *a.* કંઠસ્થ.
Gymnasium, *s.* કસરતખાનું, અખાડો,તાલીમખાનું.
Gypsy, See Gipsy. Gyve,*s.*બંદી 2 *v.*બંદીધાલવી.

H.

Ha, *int.* હાહા, વાહ વાહ. [પેહેરવેશ, પોશાક.
Habit, *s.* ટેવ, ચાલ, અભ્યાસ, આદત;ખોડ,વ્યસન;
Habitable, *a.* રહેવા જોગ.Habitant, *s.* રેહેવાશી.
Habitation, *s.* સ્થાન, મુકામ, ઘર; રેહેવું, વસવું.
Habitual, *a.* રોજનું,સ્વાભાવિક.–ly, *ad.*નિત્ય,સદા.
Habituate, *v.* ટેવ–માવરો પાડવો.
Habitude, *s.* રૂઢી, ટેવ.
Hack, *s.* ભાડુતી ગાડી; ઘા, કાપો.2 *a.* ભાડુતી,ઘણુ વપરાયેલું. 3 *v.* કાપી કટકા કરવા.
Hackney, *s.* છિનાળ, વેશ્યા; ભાડાની ગાડી.2 *a.*ભા- [ડુતી, છીનાળવું.
Had, *v.* હતું, પાસે હતું.
Hag, *s.* ડાકણ;જાદુ કરનારી જઈફ સ્ત્રી.2*v.*હેરાન કરવું.
Haggard, *s.* બેડોળ, જંગલી, બદ સુરત.
Haggle, *v.* કાપી કડકે કડકા કરવા;આનાકાની કરવી.

Hail, *s.* કરા. 2 *a.* નિરોગી, આરોગ્ય.3 *int.*સલામતી, ભલે. 4 *v.*સલામતી આપવી. સલામ કરવી; કરા પડવા.
Hailstone, *s.* કરાનાં ગાંગડા.
Hair, *s.*વાળ,કેશ;રૂઆં,રોમ.–breadth, *s.*જુજ અંતર.
Hairless, *a.* બોડકું. Hairy, *a.* કેશાળ, વાળ જેવું.
Halberd, *s.* ભાલો. Halberdier, *s.* ભાલાવાળો.
Halcyon, *a.* શાંત, સુખમય.(day)સુખનો દહાડો.
Hale, *a.* તનદુરસ્ત, આરોગ્ય, નિરોગી.
Half, *a.* અર્ધ, અડધું.2 *s.*અર્ધભાગ.3 *v.*અર્ધ કરવું.
Half-blood, *s.* સાવકાપણું.–brother,*s.*સાવકોભાઈ.
–caste, *s.* હિંદુ સ્ત્રી અથવા પુરૂષ સાથે યુરોપિયન પુરૂષ અથવા સ્ત્રીના સંબંધથી થયેલું આદમી.–dead, *a.*અર્ધ મુઉ.–holiday, *s.*અર્ધ દિવસની છુટી.-sister, *s.* સાવકી બેન.–sphere, *s.* ગોળાર્ધ.–yearly, *a.* છમાસિક.
Hall,*s.*દિવાનખાનું,મોહોટો ઓરડો;અદાલત.
Halloo, *s.* બુમ, પોકાર, હાક. 2 *v.* બુમ પાડવી.
Hallow, *v.* પવિત્ર કરવું. Halo, *s.* પરિવેષ.
Halt, *s.* મુકામ, વિસામો; છાવણી.2 *a.* ખોડું.3 *v.* વિસામો–મુકામ કરવો, ખોડું ચાલવું.
Halter, *s.* ફાંસો; ફાંસી દેવાનું દોરડું.
Halve, *v.* અર્ધ કરવું. Hamlet, *s.* ડુક્કરની જાત.
Hammer, *s.* હથોડી, હથોડો. 2 *v.* ટીપવું.

Hamper, *s.* ઝાબ. 2 *v.* ગુંચવણમાં નાખવું.
Hand, *s.* હાથ, હસ્ત, કર; હાથ જેટલું માપ; કળા, કસબ; અખ્તિયાર; કાંટો; મદદગાર શખસ;વળણ, મરોડ; પક્ષ, બાજુ (at) નજીક, પાસે.(to hand) હાથોહાથ. 2 *v.* સોંપવું, બજાવવું.
Handbarrow, *s.* હસ્ત ગાડી. Handbill, *s.* જાહેરપત્ર.
Hand-craft, *s.* કળા,કારિગરી. Handcuff, *s.* હાથબેડી.
Handful, *a.* મુઠ્ઠી ભરીને. Handiness, *s.* હાથ ચાલાકી.
Handkerchief, *s.* રૂમાલ, અંગુચો.
Handle, *s.* હાથો,દાંડો. 2 *v.* હાથલગાડવો,છેડવું;ચલાવવું.
Handless, *a.* લુલું. Handmaid, *s.* દાસી, ચાકરડી.
Handmill, *s.* હાથે દળવાની ઘંટી,
Handsel, *s.* બોહોણી,પેહેલો વકરો.2 *v.* બોહોણી કરવી.
Handsome, *a.* રૂપવાન, સોહામણું, સારૂં.
Handsome-ly, *ad.* સુંદર રીતે.–ness, *s.* સૌન્દર્ય.
Hand-writing, *s.* અક્ષર, હસ્તાક્ષર, દસકત.
Handy, *a.* હાથ ચાલાક, હાથ ચપળ; ઉપયોગી.
Hang, *v.* ટાંગવું, લટકાવવું; ફાંસી દેવું; લટકવું;આધાર રાખવો. –upon, *v.* ખેંચાવું, તણાવું.
Hanger, *s.* આંકડો; ફાંસી દેનાર.
Hanging, *s.* ઝાલર,ઝુલ. Hangman, *s.* ફાંસી દેનાર.
Hank, *s.* ફારકો, આંટી. Hanker, *v.* ઈચ્છા રાખવી.

Hankering, *s.*ઈચ્છા,છંદ,સોસ. [(on), *s.* ઘુકડાખોર.
Hap, *s.* દૈવ, નસિબ, પ્રાલબ્ધ; અકસ્માત બનાવ.
Hapless, *a.*અભાગિયો, દૈવહીન. Haply, *ad.*કદાચ.
Happen, *v.* બનવું, થવું, હોવું, ગુજરવું.
Happily, *ad.* સારા ભાગ્યે; સુખેથી, યથાસુખ.
Happiness, *s.* સુખ, સુખાવસ્થા; આનંદ, ક્ષેમ.
Happy, *a.* સુખી,ક્ષેમ;આનંદી;મંગળ,અનુકૂળ;યશસ્વી.
Harangue, *s.* ભાષણ, અલંકાર સહિત ભાષણ કરવું તે.
Harass, *v.* દુઃખ દેવું, દમવું, સતાવવું; કાયર કરવું.
Harbinger, *s.* અગ્રદૂત, આગળ ચાલનાર.
Harbour, *s.* બંદર; આશ્રય સ્થાન. 2 *v.*આશ્રય આ-પવો, રાખવું; ઉતારો કરવો.
Hard, *a.* કઠણ, સખ્ત, અઘરૂં; જુલમી;ઘેરવ્યાજબી; મજબુત. 2 *ad.*સખ્ત મેહેનતથી.(by)પાસે,નજદીક.
Hard-en,*v.*કઠણ થવું-કરવું. -hearted,*a.*કઠોર,નિર્દય.
Hardness, *s.*કઠણપણું;તંગી.Hardship, *s.*કષ્ટ,દુઃખ.
Hardware, *s.* લોખંડ કામ.
Hardy, *a.* હિંમતવાન, કસાયેલું.
Hare, *s.* સસલો.-brained, *a.*મગજનો ચળેલ.
Harem, *s.* જનાનખાનું, અંતઃપુર, રંગ મેહેલ.
Hark, *v.* સાંભળવું. 2 *int.* સાંભળો, કાનધરો.
Harlequin, *s.* મશ્કરો,લઉઓ.Harlot, *s.*રાંડ,વેશ્યા.

Harm, *s.* દુઃખ,ઈજા, હાનિ;અપરાધ,અન્યાય. 2 *v.* દુઃખ
Harmless, *a.* નિરપરાધી, નિર્દોષ, નિરપકારી. [દેવું.
Harmonics, *s.* રાગવિદ્યા.
Harmonious, *a.* સમસ્વર; સંપે ભરેલું.
Harmonize, *v.* મળતા આવવું, સંપથી રેહેવું.
Harmony, *s.* સલાહ સંપ, મેળાપ; એકસંપ.
Harness, *s.* ઘોડાનો સાજ. 2 *v.* હાર્નિસ પેહેરાવવું.
Harp, *s.* વાજંત્ર,મોચરંગ.–er, *s.* મોચરંગ વગાડનાર.
Harrow, *s.* દાંતાળો,કુળવ.2 *v.* દાંતાળો ફેરવવો;ચિરવું;
Harsh, *a.* સખ્ત, કઠોર; કરડા મિજાસનું. [સતાવવું.
Harshness, *s.* કરડીનજર; દુઃસ્વભાવ; સખ્તપણું.
Hart, *s.* સાબર. Hartshorn, *s.* સાબર સિંગડું.
Harvest, *s.* કાપણીની મોસમ; પાક. Has, *v.* પાસેછે.
Haste, *s.* ઉતાવળ, ઝડપ,તાકીદ.–n, *v.* તાકીદ કરવી.
Hastily, *ad.* ઉતાવળે, જલદી. Hasty, *a.* ઉતાવળું,
Hat, *s.* ઉભી ટોપી. [જલદ.
Hatch, *v.* સેવણ બેસાડવી. 2 *s.* એક વેતરના પિલાં.
Hatchet, *s.* કુહાડો; વાંસલો.
Hate, Hatred, *s.* ધિઃક્કાર,વેર,અદાવત,દ્વેષ. [જોગ,દ્વેષ.
Hate, *v.* ધિઃક્કારવું, વેર રાખવું.–ful, *a.* ધિઃક્કારવા
Haughtiness, *s.* ગર્વ, અભિમાન; તીખો સ્વભાવ.
Haughty, *a.* મગરૂર, ગર્વિષ્ઠ, અભિમાની, તોરી,જલદ.

Haul, *s.* આંચકો, ખેંચાણ. 2 *v.* તાણવું, ખેંચાવું.
Haunch, *s.* ઝાંગનો થાપો; કેડ.
Haunt, *s.*બેઠક, રહેવાનું ઠેકાણું.2 *v.*આવજા કરવી,ફેરા
Have, *v.* પાસેછે.Haven, *s.* બારૂં, બંદર. [મારવા.
Havoc, *s.* ખરાબી, અનર્થ, નાશ, પોકાર; કાપોકાપો.
2 *v.* નાશ કરવો.
Hawk, *s.* ફેરીયો; પક્ષી. 2 *v.* ફેરી કરવી.
Hawker, *s.* ફેરીયો Hay, *s.* સુકુ ઘાસ.
Hazard, *s.* જોખમ, ભય; અકસ્માત બનાવ. 2 *v.*જો-
ખમમાં આવવું; નસીબ અજમાવવું.
Hazardous, *a.* જોખમ ભરેલું.
Haze, *s.*ધુમસ.Hazy,*a.* ધુમસીયું.He, *pron.*તે,પેલો.
Head, *s.* માથું, મસ્તક, શિર; મન, શક્તિ;વિષય; મ-
થાળું. 2 *v.* આગળ પડવું; માથે લેવું; માથું કાપવું;
Headache, *s.* માથું દુઃખવું. [સામે ફુંકવું.
Heading,*s.*મથાળું. Head-land,*s.*ભૂશિર. [હોમ કરીને
Head-long,*a.*અવિચારી,ઉતાવળો.2*ad.*હુલડાઈથી;યા-
Headman, *s.* અધ્યક્ષ;વડો.-master, *s.*વડો શિક્ષક.
Headstrong, *a.* માથાનો ફરેલ, ખંદો, આપમતીયો.
Heal, *v.*નિરોગી કરવું;સમું કરવું;રૂઝવવું;ભોંય આવવી.
Health, *s.* આરોગ્યતા, તનદુરસ્તી; પ્રકૃતિ.
Healthy, *a.* આરોગ્ય, તનદુરસ્ત, નિરોગી; માફક.

Heap, *s.* ઢગલો, જમાવ, સંગ્રહ. 2 *v.* ઢગલો કરવો.
Hear, *v.* સાંભળવું, શ્રવણ કરવું; માનવું.
Hearer, *s.* શ્રોતા, સાંભળનાર.
Hearing, s. શ્રવણેંદ્રિય, કાન; મુલાકાત; વાતચીત.
Hearken, *v.* સાંભળવું, લક્ષ દેવું. Hearsay, *s.* અફવા, ગુમ.
Hearse, *s.* મુડદું લઇ જવાની ગાડી; પ્રેતરથ.
Heart, *s.* દિલ, જીગર, હૈયું, અંતઃકરણ; માવો; સ્મરણશક્તિ; હિંમત.–ache, *s.* દિલગીરી, બળાપો.–break, *s.* બેહદ્દ દિલગીરી.–burn, *s.* અમ્લપિત્ત.–ease, *s.* મનશાંતિ.–en, *v.* ઉત્તેજન આપવું, ઉશ્કેરવું.–felt, *a.* ઘણુંજ લાગેલું.
Hearth, *s.* ચુલો. Heartily, *ad.* ખરાજીગરથી, અંતઃકરણથી
Heartless, *a.* બેદીલ, ધૈર્યહિન, કાચી છાતીનું.
Hearty, *a.* દીલોજાન; સાચો; આરોગ્ય; પુષ્ટી જનક.
Heat, *s.* ગરમી, દાહ; ગરમી, તાપ, ઉકળાટ; સંતાપ; જોસ્સો, ઉભરો 2 *v.* તપાવવું, ગરમ થવું, ગરમ કરવું.
Heated, *a.* ગરમ કરેલું, તપાવેલું.
Heath, *s.* લીલોત્રીનું સ્થાન; રાન; એક જાતનું ઝાડ.
Heathen, *s.* મૂર્ત્તિપૂજક, અસત્યધર્મી. 2 *a.* જંગલી, ગમાર.
Heathenism, *s.* મૂર્ત્તિપૂજા, બુતપરસ્તી.
Heave, *s.* ઉછાળો. 2 *v.* ફેંકવું, નાખવું, ઝોકાવવું, ફુલવુ
Heaven, *s.* આકાશ, ગગન, આસમાન, સ્વર્ગ, કૈલાસ.

Heavenly, *a.* સ્વર્ગી, પરલોકનું. Heavenward, *ad.* આકાશ તરફ.
Heavily, *ad.* ઘણા ભારથી; મારમારનું, ઘણુંજ.
Heavy, *a.* ભારે, વજનદાર; સુરત, પુષ્કળ; સખ્ત, જુલમગાર; કંટાળો આપે એવું; ઉદાસ; લાધેલું, ભરેલું.
Hebrew, *s.* યાહુદી; યાહુદી ભાષા. [ઝાડીનું ડુક્કર.
Hedge, *s.* ઝાડી, વાડ. 2 *v.* વાડ ભરવી. -hog, *s.*
Heed, *s.* ધ્યાન, લક્ષ, સંભાળ, ચેતવણી. 2*v.* ધ્યાન લગાડવું; નજરમાં રાખવું.-ful, *a.* સાવધ, સાવચિત્ત. -less, *a.* બેભાન, અસાવધ.
Heel, *s.* પગનીએડી,છેલ્લોભાગ.2 *v.* એક કોરે વળવું.
Hegira, *s.* હીજરી. Heifer, *s.* વાછરડી. [રવું,વધારવું.
Height, *s.* ઉંચાઈ; ટેકરી; મરતબો. -en, *v.* ઉંચુ ક-
Heinous, *a.* અઘોર, અતિ દુષ્ટ. Heir, *s.* વારસ.
Heiress, *s.* સ્ત્રી વારસ. Heirless, *a.* ન વારસું.
Held, *v.* પકડ્યું; મળ્યું. Hell, *s.* નરક, જહાન્નમ.
Hellish, *a.* નરક સંબંધી. Helm, *s.* સુકાન.
Helmet, *s.* લડાઈની ટોપી. Helmsman, *s.* સુકાની.
Help, *s.* મદદ, કુમક, સહાય; મદદગાર. 2 *v.* મદદ કરવી-આપવી; સાહ્ય કરવી; ઉપાય કરવો; સાહ્ય થવું; મદદે આવવું.
Helper, *s.* મદદગાર, ઈલાજ કરનાર.

Helpful, *a.* મદદગાર. Helpless, *a.* અનાથ, લાચાર;દુર્બળ.
Helplessness, *s.* લાચારી, પરાધિનતા.
Hem, *s.* કોર, કિનાર, મગજી; ખુંખારી કાઢેલો અવાજ. 2 *v.* કોર મુકવી; ઘેરી લેવું; ખુંખારી બોલવું.
Hemicrany, *s.* આદાશીશી. Hemisphere, *s.* ગોળાર્ધ.
Hemistich, *s.* અર્ધશ્લોક. Hemlock, *s.* એક જાતનો ઝેરી રોપો.
Hemp, *s.* સણ. Hen, *s.* કુકડી.
Hence, *ad.* આ ઉપરથી, એથી; હવે પછી; અહીંથી. 2 *v.* જાઓ; નાશી જાઓ.–forth, *ad.* અત્યાર પછી, હવે પછી.
Henpecked, *a.* રાંડવો,બાયલો,સ્ત્રી વશ.
Heptagon, *s.* સપ્તકોણાકૃતિ. Heptarchy, *s.* સાત રાજાનું રાજ્ય
Her, *pron.* તેનું, તેણીનું,તેને,પેલીનું.
Herald, *s.* ઢંઢેરો ફેરવનાર, ચારણ. 2 *v.* ખબર કરવી.
Heraldry, *s.* વંશાવળી; વિષય વિદ્યા.
Herb, *s.* વનસ્પતિ. Herbage, *s.* લીલોત્રી, ઝાડપાલો.
Herculean, *a.* અઘરૂં, બળકટ, કદવાળું.
Hercules, *s.* બળદેવ. Herd, *s.* ટોળું, ઝુંડ.
Herdsman, *s.* રખેવાળ. Here, *ad.* અહિંયાં, અત્રે.
Hereafter, *ad.* હવે પછી, અદ્યાપિ; પરલોકમાં.
Hereby, *ad.* એથી, એથી કરીને. Herein, *ad.* એમાં
Hereditary, *a.* બાપીકું, વંશ પરંપરા, પેઢી ઉતાર.
Hereof, *ad.* એ ઉપરથી,એનું. Hereon, એ ઉપરથી.

Heresy, *s.* પાખંડમત. Heretic, *s.* પાખંડી, કાફર.
Heretical, *a.* પાખંડી. Heretofore, *ad.* આગળ-
થી, પૂર્વેથી. [ની સાથે.
Hereupon, *ad.* આ ઉપરથી. Herewith, *ad.* એ-
Heritage, *s.* વારસો, વતન. Hermit, *s.* બાવો, ફકીર.
Hermitage, *s.* મઠ, આશ્રમ, વેરાગીની ઝુંપડી.
Hero, *s.* વીર, શૂર, પેહેલવાન, મરદ આદમી; નાયક.
Heroic, *a.* બાહાદુરીનું. (age)વીરયુગ. (poem) વીર-
Heroine, *s.* બાહાદુર સ્ત્રી; નાયકા. [ચરિત્રવિષયકાવ્ય.
Heroism, *s.* મર્દાઈ, શૌર્ય, બાહાદુરી, વીરપણું.
Heron, *s.* બગલું. Herself, *pron.* પોતાની મેળે.
Hesitate, *v.* આનાકાની કરવી, કચવાવું.
Hesitation, *s.* આનાકાની, આચકો, લથડવું.
Hesitatingly *ad.* આનાકાનીથી; હાનાકરીને.
Hespirian, *a.* પશ્ચિમનું. Heterodox, *a.* પાખંડી.
Heterogeneous, *a.* જુદી જુદી જાતનું.
Hew, *v.* કોતરવું, આકાર આપવો;હથિયારવડે છોલવું.
Hexagon, *s.* ષટ્કોણાકૃતિ. Hexagonal, *a.* છ ખુણિયું.
Hexameter, *s.* છ ચરણનો શ્લોક. Hey, *int.* શાબાશ.
Heyday, *s.* ખુશાલીનોપોકાર. Hiccough, *s.* હેડકી.
Hid, Hidden, *a.* ગુપ્ત, છાનું, સંતાડેલું, ઢુપુ.
Hide, *s.* ચામડું, ચર્મ. *v.* સંતાડ2, પ વુરૂાક્ષુ

Hide-and-seek, *s.* ડાહીનો ઘોડો.
Hideous, *a.* ભયંકર, વિકાળ. Hie, *v.*ઉતાવળ કરવી.
Hierarch,*s.*આચાર્ય.Hierarchy,*s.*આચાર્યોની ટોળી.
Hieroglyphic, *s.* સાંકેતિક અક્ષર ચિન્હ.
High, *a.* ઉંચું, મોહોટી પદ્દીનું; મગરૂર, અભિમાની; મજબુત; પૂર્ણ, નામદાર, અશરાફ; અઘરૂં, તોફાની. -born,*a.* કુલીન.-land, *s.*પહાડી મુલક.-lander,*s.* પહાડી મુલકનો રેહેવાસી. -ly, *ad.* ઘણું, પુષ્કળ. -minded, *a.* ઉદાર દિલનું,ગર્વિષ્ટ. [પુરભરતી.
Highness, *s.* ખુદાવંદ, મહારાજ. High-water, *s.*
Highway, *s.* રાજમાર્ગ.-man, *s.* લૂટારો.
Hilarity, *s.* ખુશી, હાસ્ય, મશ્કેરી, ઠઠ્ઠો.
Hill,*s.*ટેકરી, ડુંગર. Hillock,*s.* ડુંગરી, નાહાની ટેકરી.
Hilly, *a.* પાહાડી. Hilt, *s.* મુઠ,, હાથો.
Him, *pron.*તેને. Himself,*pron.*ખુદ,પોતાની મેળે.
Hind, *s.* હરણી. 2 *a.* પાછલું, પુંઠનું. [ચણ કરવી.
Hinder, *a.* પાછલું, પછવાડેનું. 2 *v.* અટકાવવું,અડ-
Hinderance, *s.* નડતર, હરકત, વિઘ્ન, અટકાવ.
Hindermost,*a.*સઘળાથી પાછળ.Hinge,*s.* મજાગરા.
Hint, *s.* સૂચના,ચેતવણી. 2 *v.* ચેતવવું;ઈસારો કરવો.
Hip, *s.* કેડ, કટિ, જાંગની થાપ. [દરીઆઈ ઘોડો.
Hippogriff, *s.* ઉડતો ઘોડો. Hippopotamus, *s.*

Hire, s. ભાડું, મૂલ; મજુરી; લાંચ. 2 v. ભાડે રાખવું.
Hired, a. ભાડુતી. Hireling, s. રોજંદાર, છિનાળ.
His, *pron.* તેનું, પોતાનું. [મારવી, ફજેતી કરવી.
Hiss, s. સાપનો ફુંફાટો;ધિઃક્કારનો અવાજ. 2 v. ફુંક-
Historian, s. ઈતિહાસ લખનાર.
Historic, a. ઈતિહાસને લગતું.
History, s. તવારીખ, ઈતિહાસ;વૃત્તાંત,વર્ણન. [પડવો.
Hit, s. ફટકો, ટોલ્લો; તડાકો.2 v. લાગુપાડવું; તડાકો
Hitch, s. ગાંઠ.2 v. પકડવું Hither,*ad.* અહિં, અત્રે.
Hitherto, *ad.* અદ્યાપિ, આજ સુધી, હજુ સુધી.
Hive, s. મધમાખીનો પુડો. 2 v. એકઠું કરી રાખવું.
Ho, *int.* અરે,અહો Hoar,a.સફેદ,ધોળું,કાબર ચિત્રું.
Hoard, s. છુપો એકઠો કરેલો સંગ્રહ.2 v. સંગ્રહકરવો.
Hoarder, s. એકઠું કરી દાબી રાખનાર. [ભંગ.
Hoarse, a. ખોખરૂં,બેઠેલા અવાજનું.-ness, s. સ્વર-
Hoary, a. સફેદ, ધોળું. Hobble, v. લંગડાવું, ખો-
Hobby, s. લાકડાનો ઘોડો. [ડું ચાલવું.
Hobgoblin, s. ભૂત, પિશાચ.
Hocus-pocus, s. છુમંતર, ધંતરમંતર.
Hod, s. તગારૂં. -man, s. બેગારી.
Hoe, s. પાવડો, કોદાળી. 2 v. કોદાળીથી ખોદવું.
Hog, s. ડુક્કર, સુઅર. (wild) ભુંડ. [કોઠાર.

Hog-gish, *a.* ડુક્કર જેવું, મેલું. -sty, *s.* ડુક્કરનો
Hoist, *v.* ચઢાવવું; ઉંચકવું, ઉઠાવવું, ઉપાડવું.
Hold, *s.* ટેકો, આધાર; કેદખાનું; સત્તા, કિલ્લો; ભંડાર; વહાણમાં માલ ભરવાની જગા. 2 *v.* પકડવું, ઝાલવું, ધરવું; મનમાં રાખવું, માનવું; માવું, સમાવવું, એકઠું કરવું; ભરવું; ટકી રહેવું; ચાલવું. (in) દાબી રાખવું. (out) તાબે થવું. (with) તરફ કરવી.
Holder, *s.* ભાડુત; પકડી રાખનાર. [ણું પાડવું.
Hole, *s.* નાકું, ભોક, છિદ્ર, વેહ; ખાડો,દર. 2 *v.* કા-
Holiday, *s.* તેહેવાર, પર્વ, ખુશાલીનો દિવસ.
Holiness, *s.* પવિત્રાઈ, ચોખ્ખાઈ, ભગતાઈ.
Holla, Hollo, *int.* અરે, રેરે, અહો, હો.
Hollow, *s.* બો, પોલાણ, ખાડો, ગુફા. 2 *a.* પોકળ,
Holy, *a.* પવિત્ર,પાક,શુદ્ધ. [ખાલી. 3 *v.* પોકળ કરવું.
Holy-ghost, *s.* પવિત્રાત્મા. -water, *s.* તીર્થ.
Holy-writ, *s.* ખ્રિસ્તિધર્મનું પુસ્તક.
Homage, *s.* માન, રાજવંદન; સેવા, ભાવ, ભક્તિ.
Home, *s.* પોતીકું ઘર; સ્વદેશ, વતન, જન્મભૂમિ. 2 *a.* ઘરનું, ખાનગી. 3 *ad.* ઘર તરફ.-born, *a.* સ્વદેશી, ઘરનું. -bred, *a.* ઘરમાં ઉછરેલું, સાદું, ખાનગી. -less, *a.* ઘરબાર વગરનું. -ly, *a.* સાદું, સાધારણ. -made, *a.* ઘરમાં-દેશમાં બનાવેલું.-ward,

ad. ઘરતરફ.
Homicide, *s*. ખુની, ખુન કરનાર. Homily, *s*. પ્રાર્થના.
Homogeneous, *a*. એક જાતનું. Homologous, *a*. સપરિમાણ.
Honest, *a*. પ્રમાણિક, ખરૂં, અદલ. -ly, *ad*. પ્રમાણિકપણે.
Honesty, *s*. પ્રમાણિકપણું, ઈમાનદારી, ખરાપણું.
Honey, *s*. મધ; મિઠાસ. 2 *v*. મિઠું કરવું. -comb, *s*. મધપુડો. -ed, *a*. મધુમય, મધુર.-moon, month, *s*. લગ્ન માહ.
Honour, *s*. માન, આબરૂ, ઈજત; પ્રતિષ્ઠા; વટ, વકર, બોજ. 2 *v*. માન આપવું; યોગ્યતાએ ચઢાવવું.
Honourable, *a*. નેકનામદાર; આબરૂદાર, નામીચું, પ્રમાણિક, નેકીનું, ઉદાર મનનું. -ness, *s*. માન, ઈજત, વક્કર; લાજ.
Honourably, *ad*. આબરૂ પૂર્વક. Honorary, *a*. ચરારકર.
Honoured, *a*. માનવંતો, સન્માની; પૂજ્ય.
Hood, *s*. ટોપી, મુગટ; સાપની ફેણ.
Hooded, *a*. સાપની ફેણ જેવું, આંકડાદાર.
Hoodwink, *v*. ઢાંકવું, સંતાડવું; ઠગવું, છેતરવું.
Hoof, *s*. ખરી, ખુર. Hoofed, *a*. ખરીવાળું.
Hook, *s*. આંકડો, હુક, કડી;ફાંસો,જાળ. 2 *v*. ફસાવવું.
Hooknosed, *a*. નમણું. Hoop, *s*. પાટો; ગોળ વ-

Hooping,-cough, *s.* ઉધરસ, ઉટાંટીયો. [સ્તુ, વિંટી.
Hoot, *s.* હડહડ, હુરીયો. 2 *v.* ધુંમવું, છૂંછૂં કરવું.
3 *int.* હડહડ.
Hop, *s.* એકપગનો કુદકો. 2 *v.* એક પગ પર ચાલવું.
Hope, *s.* આશા, ઉમેદ, આસ્થા. 2 *v.* આશા રાખવી.
-ful, *a.* આશાવાન. -fully, *ad.* આશાથી. -less,
a. નિરાશ, નિરૂપાય. [સંબંધી.
Hopper, *s.* એક પગે કુદનાર. Horary, *a.* તાસ
Horde, *s.* સમુદાય, ટોળું;જાત. Horizon, *s.* દ્રષ્ટિ-
Horizontal, *a.* સપાટ, બરોબર. [મર્યાદા.
Horn, *s.* શિંગડું;રણશિંગડું,તતુડી.-ed, *a.* શિંગડાવાળું.
Hornet, *s.* ભમરો. Horny, *a.* શૃંગમય; કઠણ.
Horoscope, *s.* જન્મોતરી, જન્મપત્રિકા.
Horrible, Horrid, *a.* ભયંકર, ભયાનક, વિક્રાળ.
Horribleness, Horridness, *s.* ભય, કમકમાટ, અ-
Horripilation, *s.* રોમ-લોમ હર્ષ. [ઘોરપણું.
Horror, *s.* મહાભય, અતિભય; કમકમાટ.
Horse, *s.* ઘોડો, અશ્વ, તુરંગ; ઘોડાનું લશ્કર.-back,
ઘોડાપર. -breaker, *s.* ચાબૂક સ્વાર. -cloth, *s.*
ઝૂલ. -dealer, *s.* ઘોડાનો વેપારી.-doctor, *s.* ઘો-
ડાનો વૈદ.-dung, *s.* લાદ. -laugh, *s.* ખડખડ હ-
સવું. -man, *s.* સ્વાર, ઘોડેસ્વાર.-play, *s.* ધિંગા-

મસ્તી. –race, *s.* ઘોડદોડ. –shoe, *s.* નાળ.–shoer, *s.* નાળબંદ.–stall, *s.* ઠાણું.–whip, *s.* ચાબુક. 2 *v.* ચાબુક મારવો. [માળી.
Horticultural, *a.* બાગકામનું. Horticulturist, *s.*
Hose, Hosiery, *s.* પગનાં મોજાં.
Hosier, *s.* પગનાં મોજાં બનાવનાર.
Hospitable, *a.* પરોણાચાર કરે એવું; ભાવવાળો.
Hospitableness, *s.* પરોણા ચાકરી.
Hospital, *s.* બીમારખાનું, ઈસ્પિતાલ; ધર્મશાળા.
Hospitality, *s.* આગતસ્વાગત; પરોણાચાકરી; મીજબાની.
Host, *s.* યજમાન; સૈન્ય, ફોજ; ઝુંડ, ટોળું; પ્રસ્થાન.
Hostage, *s.* ઓલ; શરીર બંધક.
Hostess, *s.* પરોણાચાકરી કરનારી સ્ત્રી.
Hostile, *a.* પ્રતિકૂળ, વેરી, દ્વેષી; પ્રતિપક્ષી.
Hostility, *s.* શત્રુભાવ, વેર, અદાવત, દ્વેષ, લઢાઈ.
Hot, *a.* ગરમ, ઉષ્ણ; તીવ્ર, તીખું; જલદ; ભારે, મોહોટી.
Hotbed, *s.* ગરમ ક્યારો. Hotch-potch, *s.* ખિચડી.
Hotel, *s.* પોંહોંચખાનું, વીસી, હોટેલ. Hotly, *ad.*
Hound, *s.* શિકારી કુત્રો. [જોરથી, ગુસ્સાથી.
Hour, *s.* કલાક, તાસ. –hand, *s.* કલાકનો કાંટો.
Hour-glass, *s.* રેતીનું ઘડિયાળ.
Hourly, *ad.* હરઘડી, વારંવાર; ઘડીએ ઘડીએ.

House, *s.* ઘર, મુકામ, ઠેકાણું, મંદીર; વંશ, કુટુંબ; મંડળી, પેઢી. 2 *v.* આશ્રય આપવો.–bird,*s.* ઘરમાં ભરાઈ રહેનાર.–breaker, *s.* ખાતર પાડનાર, ચોર. breaking, *s.* ખાતરચોરી.–hero, *s.* ઘરમાં વાઘ. –hold, *s.* કુટુંબ, ઘરખટલો. 2 *a.* ઘરનું. –holder, keeper, *s.* ઘરબારી, ગૃહસ્થ, કુટુંબી. –keeping, *s.* ઘરખટલો, ગૃહસ્થ ધર્મ.–rent, *s.* ઘરનું ભાડું.–tax, *s.* ઘરનો કર. –top, *s.* ધાબું, ઘરનું મથાળું–wife, *s.* ઘરધણીયાણી. wifery, *s.* ઘરધંધો, ઘરખટલો.

Housing, *s.* ઓઢો,ઉમરો. Hovel, *s.* નાહાનું ઝુપડું.

How, *ad.* કેમ, કેવું, શાથી.

Howbeit, However, *ad.* તથાપિ, તોપણ, તોબી.

Howl, *v.* કુત્રા અથવા વરૂમાફક બુમપાડવી; દુ:ખીથઈ રડવું.

Howling, *s.* કુત્રા અથવા વરૂ જેવી બુમ;ઘોર.

Huckster, *s.* ફેરીયો. Huddle, *s.* ઘાલમેલ. 2 *v.* ગરબડ કરવી; ભીડ થવી.

Hue, *s.* રંગ, વર્ણ. Huff, *s.* ખીજ, રીસ. 2 *v.*ચીઢવું.

Huge, *a.* વિશાળ, વિસ્તીર્ણ, જબરૂં –ness, *s.* વિશાળપણું.

Hull, *s.* વહાણનું ખોખું;છોતરાં.2 *v.* છોલવું.

Hum, *v.* મનમાં ગાવું; ઠગવું, છેતરવું; ગણગણવું.

Human, *a.* મનુષ્ય જાતિનું, માનવ.

Humane, *a.* દયાળુ, કૃપાળુ. –ly, *ad.* દયાળુપણાથી.

Humaneness, Humanity, *s.* દયા,કૃપા; માણસાઈ.
Humanize, *v.* નમ્ર કરવું. Humankind, *s.* માણસજાત.
Humble, *a.* ગરીબ, નમ્ર; નીચ; 2 *v.* નમ્રકરવું, હલકું
Humbly, *ad.* નમ્રપણે,ગરીબાઈથી.[પાડવું,ગર્વતોડવો.
Humbug, *s.* ભુલથાપ,લપોડસંગ. 2 *v.* ઠગવું,છેતરવું.
Humeral, *a.* ખભા સંબંધી. Humid, *a.* ભીનું.
Humidity, *s.* ભીનાસ,શરદી. Humiliate, *v.* માન
Humiliation, *s.* માનખંડન-ભંગ;નમ્રતા. [ભંગકરવું.
Humility, Humbleness, *s.* નમ્રતા,વિનય,ગરીબાઈ.
Humor, *s.* રસ,વાતપિત્તાદિ શરીરમાં દોષ; વૃત્તિ,ભાવ, સ્વભાવ;ઠઠ્ઠાબાજી;તબીયત,મીજાસ. 2 *v.* લાડ કરવું.
Humorist, *s.* ખ્યાલી, ઠઠ્ઠાખોર; રંગલો.
Humorous, *a.* ખ્યાલી, વિનોદી, મનમોજી, ઠઠ્ઠાખોર.
Humorousness, *s.* મજાક, ઠઠ્ઠાબાજી, ઠીસ્યારી.
Hump, *s.* ખુંધ Hump-backed, *a.* ખુંધો.
Hunch, *v.* કોહોણી મારવી; ખુંધા કરવું.
Hundred, *a.* સો, શત. 2 *s.* મહાલ.-th, *a.* સોમું.
Hunger, *s.* ભુખ, ક્ષુધા. 2 *v.* ભુખ લાગવી.
Hungry, *a.* ભુખ્યો,ક્ષુધિત. Hunks, *s.* કૃપણ,કંજુસ.
Hunt, *s.* પારધ, શોધ. 2 *v.* શિકાર કરવો, શોધકરવો.
Hunter, Huntsman, *s.* પારધી, શિકારી.
Hurdle, *s.* ટટ્ટી. Hurl, *v.* જોરથી ફેંકવું.

Hurra, Hurrah, *s.* જયજયકાર. 2 *int.* જયજય.
Hurricane, *s.* તોફાન. Hurriedly, *ad.* જલદીથી.
Hurry, *s.* ધાલમેલ, ગડબડ, ગભરાટ; ઉતાવળ, જલદી. 2 *v.* ઉતાવળ-ગડબડ કરવી; ગભરાટમાં પડવું.
Hurt, *s.* નુકશાન, ખરાબી, હાની; ઈજા; ઘા.2 *v.* નુકશાન-નાશ કરવો; દુઃખ દેવું, દુખ થવું; વાગવું.
Hurtful, *a.* નુકશાનકારક; ખરાબી ભરેલું.
Husband, *s.* ધણી, કંથ,ભરથાર,વર,પ્રાણનાથ,સ્વામી.
Husbandman, *s.* ખેડુત, કણબી. Husbandry, *s.* [ખેતી.
Hush, *v.* ચુપ રાખવું. 2 *int.* ચુપ.
Husk, *s.* છોત્રાં, છાલાં. 2 *v.* છોત્રાં કાઢવાં.
Hustle, *s.* ધાલમેલ, ગડબડ. 2 *v.* ગરબડ કરવી.
Huswife, Huss, *s.* રાંડ, કુંભારજા, બોડકી.
Hut, *s.* ઝુંપડું,ઝુંપડી. Huzza,*int.*જયજય,વાહવાહ
Hybrid, *a.* મિશ્રજાતીય. Hybernal, *a.* શિયાળા [સંબંધી.
Hydraulics, *s.* જલ ચલન વિદ્યા.
Hydromel,*s.*મધપાણી.Hydrostatics,*s.* ઉદક સ્થિ- [તિ શાસ્ત્ર.
Hyena,*s.*તરસ,દીપડું,ફાડી ખાનાર જનાવર.
Hymenal, Hymenean, *s.* મંગળગીત. 2 *a.* લગ્ન [સંબંધી.
Hymn, *s.* સ્તોત્ર, ભજન, ઇશ્વર સ્તુતી.
Hyperbole, *s.* અતિશયોક્તિ, અત્યુક્તિ.
Hyperbolist, *s.* અતિશયોક્તિ વક્તા.

Hypnotic, *a.* નિદ્રાકારક. Hypocrisy, *s.* ઢોંગ, દંભ.
Hypocrite, *s.* ઢોંગી, મીઠું બોલનાર, બાહાનાખોર.
Hypocritical, *a.* ઢોંગનું.
Hypotenuse, *s.* ત્રિકોણમાં કાટ ખુણાની સામી બાજુ.
Hypothesis, *s.* કલ્પના, અનુમાન, ધારણા, અટકળ.
Hypothetical, *a.* અનુમાનનું, કાલ્પનિક.
Hysterics, *s.* વાયુગોળો.

I

I, *pron.* હું, પોતે.
Ice, *s.* બરફ, આઈસ. -berg, *s.* બરફના ડુંગર.
Ichneumon, *s.* નકૂલ, મંગૂસ. Icicle, *s.* હિમકણ.
Icy, *a.* બરફવાળું, બરફનું, હિમમય.
Idea, *s.* કલ્પના, ધારણા, વિચાર, તર્ક, મતિ, સંકલ્પ.
Ideal, *a.* કલ્પિત; મનનું, માનસિક.
Identical, *a.* અભિન્ન, અભેદ, સરખું, તેજ.
Identify, *v.* એકસરખું કરી દેખાડવું.
Idiocy, *s.* ઘેલાપણું. Idiom, *s.* ભાષણસંપ્રદાય, રૂઢિ.
Idiomatical, *a.* બોલવાની ઢપ પ્રમાણે.
Idiot, *s.* ઘેલો, અણસમજુ.
Idle, *a.* આળસુ, સુસ્ત; નવરો, નકામો; હલકું 2 *v.*
Idleness, *s.* આળસ, સુસ્તી; નવરાશ. [આળસુ થવું.
Idol, *s.* મૂર્ત્તિ, પ્રતિમા; પુતળું, ઠાકોરજી, દેવ. [સંબંધી.

Idolater, *s.* મૂર્તિપૂજક. Idolatrous, *a.* મૂર્તિપૂજા.
Idolatry, *s.* મૂર્તિપૂજા; અતિ ભક્તિ, અતિમાન.
Idolize, *v.* ઘણી ભક્તિ કરવી, પૂજવું.
If, *conj.* જો, અગર; કદાચ. Igneous, *a.* અગ્નિમય.
Ignite, *v.* સળગાવવું, બાળી નાખવું; સળગવું.
Ignition, *s.* બલવું, તાપ. Ignoble, *a.* પાજી, અધમ.
Ignominious, *a.* અપજશનું; હલકું, નીચ, ધિઃક્કાર
Ignominy, *s.* બદનામી, અપમાન, અપયશ.[ભરેલું.
Ignorance, *s.* અજ્ઞાન, નાદાની, ગેરમાહિતી.
Ignorant, *a.* અજ્ઞાન, મૂઢ; મૂર્ખ, નાદાન, વગર ભણેલો.
Ignorantly, *ad.* અજાણે. Ignore, *v.* ગણત્રીમાં નલેવું.
Ill, *s.* ખરાબી, નાશ, દુઃખ, પાપ, બુરાઈ. 2 *a.* આજારી, માંદો, બિમાર, કાયલી, રોગી; ખરાબ. 3 *ad.* ખ-
Ill-according, agreeing, *a.* કજોડ, વિલગ.[રાબ, માઠું.
Ill-advised, *a.* વગર વિચારનું.
Ill-behaviour, *s.* બદચાલ, દુરાચાર, દુરાચરણ.
Ill-being, *s.* ખરાબી, અકલ્યાણ, અહિત.
Ill-bred, *a.* અસભ્ય.–disposed, *a.* વાંકો, વિમનસ્ક.
Illegal, *a.* ગેરકાયદાસર, અન્યાય, અધર્મી.
Illegally, *ad.* અન્યાયે. Illegible, *a.* નવંચાય એવું.
Illegitimacy, *s.* રાંડના પેટથી ઉત્પન્ન થવું.
Illegitimate, *a.* રાંડના પેટનું.

Ill-favoured, *a.* કદરૂપું, અપલક્ષણી –formed, *a.*
Ill-fortune, *s.* કમનસીબ, દુર્દશા, અભાગ્ય. [બેડોળ.
Illiberal, *a.* કંજુસ, બખીલ. Illicit, *a.* કાયદા વિરૂદ્ધ.
Ill-looking, *a.* બેડોળી. –luck, *s.* અભાગ્ય, કમનસીબ.
Ill-nature, *s.* દુષ્ટ સ્વભાવ. –natured, *a.* ખરાબ
Illness, *s.* મંદવાડ, રોગ, દુઃખ; આજાર. [સ્વભાવનું.
Illogical, *a.* ન્યાય વિરૂદ્ધ. Ill-spoken, *a.* જીભનો છુટો. [સ્વભાવનું.
Ill-temper, *s.* દુષ્ટસ્વભાવ. –tempered, *a.* ખરાબ
Ill-timed, *a.* કવખતનું. –treatment, *s.* દુઃખ, જુલમ.
Illude, *v.* ભુલાવવું; ફસવવું, ઠગવું.
Illuminate, *v.* દીવા કરવા, રોશની કરવી; પ્રકાશવું.
Illumination, *s.* રોશની, પ્રકાશ, ચળકાટ.
Illusion, *s.* પ્રપંચ, મોહની, ઠગાઈ; માયા.
Illusive, *a.* મોહિત કરનારૂં, ઠગારૂ, માયારૂપ.
Illustrate, *v.* દાખલો–ઉપમા આપવી; સમજાવવું.
Illustration, *s.* ઉદાહરણ, ઉપમા, દાખલો; સમજ.
Illustrious, *a.* નામદાર, પ્રખ્યાત, પ્રસિદ્ધ, નામિચું.
Ill-will, *s.* બુરી નજર. –wisher, *s.* ભુંડું તાકનાર.
Image, *s.* પુતળું; મૂર્ત્તિ; પ્રતિમા, બિંબ, ચિત્ર; વિ-
Imagery, *s.* કલ્પનાસૃષ્ટિ; દેખાવ. [ચાર. 2*v.* કલ્પનાકરવી.
Imaginable, *a.* કલ્પના કરવા યોગ્ય.

Imaginary, *a.* કલ્પિત, અવાસ્તવિક. [મતિ, ભાવના.
Imagination, *s.* કલ્પના શક્તિ; કલ્પના, ખ્યાલ, તર્ક,
Imagine, *v.* ધારવું, વિચારવું, કલ્પનાકરવી; જુગતી કરવી.
Imbecile, *a.* નબળું, દુર્બળ. (in mind) મંદબુદ્ધિનું.
Imbecility, *s.* નબળાઈ. (mental) મંદબુદ્ધિ.
Imbibe, *v.* ચુસીલેવું, શોષવું, ધ્યાનમાં ઉતારવું. [આપવી.
Imbitter, *v.* કડવું કરવું. Imbolden, *v.* હિંમત
Imbrue, *v.* ભીંજવવું. Imbue, *v.* ભરપૂર કરવું. [કરવી.
Imitable, *a.* નકલકરવા જોગ. Imitate, *v.* નકલ
Imitation, *s.* નકલ, ઉતારો; અનુસરણ, દેખાદેખી.
Imitative, *a.* નકલી. Imitator, *s.* નકલ કરનાર.
Immaterial, *a.* નિરાકાર; હલકું, નજીવું, સાધારણ.
Immature, *a.* પુખ્ત ઉંમરે નહિ પોહોંચેલું, કાચું, અ-
ધુરૂ, અપ્રૌઢ.
Immaturity, *s.* કાચાપણું, અપુખ્તપણું; બાળપણ.
Immeasurable, *a.* અમાપ, અથાગ, બેહદ, મોહોટું.
Immediate, *a.* પાસેનું, પ્રત્યક્ષ, સાક્ષાત; તાત્કાળિક.
Immediately, *ad.* પ્રત્યક્ષ, સાક્ષાત; તત્કાળ, તત્ક્ષણ.
Immemorable, *a.* યાદ નહિ રાખવા યોગ્ય.
Immemorial, *a.* પુરાતન, અતિપ્રાચીન; ઘણું જુનું.
Immense, *a.* બહુ, બેહદ, અપાર; ઘણું, મોહોટું,
Immensely, *ad.* ઘણુંજ, બહુજ, પુષ્કળ. [અગાધ

Immensity, *s.* અતિમોહોટાઈ,અમર્યાદપણું;મહાકારા.
Immerse, Immerge, *v.* બુરાડવું, ગરક કરવું.
Immersion, *s.* ગરક થવું, નિમગ્નતા, બુડવું; અસ્ત.
Immethodical, *a.* અવ્યવસ્થિત, અનિયમિત.
Imminent, *a.* મોહોટું, ઘણુંજ નજદીક; ધાસ્તીભરેલું.
Immobility, *s.* અચલતા.
Immoderate, *a.* બેહદ, ઘણુંજ.
Immodest, *a.* નિર્લજ્જ, બેશરમ, ભાંડ;અમર્યાદ.
Immodesty, *s.* નિર્લજ્જપણું; અમર્યાદા.
Immolate, *v.* ભોગ આપવો.
Immolation, *s.* ભોગ, બળિદાન.
Immoral, *a.* દુરાચારી, દુરાચરણી, દુષ્કર્મી; પાપી.
Immorality, *s.* અનીતિ, અધર્મ, અન્યાય,અપરાધ.
Immortal, *a.* અમર. –ity, *s.* અમરપણું.
Immortalize, *v.* અમર કરવું, કીર્તિ કરવી.
Immoveable, *a.* જડ,અચળ,નિશ્ચળ, સ્તબ્ધ; સ્થાવર.
Immunity, *s.* માફી, હક. Immure, *v.* કેદ કરવું.
Immutability, *s.* અવિકારીપણું, નિર્વિકારીપણું.
Immutable, *a.* અવિકારી, નિર્વિકારી.
Imp, *s.* બચ્ચું, છોકરું, પ્રજા; ભૂત, જીન, પિશાચ.
Impair, *v.* ઘટાડવું, કમી કરવું;હાનીકરવી; બિગાડવું.
Impale, *v.* સૂળીએ ચઢાવવું; ફાંસી દેવી.

Impart, *v.* આપવું,દેવું,જણાવવું,બતલાવવું, દેખાડવું.
Impartial, *a.* અદલ, નિષ્પક્ષપાતી, બિનતરફદાર.
Impartiality, *s.* નિષ્પક્ષપાત, બિનતરફદારી, સરખી [નજર.
Impassable, *a.* અગમ્ય, દુર્ગમ્ય.
Impassionate, *a.* અનુરાગી.
Impatience, *s.* અધિરાઈ, અધૈર્ય; ઉતાવળ, તાકીદી.
Impatient, *a.* અધિરો, ધૈર્યહીન, ઉતાવળું, ઉત્કંઠિત.
Impeach, *v.* તોહોમત મુકવું;અટકાવવું,અડચણકરવી.
Impeachment, *s.* દોષ, આળ, તોહોમત, દૂષણ.
Impede, *v.* વિઘ્ન કરવું, અટકાવવું; હરકત કરવી.
Impediment, *s.* હરકત, અટકાવ, અડચણ, વિઘ્ન.
Impel, *v.* આગળ ચલાવવું.
Impend, *v.* માથા પર આવી પડવું.
Impending, *a.* માથા પર આવેલું, આવી પડેલું.
Impenetrability, *s.* નિર્ભેદ્યતા. Impenetrable, *a.* [અભેદ્ય.
Impenitence, *s.* પશ્ચાત્તાપનો અભાવ.
Impenitent, *a.* પશ્ચાત્તાપ શૂન્ય. Imperative, *a.* હુક- [મ કરતું.
Imperceptible, *a.* અગોચર,અલોપ, અદૃષ્ય.
Imperfect, *a.* અધુરૂં,અપૂર્ણ;ખામીવાળું; ઓછું; ન્યૂન.
Imperfection, *s.* કસર, કચ્ચાઈ; દોષ, ખામી, એબ.
Imperfectly, *ad.* અપૂર્ણરીતે. Imperial, *a.* બાદશાહી.
Imperious, *a.* કરડું, જાલીમ, કડક; જુલમી, કરડા.

Imperishable, *a.* અક્ષય, અવિનાશી. [અમલનું.
Impersonal, *a.* અકર્તૃક.
Impertinence, *s.* નફટાઈ, ઉદ્ધતપણું; અમર્યાદા.
Impertinent, *a.* નફટ, દાંડ; અમર્યાદ; અપ્રસ્તુત.
Impertinently, *ad.* ઉદ્ધતાઈથી; અપ્રસંગોપાત્ત.
Imperturbation, *s.* નિત્યશાંતિ.
Impervious, *a.* ઘટ્ટ, નિર્ભેદ્ય, ગહન.
Impetuosity, *s.* જોર,જોરસો,ઝપાટો,કડાકો; મિજાસ.
Impetuous, *a.* વેગવાન:જાલીમ,મીજાસી,તપેલું, તીવ્ર.
Impetus, *s.* વેગ, ઝપાટો. Impiety, *s.* અધર્મ,
Impious, *a.* અધર્મી, પાપી. [ધર્મનિંદા.
Implacable, *a.* અક્ષમ્ય, દીર્ઘદ્વેષી.
Implant, *v.* રોપવું; મનમાં ઉતારવું.
Implement, *s.* હથિયાર.
Implicate, *v.* ફસાવવું, ગુંથવવું; સામેલ કરવું.
Implication, *s.* ગુંચ, ગુંચવણ; ભાવ, ફલિતાર્થ.
Implicit, *s.* પૂર્ણ; અર્થસિદ્ધ.–ly, *ad.* પૂર્ણ ભાવથી,
પૂર્ણ રીતે. [વાલા કરવા.
Implore, *v.* આરાધનાકરવી, હાથજોડી માગવું, કાલા-
Imply, *v.* ચેતવવું, સૂચવવું; બોધ થવો,સમજપડવી.
Impolity, *s.* ખરાબ ચાલ, અનીતિ, અવિવેક.
Impolite, *a.* અસભ્ય, અવિવેકી, અમર્યાદ, બેઅદબ.

Impolitic, *a.* અવિવેકી,અવિચારી,બેસમજનું, દુર્નીત.
Imponderable,Imponderous,*a.* હલકું;થોડાવજનનું.
Import, *s.* અર્થ, ભાવાર્થ, અભિપ્રાય; અયાતમાલ; યોગ્યતા, મહત્વ, વજન, બહારદેશથી આણેલો માલ.
2 *v.* બહારદેશથી લાવવું; અર્થ દર્શાવવો. [બોજ.
Importance, *s.* જરૂરીઆત; ઉપયોગ;યોગ્યતા,ભાર-
Important, *a.* અગત્યનું, વજનદાર.
Importunate, *a.* ચિકણો; આગ્રહી;હઠીલું; ગળેપડું.
Importune, *v.* ગળે પડવું, બોહોસ કરવી, ખુશામત કરવી. [વાલા.
Importunity, *s.* આગ્રહ, પ્રાર્થના,ચિકણાપણું;કાલા-
Impose, *v.* કર નાંખવો, છાપો બેસાડવો; સોંપવું.
Imposing, *a.* ડોળદાર, ઢબદાર. [(on) છેતરવું.
Imposition, *s.* હુકમ; કર, છાપો; ખંડણી; સજા, શિક્ષા; બેસાડવું, સ્થાપના; ઠગાઈ, પાખંડ,દગો; જુલમ.
Impossibility, *s.* અશક્યતા,અસંભવ,અસંભવિતવાત.
Impossible, *a.* અસાધ્ય, અસંભવિત, અશક્ય.
Impost, *s.* મેહેસુલ, કર, દાણ, જકાત; સરકારદેણું.
Impostor, *s.* ઠગ, ધુતારો. Imposture, *s.* ઠગાઈ.
Impotence, Impotency, *s.* કમજોરી,નબળાઈ,નામર્દી.
Impotent, *a.* દુર્બળ, નબળો,અશક્ત, નિર્ધાત,નપુંસક.
Impoverish, *v.* નિર્બળ કરવું; ભીખારી કરવું.

Impracticability, *s.* અસાધ્યતા,
Impracticable, *a.* અસાધ્ય.
Imprecate, *v.* શ્રાપ દેવો. Imprecation, *s.* શ્રાપ.
Impregnable, *a.* વિકટ, અજીત, અસાધ્ય.
Impregnate, *a.* ગર્ભવંતી, હમેલદાર; ગુણયુક્ત. 2 *v.* ગર્ભવંત કરવું. [સવવું, વેઠે પકડવું.
Impress, *s.* અસર; છાપો; આકાર. 2 *v.* મનમાં ઠ-
Impression, *s.* છાપો, આકાર, ભાન, સમજ; છાપવાની આવૃત્તિ.
Impressive, *a.* અસરકારક; મનમાં ઠસવનારૂં.
Imprint, *v.* છાપવું; મનમાં ઠસાવવું, અસર કરવી.
Imprison, *v.* કેદ કરવું, બંદીખાને નાખવું.
Imprisonment, *s.* કેદ. Improbability, *s.* અશક્યતા.
Improbable, *a.* અશક્ય, અસંભવિત, દુર્ઘટ.
Improbity, *s.* અપ્રમાણિકપણું, અસત્ય.
Improper, *a.* અયોગ્ય, અઘટિત, નિરૂપયોગી, ગેર-
Improperly, અયોગ્ય-ગેરવ્યાજબી રીતે. [વ્યાજબી.
Impropriety, *s.* અયોગ્યતા; અન્યાય, અનીતિ.
Improve, *v.* સુધારવું, સફળ કરવું-થવું. સુધરવું.
Improvement, *s.* સુધારો, ગુણ વૃદ્ધિ, ચઢતી કળા.
Improvident, *a.* અજ્ઞાની, ગાફેલ, ટુંકી નજરનું,
Imprudence, *s.* અવિવેક; અજ્ઞાન.

Imprudent, *a.* અવિવેકી, અજ્ઞાની, નિર્લજ્જ, ઉદ્ધત
Impugn, *v.* ખોટું પાડવું; રદ્દ કરવું; દોષ મુકવો.
Impulse, *s.* ધક્કો, આચકો; મનપર અસર; મતલબ; [બળાપો.
Impulsive, *a.* ચાલાક, આચકો આપનાર.
Impunity, *s.* માફી; દંડ.
Impure, *a.* મેલું, અશુદ્ધ, વટલેલું; અપવિત્ર.
Impurity, *s.* મલીનપણું; વટાળ; નાપાકી, અપવિત્રાઈ.
Imputable, *a.* આરોપ મુકવા જોગ, તોહોમત મુકવા [જેવું.
Imputation, *s.* તોહોમત, આળ; ડપકો, અપવાદ.
Impute, *v.* તોહોમત મુકવું; ડપકો દેવો.
In, *prep.* અંદર, માં, મધ્યે.
Inability, *s.* અશક્તિ, અસામર્થ્ય.
In-accessible, *a.* દુર્ગમ, અગમ્ય.–accuracy, *s.* ભૂલ, ચુક; અશુદ્ધતા; તફાવત.–accurate, *a.* અશુદ્ધ, ખોટું; અયથાર્થ.–active, *a.* આળસુ, સુસ્ત, ધંધા વગરનું. –adequacy, *s.* અધુરાપણું.–adequate, *a.* અપૂર્ણ, અધુરૂં.–admissible, *a.* અસ્વીકાર્ય.–advertence, advertency, *s.* ગફલત, બેભાન.–advertently, *ad.* અસાવધપણે, ગફલતથી.–alienable, *a.* જુદુ પડાય નહીં એવું; વતની.–animate, *a.* નિર્જીવ, જડ, અચેતન.–applicable, *a.* લાગુ ન પડે એવું, અયોગ્ય, અપ્રયોજ્ય.–apprehensible, *a.* ગૂઢ, અગમ્ય, ગહન.

—appropriate, *a.* અઘટિત, અયોગ્ય, અનુચિત.—aptitude, *s.* અયોગ્યતા.—artificial, *a.* સ્વાભાવિક, કુદરતી, અકૃત્રિમ; સાદું, સાધારણ.—as much, એ ઉપરથી, કેમકે.—attention, *s.* બેદરકાર, બેપરવાઈ; ગફલત, અસાવધપણું; ભૂલ, ચુક.—attentive, *a.* ગાફેલ, બેપરવા; અસાવધ.—audible, *a.* ન સંભળાય એવું.—auguration, *s.* પ્રતિષ્ઠા, અભિષેક.—auspicious, *a.* અમંગળ, અશુભ.—authentic, *a.* ખોટું, અપ્રમાણ, ગલત.—bred, born, *a.* ગર્ભમાં સ્વભાવિક રીતે જન્મેલું; અંતર્ભવ.—calculable, *a.* બેસુમાર, અગણિત, અતિ.

Incantation, *s.* છુમંતર. Incantatory, *a.* માંત્રિક.

In-capability, *s.* અસામર્થ્ય, અશક્તિ.—capable, *a.* અશક્ત, અયોગ્ય, નાલાયક.—capacitate, *v.* નાલાયક-યોગ્યહીન કરવું. —capacity, *s.* અયોગ્યતા, નાલાયકી, મંદબુદ્ધિ, અશક્તિ.—carnate, *a.* અવતારી. 2 *v.* અવતાર લેવો.—carnation, *s.* અવતાર, દેહધારણ, રૂપ.—cautious, *a.* અસાવધ, ગાફેલ, બેભાન. —cendiary, *s.* કજીયા દલાલ; ટંટો કરાવનાર.

Incense, *s.* ધૂપ, લોબાન. 2 *v.* ધૂપ દેવો; ખીજવવું, ચીઢવવું.

Incentive, *s.* ઉત્તેજન, પ્રેરણા, ઉશ્કેરણી. 2 *a.* ઉત્તેજક.

Incessant, *a.* નિરંતર, સદા, વારંવાર, બાયુક, ચાલુ.

Incessantly, *ad.* એક સરખી રીતે, સદા, હમેશાં.
Incestuous, *a.* ગોત્રમાં સંભોગ કરનાર.
Inch, *s.* તસુ, ઇંચ.
Incidence, Incident, *s.* અકસ્માત્ બનાવ, પ્રસંગ.
Incipient, *a.* શરૂઆતનું. Incision, *s.* ઘા, ફાડ, ચીરો.
Incite, *v.* ઉસ્કેરવું; ચઢાવવું. -ment, *s* ઉસ્કેરણી, શિખ-
Incivility, *s.* અસભ્યતા, અવિનય, અમર્યાદ. [વણી.
Inclemency, *s.* સખ્તપણું; કઠોરપણું, નિર્દયપણું.
In-clement, *a.* કઠોર, નિર્દય; સખ્ત. -clinable, *a.* વળી શકે એવું.
Inclination, *s.* મનનું વલણ, મન, ઈચ્છા; શોખ.
Incline, *v.* મનનું વળણ થવું; વાળવું, મરડવું.
Inclined-plane, *s.* ઉતરણ, ઢોળાવ. ઢાળ.
Inclose, *v.* બીડવું; વાડ બાંધવી.
Include, *v.* અંદર લેવું; સમાવ કરવો.
Included, *a.* અંદર આવેલું, સુદ્ધાં, સાથે.
Inclusive, *a.* સાથે, સુદ્ધાં. -ly, *ad.* સાથે, સુદ્ધાં.
In-coherent, *a.* અળગું, છુટું, અસંયુક્ત. -ly, *ad.* અળગારહીને.
Incombustible, *a.* અદાહ્ય, અજ્વલિત. [અળગારહીને.
Income, *s.* આયપત, પેદાસ; પ્રાપ્તિ, કમાઈ; ઉત્પન્ન.
-tax, *s.* કમાઈ-પેદાસ પર કર.

In-commensurable, *a.* અસમાન, અસમપરિમાણ. -commensurate, *a.* ઓછા પરિમાણનું. -commodation, *s.* અડચણ,અગવડ,હરકત.-commode, *v.* અડચણ-અગવડ કરવી. -commodious, *a.* અડચણ-અગવડવાળું, અપ્રશસ્ત.-communicable, *a.* બીજાને જણાવી ન શકાય એવું. -communicative, *a.* થોડા બોલુ.-compact, *a.* ઘટ્ટ નહિ એવું; અગહન. -comparable, *a.* સર્વોત્તમ, અનુપમ, અતુલ્ય. -compatible, *a.* કજોડ, વિરૂદ્ધ, વિપરીત. -competency, *s.* ના લાયકી, અપૂર્ણતા. -competent, *a.* ના લાયક, અયોગ્ય; અપૂર્ણ, અધુરૂં. -complete, *a.* અંસંપૂર્ણ, અધુરૂ, અસમાપ્ત; તુટક. -comprehensible, *a.* સમજાય નહીં એવું, અઘરૂં, ગૂઢ, ગહન. -compressible, *a.* દબાય નહીં એવું. -conceivable, *a.* અઘરૂં, અચિંત્ય. -conclusive, *a.* અનિશ્ચયકારક. -congruity, *s.* કજોડું, અસંબંધ. -congruous, *a.* કજોડ, વિજોડ. -considerable, *a.* નાહાનું, હલકું, નજીવું. -considerate, *a.* અવિચારી, અવિવેકી. -consistence, consistency, *s.* વિરોધ, બાધ; અણબનાવ. -consistent, *a.* વિરૂદ્ધ, વિપરીત, અસંબંદ્ધ. -constant, *a.* ચંચળ, અસ્થિર, ચળિત. -contestable, *a.* નિર્વિવાદ, અબાધ્ય. -con-

tinent, *a.* વ્યભિચારી, જારકર્મી.–controvertible, *a.* નિર્વિવાદ, વાંધા વગરનું. –convenience, *s.* અડચણ, અગવડ. –convenient, *a.* અડચણ–અગવડવાળું; દુ:ખકારક.–conversant, *a.* અજાણ્યો,અપ્રવીણ,અનભ્યાસી.–convertible, *a.* રૂપબદલી નશકાય [એવું.

Incorporate, *v.* જોડી–ભેળીદેવું; જોડાઈ જવું.

In-corporeal, *a.* નિરાકાર, અનંગ, અશરીર. –correct, *a.* ખોટું,અશુદ્ધ, સદોષ.–correctly, *ad.* અશુદ્ધ રીતે. –corrigible, *a.* વંઠેલ, અતિદુષ્ટ; સુધરે નહિ એવું –corrupt, *a.* શુદ્ધ, પવિત્ર.–corruptible, *a.* અવિનાશી, અવિકારી. –corruption, *s.* અવિકાર, અવિકૃતિ. Increase, *s.* વધારો, વૃદ્ધિ; ચઢતી. 2 *v.* વધવું, વધારોથવો. [નહિ એવું.

In-credibility, *s.* અવિશ્વાસ.–credible, *a.* મનાય

Increment, *s.* વધારો, વૃદ્ધિ; પેદાસ, ઉપજ.

Incriminate, *v.* દોષ મુકવો. Incubus, *s.* કુસ્વપ્ન.

Inculcate, *v.* મનમાં ઠસાવવું, બોધ કરવો; શિખવવું.

Inculpable, *a.* નિર્દોષ, બે ગુનાહ.

Incumbent, *a.* જરૂર, યોગ્ય.

Incur, *v.* પોતાનાપર ખેંચી લેવું; કરવું, કરીલેવું.

Incurable, *a.* મટે નહીં એવું; નિરૂપાય; અસાધ્ય.

Incursion, *s.* ચઢાઈ, સ્વારી, હુમલો.

In-debted, *a.* કરજદાર,દેણદાર; ઉપકારી.–decency, *s.* નફટાઈ, ભાંડપણું; અશિષ્ટ આચરણ.–decent, *a.* ભુંડું, નાગું, બિભત્સ. –decisive, *a.* અનિશ્ચિત, અસ્થિર. –declinable, *a.* અવ્યયરૂપ; અવિકારી.–decorous, *a.* અયોગ્ય, અસભ્ય.

Indeed, *ad.* ખરેખર, ખચિત, વાસ્તવિક, હા.

In-defatigable, *a.* મેહેનતુ, થાકી ન જાય એવું.–defensible, *a.* અરક્ષ્ય, અનોત્તર. –definable, *a.* અનિર્વાચ્ય. –definite, *a.* મોઘમ; બેહદ્દ, બેસુમાર. –definitely, *ad.* અતિ, બેસુમાર. –delicate, *a.* ભુંડું, નાગું.

Indemnification, *s.* બદલો. 2 *v.* નુકશાન ન આ- [વવા દેવું.

Indemnity, *s.* જામીનગીરી, નુકશાનચિઠ્ઠી;અભયપત્ર.

Indent, *s.* ભરતીયું. 2 *v.* ખાડાં પાડવા;માંગણી કરવી.

Indenture, *s.* કરારનામુ, કરારપત્ર.

Independence, *s.* સ્વતંત્રતા, સ્વાધીનતા, અસંબંધ, [સંબંધાભાવ.

Independent,*a.*સ્વતંત્ર,મુખત્યાર.-ly,*ad.*સ્વતંત્રપણે.

In-describable, *a.* અવર્ણ્ય.–destructible,*a.* અક્ષય, અવિનાશી. –determinable, *a.* અનિશ્ચય; ઠરાવ ન થઈ શકે એવું. –determinate, *a.* મોઘમ, અનિશ્ચિત. –determinately, *ad.* અનિશ્ચિતપણે. –determination, *s.* અસ્વસ્થપણું, અનિશ્ચય.[શક.

Index, *s.* દર્શક,સૂચક;અનુક્રમણિકા;સાંકળિયું,ધાતપ્રકા-
India, *s.* હિંદુસ્તાન, ભરતખંડ.–corn, *s.* મકાઈ દોડો.
Indian, *s.* હિંદુસ્તાનનો રેહેવાસી. 2 *a.* હિંદુસ્તાનનું.
Indicate, *v.* દેખડાવવું,બતલાવવું, સૂચવવું,જણાવવું.
Indication, *s.* ચિન્હ,નિશાન,સૂચના.Indicative, *a.*
Indict, *v.* તોહેમતમુકવું–ment, *s.* તોહેમત.[સૂચક.
Indifference, *s.* બેપરવાઈ, બેદરકાર; સમદ્રષ્ટિ, સમ-
પક્ષ; સમતા, બરાબરી –different, *a.* બેપરવા,
બેદરકાર; બરાબર, સમતોલ; સામાન્ય. –differently,
ad. બેદરકારીથી, કાલજીવગર.
Indigence, *s.* ગરીબી,દરિદ્રતા.Indigenous,*a.* દેશી.
Indigestible, *a.* જડ, ભારે. Indigestion, *s.* અ-
જીર્ણ, અપચો.
Indignant, *a.* કોપાયમાન, ક્રોધાયમાન, ગુસ્સે થયેલું.
Indignation, *s.* ગુસ્સો, રોષ, રીસ, કોપ, ક્રોધ.
Indignity, *s.* અપમાન, અનાદર, અમર્યાદા, અવજ્ઞા.
Indigo, *s.* ગળી.–planter, *s.* ગળીપકાવનાર. [ખોટું.
Indirect, *a.* મોઘમ, આડું,વાંકું,પરભારૂં,અપ્રમાણિક;
In-directly, *ad.* મોઘમ, આડીરીતે; ગેરવ્યાજબીપ-
ણે; પરભારૂં. –discernable, *a.* અતિસૂક્ષ્મ, દુર્લક્ષ્ય.
–discreet, *a.* અણસમજુ; અવિવેકી. –discretion,
s. અવિચાર, અવિવેક. –discriminate, *a.* અવિચા-

રી.-discriminately, *ad.* અવિચારથી; સાર અસારનો વિચાર કર્યા વગર. -discrimination, *s.* અવિવેક; અવિચાર. -dispensable, *a.* જરૂર,અવશ્યક. -dispensably, *ad.* જરૂર, અવશ્ય. -dispose, *v.* અસ્વસ્થ કરવું; મન ફેરવવું.-disposed, *a.* બિમાર, માંદું; અસ્વસ્થ; નારાજી.-disposition, *s.* માંદગી; બેચેની;વિકાર,રોગ,કંટાળો,નાખુશી.-disputable, *a.* તકરાર વગરનું, ઉઘાડું, નિર્વિવાદ.-dissoluble, *a.* અદ્રાવ્ય; અખંડ.-distinct, *a.* અસ્પષ્ટ; અવ્યક્ત. -distinctness, *s.*અસ્પષ્ટતા.-distinguishable,*a.* નઓળખાય એવું; પૃથક્કરણ ન થાય એવું.

Indite, *v.* કરવું, બાંધવું; મોહોડે કેહેવું.

Individual, *s.* આદમી, આસામી, શખસ, જન; એકજાતનું પ્રાણી.2 *a.* એક એકને લગતું-ly,*ad.* એકએક.-ity, *s.* એકલાપણું.

In-divisibility, *s.* નિર્ભેદ્યતા.-divisible, *a.* નિર્ભેદ.

Indolence, *s.* આળસ,સુસ્તી. Indolent, *a.* આળસુ, [સુસ્ત.

Indolently, *ad.* આળસકરીને.

Indomitable, *a.* અજીત્ય.

Indorse,*v.*સહીકરી સ્વીકારવું;નોંધવું.-ment,*s.* સહી.

Indubitable, *a.* ખચીત,બેશક. Indubitably, *ad.* નિશ્ચયથી.

Induce, *v.* લલચાવવું, મોહ પમાડવું; સમજાવવું.
Inducement, *s.* ઉત્તેજન, પ્રયોજન; લાલચ; સબબ, કારણ.
Induct, *v.* અનુમાન કરવું. Induction, *s.* અનુમાન, સિદ્ધાંત.
Indulge, *v.* લાડલડાવવું; કોડ પુરા પાડવા; મહેરબાની કરવી; પૂર્ણ કરવું.
Indulgence, *s.* લાડ, કોડ; મેહેરબાની; પ્રસાદ; તૃપ્તી.
Indulgent, *a.* લાડકવાયું; ક્ષમાશીલ; માયાળુ, દયાળુ.
Indurate, *v.* Induration, *s.* કઠણ–ઘટ્ટ કરવું.
Indus, *s.* સિંધુ નદી. Industrious, *a.* ઉદ્યોગી, મેહેનતુ.
Industry, *s.* ઉદ્યોગ, મેહેનત, પરિશ્રમ.
Inebriate, *v.* છાકટાથવું. Ineffable, *a.* અવાચ્ય.
Ineffective, Ineffectual, Inefficacious, *a.* વ્યર્થ, નિષ્ફળ, નિરર્થક; અસર વગરનું.
In-elegant, *a.* બદસુરત, બેડોળ.–eligible, *a.* નાલાયક.
Inequality, *s.* અંતર, તફાવત; ઉંચનીચપણું, વિષમભાવ.
Inert, *a.* જડ, અચેતન; આળસુ, સુસ્ત; નિરૂદ્યોગી.
Inertia, *s.* જડત્વ. Inertion, *s.* નિરૂદ્યોગ.
In-estimable, *a.* અમૂલ્ય, અતિ કિંમતી.–evitable, *a.* અચૂક; અનિવાર્ય.–excusable, *a.* અક્ષમ્ય.–exhaustible, *a.* અખૂટ, અક્ષય; અપાર.–exorable, *a.* નિર્દય.–expedient, *a.* અયોગ્ય, નાલાયક.–experience, *s.* બિનમાહિતગારી, અજાણપણું. –ex-

perienced, *a.* અનુભવ વગરનું, અજાણ્યું. –expert, *a.* અણકરબી, અનાડી. –expiable, *a.* અમોચનીય. –explainable, explicable, *a.* અવ્યાખ્યેય. –expressible, *a.* અનિર્વાચ્ય. –extinguishable, *a.* અશમનીય. –extirpable, *a.* ઘણું જ મજબુત. –extricable, *a.* ગુંચવણ ન કઢાય એવું. –fallibility, *s.* અચૂકપણું. –fallible, *a.* અચૂક, નિભ્રાંત. –famous, *a.* નામોશી, બદનામ; અપજશવાળું.

Infamy, *s.* અપકીર્તિ, બદનામી, અપજશ, બેઆબરૂ.

Infancy, *s.* બાળપણ, બચપણ; બાલ્યાવસ્થા.

Infant, *s.* બાળ, બાળક, બચ્ચું.–icide, *s.* બાળહત્યા.

Infantile, Infantive, *a.* બાળપણનું, બચપણનું.

Infantry, *s.* પાયદળ. Infatuate, *v.* ઘેલું કરવું.

Infatuated, *a.* ઘેલું, ઘેલું થયેલું. Infatuation, *s.* [ઘેલાપણું.

Infeasible, *a.* અસાધ્ય, દુ:સાધ્ય, અશક્ય.

Infect, *v.* ચેપ લગાડવો; અસર થવી. –ion, *s.* ચેપ; સંસર્ગદોષ.

Infectious, *a.* ઉડતું, ચેપીયો, સંસર્ગથી વળગતો.

Infer, *v.* અનુમાન કરવો, અટકળ બાંધવી, સાર કાઢવો.

Inferable, *a.* અનુમેય. Inferential, *a.* અનુમાન સિદ્ધ.

Inferior, *a.* નીચ, હલકું; અમુખ્ય; ઉતરતી પદ્ધીનું.

Inferiority, *s.* નીચપણું, હલકાઈ; ઉતરતી પદ્ધી.

Infernal,*a.*પાતાળવાસી.2 *a.*પાતાળ સંબંધી; ઘાતકી.
Infest, *v.* ઉપદ્રવ કરવો. Infidel,*s.* નાસ્તિક, અધર્મી.
Infinite, *a.* અપાર, બેહદ્દ, બેસુમાર. (series) અનંતશ્રેણી,
Infinitive, *a.* સામાન્યરૂપ. -ly,*ad.* અત્યંત, બેહદ્દ.
Infinity, *s.* અનંતતા. Infirm, *a.* દુર્બળ; ચળિત; [ઢચુપચુ.
Infirmary, *s.* બિમારખાનું,ઈસ્પિતાલ.
Infirmity, *s.* નબળાઈ, અશક્તિ; રોગ, દુ:ખ;અસ્થિર પણું.
Infix, *v.* રોપવું, વાવવું; ઘાલવું.
Inflame, *v.* સળગાવવું, બાળવું; ખીજવવું, ચિડવવું; તપવું, સુજવું.
Inflammation, *s.* આગ, દાહ; સળગવું, તાપ; સોજો.
Inflammatory, *a.* દાહજનક. Inflate, *v.* ફુલાવવું; ચઢાવવું.
Inflect, *v.* વાંકુંવાળવું, નમાવવું; વિભક્તિ આપવી.
Inflection, *s.* રૂપ, વિભક્તિ; સ્વરભેદ; વાંકુવાળવું.
Inflict, *v.* સજા કરવી; લાગુ પાડવું, દંડ કરવો.
Infliction, *s.* સજા, શિક્ષા, દંડ. Inflictive,*a.* સજા કરનારૂં.
Influence, *s.* સત્તા, શક્તિ, બળ; વગ; વજન. 2 *v.* [સમજાવવું; વગલગાડવી.
Influential,*a.*વજનદાર,વગવાળો,આબરૂદાર,ભારેખમ.
Influx, *s.* અંત:પ્રવાહ; ધસારો; પ્રસાર, દાખલ થવું.

Infold, *v.*લપેટવું,વિટાળવું;આલિંગન કરવું,ક્રોટીકરવી.
Inform, *v.* જાહેર કરવું,જણાવવું, સૂચવવું; અપરાધ-
ની ખબર કરવી. (against) નિંદા કરવી.
Informant, *s.* જણાવનાર, ખબર આપનાર.
Information, *s.* ખબર, સમાચાર, સૂચના, વાકેફગા-
રી, માહિતગારી; ગુન્હાને લગતી સૂચના.
Informer, *s.* ખબર આપનાર; ચાડીયો.
Infraction,*s.*ભંગ,ઉલ્લંઘન.Infrangible, *a.* અખંડ.
Infrequent, *a.*અસાધારણ.Infringe, *v.*કરાર તોડવો.
Infringement, *s.* ભંગ. Infuriate, *a.* ક્રોધાંધ.
2 *v.* ક્રોધાંધ કરવું.
Infuse, *v.* રેડવું; મનમાં ઠસાવવું; ભિંજવવું,પલાળવું.
Infusible, *a.*અદ્રાવ્ય. Infusion,*s.*રેડવું;રસ;સૂચના.
Ingenious,*a.*ચતુર,અક્કલમંદ;શોધક.–ly,*ad.*યુક્તિથી.
Ingenuity, *s.* યુક્તિ, કળા; ચતુરાઈ, કલ્પના શક્તિ;
નિષ્કપટ.
Ingenuous, *a.* નિષ્કપટી; ભોળું. –ly,*ad.* નિષ્કપટે.
Inglorious, *a.* અપજશિયું. Ingraft,*v.* કલમ કરવી.
Ingratiate, *v.* મરજી–મેહેરબાની કરવી;પ્યાર મેળવવો.
Ingratitude, *s.* કૃતઘ્નતા, નિમકહરામી; અપકાર.
Ingredient, *s.* ભાગ; વસ્તુ; જણસ.
Ingress, *v.* દાખલ થવું. Ingression, *s.* પ્રવેશ.

Inhabit, *v.* વસાવવું; વસવું.–able, *a.* રેહેવા જોગ.
Inhabitant, *s.* વસનાર, રેહેવાસી, રેહેનાર.
Inhabitation, *s.* વસ્તી; વાસો.Inhale, *v.*દમ લેવો.
Inharmonious, *a.* બેસુર, બેતાલ; અસંગત.
Inhere, *v.* રેહેવું; ચોટવું. Inherent, *a.*સ્વાભાવિક.
Inherit,*v.*વારસોલેવો;વારસથવું.–ance,*s.*વારસો,વતન.
Inheritor,*s.*વારસ,ધણી.Inhesion,*s.*અંદરની સ્થિતિ.
Inhospitable,*a.*પરોણાચાકરી ન કરે એવું.[તકીપણું.
Inhuman, *a.* ઘાતકી, નિર્દય.–ity, *s.* નિર્દયપણું,ઘા-
Inimical, *a.*દ્વેષી, અદેખું; ઉલટું.–ly, *ad.* દ્વેષભાવે.
Inimitable, *a.* અનુપમ.Iniquitous, *a.*અધર્મી,અ-
Iniquity, *s.* પાપ, અન્યાય;અપ્રમાણિકપણું.[ન્યાયનું.
Initial, *s.* આદિ અક્ષર. 2 *a.* આદિ, પ્રથમ, પેહેલું.
Initiate, *v.* દિક્ષા આપવી; ઉપદેશ કરવો;શિખવવું;
Initiation, *s.* દિક્ષા, સંસ્કાર; મંત્રોપદેશ. [શરૂકરવું.
Initiatory, *a.* પેહેલું; દીક્ષા આપવામાં ઉપયોગી.
Injudicious, *a.* ડાહાપણ વગરનું, અણસમજુ.
Injunction,*s.*હુકમ,આજ્ઞા.(writ)તાકીદ પત્ર–ચિઠ્ઠી.
Injure, *v.* નાહક દુઃખ દેવું; ઉપદ્રવ કરવો.
Injurious, *a.* નુકશાનકારક; ગેરવ્યાજબી.
Injury, *s.* નુકશાન, ખરાબી, હાની; દુઃખ, ઉપદ્રવ.
Injustice,*s.*બેઈનશાફી,જુલમ;અધર્મ, ગેરવ્યાજબીપણું.

Ink, s.શાહી.2*v*.સહીથીભરવું.-hold,stand,*s*.ખડિયો.
Inlaid, *a*. જડાવ.Inland, *s*.મધ્યદેશ.2*a*.મૂલકી,દેશી.
Inlay, *s*. જડિતકામ. 2 *v*. જડતર કરવું, જડવું.
Inlet, *s*. માર્ગ;ખાડી.Inmate,*s*.સહવાસી;સાથેરહેનાર.
Inmost, Innermost, *a*. છેક અંદરના ભાગનું.
Inn, s.ધર્મશાળા, મુસાફરખાનું. Innate, *a*. સ્વાભાવિક, કુદરતી. [થી અંદરનું.
Inner, *a*. અંદરનું, અંદરની બાજુનું.-most,*a*.સૌ-
Innocence,*s*નિરપરાધીપણું,નિરપકાર;નિષ્કપટ,ગરીબી
Innocent, *a*. નિરપરાધી;નિષ્કપટી;ગરીબ, નિરૂપદ્રવી.
Innovation, *s*. નવી-રીત, ચાલ; ફેરફાર, સુધરાઈ.
Innovator, *s*. નવીરીત-ચાલ કાઢનાર.
In-observable, *a*.અલક્ષ્ય.-observation, *s*.અલક્ષ.
Inoculate, *v*. Inoculation, *s*. કલમ કરવી; સીતલા
Inodorous, *a*. નિર્ગંધ, વાસ-ગંધ રહિત. [કાઢવા.
Inoperative, *a*. બંધ ન બેસતું, લાગુ પડે ન એવું.
Inopportune, *a*. અકાળનું,કવેળાનું.-ly, *ad*.અકાળે.
In-ordinate, *a*. બેસુમાર.-organic, *a*.જડ, નિર્જીવ.
Inquest, *s*. તપાસ, શોધ; પંચાત.
Inquietude, *s*. અસમાધાન.
Inquire, *v*. પુછવું, પ્રશ્ન કરવો; સમાચાર પુછવા;શોધ
Inquirer, *s*.પુછનાર.Inquiry, *s*.તપાસ,શોધ. [કરવી.

Inquisition, *s.* તપાસ; નાસ્તિકને સજા કરવા સારૂ સ્થાપેલી કૉર્ટ.
Inquisitive, *a.* શોધક.–ness, *s.* શોધકબુદ્ધિ; જીજ્ઞાસા.
Inroad, *s.* હુમલો; ધાડ. Insalubrious, *a.* રોગી, રોગિષ્ટ.
Insalubriousness, Insalubrity, *s.* નિરોગીપણું.
Insane, *a.* ગાંડો, ઘેલો, દિવાનો.
Insanity, *s.* ઘેલાપણું, ઉન્માદ.
Insatiable, Insatiate, *a.* અસંતોષી, અતૃપ્ત.
Insatiety, *s.* અસંતોષ, અતૃપ્તી. Inscribe, *v.* કોરવું.
Inscription, *s.* લેખ, શિલાક્ષર; પદ્ગી, ખેતાબ.
Inscrutable, *a.* ગહન, મુશ્કેલ. Insect, *s.* કીડો; જીવજંતુ.
Insecure, *a.* જોખમવાળું. Insecurity, *s.* ધાસ્તી; [જોખમ.
Insensible, *a.* અગોચર, અદૃશ્ય; બેભાન, અચેતન.
Insensibly, *ad.* જણાય નહીં એવી રીતે. [કે એવું.
Inseparable, *a.* અભંગ, અખંડય, જુદુ પડી ન શ-
Insert, *v.* Insertion, *s.* દાખલ કરવું, નોંધવું. [અંદર.
Inside, *s.* અંદરની બાજુ. 2 *ad.* અંદરની બાજુએ,
Insight, *s.* પરિચય; સમજણ, માહિતી; તપાસ.
Insinuate, *v.* યુક્તિથી દાખલ કરવું; ઉશ્કેરવું, સૂચવવું.
Insinuating, *a.* મન મેળવનાર. Insinuation, *s.* ઉ-શ્કેરણી.
Insipid, *a.* બેસ્વાદ, ફીકું; અસર ન કરે એવું, સુસ્ત.

Insist, *v.* આગ્રહ-હઠ કરવી. Insnare, *v.* ફસાવવું; ફાંસામાં નાખવું.
Insobriety, *a.* છાકટાપણું, કેફ, ઘેન,અતિપાન.
Insociable, *a.* અતડું, અમેલાપી. Insolate, *v.* સુ-[કવવું.
Insolence, *s.*મગરૂરી,ઉદ્ધતપણું નફટાઇ,દાંડાઈ.
Insolent, *a.* ઉદ્ધત, મગરૂબ; મસ્ત, નફટ; દાંગો.
Insoluble, Insolvable, *a.* ઓગળે નહિ એવું; કઠણ; ગૂઢ. [દાર, દેવાળીયો.
Insolvency, *s.* નાદારી, દેવાદારી. Insolvent, *a.* ના-
Insomuch, *ad.* એટલે સુધી કે. Inspect, *v.* તપાસવું, શોધવું. [સ કરનાર; ઉપરી.
Inspection, *s.* તપાસ, તલાસ. Inspector, *s.* તપા-
Inspiration,*s.*ઈશ્વરીપ્રેરણા,શ્વાસ-દમલેવો.[આવવું.
Inspire, *v.* શ્વાસ-દમલેવો; ફુંકવું; પ્રેરણા કરવી;મદદે
Inspired, *a.* ઈશ્વર સૂચિત.Instability,*s.*અસ્થિરતા.
Install, *v.* રાજ્યાભિષેક કરવો. Installation, *s.* રાજ્યાભિષેક. [પ્રાર્થના; સ્થળ.
Instalment, *s.* હફતો, કાંધું. Instance, *s.* દાખલો,
Instant, *s.* ક્ષણ, પળ. 2 *a.* અગત્યનું;જલદી, ચાલતું.
Instantaneous,*a.* તાબડતોબ, તાત્કાલિક, તાત્ક્ષણિક.
Instantly, *ad.* પળમાં, હમણાંજ, જોતામાં, તરત.
Instate, *v.* પદસ્થ કરવું.Instead, *ad.*બદલે, ઠેકાણે.

Instep, *v.* પગની પાની. Instigate, *v.* ચઢાવવું, ઉ-
Instigation, *s.* ઉશ્કેરણી,શિખવણી;ઉઠાવણી. [શ્કેરવું.
Instil, *v.* થોડેથોડે મનમાં ઠસાવવું; નાખવું, રોપવું.
Instinct, *s.* પ્રેરણાબુદ્ધિ, જ્ઞાન; સમજ. [સ્થાપવું.
Institute, *s.* નિયમ, ધારો, કાયદો; સ્થાપના. 2 *v.*
Institution, *s.* સ્થાપના; નિયમ;ખાતુ;સ્થાપેલી મંડળી.
Instruct, *v.* શિખવવું, બોધ આપવો, આજ્ઞા કરવી.
Instruction, *s.* કેળવણી, શિક્ષા, બોધ. [ખવનાર.
Instructive, *a.* બોધક. Instructor, *s.* શિક્ષક, શિ.
Instrument,*s.*હથિઆર,શસ્ત્ર;કારણ;લેખ; ખત; વાજીંત્ર.
Instrumental, *a.* કાર્ય સાધક, કારણ ભૂત, મદદગાર.
Instrumentality, *s.* મારફત,દ્વાર;સાધકપણું,નિમિત્ત.
Insubordinate,*a.*શીરજોર,હુકમ ન માને એવું,બેહુકમી.
Insubordination, *s.* આજ્ઞાભંગ,અવિનય,શીર જોરી.
Insubstantial, *a.* ખોટું, અસત્ય.
Insufferable, *a.* અસહ્ય.
Insufficiency, *s.* અપૂર્ણતા, ઓછાપણું; નાલાયકી.
Insufficient, *a.* અપૂર્ણ, ઓછું; નાલાયક.–ly, *ad.*
Insular, *a.* બેટનું. [અપૂર્ણ રીતે.
Insulated, *a.* તુટક; અલગ, છુટું. [અપમાન કરવું.
Insult, *s.* અપમાન, અનાદાર, બેઅદબી, નિંદા.2 *v.*
Insuperable,*a.*જીતાયનહિએવું,દુર્જેય;અસાધ્ય,અસહ્ય.

Insupportable, *a.* અસહ્ય.-suppressible, *a.* છુપુ ન રખાય એવું.
Insurance, *s.* વીમો. Insure, *v.* વીમો ઉતારવો.
Insurgent, *s.* બળવાખોર, ફીતુરી, બંડખોર.
Insurmountable, *a.* જીતાય નહિ એવું, દુર્જેય; અસાધ્ય, અસહ્ય.
Insurrection, *s.* બંડ, બળવો, ફીતુર, ફીસાદ,દંગો.
Insusceptible, *a.* અજાણ.Intangible, *a.* અગ્રાહી.
Intastable, *a.* બેસ્વાદ. Integer, *s.* પૂર્ણાંક.
Integral, *a.* સંપૂર્ણ, અખંડ.
Integrity, *s.* પ્રમાણિકપણું; સંપૂર્ણતા.
Intellect, *s.* બુદ્ધિ, ચિત્ત,મન,પ્રજ્ઞા;સમજવાની શક્તિ;
Intellectual,*a.*માનસિક,બુદ્ધિગમ્ય; જ્ઞાનપાત્ર.[અક્કલ.
Intelligence, *s.*ખબર,બાતમી,સમાચાર;ચતુરાઈ,બુદ્ધિ.
Intelligent, *a.* ચતુર, ચંચળ; ખબર આપે એવું.
Intelligible, *a.*સમજાય એવું;ધ્યાનમાં ઉતરવા જોગ.
Intemperance, *s.* બેસુમારપણું, અમિતાહાર.
Intemperate, *a.* અમિતાહારી;બેસુમાર, અપરિમિત,
Intend, *v.*ધારવું, યોજવું; તાણવું; વધારવું.[અમર્યાદ.
Intense, *a.* અતિશય, ભારે,કઠણ.-ly, *ad.*અતિશય.
Intensity, *s.* અતિશયપણું; વિસ્તાર; જબરાઈ.
Intent, *s.*મતલબ,અભિપ્રાય.2 *a.*તત્પર,ગરક,તલ્લીન.

Intention, *s.* મનસુબો, ધારણા; અભિપ્રાય; અર્થ, પ્રયોજન.
Intentional, *a.* એકાગ્રતા; સંકલ્પનું, જાણી બુજીને.
Intentionally, *ad.* સમજીને, જાણી બુજીને.
Intently, *ad.* એકચિત્તથી, ધ્યાનદઈને.
Inter, *v.* દાટવું; દફ્ણાવવું. Intercalary, *a.* અધિક (માસ)
Intercede, *v.* વચ્ચે પડવું; વચ્ચે પડી ફડચો લાવ-
વો; માફ માગવી.
Intercedent, *a.* Interceder, *s.* મધ્યસ્થ, વચ્ચે પડનાર.
Intercept, *v.* અટકાવવું; અડચણ કરવી.
Interception, *s.* ગતિભંગ, અડકાવ, અડચણ.
Intercession, *s.* મધ્યસ્થી. Intercessor, *s.* મધ્યસ્થ.
Interchange, *s.* અદલાબદલ, સાટું.–course, *s.* વહેવાર.
Interdict, *v.* મનાઈકરવી. Interdictory, *a.* નિષેધકારક.
Interest, *s.* ફાયદો, લાભ; કલ્યાણ; વજન, સ્વાર્થ, દ-
રકાર, આસ્થા; પાંતી; વ્યાજ, વગવસીલો; મઝા, રસ.
Interesting, *a.* મનોરંજક. Interfere, *v.* આડેઆવવું.
Interference, *s.* મધ્યસ્થી. Interfuse, *v.* વચ્ચેપડવું.
Interim, *s.* દરમીયાન.
Interior, *s.* અંદરની બાજુ, મધ્યદેશ. 2 *a.* અંદરનું.
Interjection, *s.* કેવળ પ્રયોગી અવ્યય.
Interlink, *v.* ઓળે લખવું.
Interlope, *v.* નાહક વચમાંપડવું.–r, *s.* માથું મારનાર.

Intermarriage, *s.* સાટાપાટું.
Intermarry, *v.* માંહેમાંહે લગ્ન કરવા.
Misjudgment, *s.* ખોટો વિચાર, ગેરસમજુતી.
Mislay, *v.* ગફલત કરવી, આડુંઅવળું મુકવું.
Mislead, *v.* ઉંધુ સમજવું, ભંભેરવું; ફસાવવું.
Mismanage, *v.* અંધેર કારભાર ચલાવવો.
Mismanagement, *s.* અંધેર કારભાર, ગેરવહિવટ.
Misname, *v.* ખોટું નામ આપવું.
Misnomer, *s.* અયોગ્ય નામ.
Misplace, *v.* ગફલત કરવી; ખોટેસ્થાને મુકવું.
Misprint, *v.* છાપવામાં ચુક-દોષ.
Mispronounce, *v.* અશુદ્ધ ઉચ્ચાર કરવો.
Mispronunciation, *s.* ખોટો ઉચ્ચાર, અશુદ્ધ ઉચ્ચાર.
Misrepresent, *v.* ઉંધું સમજાવવું; ખોટું બતાવવું.
Misrepresentation, *s.* ઉંધુંચતુ, મિથ્યાવર્ણન.
Misrule, *s.* અંધેર રાજ્ય, અંધાધુધી.

Miss, *s.* ચૂક, ભુલ, ગફલત; દોષ; હાનિ. 2 *v.* ભૂલવુ.
Misshape, *v.* બેડોળ કરવું.
Missing, *s.* ચૂક. 2 *a.* ખોવાતું.
Missile, *s.* ફેંકવાનું હથિયાર. 2 *a.* ફેંકવાનું.
Mission, *s.* પ્રયોજન,કામ;મોકલેલા વકીલોની મંડળી.
Missionary, *s.* પાદ્રી. Misspell, *v.* અશુદ્ધ લખવું.
Misspend, *v.* વ્યર્થ ખરચ કરવો.
Misstate, *v.* ખોટું બોલવું.
Misstatement, *s.* ખોટું બોલવું. Mist, *s.* ધુમસ.
Mistake, *s.* ભૂલ, ચૂક, કસર. 2 *v.* ભૂલવું, ચૂકવું.
Mistaken, *a.* ખોટું, સંદેહવાળું, ભૂલવાળું.
Mister, *s.* સાહેબ, શેઠ. Mistiness, *s.* ધુમસ.
Mistranslate, *v.* ખોટો તરજુમો કરવો.
Mistranslation, *s.* ખોટો તરજુમો–ભાષાંતર.
Mistrust, *s.*અવિશ્વાસ,શંકા,વહેમ.2*v.*ભરોસોઉઠાવવો.
Misty, *a.* ધુમસવાળું; વાદળાવાળું.
Misunderstand, *v.* ખોટુંસમજવું;આડો અર્થ લેવો.
Misunderstanding, *s.* ગેરસમજુતિ; વાંધો; વિરોધ.
Misuse, *s.* નઠારો ઉપયોગ.2 *v.* નઠારી રીતે વાપરવું.
Mite, *s.* ઝીણો કીડો. Mitigate, *v.* શાંત પાડવું.
Mitigation, *s.* શમન, શાંત–નરમ પાડવું.
Mix, *v.* મેળવવું, એકઠું કરવું; મળવું, સામેલ થવું.

Mixture, *s.* મેળવણી,મિશ્રણ. Mizzle, *s.* ઘંડા છાંટા.
Moan, *s.* વિલાપ,રડાપીટ. 2 *v.* પોકારવું,પોકમુકવી.
Mob, *s.* હુલડી ટોળું. 2 *v.* ભીડ થવી.
Mobility, *s.* ચપળતા; ગમન યોગ્યતા.
Mock, *s.* હાસ્ય, મશ્કરી, ઠઠ્ઠો. 2 *v.* મશ્કરી કરવી; ચાળા પાડવા.
Mockery, *s.* મશ્કરી, હાસ્ય; તિરસ્કાર; ચાળા.
Mode, *s.* રીત, વિધિ, પ્રકાર, નિયમ; આકૃતિ, સંસ્કાર; ચાલ, રૂઢી, પ્રચાર, વસ્તુરૂપ.
Model, *s.* નમુનો, પ્રતિમા; માપ. 2 *v.* ઘડવું.
Moderate, *a.* મિતાહારી; મધ્યમ. 2 *v.*શાંત પાડવું.
Moderately, *ad.* થોડું થોડું; ધીમેધીમે.
Moderation, *s.* મિતાહાર; મનની શાંતિ; કરકસર.
Modern, *a.* આધુનિક, નવું, અર્વાચીન, હમણાનું.
Modest, *a.* નમ્ર, વિનીત; સાદો; મર્યાદશીલ.
Modesty, *s.* નમ્રતા, વિનય, લજ્જા, શરમ, મર્યાદા.
Modify, *v.* ફેરવવું, રૂપ બદલવું; બદલવું.
Modification, *s.* રૂપાંતરકરવું;રૂપભેદ; ફેરફાર;વિકાર.
Modified, *a.* બદલેલું. Modulation, *s.* સ્વરભેદ.
Moiety, *s.* અર્ધભાગ. Moil, *v.* મેલું કરવું; દમવું.
Moist, *a.* ભીનું, ભેજવાળું.—en, *v.* ભીનું કરવું.
Moisture, *s.* ભેજ, ભીનાશ. Molar, *s.* દાઢનો દાંત,

Molasses, *s.* ગોળ. Mole, *s.* ચાઠું, તલ;ડંકો;છછુંદર.
Molecule, *s.* કણ, અણુ, પરમાણુ.
Molest, *v.* તસ્દી આપવી, હેરાન કરવું,ઉપદ્રવ કરવો.
Molestation, *s.* ઉપદ્રવ, ઇજા, તસ્દી,હરકત, ખલેલ.
Mollify, *v.* નરમ કરવું Molten, *a.* ગાળેલું.
Moment, *s.* પળ, ક્ષણ.(every–) પળેપળે. 2 વજ-
Momentarily, *ad.* ક્ષણેક્ષણે, પળેપળે. [ન; અગત્ય.
Momentary, *a.* ક્ષણિક, ક્ષણભંગુર.
Momentous, *a.* વજનદાર, અગત્યનું; ભારે.
Momentum, *s.* વેગ, ઝપાટો. [વર્તી રાજા.
Monarch, *s.* રાજા, ભૂપતિ. (universal–) ચક્ર-
Monastery, *s.* મઠ. Monastic, *a.* મઠ સંબંધી.
Monday, *s.* સોમવાર. Monetary, *a.*નાણા સંબંધી.
Money, *s.* પૈસા,ધન,નાણું. (love of–) ધન લોભ.
–bag, *s.* થેલી.—borrower, *s.*પૈસા ઉછિના લેનાર.
–changer, *s.* સરાફ.–dealer, *s.*–સરાફ, નાણાવટી.
Monied, *a.* ધનવાન.
Monition, *s.* સૂચના, ચેતવણી; ઉપદેશ,બોધ; ઠપકો.
Monitor, *s.* ઉપદેશક, શિક્ષક; ચેતવણી આપનાર.
Money-lender,*s.*નાણાંધીરનાર.–less,*a.*નિર્ધન,ગરીબ.
Money-matter, *s.* લેવડ દેવડની બાબત.
Monk, *s.* જોગી,વેરાગી. Monkey, *s.* વાંદરો, વાનર.

Monogamist, *s.* એક સ્ત્રીવાળો.
Monogamy, *s.* એક પત્ની વ્રત.
Monopolist, *s.* ઈજારદાર; બથાવી પડનાર:
Monopolize, *v.* બથાવી પડવું, એકલાં ભોગવવું.
Monopoly, *s.* ઈજારો. Monosyllable, *s.* એકાક્ષર શબ્દ.
Monotheism, *s.* અદ્વૈતમત. Monotonous, *a.* એકસૂર-
Monotomy, *s.* એકસૂર; એક સરખાપણું. [વાળું.
Monsoon, *s.* ચોમાસું, વૃષ્ટિકાળ, વરસાદની રૂતુ.
Monster, *s.* રાક્ષસ; અદ્ભુત વસ્તુ.
Monstrous, *a.* અદ્ભુત, બિહામણું, ભયકર; દારૂણ.
Month, *s.* મહિનો, માસ.–ly, *a.* માસિક, દર માસનું.
Monument, *s.* યાદગીરીની નિશાની.
Mood, *s.* પ્રકાર, રૂપ; વૃત્તિ, પ્રકૃતિ. Moody, *a.* ઉદાસ.
Moon, *s.* ચંદ્ર, ચાંદો, શશિ. (full–) પુનમ. (new–) ચાંદરાત.–beam, *s.* ચંદ્ર કિરણ.–light, *s.* ચાંદણું, કૌમુદી.–plant, *s.* સોમવલ્લિ.–shine, *s.* ચંદની; ઘેલછા, ગાંડાઈ.–stone, *s.* ચંદ્રકાંત, ચંદ્રમણિ.–struck, *a.* ઘેલો, ચળેલ.
Moor, *s.* જંગલ, ભૂમિ. 2 *v.* લંઘારવું; નાંગરવું.
Mop, *s.* કુચો. Mope, *v.* ઉદાસ કરવું.
Moral, *s.* સાર; તાત્પર્ય, ભાવાર્થ. 2 *a.* નીતિમાન.
Moralist, *s.* નીતિ ઉપદેશક. Morality, *s.* નીતિશાસ્ત્ર

Moralize, *v.* નીતિને માર્ગે ચઢાવવું; નીતિબતાવવી.
Morally, *ad.* નીતીની રાહે વિચાર કરતાં.
Morals, *s.* નીતિ; નીતિ શાસ્ત્ર; આચરણ. વર્તણુક.
Morass, *s.* ભીની જગા. Morbid, *a* અસ્વસ્થ, રોગી.
Morbidness, *s.* રોગ, વિકાર. Morbose, *a.* રોગથી થયેલું.
More, *a.* અધિક, વધારે. (–and more) વધારે વધારે. (–or less) થોડું ઘણું.–over, *ad.* વળી, અને.
Morn, Morning, *s.* સવાર, પ્રભાત, પ્રાતઃકાળ.
Morning-star, *s.* શુક્રનો તારો. Morose, *a.* દુંભી.
Morrow, *s.* આવતી કાલ. Morsel, *s.* કોળીયો, ગ્રાસ.
Mortal, *s.* માણસ, મનુષ્ય, પ્રાણી. 2 *a.* નાશવંત, મર્ત્ય.
Mortality, *s.* મરણ, મૃત્યુ, મોત; મરકી; મનુષ્યતા.
Mortally, *ad.* મરણતોલ, અતિશય.
Mortar, *s.* કળીચુનો, કેલ; ખાયણી; ગરનાળ.
Mortgage, *v.* ઘરેણે મુકવું –deed, *s.* ગીરવીખત.
Mortgager, *s.* ગીરવી આપનાર, ઘરેણે મુકનાર.
Mortification, *s.* માન ખંડન; તપશ્ચર્યા; મારવું.
Mortify, *v.* માન ખંડન કરવું; સડાવવું; મારવું.
Mortise, *s.* દર, બાકું. Mosaic, *a.* પંચરંગી.
Mosque, *s.* મશીદ, દરગા. Moss, *s.* લીલ, શેવાળ.
Mossy, *a.* લીલવાળું. Most, *a.* સૌથી ઘણું.
Mostly, *ad.* ઘણું કરીને. Mote, *s.* કણ, પરમાણુ.

Moth, *s.* ઉધાઈ, કીડો. Mother, *s.* માતા, મા.
Mother-in-law, *s.* સાસુ. Motherless, *a.* મા વગરનું.
Mother-ly, *a.* મા સરખું.--tongue, *s.* સ્વભાષા.
Motion, *s.* ચાલ, ગતિ; ચેષ્ટા; ચાળા; મનોવૃત્તિ; દરખાસ્ત; કલ્પના.--less, *a.* અચળ, સ્થિર.
Motive, *s.* કારણ, હેતુ, મતલબ; ચાલાક, પ્રવર્તક.
Motley, *a.* પચરંગી. Motto, *s.* કેહેણી, કેહેવત; વાક્ય.
Mould, *s.* માટી, મૃત્તિકા; આકૃતિ; સંચો, બીબું. 2 *v.* બનાવવું, આકાર આપવો, રચવું.--er, *v.* ભુકો થવો.
Mouldy, *a.* ફુંગાઈ ગયેલું. Moult, *v.* પીછાં બદલવાં.
Mound, *s.* ડુંગરી, ટેકરી, પાળ, બાંધ.
Mount, *s.* ટેકરી, ડુંગરી. 2 *v.* ચઢવું; ચઢી બેસવું, સ્વારી [કરવી.
Mountain, *s.* પર્વત, ડુંગર, ગિરિ, શૈલ.
Mountaineer, *s.* પહાડમાં વસનાર, પાહાડી.
Mountainous, *a.* પાહાડી.
Mountebank, *s.* ઉંટ વૈદ્દ કરનાર.
Mounting, *s.* ચઢવું, ચઢાણ, આરોહણ; દાગિના.
Mourn, *v.* ખેદ કરવો, રડવું, શોક પાળવો. --er, *s.* રડનાર; સુતકી.--ful, *a.* ખિન્ન; દુઃખકારક.--ing, *s.* શોક; [સુતક.
Mouse, *s.* ઉંદર.--trap, *s.* ઉંદરવાઈ, કોળવઈ.
Mouth, *s.* મોહોડું, મુખ.--ful, *a.* કોળીયો, ગ્રાસ. --honour, *s.* નામનું માન.--piece, *s.* પીપોડી; સાધન.

Movable, *a.* જંગમ. Movables, *s.* જંગમ મિલકત.
Move, *s.* ખેલ. 2 *v.* ચલાવવું; આચકો આપવો; સમજાવવું; દરખાસ્ત કરવી.–ment, *s.* હાલચાલ; ગતિ.
Mover, *s.* દરખાસ્ત કરનાર.
Mow, *v.* દાતરડાથી કાપવું.
Much, *s.* બહુત્વ. 2 *a.* & *ad.* બહુ, પુષ્કળ, ઘણું.
Muck, *s.* ખાતર, છાણ.–worm, *s.* છાણનો કીડો.
Mud, *s.* કાદવ, કીચડ. Muddle, *v.* કાદવ છાંટવો.
Muddy, *a.* કાદવવાળું, મેલું. Muffle, *v.* છુપાવવું.
Mug, *s.* પ્યાલો. Muggy, *a.* ભીનું, શરદીવાળું.
Mulberry, *s.* સેતુરનું ઝાડ; સેતુર. [ખંડણીલેવી.
Mulct, *s.* દંડ, ગુન્હેગારી; ખંડણી. 2 *v.* દંડ કરવો;
Mule, *s.* ખચ્ચર.–teer, *s.* ખચ્ચર હાંકનાર.
Multifarious, Multiform, *a.* ભાતભાતનું.
Multiple, *s.* ગુણાકાર. Multiplicand, *a.* ગુણ્યાંક.
Multiplication, *s.* ગુણાકાર. Multiplicity, *s.* પુષ્કળ.
Multiplier, *s.* ગુણકાંક, ગુણક.
Multiply, *v.* ગુણવું; વધારવું; વધવું, પુષ્કળ થવું.
Multitude, *s.* જમાવ, સંગ્રહ, ટોળું; મોહોટી સંખ્યા.
Mum, *int.* ચુપ. Mumble, *v.* હોઠમાં બોલવું.
Mummy, *s.* મુવેલા માણસનું ખોખું.
Mangoose, *s.* નોળિયો. Muncipal, *a.* મુલકી.

Municipality, s. શેહેર સુધરાઈ ખાતું.
Munificence, s. સખાવત, ઉદારતા, ઔદાર્ય
Munificent, a. ઉદાર. Munition, s. ચઢાઈની સામગ્રી.
Murder, s. ખુન, હત્યા. 2 v. ખુન કરવું, હત્યાકરવી.
Murderer, s. ખુની. Murderous, a. ઘાતકી, ખુની.
Murky, a. અંધારૂ. Murmur, s. બરબડ. 2 v. બ-
Muscle, s. સ્નાયુ. [ડબડ કરવી.
Muscular, a. માંસવાળો; જોરાવર.
Muse, s. સરસ્વતી; ધ્યાન, ચિંતન. 2 v. ધ્યાન ધરવું.
Museum, s. કૌતકાલય. Mushroom, s. બિલાડીનોટોપ.
Music, s. ગાયન વિદ્યા, સંગીતશાસ્ત્ર; ગાયન.
Musical, a. ગાયન વિદ્યા સંબંધી; સુસ્વર, વાદ્યપ્રિય.
Musician, s. ગવૈયો, ગાનાર, ગંધર્વ.
Musk, s. કસ્તુરી.-deer, s. કસ્તુરીમૃગ.
Musket, s. બંદુક.-eer, s. બંદુકવાળો.
Musk-melon, s. ખરબુચ, તરબુચ.-rat, s. છછુંદ્રી.
Muslin, s. મલમલ. 2 a મલમલનું.
Musquitto, s. મચ્છર, ડાંસ. Mussulman, s મુસલમાન.
Must, v. જોઈએ. Mustache, s. મુછ.
Mustard, s. રાઈ.[માવ કરવો.-roll, s. હાજરીપત્રક.
Muster, s. હાજરી; નમુનો. 2 v. હાજરી લેવી; જ-
Musty, a. સુસ્રી. Mutability, s. અસ્થિરતા; અસ્થૈર્ય.

Mutable, *a.* અસ્થિર, ચલિત. Mute, *a.* મુંગું.
Mutilate, *v.* શરીરનો ભાગ કાપવો.
Mutineer, *s.* બળવાખોર. Mutinous, *a.* બંડખોર.
Mutiny, *s.* બંડ, બલવો, દંગો. 2 *v.* દંગો કરવો.
Mutter, *v.* બબડવું; જપવું, જપ કરવો.
Mutton, *s.* માંસ. Mutual, *a.* પરસ્પર, એકમેકનું.
Muzzle, *v.* તોપનું મોહોડું. 2 *v.* મોહોડું બાંધવું.
My, *pron.* મારૂં. Myriad, *s.* દસ હજાર.
Myself, *pron.* પોતે, જાતે, મારી મેળે.
Mysterious, *a.* છાનું, ગૂઢ, ગુપ્ત; ગુંચવણ ભરેલું.
Mystery, *s.* ગુપ્ત-છાની વાત; મર્મ.
Mystic, *a.* ગૂઢ, છાનું. Mythological, *a.* પુરાણોક્ત.
Mythology, *s.* પુરાણોક્ત ઈતિહાસ.

N.

Nadir, *s.* અધોબિંદુ. Nag, *s.* ટટ્ટુ, ઘોડું.
Naiad, *s.* જળદેવતા, નદીદેવતા, અપ્સરા.
Nail, *s.* નખ; ખિલો, ચુંક. 2 *v.* ખિલો મારવો.
Naked, *a.* નાગું, નગ્ન, ઉઘાડું; કેવળ, માત્ર; બોડકું; હથિયાર વગર.
Name, *s.* નામ, સંજ્ઞા; આબરૂ, કીર્ત્તિ. 2 *v.* નામ [આપવું-દેવું.
Namely, *ad.* એટલે. Namesake, *s.* નામરાશી.
Narrate, *v.* કથા કહેવી, હકીકત કહેવી, નિરૂપણ કરવું.

Narration, *s.* કથા, હકીકત; કથન, નિરૂપણ.
Narrative, *s.* હકીકત, વૃત્તાંત, હેવાલ; દંતકથા.
Narrator, *s.* કેહેનાર; કથા કરનાર.
Narrow, *a.* સાંકડું, બારીક; સંકટ ભરેલું, અડચણનું; પક્કું; કંજુસ, કૃપણ 2 *v.* સાંકડું કરવું.—ly, *ad.* સંકડાસથી; મુસીબતથી; બારીક નજરથી.—minded, *a.* સાંકડા મનનું; ઓછી બુદ્ધિનું.—ness, *s.* મનનું ઓછાપણું; સંકડાસ, અડચણ.
Nasal, *s.* અનુનાસિક વર્ણ. 2 *a.* નાકનું, ગગણતું.
Nasty, *a.* મેલું, ગંદું, નઠારૂં. Natal. *a.* જન્મનું.
Nation, *s.* પ્રજા,લોક.—al, *a.* લોકનું; સ્વદેશાભિમાની.
Nationality, *s.* દેશાભિમાન, જાતિ અભિમાન.
Native, *a.* જન્મવાસી.2 *a.* સ્વભાવિક; દેશી,જન્મેલું.
Nativity, *s.* જન્મ, ઉત્પત્તિ. Natron.*s.* સાજીખાર.
Natural, *s.* બેવકુફ; જન્મનો ગુણ. 2 *a.* કુદરતી, સ્વભાવિક; રાંડના પેટનું, અનૌરસ; યથાયોગ્ય, યથાર્થ.
Naturalist, *s.* કુદરતી તવારીખ જાણનાર.
Naturalize, *v.* દેશનું કરવું; અભ્યાસ-ટેવ પાડવી.
Naturally, *ad.* કુદરતથી, જન્મથી, સ્વભાવિક રીતે.
Nature, *s.* જગત, દુનિયા;માયા,શક્તિ; પ્રકૃતિ, ભાવ, ધર્મ; મીજાજ;માર્ગ,ચાલ;જાત, પ્રકાર; પ્રાણ; પ્રકૃતિધર્મ.
Naughty, *a.* ખરાબ, નઠારૂં, પાપી; લુચ્ચો, દાંડ.

Nauseate, *v.* કંટાળવું.
Nauseous, *a.* ગંધાતું, વાસમારતું.
Nautical, *a.* વાહાણ ચલાવવા સંબંધી.
Naval, *a.* નાવિક, વહાણનું. Navel, *s.* ડુંટી, નાભિ.
Naval-string, *s.* નાળ. Navigable, *a.* નૌકાગમ્ય.
Navigate, *v.*સફર કરવી;વહાણથી વેહેપાર ચલાવવો.
Navigation, *s.*નાવિક વિદ્યા,નૌકાશાસ્ત્ર;દરીયાનીસફર.
Navigator, *s.* સફર કરનાર, સમુદ્રગામી.
Navy, *s.* દરીયાઈ કાફલો. Nay, *ad.* ના, નહીં.
Near, *a.* પાસે, નજદીક; જોડે, નિકટનું -ly, *ad.*
Nearness, *s.* સમીપતા, પાસેપણું.[આસરે, સુમારે.
Neat, *s.* ઢોર, જનાવર. 2 *a.*સ્વચ્છ,ચોખું.–herd, *s.*
ગોવાળ. [ઠીકપણું.
Neatly, *ad.* સફાઈથી. Neatness, *s.* સ્વચ્છતા, ઠા-
Nebula, *s.*પડદો;ધાબુ. Necessarily,*ad.* અવશ્યક.
Necessaries, *s.* ધાન્યલુગડાં, સામગ્રી.
Necessary, *s.* સંડાસ, જાજરૂ; અગત્યની વાત; ધા-
ન્ય લુગડાં. 2 *a.* અગત્યનું, અવશ્યક.
Necessiate, *v.* જરૂર પાડવી.
Necessity, *s.* જરૂરીયાત, અગત્યતા;જરૂર, ગરજ,ખપ.
Neck, *s.* ગર્દન; સાંકડો ભાગ; કાનો, કોર. –cloth, *s.*
Necklace, *s.* કંઠી, હાર, સાંકળી,કંઠમાળા. [ગળપટો.

Necromancy, *s.* ભૂતવિદ્યા. Nectar, *s.* અમૃત,સુધા.
Nectarean, Nectareous, *a.* અમૃત સરખું.
Need, *s.* ગરીબી; સંકટ; ગરજ, દરકાર; કારણ, પ્રયોજન. 2 *v.* ગરજ પડવી. --ful, *a.* અવશ્યક, જરૂરનું.
Needle, *s.* સોય; હોકાયંત્રનો કાંટો. Needless, *a.* નકામું, નિરર્થક.
Needlework, *s.* શીવવાનું કામ.
Needy, *a.* ગરીબ, દરીદ્રી, કંગાલ; ગરજવાન.
Neem-tree, *s.* લીમડો. Nefarious, *a.* ઘાતકી, અતિદુષ્ટ.
Negation, *s.* નાકાર; અભાવ.
Negative, *s.* નકારનોશબ્દ. 2 *a.* નકારનું. 3 *v.* નિષેધ કરવો.
Neglect, *s.* ગફલત, ભૂલ; ત્યાગ, અનભ્યાસ. 2 *v.* ભુલવું.
Negligence, *s.* ગફલત, કસૂર. Negligent, *a.* ગાફેલ.
Negligently, *ad.* ગફલતથી.
Negotiate, *v.* કોલકરાર કરવો; વેચવું.
Negotiation, *s.* કોલકરાર, બંદોબસ્ત, વહીવટ.
Negotiator, *s.* વકીલ, ભાંજગડ કરનાર, દલાલ.
Negress, *s.* હબસણ. Negro, *s.* હબસી, સીધી.
Neigh, *v.* ખોંખારવું. Neighbour, *s.* પડોસી. [પડોસનું.
Neighbourhood, *s.* પડોસ. Neighbouring, *a.*
Neither, *conj.* બેમાંનું એક નહિ; આ ને એ નહીં.
Nephew, *s.* ભત્રિજો; ભાણેજ. Nereid, *s.* જળદેવી.
Nerve, *s.* જ્ઞાનતંતુ; શરીરનું જોર; ધૈર્ય, હિંમત. 2 *v.*

જોર આપવું.

Nerveless, *a.* કમજોર, દુર્બળ; રસ-કસ વગરનું.

Nervous, *a.* જ્ઞાનતંતુ સંબંધી, જોરાવર; અસરકારક; ઝાંઝી.

Nest, *s.* માળો, જાળું; વાડો; આશ્રમ. 2 *v.* માળો બાંધવો.

Nestling, *s.* તરત થયેલું બચ્ચું. 2 *a.* નવું સેવન થયેલું.

Net, *s.* જાળ, ફાંસો, પાશ; જાળી. 2 *a.* નક્કી, ચોખ્ખું.

Nether, *a.* નીચેનું, તળેનું. Netting, *s.* જાળી.

Nettle, *s.* કૌવચ. 2 *v.* સંતાપવું.

Network, *s.* જાળીદાર કામ.

Neuter, *s.* મધ્યસ્થ, ત્રાહિત; નપુંસક; હીજડો.

Neutrality, *s.* મધ્યસ્થપણું.

Neutralize, *v.* નિર્બળ કરવું.

Never, *ad.* કદી નહીં. Nevertheless, *ad.* તોપણ, તથાપિ.

New, *a.* નવું; નવીન; બીજું, અજાણ્યું; કરકરતું; અ-ભ્યાસ વગરનું. વગર ઓળખાણનું. -ly, *ad.* તાજું, નવું.

Newness, *s.* નવાઈ, નવાપણું, તાજાપણું.

News, *s.* ખબર, સમાચાર.-paper, *s.* વર્તમાનપત્ર.

News-writer, *s.* સમાચાર લખનાર.

New-year's-day, *s.* બેસતું વરસ.

Next, *a.* નજદીકનું. 2 *ad.* પછી. Nib, *s.* ચાંચ.

Nice, *a.* સુંદર; નાજુક, સુકુમાર; ગમ્યું; સૂક્ષ્મદ્રષ્ટિનું. -ly, *ad.* બારીક નજરથી; નાજુકપણે; ખંતથી.-ty, *s.*

બારીક નજર, ખંત; મિજાજ; બારીકાઈ.
Niche, *s.* ગોખલો. Nick, *s.* નોક.
Nickname, *s.* નિંદા સૂચક નામ; ચીડ, ખીજ.
Niece, *s.*ભત્રિજી;ભાણેજી.Niggard, *s.* કંજુસ; લોભી.
Niggardly, *a.* કંજુસ,હલકું. Nigh, *ad.*પાસે,નજીક.
Night, *s.* રાત,રજની,રાત્રિ.–blindness,*s.* રતાંજલો.
Night-fall, *s.* સંધ્યાકાળ.–fire, *s.* રાતનો પ્રકાશ.
Nightingale, *s.* બુલબુલ પક્ષી.
Nightly, *a.* રાતનું, રાત સંબંધી. 2 *ad.* રાત્રે.
Nightman, *s.* હલાલખોર Nightmare, *s.*કુસ્વપ્ન.
Nightwatch, *s.* રાતનો ચોકીદાર.Nimble, *a.*ચપળ.
Nimbly, *ad.* ચાલાકીથી, જલદીથી. Nine, *a.* નવ.
Nineteen, *a.* ઓગણીસ.Ninety, *a.* નેવું. [કરવો.
Ninth, *a.*નવમું.Nip,*s.* ચુંટી 2 *v.*ચુંટી ખણવી. નાશ
Nippers, *s.* ચીપીયો. Nipple, *s.* ડોચકું; કાંણું.
Nit, *s.* લીખ. Nitid, *a.* પ્રકાશિત,ઝળકતું;રમણીય.
Nitre, *s.* સુરોખાર.
Nitric-acid, *a.* સુરાખારનો તેજાબ.
Nitrous, *a.* સુરાખારનું. Nitty, *a.* લીખવાળું.
No, *ad.* નહીં, ના. 2 *a.* કોઈ નહીં, કાંઈ નહીં.
Nobility, *s.* કુલીનપણું, અમીરી; ઉમદાપણું; ઔ-
દાર્ય; ઉમરાવ, [રાફ; ઉદાર.

Noble, *a.* કુલવંત, ઉંચાકુળનું; ઉમદા, સુંદર; અસ-
Noble, Nobleman, *s.* ઉમરાવ, અમીર, સરદાર.
Noble-minded, *a.* ઉદાર મનનું.
Nobly, *ad.* ઉદાર મનથી.
Noblewoman, *s.* ભલી બાયડી.
Nobody, *s.* કોઈ નહીં. Nocent, *a.* દુ:ખકારક.
Nocturnal, *a.* રાતનું, નૈશ. [લાવવું; ધુણાવવું.
Nod, *s.* ડોલું, ઈસારો; આંચકો, ઝોલું. 2 *v.* ડો-
Nodding, *s.* ડોલું, ઝોકું. 2 *a.* ડોલતું, ધુણતું.
Noddle, *s.* માથું, તાળકું. Noddy, *a.* બેવકુફ, મૂઢ.
Noise, *s.* ઘોંઘાટ, શોર; બુમ, પોકાર; નાદ, સાદ.
2 *v.* બુમ પાડવી; થાળી પીટવી.-less, *a.* છાનુ.
Noisesome, *a.* નુકસાન કારક.
Noisy, *a.* ઘોંઘાટવાળું; ધામધુમવાળું; ખીચોખીચ વસ્તીનું.
Nomenclature, *s.* શબ્દકોશ. Nominal, *a.* નામનું જ.
Nominate, *v.* નામદેવું; નમવું; મુકરર કરવું.
Nomination, *s.* નેમણુક, યોજના; નિમવાની સત્તા.
Nominative, *s.* પ્રથમ. Nominator, *s.* નેમણા-
Nominee, *s.* ઠેરાવેલું. [ર, ઠેરવનાર.
Non-acceptance, *s.* અપરિગ્રહ.
Non-acquaintance, *s.* ગેરમાહિતી.-acquiescence,
s. અસંમતિ.-admission, *s.* અસ્વીકાર.-advert-

ence, *s.* અવિચાર.–appearance, *s.* ગેરહાજરી.
–compliance, *s.* અસ્વીકાર.–conductor, *s.* અ-
વાહક, અપ્રાપક.
None, *s.* કોઈ નહીં, એક પણ નહિ; મુદ્દલ નહીં.
Nonentity, *s.* અભાવ; અસંભવ; અસત્ પદાર્થ.
Non-essential, *a.* અનાવશ્યક.–existent, *a.* અ-
વર્તમાન,અવિદ્યમાન,અસત્.–resistance,*s.*અનિવારણ.
Nonsense, *s.* નિરર્થક ભાષણ, બડબડ, કંઈનું કંઈ.
Nonsensical, *a.* નિરર્થક, વગર અર્થનું, અસંબંધ.
Non-suit, *v.* દાવો રદ્દ કરવો.–ed,*a.*વાદમાં હારેલું.
Nook, *s.*ખુણો.
Noon, Noontide, *s.* બપોર, મધ્યાન્હ.
Noose, *s.* ફાંસો, જાળ, પાશ. 2 *v.* જાળમાં પકડવું.
Nor, *conj.*આએ નહીં ને તે પણ નહીં.
Normal,*a.* મૂળતત્વ શિખવનાર.
North, *s.* ઉત્તર દિશા, 2 *a.* ઉત્તર તરફનું.–east, *s.*
Northerly, Northern,*a.*ઉત્તર તરફનું. [ઈશાનકોણ.
Northing, *s.* ઉત્તરાયણ. North-star, *s.* ઉત્તરધ્રુવ.
Northward, *s.* ઉત્તર તરફ.
Northwest,*s.*વાયવ્ય કોણ.Northwind,*s.*ઉત્તરવાયુ.
Nose, *s.* નાક, નાસિકા.–bridle, *s.* નાથ.
Nosecut, *a.*નાક કટ્ટા.Nosegay, *s.* ગોટો,ફુલનોતોરો.

Noseless, *a.* નકટું. Nose-ring, *s.* વાળી, નથ.
Nostril, *s.* નસકોરૂં. Nostrum, *s.* જડીબુટ્ટી.
Not, *ad.* નથી, ના. Notable, *a.* પ્રસિદ્ધ,નામીચું.
Notary, *s.* વકીલ. Notation, *s.* આંકડા માંડવા.
Notch, *s.* ચીરો, ખાંચ. 2 *v.* ખાંચ પાડવી.
Note, *s.* ચિઠ્ઠી; નિશાની; આબરૂ; સૂર; યાદ; ખત; ટીકા; ધ્યાન. 2 *v.* ચિત્ત લગાડવું; નોંધવું; ટાંકવું.
Noted, *a.* પ્રસિદ્ધ, મહાશૂર; નોધી રાખેલું.
Nothing, *s.* નાસ્તિત્વ; ગરીબી; હલકીવાત. 2*ad.* કાંઈજનહિ
Notice, *s.* અવલોકન, નજર; લક્ષ, ધ્યાન; ખબર, સમાચાર; જાહેર ખબર; આદર સત્કાર. 2 *v.* ધ્યાનમાં આણવું; ચિત્ત દેવું; નામ લેવું; આદર સત્કાર કરવો.
Notification, *s.* જાહેર ખબર,સૂચના.
Notify, *v.* ખબર આપવી, સૂચના-જાહેર કરવું.
Notion, *s.* કલ્પના, તર્ક, વિચાર, ખ્યાલ; મત,બુદ્ધિ.
Notoriety, *s.* પ્રસિદ્ધિ; ઘેડ ફજેતી; બે આબરૂ.
Notorious, *a.* નામજાદું; પ્રખ્યાત; નઠારો, લુચ્ચો.
Notwithstanding, *conj.* તોપણ, પરંતુ, તથાપિ.
Nought, *s.* કાંઈ નહિ.
Noun, *s.* નામ, સંજ્ઞા, વિશેષ્ય.
Nourish, *v.* પાળવું, પોષવું.-er, *s.* પોષણ કરનાર.
Nourishing, Nourishment, *s.* પોષણ,પુષ્ટિ;આહાર.

Novel, *s.* ગાથા, કલ્પિત કથા. 2 *a.* નવું; અદ્ભૂત.
Novelty, *s.* નવાઈ, અપૂર્વતા, કૌતુક, નવલપણું.
November, *s.* અંગ્રેજી સાલનો અગ્યારમો મહિનો.
Novice, *s.* નવો, શિખાઉ, નવો અભ્યાસી.
Now, *ad.* હાલમાં, હવે; એ ઉપરથી.
Now-a-days, *ad.* આજકાલ.
Noway, Nowise, *ad.* સમૂળગું નહીં.
Nucleus, *s.* માવો, ગર્ભ. Nude, *a.* નાગું; ખાલી.
Nudity, *s.* નાગાપણું. Nugatory, *a.* પોકળ; ફોગટ.
Nuisance, *s.* પીડા, નુકશાન. Null, *a.* વ્યર્થ, નિર્જીવી.
Nullify, *v.* બાતલ કરવું, રદ્દ કરવું.
Numb, *a.* બેશુદ્ધ, સુસ્ત, જડ, સુનું. 2 *v.* સુસ્ત કરવું.
Number, *s.* સંખ્યા, ગણતરી, સુમાર; આંકડો; વચન.
Numberless, *a.* અસંખ્યાત, બેસુમાર, અગણિત.
Numbness, *s.* બેભાનપણું. Numeral, *a.* સંખ્યા, અંક.
Numeration, *s.* સંખ્યા પરિમાણ.
Numerator, *s.* અંશ.
Numerical, *a.* સંખ્યા સંબંધી.
Numerous, *a.* બહુ, પુષ્કળ. Nun, *s.* બાવી, વેરાગણ.
Nunery, *s.* સાધ્વીનો મઠ. Nuptial, *a.* લગ્ન સંબંધી.
Nuptials, *s.* લગ્ન, વિવાહ.
Nurse, *s.* દાઈ, આયા; ધાવ; ઓસડવેસડ આપનારી.

2 *v.*સભાળવું; ઉછેરવું;ધવડાવવું; પોષણ કરવું; ચાકરી
Nursery, *s.* સુવાવડની ઓરડી; પાલનસ્થાન. [કરવી.
Nurture,*s.*આહાર;ઉપદેશ.2 *v.*પોષણ કરવું;શિખવવું.
Nut, *s.* ગોટલો.–cracker, *s.* સુડી.–meg, *s.*જાયફલ.
Nutriment, *s.* ભક્ષ, આહાર, ભોજન; પુષ્ટિ.
Nutritious, *a.* પુષ્ટિકારક.
Nutrition, *s.* ખોરાક, ભોજન.
Nymph, *s.* જળદેવતા,વનદેવતા;અપ્સરા, પરી; સુંદરી.

O

O, *int.* અરે, રે. Oak, *s.* ઝાડનું નામ છે.
Oar, *s.* હલ્લેસું, ચાટવો. 2 *v.* હલ્લેસાં મારવાં.
Oath, *s.* સમ, શપત, કસમ, આણ, પ્રતિજ્ઞા.
Obduracy, *s.* હઠ, પાપનિગ્રહ.
Obdurate, *a.* જક્કી, મમતી.
Obedience, *s.* તાબેદારી, આધિનતા, આજ્ઞાંકિતપણું.
Obedient, *a.* તાબેદાર, આજ્ઞાંકિત, આધિન.
Obeisance,*s.* નમસ્કાર. Obelisk, *s.*મિનારો,શિખર.
Obey, *v.* હુકમ માનવો, માનવું,ગણકારવું,સાંભળવું.
Object, *s.* ચીજ, વસ્તુ, પદાર્થ; વિષય, બાબત; મતલબ, પ્રયોજન; કર્મ. 2 *v.* વાંધો લેવો; પ્રતિબંધ કરવો; સામા થવું.
Objection, *s.* અડચણ, વાંધો; તકરાર, શંકા; દોષ.

Objectionable, *a.* વાંધો લેવા જોગ.
Objective, *s.* કર્મ. Oblation, *s.* ભોગ, બળીદાન.
Obligation, *s.* જરૂરીઆત; ઉપકાર, આભાર; જામીનગીરી.
Obligatory, *a.* આવશ્યક, જરૂર
Oblige, *v.* ફરજ પાડવી; ઉપકાર કરવો, કૃપા કરવી.
Obliged, *a.* આભારી. Obliging, *s.* પરોપકારી; પ્રિયકર.
Oblique, *a.* આડું, વાંકું.
Obliquity, *s.* વાંકાપણું, વક્રતા.
Obliterate, *v.* ભુસી નાખવું; નાશ કરવો, બુજવવું.
Oblivion, *s.* વિસ્મૃતિ. Oblivious, *a.* વિસરાળુ.
Oblong, *a.* પોહોલાઈ કરતાં વધારે લાંબી આકૃતિ.
Obloquy, *s.* નિંદા, બદગોઈ, અપવાદ; લજ્જા; શરમ.
Obnoxious, *a.* નુકશાન કારક.
Obscene, *a.* ભુંડું, બિભત્સ; અશુભ.
Obscenity, *s.* બિભત્સપણું; ગાળ, દુર્ભાષણ; બદફેલી.
Obscure, *a.* અંધારૂં; ગૂઢ, દુર્બોધ; અપ્રસિદ્ધ. 2 *v.* અધરૂં કરવું.
Obsequies, *s.* પ્રેત સંસ્કાર. Obsequious, *a.* આધીન.
Observance, *s.* વૃત્ત, અનુષ્ઠાન; ધ્યાનઆપી જોવું; સન્માન.
Observation, *s.* ધ્યાન આપી જોવું; ટીકા; માન; ભાષણ, આચરણ.
Observatory, *s.* તારા જોવાની જગ્યા.
Observe, *v.* નિહાલવું; ટીકા કરવી; નીમ પાળવો.

Obsolete, *a.*રદ્દ,બાતલ. Obstacle, *s.*અડચણ,હરકત.
Obstinacy,*s.*હઠ,મમત.Obstinate, *a.*હઠીલું,મમતી.
Obstruct, *v.* અડચણ કરવી; સામે થવું.
Obstruction, *s.* અડચણ, હરકત, પ્રતિબંધ, વિઘ્ન.
Obtain, *v.* મેળવવું, સંપાદન કરવું; ચાલવું.
Obtainable, *a.* પ્રાપ્ય. Obtained, *a.* મેળવેલું.
Obstrusion, *s.* વચ્ચે ઘુસવું.
Obstrusive, *a.* વચ્ચે ઘુસે એવું.
Obviate, *v.* ટાળવું, દૂર કરવું.
Obvious, *a.* ખુલ્લું, પ્રત્યક્ષ.
Occasion, *s.* તક, પ્રસંગ; કારણ, પ્રયોજન. 2 *v.* ઉ-
Occasional, *a.*વખતસર; અનિત્ય. [ત્પન્ન કરવું;થવું.
Occasionally, *ad.* વખતે વખતે. Occult, *a.* ગુપ્ત.
Occupation, *s.* કામ, ધંધો, ઉદ્યમ, વેપાર.
Occupy,*v.*ધંધે લગાડવું;ગુંથાવવું;વાપરવું;ધંધો કરવો.
Occur, *v.* બનવું, થવું,વિતવું;યાદ આવવું;અથડાવવું.
Occurrence, *s.* અકસ્માત્ બનાવ; યાદ; વાત,બીના.
Ocean, *s.*મહાસાગર,સાગર.-ic,*a.*મહાસાગર સંબંધી.
Ochre, *s.* (red) ગેરૂ. (yellow) હડતાળ.
Octagon, *s.* આઠખુણાની આકૃતી.
Octavo, *s.* આઠ પાનાનો આંક; અષ્ટપત્ર.
October, *s.* અંગ્રેજી વર્ષનો દશમો માસ.

Ocular, *a.* આંખનું; પ્રત્યક્ષ. Oculist, *s.* નેત્રવૈદ્ય.
Odd, *s.* એકી, અસમ; વિલક્ષણ; પરચુરણ; કજોડ.
Odds, *s.* કજોડ; કજીયો. Ode, *s.* ગઝલ.
Odious, *a.* અણગમતું, ના પસંદ; દ્વેષકારક.
Odium, *s.* ઠપકો, દોષ; દ્વેષ, ધિક્કાર.
Odorous, *a.* સુગંધી. Odour, *s.* ખુશબો, સુગંધ; વાસ.
Of, *prep.* ના, ની, નું; સંબંધી, વિશે. [4 *int.* નિકલ.
Off, *a.* બાહારનું. 2*ad.* આઘું, દૂર. 3 *prep.* નિરાળું.
Offence, *s.* અપરાધ, વાંક; ઈતરાજી; ગુસ્સો, નુકસાન.
Offend, *v.* ગુસ્સે કરવું, અપમાન કરવું, ત્રાસ આપવો.
Offended, *a.* ખીજવાયલું; અસંતોષી, નાખુશ.
Offender, *s.* અપરાધી, તકસીરવાન, ગુન્હેગાર.
Offensive, *a.* ક્રોધજનક; નાપસંદ, ત્રાસદાયક; ઘાતક.
Offer, *s.* માંગણી, ભેટ, અર્પણ. 2 *v.* માંગવું, અર્પણ કરવું.
Offering, *s.* ભેટ, અર્પણ; બલિદાન; માંગણી.
Office, *s.* અધિકાર, ઓધ્ધો; ધર્મ; પેઢી; કચેરી.
Officer, *s.* અમલદાર, અધિકારી, કામદાર.
Official, *s.* અધિકારને લગતું; સત્તા ભરેલું.
Officially, *ad.* સત્તા ભરેલી રીતે.
Officiate, *v.* કામ ચલાવવું.
Officious, *a.* મેહેરબાન, માયાળુ; ધાલમેલીયો.
Offspring, *s.* બચ્ચું, સંતાન, સંતતિ, વંશ, ઓલાદ.

Oft, Often, *ad.* વારંવાર, ઘડીયે ઘડીયે, ઘણીવાર.
Ogle, *s.* કટાક્ષ, નેણ. Oh, *int.* અરે, અહો, હાય.
Oil, *s.* તેલ. 2 *v.* તેલ લગાડવું; મેલું કરવું.
Oilcake, *s.* ખોળ. Oilcloth, *s.* મીણ કપડ.
Oilman, *s.* ઘાંચી. Oilmill, Oilpress, *s.* તેલનીઘાણી.
Oily, *a.* તેલકટ, ચીકણું. Ointment, *s.* મલમ લેપ.
Old, *a.* બુઢું, જઈફ, વૃદ્ધ; પુરાતન; પ્રાચીન.–age, *s.* ઘડપણ, વૃદ્ધાવસ્થા.–fashioned, *a.* જુની ચાલનું. –man, *s.* ડોસો, જઈફ, બુજરગ.–woman, *s.* ડોસી, ઘરડી.
Oligarchy, *s.* થોડા લોકથી ચલવાતું રાજ્ય.
Omen, *s.* સુકન, પ્રશ્ન; ચિન્હ. Ominous, *a.* અશુભ.
Omission, *s.* ભુલ, ચુક; તફાવત, અંતર, કસુર.
Omit, *v.* છોડીદેવું, વર્જવું; વિસરવું, ભુલી જવું.
Omnipotence, *s.* સર્વશક્તિ.
Omnipotent, *a.* સર્વ શક્તિમાન.
Omnipresent, *a.* સર્વવ્યાપક. Omniscient, *a.* સર્વજ્ઞ.
On, *prep.* ઉપર, પર; વિષે, સંબંધી. 2 *ad.* આગળ.
Once, *ad.* એકવાર, એકદમ; આગળ, પૂર્વે.
One, *s.* એકડો; એક માણસ. 2 *a.* એક સરખું; કોઈએક.–eyed, *a.* કાંણો.–ness, *s.* એકપણું, એકી, ઐક્ય.
Onerate, *v.* લાદવું. Onerous, *a.* ભારે; દુઃસહ.
Oneself, *a.* આપ, પોતે, ખુદ. Onion, *s.* ડુંગળી.

Only, *ad.* માત્ર, કેવળ, તદ્દન. 2 *a.* એકલું, એકજ.
Onset, *s.* હુમલો, ધસારો. Onward, *a.* આગળ.
Opacity, *s.* અપારદર્શકપણું. Opaque, *a.* અપારદર્શક.
Open, *a.* મોકળું; ઉઘાડું, ખુલ્લું; નિષ્કપટી; પ્રસિદ્ધ; ઉદાર. 2 *v.* ઉઘાડવું; દેખાડવું, તપાસવું, પ્રફુલ્લિત કરવું; ફોડવું; સ્પષ્ટકરવું; જાહેરકરવું; ઉઘડવું; પસરવું; [પ્રફુલ્લિત થવું.
Open-handed, *a.* ઉદાર, મોકળામનનો.
Opening, *s.* પ્રારંભ, મંડાણ; ભોક, છિદ્ર; રસ્તો, માર્ગ.
Openly, *ad.* ખુલ્લીરીતે. Opera, *s.* ગાયન.
Operate, *v.* વાઢવું, કાપવું; ગુણકરવો; લાગુ થવું.
Operation, *s.* વાઢકાપ; કામ, વ્યાપાર, પ્રયોગ.
Operative, *s.* કારિગર, કિસબી. 2 *a.* ક્રિયાકારી; [ગુણકારક.
Operator, *s.* કરનાર; વાઢકાપ કરનાર.
Operose, *a.* માથાફોડિયું. Opiate, *a.* નિંદ્રાજનક.
Opinion, *s.* મત, વિચાર, અભિપ્રાય; યોગ્યતા, સમજ.
Opium, *s.* અફીણ.–water, *s.* કસુંબો.
Opponent, *s.* સામાવાળીયો; શત્રૂ, દુશ્મન. 2*a.* ઉલટું.
Opportune, *a.* તકરાર, સમયોચિત, સવેળા.
Opportunity, *s.* તક, સમય, પ્રસંગ; સાધન, સંધાન.
Oppose, *v.* સામે થવું, આડા આવવું. [પ્રતિકૂળ; ઉલટું.
Opposite, *a.* પ્રતિપક્ષી, સામાવાળો. 2 *a.* સામું,
Oppress, *v.* જુલમ કરવો.

Oppression, s.જુલમ;પીડા.Oppressor,s.જુલમગાર.
Opprobrious, a. નિંદક; અપવાદક.
Optative, a.ઈચ્છાસૂચક. Optical,a. નજરસંબંધી.
Optician, s. દૃષ્ટિશાસ્ત્ર યંત્ર કરનાર.[-al,a.ખુશીનું.
Optics, s. દૃષ્ટિશાસ્ત્ર. Option, s. ખુશી, ઈચ્છા.
Opulence, s.ધન,દોલત.Opulent,a.તવંગર,ધનવાન.
Or, conj. અથવા;નહીંતો. Oracle,s. દેવવાણી;શુકન.
Oral, a. મોહોડાનું.-ly, ad. મુખ જુબાનીએ.
Orange, s.નારંગી.-coloured,a.નારંગીના રંગજેવું.
Oration, s. સુભાષિત ભાષણ, સાલંકાર ભાષણ.
Orator, s. સુભાષિત બોલનાર, સુવક્તા, વાક્યચતુર.
Oratory, s. સુભાષિત ભાષણ; વાક્ચાતુર્ય.
Orb, s. મંડળ; ફેરો;ચક્ર Orbit,s.ગ્રહને ફરવાનો માર્ગ.
Orchard, s. ફળબાગ, બગીચો.
Orchestra, s.નોબતખાનું.Ordain,v.નિમવું,સ્થાપવું.
Ordeal, s. અજમાશ; ક્રિયા.
Order, s. હુકમ, આજ્ઞા; વર્ગ, જાતી; પદ્ધી;મંડળી; અનુક્રમ, હાર; વ્યવસ્થા; પરવાનગી; રજા. 2 v. હુકમ કરવો; વહીવટ કરવો; રચવું.
Orderly, a. વ્યવસ્થિત; નિયમશીલ. 2 ad. અનુક્રમે.
Ordinance, s. કાયદો, ધારો; સંસ્કાર, વિધિ, ક્રિયા.
Ordinary, s. રસોડું; ધર્મ સંબંધી કજીયા ચુકવ-

નાર.2 *a.* સામાન્ય, મધ્યમ.
Ordnance, *s.* તોપ; તોપખાનું. Ore, *s.* મિશ્રધાતુ.
Organ, *s.* અવયવ; સાધન; વાજંત્ર. (–of sense) જ્ઞાનેંદ્રિય. (–of action) કર્મેંદ્રિય.
Organic, *a.* ઇંદ્રિસંબંધી.
Organize, *v.* અવયવ સંપન્ન કરવું; બરોબર રીતે ગોઠવવું.
Orient, *s.* પૂર્વ. 2 *a.* ચળકતું. Oriental, *a.* પૂર્વનું.
Orientalist, *s.* પૂર્વદિશાની ભાષા જાણનાર.
Orifice, *s.* મુખ, દ્વાર, બાકું, મોહોડું.
Origin, *s.* મૂળ, બીજ, પ્રારંભ; ઉત્પતિસ્થાન; અસલનકલ.
Originality, *s.* નવી યોજના કરવાનીશક્તિ; અસલપણું.
Originally, *ad.* પ્રથમથી.
Originate, *v.* ઉત્પન્ન–કરવું, થવું.
Originator, *s.* ઉત્પન્ન કરનાર. Orison, *s.* પ્રાર્થના.
Ornament, *s.* ઘરેણું, સણગાર; શોભા. 2 *v.* શોભવવું.
Ornamental, *a.* શોભીતું. Ornamented, *a.* સુશોભિત.
Orphan, *s.* મા અથવા બાપ વગરનું છોકરૂં. 2 *a.* અનાથ.
Orthodox, *a.* ખરી નિષ્ઠાનું; યથાશાસ્ત્ર.
Orthography, *s.* વર્ણવિચાર. Oscillate, *v.* ઝોકાંખાવાં.
Oscillation, *s.* ઝોકું, ડોલાં. Ossicle, *s.* હાડકું.
Ostensible, *a.* પ્રસિદ્ધ; ડોળદાર; જાહેર, ખુલ્લું.
Ostentation, *s.* ઢોંગ, ડોળ; તાલમેલ. [ઢોંગી.

Ostentatious, *a.* ડોળદાર,ભપકાદાર; ખોટાદમામનું,
Other, *a.* બીજું, અન્ય. -wise, *ad.* બીજીરીતે.
Ottar, Otter, *s.* અત્તર. Ought, *v.* જોઈએ.
Ounce, *s.* અર્ધ ટાંક; શીકારનું જાનવર.
Our, *pr.*આપણું,અમારૂં.-selves, *pr.* આપણીમેળે.
Out, *ad.* બહાર;મોહોટે. 2 *int.* નિકળ,(-of)માંથી.
Outbalance, *v.* વજનમાંવધવું. Outbid, *v.* ચઢવું.
Outbrave, *v.* સામેથવું. Outbreak, *s.* બળવો.
Outcaste,*s.*નાતબહાર,જાતિભ્રષ્ટ.2*v.*જાત બહારમુકવું.
Outcry, *s.* બુમ, બુમાટો. Outdo, *v.* પાછળપાડવું.
Outdoor, *a.* ઘરની બહારનું. Outer,*a.* બાહારનું.
Outfit, *v.* મુસાફરીનો સામાન. 2 *v.* તૈયાર કરવું.
Outgo, *v.* સરસ થવું. Outgrow,*v.* પુષ્કળ વધવું.
Outhouse, *s.* પડશાળ. Outlast, *v.* ટકવું.
Outlaw,*s.*લૂટારો,બાહારવટીયો.2 *v.*દેશ બહાર કરવું.
Outlay, *s.* ખરચ, મંડામણ. Outlet, *s.* માર્ગ,દ્વાર.
Outline, *s.* મર્યાદા; નકશો; સંક્ષેપ.
Outlines, *s.*સંક્ષેપ;સાર. Outlive,*v.*પછવાડેજીવવું.
Outmarch, *v.* ચાલવામાં પાછળ પડવું.
Outuumber, *v.* સંખ્યામાં વધવું.
Outrage, *s.*જુલમ, બળાત્કાર;અનર્થ. 2*v.* અનર્થકરવો.
Outrageous, *a.* જુલમી, રાક્ષસી,મોહોટું, અનર્થનું.

Outreach, *v.* પાછળ પડવું; ઠસવું.
Outright, *ad.* તત્કાળ; સારી પેઠે.
Outroot, *v.* મૂળ કાઢવું. Outrun, *v.* વધી જવું.
Outset, *s.* પ્રારંભ, મંડાણ. Outshine, *v.* ફીકા પાડવું
Outside, *s.* સપાટી. 2 *a.* બહારનું.
Outskirt, *s.* મર્યાદા, સીમા. Outstep, *v.* મર્યાદા છોડવી.
Outstrip, *v.* પાછળ પડવું. Outward, *a.* બહારનું.
Outwardly, *ad.* ઉપર ઉપરથી
Outweigh, *v.* વજનમાં વધારે થવું, ચઢવું.
Outwit, *v.* યુક્તિએ ફસાવવું; કાન કાપવો.
Oval, *s.* અંડાકૃતિ 2 *a.* અંડાકાર.
Oven, *s.* ભઠ્ઠી, ચુલો. [પારપડવું.
Over, *prep.* પર. 2 *ad.* ઉપર; શિવાય. (to be—)
Overact, *v.* અધિક કરવું.
Overawe, *s.* ધાક. 2 *v.* ધમકાવવું.
Overbalance, *v.* વધારે વજન થવું. 2 *s.* વધારો.
Overbearing, *a.* ઉદ્ધત; અભિમાની, મગરૂર.
Overboard, *ad.* પાણીમાં.
Overburden, *v.* ઘણો બોજ ભરવો.
Overcast, *v.* છાયા કરવી, ઢાંકી નાખવું.
Overcome, *v.* જીતવું, તાબે કરવું; પારપાડવું, ફાવવું.
Overflow, *s.* રેલ. 2 *v.* જલમય કરવું, બુરાડવું; રેલઆવવી.

Overgrown, *a.* ફેલાયેલું. Overhear, *v.* કાને પડવું.
Overheat, *v.* ઘણું તપાવવું.
Overjoy, *s.* પરમાનંદ, ખુશાલી.
Overjoyed, *a.* ખુશ. Overlay, *v.* મઢાવવું.
Overleap, *v.* કુદીજવું. Overload, *v.* ઘણો ભાર ભરવો.
Overlook, *v.* અખાડા કરવા, નગણગારવું; નજર ચુકવી.
Overmuch, *a.* અતિશય. Overplus, *s.* બાકી, શીલક.
Overpower, *v.* જીતવું.
Overrate, *v.* વધારે ભાવ કહેવો.
Overrule, *v.* રદ કરવું. Overrun, *v.* પથરાઈ જવું.
Oversee, *v.* તપાસવું. Overseer, *s.* તપાસ કરનાર.
Overset, *v.* ઉધું પાડવું. Overspread, *v.* વ્યાપવું.
Overstep, *v.* ઓળંગવું. Overstock, *v.* ભરપુરકરવું.
Overt, *a.* ઉઘાડું, ખુલ્લું. Overtake, *v.* પકડીપાડવું.
Overturn, *v.* ઉંધું વાળવું; નાશ કરવો; જીતવું.
Overweening, *a.* પત્રાજીનું, મત્સરી.
Overweigh, *v.* વજનમાં વધારો કરવો.
Overwhelm, *v.* ઘેરી લેવું, ઘેરવું; ગરક કરવું.
Overwork, *v.* શક્તિ ઉપરાંત કામ કરાવવું.
Overzealous, *a.* ઘણોઉત્કંઠીત. Oviparous, *a.* અંડજ.
Owe, *v.* દેણદાર થવું; ઉપકારી થવું. [ને, લીધે.
Owing, *a.* કર્જ કરવાનું હોય એવું. (to) એથીકરી

Owl, *s.* ઘુવડ,ઘુડ. [ધણી થવું,ઓળખવું;દાવો કરવો.
Own, *a.* પોતાનું અંગનું. 2 *v.* પત કરવું;કબુલ કરવું;
Owner, *s.* ધણી, માલેક; અંગીકાર કરનાર.
Ownership, *s.* માલીકપણું. Ox, બળદ, બેલ.

P.

Pa, *s.* બા, બાપા, બાવા.
Pace, *s.* કદમ, પગલું; ગતિ, વેગ. 2 *v.* ઘોડાનું ચાલવું; પગલાં ભરી ચાલવું.
Pacific, *a.* શાંત, નરમ સ્વભાવનું.
Pacification, *s.* શાંતિ; સલાહ, સમજુતી.
Pacificator, *s.* સલાહ કરાવનાર; મધ્યસ્થ.
Pacified, *a.* શાંત પાડેલું.
Pacify, *v.* શાંત પાડવું; સલાહ કરાવવી.
Pack, *s.* ગાંસડી; ટોળું; ભાર; ગંજીફો;કૂતરાનું ટોળું. 2 *v.* સીચી સીચી ભરવું; ગાંસડી બાંધવી. (-off) રસ્તે લગાડવું; ચંપાવું, દબાવું.
Package, *s.*ગાંસડી;બોજો. Pack-cloth, *s.*બાંધણ.
Packet, *s.* પડીકું; ડાક. 2 *v.* પડીકું કરવું, ગાંસ-
Packsack, *s.* ગુણપાટ. [ડીમાં બાંધવું.
Packthread, *s.* દોરી, સુતળી. [મેધીમે ચાલવું.
Pad, *s.* પગરસ્તો; લુટારો; ગાદી, તકીયો. 2 *v.* ધી-
Paddle, *s.* હલ્લેસું. 2 *v.* હલ્લેસાં મારવાં.
Paddy, *s.* ભાત. Padlock, *s.* તાળું, કુલુપ.

Pæan, *s.* જયગીત. Pagan, *s.* મુર્તિપૂજક. 2 *a.* મૂ-
Paganism, *s.* મૂર્તિપૂજા, બુતપરસ્તી. [ર્તિપૂજકનું.
Page, *s.* પાનુ, પૃષ્ટ; હજુર, ખીજમતદાર. 2 *v.* હ-
જુર રેહેવું. [તું, ભપકાદાર.
Pageant, *s.* તમાસો; પુતળું; ભપકો. 2 *a.* શોભી-
Pageantry, *s.* ઠાઠમાઠ, ભપકો, દમામ, શોભા.
Pagoda, *s.* દેહેરૂ, દેવળ; સોનાનો શિક્કો; મૂર્ત્તિ.
Paid, *a.* આપેલું; પગાર કરેલું. Pail, *s.* મટકી.
Pain, *s.* દુઃખ,પીડા; બેચેન; શ્રમ, શિક્ષા. 2 *v.* દુઃ-
ખદેવું; દુઃખવુ.
Painful, *a.* દુઃખદાયક; કઠણ, મેહેનતનું.
Pains, *s.* મેહેનત, શ્રમ; જણતી વખતની વેદના.
Paint, *s.* રંગ. 2 *v.* રંગવું; વર્ણન-બ્યાન કરવું.
Painter, *s.* ચિતારો; રંગારી; વર્ણન કરનાર.
Painting, *s.* ચિત્ર, નકશો; રંગવું; વર્ણન, બ્યાન.
Pair, *s.* જોડ,જોડી;સ્ત્રીપુરૂષ.2 *v.*જોડી કરવી;લાયક થવું.
Palace, *s.*હવેલી,રાજમંદીર. Palankeen, *s.* પાલખી.
Palatable,*a.*સ્વાદિષ્ટ. Palatal,*a.*તાળવા સંબંધી.
Palate, *s.* તાળવું.
Pale, *s.* ઘેરાવો; કઠેરો. 2 *a.*ફિકું. 3 *v.* ગજ જડવા.
Paleness, *s.* ફિકાસ; ઝાંખાસ. Palisade, *s.* કઠેરો.
Palliate, *v.* બાહાનું કાઢવું. Pallid, *a.* ફિક્કું.

Palmister, *s.* હાથ જોનાર. Palmistry, *s.* સામુદ્રિકવિદ્યા.
Palmy, *a.* આબાદ; તાડવાળું. Palpable, *a.* ખુલ્લું.
Palpitate, *v.* ધબકવું. Palpitation, *s.* ધબકારો.
Palsy, *s.* પંખીઘાત. Paltry, *a.* હલકું, નજીવું, તુચ્છ.
Pamphlet, *s.* ચોપાનીયું.–teer, *s.* ચોપાનિયું લખનાર.
Pan, *s.* કઢાઈ, પેણો; ઘુંટણનો પોકળ ભાગ; ત્રાજવું.
Panacea, *s.* સઘળા રોગપર લાગુ પડે તેવું ઓસડ.
Pander, *s.* ભડવો. 2 *v.* ભડવાઈ કરવી.
Pane, *s.* કાચ, તક્તો. Panegyric, *s.* સ્તુતિવાદ.
Panegyrist, *s.* ગુણગાનાર. Pang, *s.* દુઃખ, કળતર.
Panic, *s.* દેહેશત, ભય. Pannier, *s.* પટારો, છાબ.
Panoply, *s.* બખ્તર, કવચ. Pant, *v.* હાંફવું; ઈચ્છવું.
Pantaloon, *s.* પાયજામો, ઈજાર. [દીપડો.
Pantheon, *s.* સર્વ દેવાલય. Panther, *s.* ચિત્તો,
Panting, *s.* છાતીનું ધબકવું; ઈચ્છા.
Pap, *s.* ચુંચી; સ્તન, થાન; નરમ ખોરાક.
Papa, *s.* બાપ, પીતા. Papaw, *s.* પોપૈયું.
Paper, *s.* કાગળ; પત્ર; દસ્તાવેજ; વર્તમાનપત્ર. 2 *a.*
Paper-kite, *s.* પતંગ. [કાગળનું.
Pappy, *a.* નરમ, પોચું. Par, *s.* સરભર, સમભાવ.
Parable, *s.* દાખલો. Parabolic, *a.* દૃષ્ટાંતરૂપ.
Parade, *s.* કવાયતની જગ્યા; ધામધુમ, ભપકો. 2 *v.*

કવાયત કરાવવી; ડોળઘાલવું.
Paradise, *s.* સ્વર્ગ, સુખધામ, આનંદ ભુવન.
Paradox, *s.* અસત્યભાસ. Paragraph, *s.*કલમ,લેખ.
Parallel, *s.*સમાંતર લીટિ;ઉપમા, તુલના;સમભાવ.
Parallelogram, *s.*સમાંતર બાજુની ચોખુણ આકૃતિ.
Paralysis, *s.*પંખીઘાત. Paralyze,*v.* નિર્બળ કરવું.
Paramount,*s.* શ્રેષ્ઠ;મુખ્ય.Paramour,*s.*યાર,આશુક.
Parapet, *s.* છાતી જેવડી ઉંચી ભીંત.
Paraphrase, *s.* ટીકા, વ્યાખ્યા. 2 *v.* તરજુમો કરવો.
Parasol,*s.*નાહાનીછત્રી. Parboil,*v.*અર્ધકાચું પકાવવું.
Parcel, *s* નાહાની ગાંસડી, પડીકું; ભાગ; મંડળી.
2 *v.* વેંહેંચવું.
Parch, *v.* કરમાવવું,સુકાવવું. Parcher,*s.* ભાડભુંજો.
Parchment, *s.* ચર્મપત્ર, ચામડાનો કાગળ.
Pardon, *s.* માફી, ક્ષમા. 2 *v.* માફ કરવું.
Pardonable, *a.*માફ કરવા જોગ. Pare, *v.* તાસવું.
Parent, *s.* માબાપ; કારણ, હેતુ.-age, *s.* ખાનદાન.
Parental, *a.* માબાપનું.
Parenthesis, *s.* ઉપવાક્ય; કૌંસ.
Parenthetical, *a.*કૌંસમાંનું. Paring, *s.* છાલ,છોલ.
Parish, *s.* ધર્મગુરૂનો મુલક. Parity, *s.* સરખાપણું.
Park, *s.* મેદાન; તોપખાનું.Parlance, *s.* વાતચીત.

Parley, *s.* કબુલાત; વાદવિવાદ. 2 *v.* મોહોડાની ક-
બુલાત આપવી. [નારી સભા.
Parliament, *s.* ગ્રેટબ્રીટનના રાજ્યની ધારા બાંધ-
Parlour, *s.* ઓરડો. Parole, *s.* શત્રુએ આપેલું વચન.
Parricide, *s.* બાપનું ખુન. Parrot, *s.* પોપટ.
Parry, *v.* ચુકવવું, ટાળવું. Parse, *v.* વ્યાકરણ કરવુ.
Parsimonious, *a.* કંજુસ, બખીલ, કૃપણ; કસરીયો.
Parsimony, *s.* કંજુસાઈ, કસર.
Parsing, *s.* વ્યાકરણ કરવું. Parson, *s.* પાદ્રી.
Part, *s.* ભાગ, હિસ્સો; અવયવ, અંશ; સંબંધ; પક્ષ,
બાજુ; કર્મ; વેષ. 2 *v.* વેંહેચવું; જુદું પાડવું; છુટા થ-
વું; ભાગ મળવો; આજ્ઞા લઈ જવું.
Partake, *v.* હિસ્સો લેવો. Partaker, *s.* ભાગીદાર.
Partial, *a.* પક્ષપાતી; તરફદાર; એકપક્ષી; અધુરું, અપૂર્ણ.
Partiality, *s.* તરફદારી, પક્ષપાત.
Participate, *v.* વેંહેચી આપવું; સામેલથવું, ભાગ લેવો.
Participation, *s.* હિસ્સો, ભાગ.
Participial, *a.* કૃદંતરૂપ. Participle, *s.* કૃદંત.
Particle, *s.* કરચ, કણ; અવ્યય.
Particular, *s.* ચોકસવાત; દાખલો; પ્રકરણ. 2 *a.* અ-
સાધારણ; ચોકસ, અમુક; અલૌકિક; સવિસ્તર.
Particularize, *v.* સવિસ્તર વર્ણન કરવું.

Particularly, *ad.* વિશેષે કરીને, ખસૂસ;વિગતવાર.
Parting, *s.* વિરહ,વિયોગ. Partisan, *s.* પક્ષપાતી.
Partition, *s.* આડો પડદો; વાંટો; ખંડ. 2 *v.*ખંડ-[કરવા; વેંહેંચવું.
Partly, *ad.* થોડુંક, કિંચિત.
Partner, *s.* ભાગીયો, પાંતીદાર; જોડીઓ, સાથી.
Partnership, *s.*ભાગ,પાંતી. Patridge, *s.*તીતડપક્ષી.
Parts, *s.* બુદ્ધિ, ગુણ, મનશક્તિ; પ્રાંત, દેશ.
Party, *s.* ટોલી, ટુકડી; આસામી;ભાગીદાર; તરફદારી; મગતીયો; મેજબાની, બેઠક, મંડળી.—coloured, *a.* ચિત્રવિચિત્ર.
Pass, *s.* રસ્તો, માર્ગ; પરવાનો; ખીણ; અવસ્થા. 2 *v.* પાર કરવું; કબુલ કરવું; ગુમ થવું; બનવું, હોવું. (off, away) ચલાવી લેવું. (on) આગળ ચાલવું. (over) ચલાવીદેવું, માફ કરવું. (a bill)બીલ [પસાર કરવું.
Passable, *a.* કામ ચલાઉ, ચાલે એવું.
Passage, *s.* રસ્તો, માર્ગ; ગલી; જવા આવવાની પરવાનગી; મજલ.
Passenger, *s.* ઉતારૂ, વટેમાર્ગુ; જનાર આવનાર.
Passion, *s.* રીસ, ઝાંજ, ક્રોધ, જુસ્સો; વ્યસન.
Passionate, *a.* જોસ્સાવાળો; ક્રોધી,તામસી;ઉત્કંઠિત.
Passive, *a.* કર્મણિવાચક; સહનશીલ; નિર્વ્યાપાર.
Passport, *s.* પરવાનો, રાહદારીની ચીઠ્ઠી.

Past, *s.* ગયેલો વખત. 2*a.*ગુજરેલું.3*prep.* આગળ.
Paste, *s.* લહી, ખળ 2 *v.* લહી લગાડી ચોઢવું.
Pastime, *s.* રમત, ખેલ. Pastor, *s.*ભરવાડ; આચાર્ય.
Pastoral, *a.*ભરવાડનું;ધર્મ ગુરૂનું. Pastry,*s.*પકવાન.
Pasturage, *s.* ચારો, ઘાસ; બીડ, વાંટો. [ચરવું.
Pasture, *s.*ચરવાનીજગ્યા; ચારો,ઘાસ. 2 *v.* ચરાવવું;
Pat, *s.* થાપડવું,થાપટી.2 *a.*યોગ્ય,લાયક.3*v.*થાપડવું.
Patch, *s.* થિંગડું, ગાબડું. 2 *v.* થિંગડું મારવું.
Pate, *s.* માથું.
Patent, *s.* સનંદ, ફરમાન. 2 *a.* સનંદવાળું;સ્પષ્ટ.
Paternal,*a.*બાપનું. Paternity, *s.*પિતૃત્વ,બાપપણું.
Path, *s.* રસ્તો, માર્ગ. Pathetic, *a.* અસરકારક.
Pathless, *a.*રસ્તાવગરનું.Pathology, *s.*રોગનિરૂપણ.
Pathos, *s.*લાગણી; કરૂણારસ; મનનો જુસ્સો.
Patience, *s.* ધીરજ, સહનશક્તિ, સબુરી; ક્ષમા.
Patient, *s.* રોગી;ધીરજવાન;ધીરૂ.–ly, *ad.*ધીરજથી.
Patriarch, *s.* આદિમનુષ્ય, મૂળ પુરૂષ;વૃદ્ધજન.
Patrician, *s.* કુલીન પુરૂષ. 2 *a.* કુળવંત, કુલીન.
Patrimony, *s* વારસો. Patriot, *s.* સ્વદેશહિતેચ્છુ.
Patriotism, *s.* સ્વદેશાભિમાન, સ્વદેશપ્રીતિ.
Patrol, *s.* હારોગો; ધીસ. 2 *v.*ફેરામારવા.
Patron, *s.* મુરબ્બી, ખાવંદ; કદર જાણનાર.

Patronage, *s.* આશ્રય, આધાર, મદદ, વગ.
Patronise, *v.* આશ્રય કરવો; પાલન કરવું.
Patten, *s.* લાકડાની પાવડી. Patter, *v.* સડસડપડવું.
Pattern, *s.* નમુનો; સાંચો; વાનગી, પ્રત.
Pauper, *s.* ભીખારી; નાદાર. –ism, *s.* ભીખારીપણું, નાદારી.
Pause, *s.* વિરામ, વિસામો; થાક. 2 *v.* વિરામ લેવો; [અટકાવવું.
Pavement, *s.* ફરસબંદી.
Pavilion, *s.* તંબુ, પાલ.
Paw, *s.* પંજો. 2 *v.* પંજો મારવો, તરાપ મારવી.
Pawn, *s.* ગીરવી મુકેલો માલ. 2 *v.* ઘરેણે મુકવું.
Payable, *a.* આપવા–પગાર કરવા–જોગ. –day, *s.* પગાર આપવાનો દહાડો.
Payment, *s.* પગાર કરવો. Pea, *s.* વટાણો.
Peace, *s.* સલાહ; શાંતિ; ચેન; આરામ; મુંગાપણું; સાલસાઇ. –ful, *a.* સલાહ ભરેલું; શાંત, સ્વસ્થ; સાલસ. –maker, *s.* સલાહ કરાવનાર.
Peacock, *s.* મોર, મયૂર. Pea-green, *s.* પસ્તાં.
Peahen, *s.* ઢેલ. Peak, *s.* શિખર, ટોચ; અણી.
Peal, *s.* ધડાકો, રણકો. 2 *v.* વગાડવું; વાગવું.
Pear, *s.* પેરૂ, જામફળ. Pearl, *s.* મોતી, મુક્તાફળ.
Pearly, *a.* મોતીનું; મોતીજેવું. Peasant, *s.* ખેડુત.
Peasantry, *s.* ખેડુતલોક, રૈયત. Pease, *s.* વટાણા.

Pebble, *s.* નાહ્નો પથ્થર. Peck, *v.* ચાંચ મારવી.
Peculation, *s.* હરામખોરી, ઉચાપત.
Peculiar, *s.* પોતિકુંધન. 2 *a.* પોતાનું; અસાધારણ.
Peculiarity, *s.*ખાસપણું;અસાધારણપણું;વિશેષધર્મ.
Pecuniary, *a.* નાંણાસંબંધી. Pedant, *s.* વિદ્યાનું
Pedantry, *s.* વિદ્યાનું ડોળ, પાંડિત્ય. [ડોળઘાલનાર.
Pedestal, *s.* બેઠક, પાયો. Pedestrian, *s.* પાયદળ.
Pedigree, *s.* વંશાવળી,વંશચરિત્ર.Pedlar, *s.* ફેરીયો.
Peel, *s.* છાલ, નવી ચામડી. 2 *v.* છોલવું, છાલકાઢવી.
Peep, *s.* ડોકિયું. 2 *v.* ડોકીયુંકરવું.–hole,*s.* ઝરૂખો.
Peer, *s.* બરોબરીયો; સોબતી, સાથી; અમીર. 2 *v.*
Peerage, *s.* અમીરીપદ્વી;અમીરની મંડળી. [દેખાવવું.
Peerless, *a.* અનુપમ, અતુલ્ય.Peevish, *a.* ચીડિયું;
કટકટિયો. [2 *v.* ખુંટી મારવી.
Peevishness, *s.* ચીડિયો સ્વભાવ. Peg, *s.* ખુંટી.
Pelf, *s.* પૈસા, નાંણા, ધન, હરામના પૈસા.
Pellet, *s.* ગોળી, ગોટી. Pellitory, *s.* અક્કલગરો.
Pellucid, *a.* સ્વચ્છ, નિર્મળ. Pelt, *v.* ફેંકવું; મારવું.
Pen, *s.* કલમ, લેખણ. 2 *v.* લખવું, કેદ કરવું.
Penal, *a.* દંડવાજોગ.Penalty, *s.* સજા,શાસન, દંડ.
Penance, *s.* પ્રાયશ્ચિત, તપ. Pence, *s.* ફદીયાં.
Pencil, *s.* શીશાની કલમ, પથ્થરપેન.

Pendant, *s.* ઝુમખો. 2 *a.* લટકતું.
Pending, *a.* લટકતું. [ભેદ્ય.
Pendulum, *s.* ઘડિયાળનું લોલક. Penetrable, *a.*
Penetrate, *v.* ભેદવું, વિંધવું;બોધથવો; સામાના પે-
ટમાં પેસવું.
Penetration, *s.* ચપળતા;કુશાગ્રબુદ્ધિ;અર્થબોધ. [ધી.
Peninsula,*s.*દ્વીપકલ્પ.Peninsular,*a.*દ્વિપકલ્પસંબં
Penitence, *s.* પશ્ચાતાપ. Penitent, *s.* પશ્ચાતાપી.
Penknife, *s.* ચપ્પૂ, ચાકુ Pennant, *s.* નાહ્નોવાવટો.
Penniless, *a.* નિર્ધન, ગરીબ. Penny, *s.* બે પાઈ.
Pension, *s.* બેઠો પગાર. –er, *s.* બેઠોપગારખાનાર.
Pensive, *a.* ચિંતાતુર, વિચારવંત. –ly, *ad.* ચિંતા-
તુર થઇને. [છાપરું.
Pentagon, *s.* પંચકોણાકૃતિ. Penthouse, *s.* ઢળતું
Penury, *s.* ગરીબાઈ, દારિદ્રતા. Peon, *s.* સીપાઈ.
People, *s.* લોક, કોમ;પ્રજા;ચાકરમાણસ.2 *v.*વસાવવું.
Pepper, *s.* (black) મરી. (red)મરચાં. (long)
પિપર. 2 *v.* મરી નાંખવા. –mint, *s.* પેપરમીંટ.
Per,*prep.* દર,પ્રતિ;સાથે.–adventure, *ad.* કદાચિત.
Per-annum, *ad.* દરવર્ષે. –cent, *ad.* દરસેંકડે.
Per-centage, *s.* સેંકડે દસ્તુરી–દલાલી.
Perceivable, *a.* ઇંદ્રિયથી સમજાય એવું, ઇંદ્રિગોચર.

Perceive, *v.* જોવું; લાગવું, સમજવું; માલમ પડવું.
Perceived, *a.* જણાયેલું, માલમ પડેલું; દેખાયેલું.
Perceptible, *a.* દેખીતું, ઉઘાડું, ઇંદ્રિયગોચર.
Perception, *s.* સમજ, વિચાર; ચૈતન્ય; વિષયગ્રહણશક્તિ.
Perch, *s.* પાંજરામાં પક્ષીને બેસવાની આડી લાકડી.
Perchance, *ad.* કદાચિત્, કદાચ. Percipient, *a.* સચેતન.
Percussion, *s.* ઠોકર, પ્રહાર. Perdition, *s.* નાશ, નખોદ.
Peregrination, *s.* પ્રવાસ. Peremptorily, *ad* તાકીદથી.
Perfect, *a.* પુરૂં, પૂર્ણ; પ્રવીણ, કુશળ. 2 *v.* પૂર્ણ-પ્રવીણ
Perfection, *s.* પૂર્ણતા, પ્રવીણતા, હોંશિઆરી. [કરવું.
Perfectly, *ad.* પૂર્ણરીતે. Perfidious, *a.* બેઈમાન, ખોટો.
Perfidy, *s.* વિશ્વાસઘાત. Perforate, *v.* કાણું પાડવું.
Perforation, *s.* ભોક, છિદ્ર. Perforce, *ad.* બળાત્કારે.
Perform, *v.* સાધવું, બજાવવું; વેષ લેવો-ભજવવો.
Performance, *s.* કામ, કૃતિ, ક્રિયા, ખેલ, આચરણ.
Performer, *s.* કરનાર; વેષધારી; વાજંત્રી. [કરવું.
Perfume, *s.* સુગંધી પદાર્થ; ખુશબો. 2 *v.* ખુશબોદાર
Perfumer, *s.* ખુશબો વેચનાર Perfumery, *s.* સુ-
Perhaps, *ad.* કદાચ, કદાચિત્. [ગંધી વસ્તુઓ.
Peril, *s.* ભય, જોખમ, ધાસ્તી. 2 *v.* જોખમમાં પડવું.
Perilous, *a.* ધાસ્તી ભરેલું, ભયંકર, ભયનું.
Period, *s.* વખત, વેળા; મુદ્દત; પૂર્ણવિરામ; અંત; ફેરો.

Periodical, *s.* ચોપાનિયું. 2 *a.* ચોક્સ વખતે બ-હાર પડતું.
Perish, *v.* મરવું; નાશથવો, બુડવું; નરકમાં જવું.
Perishable, *a.* નાશવંત; ક્ષણિક, ક્ષણભંગુર.
Perjure, *v.* ખોટા સમખાવા; જુઠી સાક્ષી પુરવી.
Perjury, *s.* ખોટા સમ; ખોટી સાક્ષી.
Permanent, *a.* નિત્યનું; કાયમ;ટકાઉ.–ly, *ad.*નથુ.
Permission, *s.* પરવાનગી, રજા,હુકમ,આજ્ઞા, ફરમાસ.
Permit, *s.* પરવાનો, પાસ; રજા–પરવાનગી આપવી.
Permutation, *s.* અદલાબદલી. Pernicious, *a.* નુ-કશાનકારક.
Perpandicular, *s.* સરખા ખુણા પાડનારી લીટી. 2 [*a.* સરળ.
Perpetual, *a.* નિત્યનું, રોજનું, જથુક,અખંડ,કાયમ.
Perpetually, *ad.* નિરંતર,હમેંશા,જથુક,સદા, અખંડ.
Perpetuate, *v.* કાયમ રહે એવું કરવું; અમર કરવું; ચાલુ રાખવું.
Perplex, *v.* ઘભરાવવું, અકળાવવું, ગુંચવાવું.
Perplexity, *s.* ઘભરાટ, અકળામણ, ગુંચવણ.
Perquisite, *s.* દસ્તુરી, સુખડી, હકસાઈ. [લાગવુ.
Persecute, *v.* જબરજસ્તી કરવી; સતાવવું; પછવાડે
Persecution, *s.* જુલમ, જબરજસ્તી; સતાવવું.
Persecutor, *s.* જુલમગાર, છળનાર; પીછો લેનાર.

Perseverance, *s.* પ્રયત્ન; ખંત; મમત; ધીરજ, દમ.
Persevere, *v.* મચ્યારહેવું; પાછળ લાગવું; ધીરજ રાખવી.
Persevering, *a.* આગ્રહી, ઉદ્યોગી, ચીકણો.
Persian, *s.* ઈરાન દેશનો રેહેવાશી. 2 *a.* ફારસી.
Persist, *v.* જીક લેવી, હઠ લેવી; ઓંહોંસ કરવી.
Person, *s.* પુરૂષ, જણ, મનુષ્ય; શરીર, દેહ; સોંગ, વેષ; આકૃતિ.
Personage, *s.* આબરૂદાર માણસ; સોંગ, વેષ; આકાર, આકૃતિ.
Personal, *a.* મનુષ્ય જાતીનું; પોતાનું; ખાસ; જંગમ.
Personality, *s.* વ્યક્તિ; મેહેણું; મર્મભાષણ.
Personally, *ad.* પોતે, ખુદ. Personate, *v.* વેષ લઈ આવવું.
Personification, *s.* Personify, *v.* નિર્જીવ પદાર્થોને જીવંત પદાર્થનું રૂપ આપવું.
Perspective, *s.* આબેહુબ ચિત્ર કાઢવાની વિદ્યા.
Perspicuity, *s.* સુબોધતા, સરળતા, નિર્મળતા, સ્વચ્છતા.
Perspicuous, *a.* નિર્મળ, દેખીતું; સુબોધ, સરળ.
Perspiration, *s.* પરસેવો. Perspire, *v.* પરસેવોછુટવો.
Persuade, *v.* સમજાવવું; ફોસલાવવું, લલચાવવું.
Persuation, *s.* સમજાવવું; ખાત્રી; ફોસલાવવું; માર્ગ, પંથ.
Persuasive, *a.* અસરકરેતેવું; ખાત્રીકરનારૂં, વશકારક.
Pert, *a.* ચપળ, ચાલાક; હુઝતી, ઢાંઠ; સોદું.
Pertain, *v.* હોવું, લાગવું, સંબંધ હોવો.

Pertinacious, *a.* હઠ્ઠી, જક્કી, દુરાગ્રહી; દૃઢ.
Pertinacity, *s.* હઠ્ઠ, જક્ક, હુજ્જત;દૃઢતા, પક્કો ઠરાવ.
Pertinence, *s.* યથાયોગ્યતા, સમયોચિતપણું.
Pertinent, *a.* લાયક, યોગ્ય,પ્રસંગોપાત, પ્રાસંગિક.
Pertness, *s.* ચાલાકી, ચપળતા; સોદાઈ, નફ્ટાઈ.
Perturbation, *s.* સંતાપ, તળવળ; ગડબડગોટો.
Perusal, *s.* Peruse, *v.* વાંચવું, પઢવું; તપાસવું.
Pervade, *v.* વ્યાપી જવું, ફેલાઈ જવું.
Perverse, *a.* આડે માર્ગેજતું;મમતી, હઠીલો; ચિડીઉં.
Perverseness, *s.* હઠ્ઠ, જક, હુજ્જત; વાંકાપણું,વક્રતા.
Perversion, *s.* Pervert, *v.* ઉલટાવવું; બગાડવું.
Pervious, *a.* ભેદ્ય. Pest, *s.* મરકી; પીડા, વ્યાધી.
Pester, *v.* ઈજા આપવી, દુઃખ દેવું, છેડવું, છળવું.
Pestilence, *s.* મરકી, કોગળિયું; પ્રાણઘાતક રોગ.
Pestilential, *a.* પ્રાણઘાતક.Pestle, *s.* દસ્તો,મુશળી.
Pet, *s.* ઝાંઝ; લાડકું. 2 *a.* પ્યારું. 3 *v.* લાડ કરવું.
Petal, *s.* ફુલની પાંખડી.
Petition, *s.* અર્જી. 2 *v.* અર્જી કરવી,
Petitioner, *s.* અર્જદાર. Petrify, *v.* સ્તબ્ધ કરવું.
Petticoat, *s.* ઘાઘરો. ચણીયો.
Pettifogger, *s.* હલકો વકીલ.
Pettish, *a.* ચિડીયો. Petty, *a.* હલકું;થોડીકિંમતનું.

Petulence, *s.* ચિડીયોસ્વભાવ. Petulant, *a.* ચિડીયલ.
Pewter, *s.* જસત, મિશ્રિત ધાતુ. 2 *a.* જસતનું.
Phæton, *s.* ચાર પૈડાની ઉઘાડી ગાડી.
Phantom, *s.* આભાસ, જંખના,છાયા; ભૂત, પિશાચ.
Phase, Phasis, *s.* ચંદ્રનો પ્રકાશિત ભાગ; કળા.
Phenomenon, *s.* દેખાવ; અદ્ભૂત ચમત્કાર.
Philanthropist, *s.* પરોપકારી; લોકોપકારી.
Philanthropy, *s.* પરોપકાર બુદ્ધિ; જનપ્રીતિ.
Philologist, *s.* શબ્દશાસ્ત્રવેત્તા. Philology, *s.* શબ્દશાસ્ત્ર.
Philosopher, *s.* વિદ્વાન, પંડિત; તત્વજ્ઞાની; પદાર્થ-
Philosopher's stone, *s.* પારસમણી. [વિજ્ઞાની.
Philosophical, *a.* તત્વજ્ઞાન સંબંધી;તત્વજ્ઞાનમાં કુશળ.
Philosophize, *v.* તત્વ વિચારનો શોધ કરવો.
Philosophy, *s.* તત્વજ્ઞાન, તત્વશાસ્ત્ર.
Phlegm, *s.* કફ, બળખો; સુસ્તી;સળેખમ.
Phonics, *s.* શબ્દ-અવાજ વિદ્યા.
Photography, *s.* સૂર્યનાકિરણથી છબી પાડવાનોહુન્નર.
Phrase, *s.* બોલવાની ઢબ;કેહેવત,રૂઢી. 2 *v.* બોલવું,
Phraseology, *s.* બોલવાની ઢપ,બોલવાનીરીત.[કેહેવું.
Phrenzy, *s.* સનેપાત; ઘેલાપણું, ગાંડાપણું, જનુન,
ઉન્માદ. [આપવું.
Physic, *s.* ઓસડ, દવા, જુલાબ, વૈદું. 2 *v.* ઓસડ

Physical, *a.* ઓસડ સંબંધી; શરીર સંબંધી.
Physician, *s.* વૈદ્ય, હકીમ, તબીબ.
Physics, *s.* સિદ્ધ પદાર્થ વિજ્ઞાન; પદાર્થ વિજ્ઞાન.
Physiognomy, *s.* મુખસામુદ્રિક; ચહેરાનું વળણ.
Physiology, *s.* પ્રાણી ગુણ ધર્મશાસ્ત્ર.
Pice, *s.* પૈસા, દોઢિયાં [કોદાળી.
Pick, *s.* અણીદાર હથિયાર. 2 *v.* ચુંટવું.-axe,
Pickle, *s.* અથાણું; ખાર. 2 *v.* અથાણું કરવું.
Pickpocket, *s.* ગજવા કાતરૂ.
Pick-tooth, *s.* દાંતખોતરણી.
Picture, *s.* છબી, તસવીર, ચિત્ર.2 *v.* ચિત્ર કાઢવું.
Picturesque, *a.* ચિત્ર કાઢ્યા સરખું.
Pie, *s.* પૈ, અરધી. [તોપ; દાગીના, નંગ.
Piece, *s.* કકડો, તુકડો; તાકો, થાન; ભાગ; શિક્કો;
Pierce, *v.* ભોકવું, વિંધવું;ભેદવું,અસરકરવી; ખટકવું,
Piercing, *a.* વેધક,કાનભેદતું;કડકડીત. [સખતલાગવું.
Piety, *s.* ભક્તિ, ઈશ્વરનિષ્ઠા; માબાપની સેવા.
Pig, *s.* ડુક્કરનું બચ્ચું, ભુંડ.
Pigeon, *s.* ખબુતર.-house,cot,*s.* ખબુતરનો માળો.
Pigmy, *s.* વામનજી, ઠીંગણું માણસ.
Pike, *s.* ભાલો, બરછી, શૂળ; એક જાતની માછલી.
Pile, *s.*ઢગલો,ઢગ,ગંજ;ચિતા;ઈમારત. 2 *v.*ઢગલોકરવો.

Piles, *s.* હરસ. Pilpher, *v.* ચોરવું, ઉંચકી લેવું.
Pilpherer, *s.* હલકી ચોરી કરનાર. Pilgrim, *s.* જાત્રાળુ.
Pilgrimage, *s.* જાત્રા, યાત્રા, તીર્થ, હજ.
Pill, *s.* ગોળી. 2 *v.* ચોરવું. Pillage, *s.* લૂટ. 2 *v.* લૂટવું.
Pillar, *s.* થાંભલો, સ્તભ. Pillow, *s.* ઓસિકું, તકિયો.
Pilot, *s.* પાણીનો પગી, સુકાની, દરિયાઈ સારથી.
Pimp, *s.* ભડવો, કુટણો. Pimple, *s.* ખીલ, ફોલ્લી.
Pin, *s.* ટાંકણી; ખુંટો; પૈડાની ખીલી. 2 *v.* ઘેરવું; સાધવું.
Pincers, *s.* સાંડસી; ચીમટો.
Pinch, *s.* ચુંટી, ચપટી; અડચણ, હરકત. 2 *v.* ચુંટીભરવી.
Pine, *s.* એક જાતનું ઝાડ. 2 *v.* ક્ષીણ થવું; ખંતલેવો.
Pineapple, *s.* અનનાસ.
Pinion, *s.* પાંખ. 2 *v.* પાંખ બાંધવી.
Pink, *s.* ગુલાબી રંગ; સીમા. 2 *a.* ગુલાબી રંગનું.
Pinnacle, *s.* કળસ, શિખર, ટોચ; કાંગરો.
Pint, *s.* પ્રવાહી પદાર્થ માપવાનું એક જાતનું માપ.
Pioneer, *s.* આગળ દોડનાર, આગેવાન.
Pious, *a.* ભક્તિમાન; પાક, પવિત્ર, ધાર્મિક; પરમાર્થી.
Pipe, *s.* નળી, ચલમ; વાંસળી, પાવો. 2 *v.* પાવો વગાડવો.
Pique, *s.* ચીડ, ખીજ, રીસ. 2 *v.* ચિડવવું, ખીજવવું.
Piracy, *s.* દરીયાઈ ચોરી.

Pirate, *s.* દરીયાઈ લૂટારો, ચાંચીયો.
Piss, *s.* પેસાબ. 2 *v.* પેસાબ કરવો.
Pistachio, *s.* પસ્તું.
Pistol, *s.* જંબુરો, પિસ્તોલ. 2 *v.* પિસ્તોલે મારવું.
Piston, *s.* દટ્ટો; દાબવાનો દાંડો. [ખાડો ખોદવો.
Pit, *s.* ખાડો, ખાંચ: ખાણ;નાટકમાં હલકો વર્ગ. 2 *v.*
Pitch, *s.* રાળ; સૂર;માન;દરજ્જો. 2 *v.* જડવું, ઠોકવું.
Pitcher, *s.* ઘડો, ગાગર, મટકું,માટલું. [દયાએકરીને.
Piteous, *a.* દયાઆવે એવું,બિચારો;દયાળું.-ly, *ad.*
Pitfall, *s.* ચોરખાડો.
Pith, *s.* ગર, ગર્ભ, માવો; સાર, બળ.
Pithy, *a.* માવાદાર, કસવાળું; મજબુત, જીવદાર.
Pitiable, *a.* દયાપાત્ર.
Pitiful, *a.* માયાળું; કૃપાપાત્ર; નીચ.
Pitiless, *a.* નિર્દય, કઠોર, ક્રુર.
Pity, *s.* દયા,કૃપા,કરૂણા.2 *v.*દયા લાવવી; દયાળું થવું.
Placable, *a.* શાંત થાય એવું; શાંત થવાને ખુશી.
Place, *s.* જગ્યા, ઠેકાણું, સ્થળ; પદ્વી, ઓદ્ધો.
Placid, *a.* શાંત, નરમ, પ્રસન્ન, વિનીત.
Plagiarist, Plagiary, *s.* કાવ્ય-શબ્દ-વાક્ય ચોર.
Plague, *s.* મરકી,કોગળિયું;બિગાડ;વ્યાધિ. 2 *v.*હેરાન
Plaid, *s.* દોપટો, રંગીન અંગ વસ્ત્ર.[કરવું,ખિજવવું.

Plain, *s.* સપાટ જગ્યા, મેદાન; રણસંગ્રામ. 2 *a.* નકસી વગરનું; સપાટ; ભોળો; સ્પષ્ટ, ખુલ્લું, માત્ર; સેહેલું. 3 *v.* સપાટ કરવું. [રીતે; કપટ વગર.
Plain-dealing, *s.* ચોખ્ખો વેહેવાર.-ly, *ad.* સ્પષ્ટ
Plaint, *s.* ફરીયાદ, રૂદન, શોક; ફરિયાદીનામું.
Plaintiff, *s.* વાદી, ફરીયાદી, દાવો કરનાર.
Plaintive, *a.* દલગીર, શોકાતુર; ગરીબ, બાપડું.
Plait, *s.* ઘડી, કલ્લી, ચીણ. 2 *v.* ઘડી કરવી.
Plan, *s.* યુક્તિ, તદબીર, કલ્પના; મસલત;નકશો.2 *v.* કલ્પના કરવી; નમુનો પાડવો.
Plane, *s.* ક્ષેત્ર; રંદો. 2 *v.* સમાન કરવું.
Planet, *s.* ગ્રહ. Planetary, *a.* ગ્રહ સંબંધી.
Plank, *s.* પાટિયું. 2 *v.* પાટિયું જડવું.
Plant, *s.* છોડવો, રોપો. 2 *v.* રોપવું, વાવવું; વસાવવું; જડવું.
Plantain, *s.* કેળ; કેળું.
Plantation, *s.* સંસ્થાન; બાગ,ઉપવન;વાવવું, રોપવું.
Planter, *s.* સંસ્થાન વસાવનાર; રોપનાર, વાવનાર.
Plaster, *s.* મલમપટ્ટો. 2 *v.* પ્લાસ્ટર મારવું.
Plat, *s.* તકતો; ગુંથેલી વસ્તુ. 2 *v.* વણવું, ગુંથવું.
Plate, *s.* રકાબી; રૂપેરી સામન; પત્રું. 2 *v.* રૂપાનો ઢોળ ચઢાવવો.
Platform, *s.* મોરચો; ઉંચી જગ્યા; યોજના, યુક્તિ.

Plating, s. રૂપેરી ઢોળ. Platinum, s. એકજાતનીધાતુ.
Platter, s. વણનારી; થાળી. Plaudit, s. સાબાસી.
Plausible, a. પસંદ પડતું, ઉપર ઉપરથી સારૂં.
Play, s. ખેલ, તમાશો, ગમત; નાટક; વ્યાપાર, કામ.
2 v. ખેલવું. [ભાઈબંધ.
Playday, s. રજાનો દિવસ. Playfellow, s. ભીરૂ,
Playful, a. રમતિયાળ.–ness, s. રમતિયાળ સ્વભાવ.
Playhouse, s. નાટકશાળા.
Playmate, s. ભાઈબંધ, સોબતી.
Playsome, a. ખેલાડી, મોજી. Plaything, s. રમકડું.
Plea, s. પ્રતીવાદીનોજવાબ:નિમિત્ત,બાહાનું;માફી,ક્ષમા.
Plead, v. તકરારકરવી;પુરાવો રજુકરવો;કારણબતાવવું.
Pleasant, a. આનંદી, વિનોદી; દિલપસંદ; મધુર.
Pleasantly, ad. સુખેથી. Pleasantness, s. ખુશાલી.
Please, v. ખુશી કરવું, રીઝવવું;પસંદ પડવું, ગમવું.
Pleased, a. ખુશ–આનંદ પામેલું.[ચાહાવું; કૃપાકરવી.
Pleasing, Pleasurable, a. મનોરંજક, દિલપસંદ.
Pleasure, s. ખુશી, આનંદ;મનોરથ;ચેનબાજી,એશઆરામ.
Pleasure-house, s. એશઆરામ કરવાની જગ્યા.
Pledge, s. કબુલાત; ઘરેણે મુકેલી ચીજ; જામીન. 2 v.
Plenitude, s. પૂર્ણતા,પુષ્કળપણું; સમૃદ્ધિ.[ઘરેણેમુકવું.
Plenteous, Plentiful, a. ઘણું, પુષ્કળ,બહુ, વિપુલ.

Plenty, *s.* પુષ્કળપણું, સમૃદ્ધિ; સકાળ, ભરપૂરતા.
Pliant, *a.* વળે એવું; પોચું, નરમ. [વચન આપવું.
Plight, *s.* હાલત સ્થિતિ;જામીનગીરી. 2 *v.* ઘરેણેમુકવું;
Plot, *s.* જમીનનો કટકો, ક્યારો; તર્કટ, મસલત; યુક્તિ; તજવીજ. 2 *v.* તજવીજ કરવી; ફંદ રચવો.
Plough, *s.* હળ. 2 *v.* હળથીખેડવું.–man, *s.* ખેડૂત.
Pluck, *s.* દમ,પાણી.2*v.* ઝુટવીલેવું;ચુંટવું;ટુંપીનાંખવું.
Plug, *s.* દટ્ટો, દાટો. 2 *v.* દટ્ટા–દાટો મારવો.
Plumage, *s.* પીછું.
Plumb, *s.* ઓળંબો. 2 *v.* ઓળંબાથી માપવું.
Plumbago, *s.* શીશું. Plumbean, *a.* શીશાનું.
Plume, *s.* પીછું;તોરો,કળગી. 2 *v.* પીછાંથી સણગારવું.
Plump, *a.* પુષ્ટ, જાડું, ઢોંગું,માતેલું. 2 *v.* પુષ્ટથવું-
Plunder, *s.* લૂટ, ચોરી. 2 *v.* લૂટવું, ચોરવું. [કરવું.
Plunderer, *s.* લૂટારો, ચોર. [બુડાવવું.
Sabbath, *s.* રવીવાર, વિશ્રાંતીનો દિવસ. [કાપવું.
Sabre, *s.* ટુંકી પોહોળી તરવાર, કટાર. 2*v.* તરવારથી
Sack, *s.* ગુણ, કોથળો, થેલો; લૂટ. 2 *v.* લૂટવું.
Sackcloth, *s.* ગુણપાટ, ખાદ્દી.
Sacrament, *s.* સોગન; સંસ્કાર.
Sacred, *a.* પવિત્ર, પાક; ધર્મ સંબંધી; ઈશ્વરી; ઉલ્લંઘન ન થાય એવું. [રવો;નુકશાનખાઈનેઆપવું.
Sacrifice, *s.* હોમ, હવન, યજ્ઞ; બગી. 2 *v.* હોમ ક
Sacrilege, *s.* ખેરાત કરેલી વસ્તુની ચોરી; પવિત્ર વસ્તુને ભ્રષ્ટ કરવાનો અપરાધ.
Sad, *a.* ઉદાસ, દલગીર; નાદાન; ગંભીર; બળેલો.
Sadden, *v.* ઉદાસ–દલગીર કરવું. [જારાની ગુણ.
Saddle, *s.* જીન. 2 *v.* જીન નાખવું. –bag, *s.* વણ-
Saddlecloth, *s.* જીન. Saddlehorse, *s.* સ્વારીનોઘોડો.
Sadly, *ad.* દલગીર ભરેલી રીતે; અતિશય દુઃખથી.
Sadness, *s.* દિલગીરી, ઉદાસીપણું; બળેલાપણું.
Safe, *a.* નિર્ભય, સલામત, ક્ષેમકુશળ, સાબુત. –conduct, *s.* અભયપત્ર, કોલ. –guard, *s.* બચાવ; આસરો, આશ્રય; પરવાનો; બચાવ કરનાર. –ly, *ad.* સહીસલામત; નિર્ભય; બિનધાસ્તીએ.
Safety, *s.* સલામતી, અભયવચન, નિર્ભય; આશ્રય, રક્ષણ.

Safflower, *s.* કસુંબો. 2 *a.* કસુંબી.
Saffron, *s.* કેસર. 2 *a.* કેસરી.
Sagacious, *a.* ડાહ્યો, હોશિયાર, શાહાણો, ચંચળ.
Sagacity, *s.* હોશિયારી, ડાહાપણ, શાહાણપણ.
Sage, *s.* મહાપુરૂષ,જ્ઞાની. 2 *a.* ચતુર,બુદ્ધિવાન,ડાહ્યો.
Sagittarius, *s.* ધનરાશી. Sago, *s.* સાબુચોખા.
Said, *a.* ઉપર કહેલું, સદરહુ, મજકુર. [ઉપડવું
Sail, *s.* સઢ; વાહાણ; પાંખ. 2 *v.* સઢથીજવું;વાહાણ
Sailor, *s.* ખલાસી, ખારવો. Saint, *s.*રૂષી,સાધુ,સંત.
Saintly, *a.* સાધુસંતની માફક.
Sake, *s.* કારણ,હેતુ, ખાતર. [ષાસન.
Sal-ammoniac, *s.* નવસાર. Salary, *s.* પગાર, વ-
Sale, *s.* વકરો;લીલામ.–able, *a.*વેચાયએવું,ખપેએવુ.
Salesman, *s.* દલાલ. Salient, *a.* બહાર આવેલું;
Saline, *s.* ખારૂં. Saliva, *s.* થુંક, લાળ. [હાંફતું.
Salival, *a.* થુકનું. Sallow, *a.* જરા પીળું.
Sally, *s.* લેહેર;આવેશ,જોસ. 2 *v.* કિલ્લામાંથી નીકળી
Saloon, *s.* દિવાનખાનું, રંગમેહેલ. [હલ્લોકરવો.
Salt, *s.* મિઠું, નિમક, લુણ. 2 *a.* ખારૂં. 3 *v.* મિઠું
લગાડવું. [જરાખારૂં.
Salted, *a.* મિઠાંવાળું કરેલું, આથેલું. Saltish, *a.*
Saltless, *a.* મોળું, બેસ્વાદ.

Salt-pan, pit, *s.* મિઠાંનો અગર.
Saltpetre, *s.* સુરોખાર. Salubrious, *a.* હિતકારક; Salutary, *a.* હિતકારક; શરીર હિતકારી. [પૌષ્ટિક.
Salutation, *s.* નમસ્કાર, જેગોપાળ, રામરામ, જુવાર.
Salute, *s.* સલામ, નમસ્કાર; તોપનું માન. 2 *v.* સલામ કરવી.
Salvation, *s.* બચાવ, સંરક્ષણ; મુક્તિ, તારણ, મોક્ષ.
Salve, *s.* મલમ; ઈલાજ. Salver, *s.* રકાબી, તબક.
Same, *a.* તેજ, એકજ; સમાન, સરખું; સદરહુ.
Sameness, *s.* એકજપણું, અભિન્નપણું; સરખાપણું.
Sample, *s.* નમુનો, વાનગી. Sanctify, *v.* પવિત્રકરવું.
Sanction, *s.* પ્રમાણ, આધાર; પરવાનગી. 2 *v.* મંજુર કરવું; રજા આપવી.
Sanctity, Sanctitude, *s.* પવિત્રતા, પાકનજર, નેકી.
Sanctuary, *s.* પવિત્ર સ્થળ; નિર્ભય સ્થળ.
Sand, *s.* રેતી. Sandal, *s.* ચંપલ; સુખડ, ચંદન.
Sandbank, *s.* રેતીનો કીનારો.
Sandboard, *s.* ધૂલપાટી. Sandbox, *s.* રેતીયું.
Sandglass, *s.* રેતીનું ઘડીયાળ. Sandy, *a.* રેતાળ.
Sane, *a.* નિરોગી, તનદુરસ્ત.
Sanguinary, *a.* લોહીવાળું; ખુની, ઘાતકી.
Sanguine, *a.* લાલ; મોહોટી ઉમેદનું; વિશ્વાસુ; આસક્ત.

Sanitary, *a.* રોગ મટાડે એવું.
Sanity, *s.* શુદ્ધિ, સાવધપણું.
Sap, *s.* ઝાડનો રસ; સુરંગ. 2 *v* નાશ કરવું.
Sapid, *a.* સ્વાદદાર, સ્વાદિષ્ટ.
Sapient, *a.* ડાહ્યું, ચતુર.
Sapless, *a.* નિરસ, રસવગરનું.
Sappling, *s.* રોપો. Sapphire, *s.*નિલમ,શનીસર.
Sarcasm, *s.* મેહેણું. Sarcastic, *a.* મેહેણાવાળું.
Satan, *s.* નર્કનો રાજા. Satanic, *a.* પિશાચનું;દુષ્ટ.
Satellite, *s.* ઉપગ્રહ.
Satiate, *v.* અતિ તૃપ્ત કરવું, ચાંપીને ખાવું.
Satiated, *a.* અતિ તૃપ્ત, ધરાયેલું.
Satiety, *s.* અતિ તૃપ્તિ. Satin, *s.*સાટીન,અતલસ.
Satire, *s.* નિંદાત્મક ભાષણ.
Satirize, *v.* સખ્ત ઠપકો દેવો, ધુળ કાઢવી.
Satisfaction, *s.* સંતોષ,તૃપ્તિ;ખાતરી; બદલો,અવેજ.
Satisfactory,*a.*સમાધાનકરનારૂં;સંતોષ ઉપજાવનારૂં.
Satisfy, *v.* તૃપ્તિ કરવી; ખાતરી કરી આપવી.
Saturate, *v.* ભિજવવું. Saturday, *s.* શનીવાર.
Saturn, *s.* શનીશ્વર. Satyr, *s.*વનદેવ, ઉપદેવતા.
Sauce, *s.* સેરવો;નિર્લજપણું,બેઅદબી.-pan, *s.*હાંડી.
Saucer, *s.* રકાબી. Sauciness, *s.* હુજત, બેઅદબી.

Saucy, *a.* બેઅદબ, અસભ્ય, લુચ્ચું, ઉદ્ધત.
Saunter, *v.* રખડવું, ભમવું.
Savage, *s.* જંગલી માણસ; રાક્ષસ. 2 *a.* જંગલી; અસભ્ય; ઘાતકી. –ly, *ad.* નિર્દયપણે.
Saving, *s.* બાકી, શિલક. 2 *a.* કરકસરનું. 3 *ad.* [શિવાય, વિના.
Savings, *s.* બચાવેલા નાંણા.
Saviour, *s.* તારનાર, તારક.
Savour, *s.* સ્વાદ, રૂચિ, વાસ. 2 *v.* ગુણ દેખાડવો.
Savoury, *a.* સ્વાદિષ્ટ, મઝેનું; સુગંધી.
Saw, *s.* કરવત, આરી. 2 *v.* કરવતથી વેહેરવું.
Sawdust, *s.* લાકડાનો વેહેર.
Sawyer, *s.* કઠીયારો. Say, *v.* બોલવું, કેહેવું.
Saying, *s.* કેહેવત; વાત. Scabbard, *s.* મ્યાન.
Scabby, *a.* પોપડાવાળું; રોગી.
Scaffold, *s.* પાલખ; ફાંસીના લાકડાં.
Scald, *s.* ઝાળ, બળતરા; પોપડો. 2 *v.* બાળવું; ઝાડવું; દાઝવું.
Scale, *s.* ત્રાજવું, પલ્લું; પોપડો; શ્રેઠી; નિસરણી, દાદર. 2 *v.* નિસરણી મુકી ચઢવું.
Scalp, *s.* માથાની ચામડી. Scaly, *a.* ભીંગડાવાળું.
Scan, *v.* બારીકીથી તપાસવું; માત્રા ગણવી.
Scandal, *s.* કુથલી, ચાડી; લાજ, શરમ, કલંક.
Scandalize, *v.* ચાડી-ફુજેતી કરવી; કલંક લગાડવું.

Scandalous, *a.* ત્રાસદાયક; શરમ ભરેલું,નિંદાભરેલું.
Scant, Scantly, *a.* થોડું, કમ; કંજુસ. [દુર્લભ.
Scar, *s.* ડાઘ,ચાઠું,લાંછન. Scarce, *a.* થોડું, અલ્પ;
Scarce, Scarcely, *ad.* કદાચ,મુસીબતથી,કષ્ટેકરીને.
Scarcity, *s.* તંગી, મોંઘવારી; દુકાળ, કાળ.
Scare, *v.* બિવડાવવું, ડરાવવું, દેહેશત આપવી.
Scarf, *s.* પિછોડી,ખેસ.Scarlet, *s.* લાલ,રાતુ,કિરમજી.
Scatter, *v.* વેરવું, વિખેરવું, ફેલાવવું; ચુંથી નાખવું.
Scavenger, *s.* હલાલખોર, ઝાડુ કાઢનાર, ઘેડો.
Scene, *s.* દેખાવ; પ્રવેશ; સ્થળ; પડદો; અખાડો.
Scenery, *s.*દેખાવ,રચના;દરેકવસ્તુનુંનજરેપડતુંસ્વરૂપ.
Scent, *s.* વાસ,ગંધ,બો. 2 *v.* સુંઘવું.-ed,*a* સુવાસિક.
Sceptic, *a.* નાસ્તિક. -ism, *s.* નાસ્તિકપણું.
Sceptre, *s.* રાજદંડ; છત્ર,સિંહાસન. Schedule, *s.* નોંધ, યાદી. [યોજવું.
Scheme, *s.* કલ્પના, તજવીજ; ઉપાય,યોજના. 2 *v.*
Scheming, *a.* હિકમતી.Schism, *s.* ધર્મભેદ,મતભેદ.
Scholar, *s.* નિશાળીયો, શિષ્ય, ચેલો, વિદ્વાન, પંડિત.
Scholarship, *s.* પાંડિત્વ, વિદ્વતા, વિધા.
Scholiast, *s.* ટીકા કરનાર.Scholium,*s.* ટીકા,ભાષ્ય.
School, *s.* નિશાળ;શાળા. 2 *v.* ભણાવવું.-fellow,*s.* નિશાળનો સોબતી. -master, *s.* મેહેતાજી, શિક્ષક.

–mistress, *s.* મેહેતી.–room, *s.* નિશાળનો ઓરડો.
Science, *s.* વિદ્યા, શાસ્ત્ર, વિજ્ઞાન.
Scientific, *a.* શાસ્ત્રીય; ભણેલો, વિદ્વાન, શાસ્ત્રજ્ઞ.
Scimitar, *s.* તરવાર. Scion, *s.* નાહનો રોપો; અંકુર, ફણગો.
Scissors, *s.* કાતર. Scoff, *v.* મશ્કરી કરવી, ચાળા [પાડવા.
Scold, *v.* કજીયો, કટકટ. 2 *v.* ખખડાવવું; કટકટ કરવી.
Scolding, *s.* ધમકી, દેહેશત. Scoop, *s.* કડછો. 2 *v.* કોતરવું.
Scorch, *v.* બાળવું, દઝાડવું; બળવું, કરમાવવું, સુકાઈજવું.
Score, *s.* વીસ, કોડી; ખાતું; કારણ. 2 *v.* લીટીદોરવી.
Scorn, *s.* તિરસ્કાર, તુચ્છકાર, ધિઃક્કાર. 2 *v.* ધિઃક્કારવું.
Scornful, *a.* ધિઃક્કાર ભરેલું. Scorpion, *s.* વિછુ; વૃશ્ચિકરાશી.
Scot, *s.* સ્કાટલાંડ દેશનોરેહેવાસી.–free, *a.* સલામત.
Scoundrel, *s.* લુચ્ચો, હરામી, ઠગ, પાજી, દગાબાજ.
Scour, *v.* સાફ કરવું, માંજવું; પેટમાંનો મેળ કાઢવો.
Scourge, *s.* ચાબુક, કોરડો. 2 *v.* ચાબુકમારવી; સજા કરવી; બહુ સતાવવું.
Scout, *s.* જાસુસ. 2 *v.* દુશ્મનનો ભેદ લાવવો.
Scrap, *s.* કડકો; તુકડો; વિભાગ; કાગળનો કટકો.
Scrape, *s.* હરકત, અડચણ, સંકટ; છોલ. 2 *v.* ઘસવું, તાંસવું; ઉખેડવું.

Scraper, *s.* છોલનાર; છીણી. Scrapings, *s.* છોલ.
Scratch, *s.* નોહોર;નખોરિયું;છેકો. 2 *v.* ઉઝેડવું;છેકવું.
Scrawl, *s.* ખરડો. 2 *v.* ઉતાવળમાંજેવું તેવું લખીકાઢવું.
Scream, *s.* ચીસ, ચીચીયારી. 2 *v.* ચીસ પાડવી.
Screen, *s.* પડદો, અંતરપટ. 2 *v.* ઢાંકવું, સંતાડવું.
Screw, *s.* પેચ, ફેર. 2 *v.* ફેરબેસાડવો;દાબવું; જુલ
Scribble, *v.* ચિતરવું,નજીવીબાબતોથીભરવું.[મ કરવો.
Scribe, *s.* લખનાર, મેતો, લૈયો.
Scriptural, *a.* યથાશાસ્ત્ર. [ઠમાલા.
Scripture, *s.* શાસ્ત્ર, ધર્મ પુસ્તક. Scorfula, *s.* ક-
Scroll, *s.* લપેટો, પટ.
Scrub, *s.* લોંડો; ઝાડું.2 *v.* ઘસવું.[આનાકાની કરવી.
Scruple, *s.* શંકા, સંદેહ, સંશય; આનાકાની. 2 *v.*
Scrupulous, *a.* ભ્રાંતિખોર, વેહેમી, સંશયી.
Scrutineer, *s.* તપાસનાર, પુછપરછ કરનાર.
Scrutinize, *v.* બારીકીથીપુછપરછકરવી,શોધવું;નિરખવું.
Scrutiny, *s.* ચોકસી, શોધ, પુછપરછ; કસોટી.
Scuffle, *s.* ધકાધકી, મારામારી.2 *v.* મારામારી કરવી.
Scull, *s.* માથાની ખોપરી.
Sculptor, *s.* કોરનાર,નકસીકરનાર. [સીદાર કામકરવું.
Sculpture, *s.* નકસીદાર કામ. 2 *v.* કોતરવું, નક-
Sea, *s.* સમુદ્ર,દરિયો,સાગર.–coast, *s.* સમુદ્રનોકીનારો.

Seafarer, Seafaring, *s.* સફર કરનાર, નાવિક.
Seal, *s.* છાપ, મોહોર, શિક્કો. 2 *v.* છાપ મારવી.
Seal-wax, *s.* લાખ.
Seam, *s.* સીવણ, સાંધો; ડાઘ. 2 *v.* સાંધવું,શીવવુ.
Seaman, *s.* ખલાસી, ખારવો. Seamless, *a.*સલંગ.
Seaport, *s.*બંદર. Sear, *s.* ડાહ્યામ. 2*v.* ડાહ્યામદેવો.
Search, *s.* શોધ, તપાસ,ભાળ. 2 *v.* શોધવું,ખોળવું.
Sea-service, *s.*વહાણનીચાકરી.–shore,*s.*સમુદ્રકાંઠો.
Season, *s.* રૂતુ, રત; પ્રસંગ.2 *v.* મિઠું મરચું નાખવું.
Seasonable, *a.* વખતસરનું.
Seasoning, *s.* મસાલો, તેજનો, વઘાર.
Seat, *s.* બેઠક, આસન;સ્થાન,ઠેકાણું. 2 *v.* બેસાડવું.
Secant, *s.*છેદન રેખા. Secession,*s.*સંગતછોડવી,ફુટ.
Seclude, *v.* વેગળું–નિરાળું રાખવું; એકાંત રહેવું; [મનાઈ કરવી.
Seclusion, *s.* એકાંતવાસ, વેરાગ.
Second, *s.* સારથી, મદદ કરનાર; પળ; સેકંડ. 2 *a.* બીજો. 3 *v.* ટેકો આપવો.
Secondary, *a.* ઉતરતું; ઓછું અગત્યનું.
Secondhand, *s.*સેકંડ કાંટો.2 *a.*ઉતરેલું,જુનુંથયેલું.
Secondly, *ad.* બીજીવાર.
Second-rate, *a.* મધ્યમ દરનું.
Secrecy, *s.* ગુપ્તભાવ, ગુહ્યતા; એકાંતવાસ.

Secret, *s.* છાનીવાત, ભેદ; કરામત. 2 *a.* ગુપ્ત; એ-
Secretary, *s.* મુનશી,મંત્રી,સેક્રેટરી. [કાંતનું; અસ્પષ્ટ.
Secretly, *ad.* ગુપ્ત રીતે.
Sect, *s.* મત, પંથ, માર્ગ, સંપ્રદાય, જાત, વર્ણ.
Sectarian, Sectary, *s.* શાખામાર્ગી,શાખાધારી.
Section, *s.* છેદન, ભેદન; અધ્યાય,પ્રકરણ,ખંડ,માર્ગ.
Secular, *a.* સંસારી, વ્યવહારી. [બચાવવું.
Secure, *a.* સલામત, નિર્ભય. 2 *v.* નિર્ભય કરવું;
Securely, *ad.* નિર્ભયપણે, ખુલાશાથી. [ગીરી.
Security, *s.* નિર્ભયપણું, સલામતી, બચાવ;જામીન-
Security-bond, *s.* જામીનખત.
Sedan, *s.* પાલખી, મેનો.
Sedate, *a.* સ્થિર,શાંત.Sediment, *s.* કચરો, રગડો.
Sedition, *s.* બંડ, દંગો, હુલ્લડ.
Seditious, *a.* ફીતુરી, બળવાખોર.
Seduce, *v.* ફોસલાવવું; ભુલવવું; ફોડવું, ફીટાડવું.
Seducer, *s.* ફોસલાવનાર, ભુલથાપ આપનાર.
Seduction, *s.* ભુલથાપ;લલચાવીને ઉપભોગકરવો તે.
See, *v.* જોવું, દેખવું, ભાળવું;સમજવું, જાણવું.(-off) વિદાય કરવા જવું.
Seed, *s.* બીજ, બીયું; રેત, વિર્ય; સંતાન. -ling, *s.* રોપો,છોડ.-plot, *s.*ક્યારો.-time,*s.* વાવવાનોવખત.

Seeing, *s.* દ્રષ્ટિ, નજર. Seek, *v.* શોધવું; તલાસ કરવી; અરજ કરવી. [લાયક.
Seemingly, *ad.* બાહારથી. Seemly, *a.* ખુશાનુમાં;
Seen, *a.* જોયેલું. Seethe, *v.* શીજવવું; શીજવું.
Segment, *s.* વર્તુલખંડ. Seignior, *s.* ઉમરાવ, સાહેબ.
Seize, *v.* પકડવું, ઝાલવું; છીનવી લેવું; જપ્તકરવું.
Seizure, *s.* ગ્રહણ, પકડવું; જપ્તી, કબજ; હરણ; પછાડવું.
Seldom, *ad.* કદાચ, ક્વચિત, કોઈ વખત. [વીણવું.
Select, *a.* પસંદ કરેલું. 2 *v.* ચુંટીલેવું, પસંદકરવું;
Selection, *s.* પસંદ કરેલી વાત, પસન્નતા, ખુશી.
Self, *a.* તેજ, એજ. 2 *pron.* પોતે, જાતે, મેળે, ખુદ. –conceit, *s.* અહંકાર, ગર્વ, અભિમાન. –control, *s.* આત્મસંયમન. –defence, *s.* આત્મરક્ષણ. –denial, *s.* આત્મસંયમન. –educated, *a.* પોતાનીમેળે શિખેલું. –evident, *a.* પ્રત્યક્ષ. –interest, *s.* સ્વાર્થ, હિત. –ish, *a.* સ્વાર્થી, આપમતલબી. –knowledge, *s.* આત્મજ્ઞાન. –murder, *s.* આત્મઘાત, આત્મહત્યા. –possession, *s.* શુદ્ધિ, હોંસ. –praise, *s.* આત્મસ્તુતિ. –same, *s.* તેજ, એજ. –subdued, *a.* ઇંદ્રિયજીત. –supporting, *a.* પોતાનું ખરચ પોતેજ પુરૂં કરતું. –willed, *a.* સ્વતંત્ર, સ્વચ્છંદી.
Sell, *v.* વેચવું. 2 *v.* ખપવું, વકરો કરવો. (–by re-

tail)પરચુરણ વેચવું.(bywholesale)જથાબંધવેચવું.
Seller, *s.* વેચનાર.Semblance, *s.*સરખાપણું,સાદશ્ય.
Semi, *a.* અર્ધ, અડધું. –circle, *s.* અર્ધગોળ.
Semicircular, *a.* અર્ધ ગોળાકાર.Semidiameter,
Semilunar, *a.* અર્ધ ચંદ્રાકાર. [*s.* અર્ધ વ્યાસ.
Seminal, *a.* બીજ સંબંધી. (–fluid)ધાતુ.(–effu-
Seminary, *s.* વિદ્યાલય; ક્યારો. [sion) રેતપાત.
Semivowel, *s.*અર્ધસ્વર.Senator, *s.* રાજ્યસભાસદ.
Send, *v.* મોકલવું, રવાને કરવું.(–away)વિદાયકરવું.
Senior, *a.* વડીલ.Seniority, *s.* વડીલ-મોહોટાપણું.
Senna, *s.* સોનામુખી.
Sensation, *s.* ઇંદ્રિયજ્ઞાન; વેદના; જાગૃતી.
Sense, *s.* ઇંદ્રિય; સમજ; અક્કલ, બુદ્ધિ;મતલબ;હોંશ.
Senseless, *a.* બુદ્ધિહીન; અચેતન; બેભાન;બેવકુફીનું;
Sensibility, *s.* ભાન,જાગૃતી; સમજ,બુદ્ધિ. [નિરર્થક.
Sensible, *a.* સાવધ, ખબરદાર; ઇંદ્રિયગોચર; વાકેફ-
ગાર; ચતુર; નાજુક.
Sensibly, *ad.* સમજાય એવી રીતે; શાહાણપણથી.
Sensitive, *a.* સચેતન, સાવધ; બુદ્ધિવાન.
Sensual, *a.* વિષયી,લંપટ;વિષયનું.–ist, *s.* વિષયીપુરૂષ.
Sensuality, *s.* વિષયાધિનતા, વિષય બુદ્ધિ; મસ્તી.
Sentence, *s.* ટીપ; વાક્ય. 2 *v.* શિક્ષાનો હુકમકરવો;

રીપ મારવી.
Sentiment, *s.* અભિપ્રાય, તર્ક; અર્થ; ભાવ, રસ.
Sentimental, *a.* રસિક, ભાવિક; વિચારવાળું.
Sentinel, Sentry, *s.* ચોકીદાર.Separable, *a.* ભેદ્ય.
Separate, *a.*નોખું,નિરાળું. 2 *v.*જુદુંકરવું;વિયોગથવો.
Separately, *ad.* જુદું જુદું, છુટું છુટું, પૃથક.
Separation, *s.* વિયોગ, વિરહ; છુટાછેડા; ફાટફુટ.
September, *s.* અંગ્રેજી વર્ષનો નવમો મહિનો.
Septenial, *a.* સાત વર્ષે આવનારૂં, સાત વર્ષી.
Sepulchre, *s.* કબર, ઘોર, પ્રેતમંદીર.
Sequel, *s.* પરિણામ,છેવટ.Sequester, *v.*ટાંચમારવી.
Sequestration, *s.* જપ્તિ, ટાંચ; જપ્ત કરેલો માલ.
Seraglio, *s.* જનાનખાનું, અંતઃપુર, રંગમેહેલ.
Serene, *a.* નરમ,શાંત;સ્વચ્છ.Serenity,*s.*શાંતિ; સ્વ-
Series, *s.* માળા, હાર, શ્રેણી;અનુક્રમ,પરંપરા.[ચ્છતા.
Serious, *a.* ગંભીર;ભારે,અગત્યનું.–ly,*ad.*ગંભીરપણે.
Serjeant, *s.* હવાલદાર, Sermon, *s.* ધર્મોપદેશ.
Serpent, *s.* સાપ,સર્પ.–ine, *a.* સાપસંબંધી; સર્પગ-
Servant, *s.* ચાકર,નફર,નોકર.maid–,*s.*ચાકરડી.[તિનું.
Serve, *v.* ચાકરી કરવી;નિભાવ કરવો;આરાધનાકરવી.
Service, *s.* ચાકરી, નોકરી; સેવા; રોજગાર; ઉપયોગ.
Serviceable, *a.* કામનું, ઉપયોગી; મજબુત.

Servile, *a.* ગુલામગિરીનું; ખુશામતીયું. [લાલાલા.
Servility, Servitude, *s.* ગુલામગિરી; ખુશામત,કા-
Sesame, Sesamum, *s.* તલ, તીલ.
Session, *s.* બેઠક, સભા, દરબાર, કચેરી.
Set, *s.* જોડ, જોડી; જમાત, ટોળું; થોક. 2 *v.* ગોઠવવું; રોપવું; જડવું, કુંદન કરવું; ધાર કાઢવી.(-a limb) સાંધવું. (-a lesson) મંડાવવું. (-apart) દૂર કરવું. (-about or at) યોજવું. (-against) ઉલટું-વિરૂદ્ધકરવું. (-aside)એકકોરેમુકવું.(-down) ઉતારવું, લખી મુકવું. (-of) હંકારવું; શોભિતું ક-રવું (-over) અધિકારી નિમવો. (-to) મંડવું. (-up) સ્થાપવું; અસ્ત થવું. (-on) હલ્લો ક-રવો. (-in) બેસવું. (-off) છુટવું. (-out) નિ-કળવું. (-to) મંડવું. 2 *a.* બરોબર;જડેલું, જડીત.
Settle, *v.* ઠરાવવું; ઠેકાણે પાડવું; ચુકાદો કરવો; પ-તાવવું, તોડ કાઢવો; ઠરવું; ઘર માંડવું; વસવું; ઠરી ઠામ બેસવું; નક્કી કરવું.
Settlement, *s.* ઠરાવ, ચુકાદો; વસ્તી; સ્રીધન.
Seven, *a.* સાત.-teen, *a.*સત્તર. Seventy,*a.*સિત્તેર.
Sever, *v.* જુદું કરવું; ભાગવું, તોડવું.
Several, *a.* કેટલાએક, બહુ; જુદું જુદું; પોતપોતાનું.
Severally, *ad.* પ્રત્યેક, એકેક, જુદા જુદા.

Severity, *s.* કરડાપણું, જુલ્લુમ; અતિશિક્ષા.
Sew, *v.* શિવવું, દોરો ભરવો. Sewing, *s.* શિવણ.
Sex, *s.* લિંગ,સ્ત્રીપુરૂષભેદ. Sexual,*a.* મૈથુનસંબંધી.
Shackle, *s.* બેડી, બંધન. 2 *v.* બેડી ઘાલવી. [કરવો.
Shade, *s.* છાયો, છાયડો; અંશ; પડદો. 2 *v.* છાયો
Shadow, *s.* પડછાયો, ઓળો, પ્રતિબિંબ.
Shady, *a.* છાયાદાર. Shaft, *s.* દાંડો; તીર, બાણ.
Shaggy, *a.* ગુચ્છાદાર; ખરબચડું.
Shake, *s.* ધક્કો, આંચકો; કંપારી. 2 *v.* આંચકો મા
રવો; ખંખેરવું; છલકાવું; ધ્રુજવું; કાંપવું, થરથરવું.
Shallow, *a.* અધુરૂં; છાછરૂં; ઓછી બુદ્ધિનું.
Shallowness, *s.* છાલકાપણું; અલ્પબુદ્ધિ. [કરવો.
Sham, *s.* ઢોંગ, બાહાનું. 2 *a.* ઢોંગી. 3 *v.* ઢોંગ
Shame, *s.* શરમ, લાજ; ફજેતી, અપમાન. 2 *v.* શા-
રમ લગાડવી.–ful, *a* શરમ ભરેલું,લજામણું.–less,*a.*
Shampoo, *v.*ચંપી કરાવવી,ચંપાવવું. [નિર્લજ,બેશરમ.
Shape, *s.* આકાર, સુરત, ડોળ, ઘાટ. 2 *v.* ઘડવું,
આકાર આપવો. –less, *a.*બેડોળ, બદસુરત.–ly,*a.*
ડોળદાર, રૂપવાન.
Share, *s.* ભાગ, હિસ્સો,ફાળો. 2 *v.* વાંટવું, વેંહેંચવું.
Shareholder, Sharer,*s.*ભાગીદાર,પાંતીદાર.[નકરાજ.
Shark, *s* દરિયામાં રહેનારી એક મોહોટી માંછલી,

Sharp, *a.* ધારદાર, પાણીદાર, ચાલતું; અણીદાર; જલદ, હોશીયાર; તીક્ષ્ણબુદ્ધિનું; તીખું, કઠોર; કકડતી, સખ્ત, જાલીમ.–edged, *a.* ધારવાળું. –en, *v.* ઘસવું, ધાર ચઢાવવી –er, *s.* સોદો, લુચ્ચો, ઠગારો. –pointed, *a.* અણીદાર. –sighted, *a.* ઝીણી નજરનું, સુક્ષ્મદ્રષ્ટિવાળું.

Shatter, *v.* કકડા કરવા, ચકચુરકરવું,વિખેરી નાખવું.

Shave, *v.* બોડવું, મુડવું; તાંસવું.

Shaven, *a.* બોડેલું; તાંસેલું.

Shaving, *s.* હજામત; છોડાં. Shawl, *s.* શાલ.

She, *pron.* તે, પેલી. Sheaf, *s.* ભારી, ઝુડી, પુળી.

Shear, *v.* કાતરવું. Shears, *s.* ઉનકાતરવાની કાતર.

Sheath, *s.* મ્યાન, ઘર. 2 *v.* મ્યાન ઘાલવું; મઢાવવું.

Shed, *s.* ઝુંપડી, છાપરી. 2 *v.* પાડવું;ઢોળવું;છાંટવું.

Sheep, *s.* મેંઢો, મેષ, ઘેટું. –fold, *s.* મેંઢા રાખવાનો ગોઠો. –shearing, *s.* મેંઢાનું ઉન કાતરવું. –walk, *s.* મેંઢા ચરવાનું રાન.

Sheer, *a.* શુદ્ધ. 2 *ad.* શુદ્ધ, સાફ.

Sheet, *s.* ચાદર, પિછોડી; કાગળનો તાવ; કફન; ધાતુનું પત્રું.

Shelf, *s.* પાટિયું; તકતો; ભાડું.

Shell, *s.* છીપ; કોટલું; ઘર; છાલું. 2 *v.* છોલવું; ફોલવું.

Shelter, *s.* આશ્રય, બચાવ. 2 *v.* આશ્રય આપવો.

Shelving, *a.* ઢળતું. Shepherd, *s.* ભરવાડ, રબારી.
Shepherdess, *s.* ભરવાડણ. Sheriff, *s.* નાજર, શેરીફ.
Shield, *s.* ઢાલ; રક્ષણ. 2 *v.* બચાવ કરવો. [કરવું.
Shift, *s.* ઉપાય; યુક્તિ. 2 *v.* વાત ઉલટાવવી; ગુજરાન
Shine, *s.* ચળકાટ, પ્રકાશ, કાંતિ. 2 *v.* તપવું; ચળકવું; શોભવું.
Shining, Shiny, *a.* ચળકતું, તેજસ્વી, પ્રકાશીત.
Ship, *s.* વાહાણ, નૌકા. (-of war) મનવાર, કાફલો. 2 *v.* વહાણમાં ભરવું. [મવું.
Shipping, *s.* મછવો. Shipwreck, *s.* વહાણનું ભા-
Shirt, *s.* પેહેરણ, ખમીસ, ઝભ્ભો.
Shiver, *s.* કરચ. 2 *v.* કકડેકકડાકરી નાંખવાં; કાપવું.
Shivering, *s.* કંપારો, ધ્રુજારી. Shoal, *s.* જમાવ; ભાઠું.
Shock, *s.* ધકકો, આંચકો; ઢમલો. 2 *v.* ગંજ કરવો; ધકકો મારવો.
Shocking, *a.* કંટાળા ભરેલું; ત્રાસદાયક, અઘોર.
Shoe, *s.* પગરખું; નાળ. 2 *v.* નાળ મારવી.
Shoemaker, *s.* મોચી, ચમાર, જોડાસીવનાર. [ફુટવું.
Shoot, *s.* અંકુર, ફણગો. 2 *v.* ગોળી મારવી; ફોડવું;
Shop, *s.* દુકાન, વખાર; કારખાનું. -keeper, *s.* દુકાનદાર.
Shore, *s.* કિનારો, કાંઠો.
Shorn, *a.* કાતરેલું; મુંડ. પેલું.

Short, *a.* ટુંકું, થોડું; અલ્પ; અલ્પકાલિક; અધુરૂં; ટીંગણું; ઉતાવળું. (to come–) ચુકવું.(to cut -) કમી કરવું. (to fall-) ખુટવું.(to stop–) એકાએક અટકવું. (in–) ટુંકામાં.

Shortcoming, *s.* ન્યૂનતા, તફાવત, અંતર, દોષ.

Shorten, *v.* સંક્ષિપ્તે કરવું, ઘટાડવું.

Short-lived, *a.*અલ્પાયુષી.–ly, *ad.* જલદી;ટુંકામાં.

Short-sighted, *a.* ટુંકી નજરનું.

Shot, *s.* ગોળી; ટપ્પો. 2 *v.* ગોળીથી મારવું.

Should, *v.* પ્રથમ પુરૂષમાં "અવશ્યકતા," દ્વિતીય અને તૃતીય પુરૂષમાં "યોગ્યતા" એવો અર્થ થાયછે.

Shoulder, *s.* ખાંધ, ખભો. 2 *v.* ખાંધ ઉપર લેવું.

Shout, *s.* પોકાર, બૂમ. 2 *v.* પોકારવું, બૂમ પાડવી.

Shove, *s.* હડસેલો. 2 *v.* હડસેલવું.

Shovel, *s.* પાવડો.

Show, *s.* તમાસો, ખેલ; ઢોંગ; ભપકો, ડોળ; આકાર. 2 *v.* દેખાડવું, બતાવવું; બોધ કરવો; સાબેત કરવું. (–favour) મેહેરબાની કરવી. (–forth) ઉઘાડું કરવું.

Shower, *s.* ઝાપટું, વૃષ્ટિ,વરસાદ.2 *v.* વૃષ્ટિ કરવી.

Showy, *a.* દેખાવડું. shred, *s.* ચિંથરૂં. 2 *v.* કડકો કરવો,

Shrew, *s.* સંતાપનારી સ્ત્રી.

Shrewd, *a.* હોંશિયાર, ચતુર.
Shrick, *s.* ચિસ, ચિચિયારી. 2 *v.* ચિસ પાડવી.
Shrill, *a.* કરકરતું, ઝીણું, બારીક.
Shrine, *s.* દેવાલય, મંદિર; કબર, ઘોર.
Shrink, *v.* પાછું હઠવું; સંકોચાવું; ચોંકવું; ચિમ-
Shrivel, *v.* કરમાઈ જવું;કરચળી પડવી. [ળાઈ જવું.
Shroud, *s.* કફન; આશ્રય. 2 *v.* લપેટવું; સંતાડવું;
Shrub, *s.* ઝાડી; જડીબુટ્ટી. [આશ્રો આપવો.
Shrug, *v.* નારાજી બતાવવી.
Shudder, *v.* કાંપવું, થરથરવું. [કરવી; ઢકેલવું.
Shuffle, *s.* ઘાલમેલ. 2 *v.* ભેળસેળ કરવું; લુચ્ચાઈ
Shun, *v.* દૂર રહેવું; તજવું; ચુકવું, ટાળવું.
Shut, *v.* બંધ કરવું, મિચવું. (–out) અંદર નહીં
આવવા દેવું. (–up) પૂરવું. (–in) ઘેરવું, બં-
Shutter, *s.* બારીના ફરકાં. [ધ થવું, મિચાવું.
Shuttle, *s.* કાંઠલો. shy, *a* શરમાળ, બિહીકણ.
Sibilant, *a.* સકારવાળું.
Sick, *a.* માંદુ, બિમાર, આજારી; કંટાળો આવેલો.
Sicken, *v.* બિમાર કરવું; કંટાળો આણવો–આપવો.
Sickening, *a.*આજારી પાડનારૂં. sickle, *s.*દાતરડું.
Sickly, *a.* માંદું; રોગીષ્ટ. sickness, *s.*મંદવાડ,રોગ.
Side, *s.* બાજુ, ગમ, તરફ; પક્ષ, તરફદારી. 2 *a.*

બાજુનું. 3 *v.* ઉપરાણું લેવું.
Side-board, *s.* ખાણું મુકવાને ખાનાદાર તેબલ.-look, *s.* નેત્ર કટાક્ષ.-ways, wise, *ad.* બાજુપર.
Siege, *s.* ફોજે નાખેલો ઘેરો. sieve, *s.* ચાળણી.
Sift, *v.* ગાળવું, ચાળવું; ઝાટવું; વિચારવું, તપાસવું.
Sigh, *s.* હચકું, રડવું. 2 *v.* હચકાં ખાવાં, નિસાસો મુકવો.
Sight, *s.* તમાસો, દેખાવ; નેત્ર; નજર, દૃષ્ટિ; દૃષ્ટિ [વિષય.
Sightless, *a.* આંધળું.
Sightly, *a.* દેખાવડું; સુદર્શન. [સહી કરવી.
Sign, *s.* નિશાની, ચિન્હ; ઉત્પત્તિ; રાશી; સહી. 2 *v.*
Signal, *s.* ઈશારો; વિલક્ષણ. 2 *a.* મોહોટું. 3 *v.* ઈશારત કરવી.
Signalize, *v.* ગજાવવું, પ્રસિદ્ધ કરવું; કીર્તિમેળવવી.
Signature, *s.* સહી, મતું, હસ્તાક્ષર.
Significance, *s.* અર્થ, અભિપ્રાય; વિસાત, ભાર.
Significant, *a.* અર્થ સુચક, બોધક; દર્શક.
Signification, *s.* અર્થ, અભિપ્રાય; શબ્દશક્તિ.
Signify, *v.* સમજાવવું, સૂચવવું; અર્થ થવો; વિસાતહોવી.
Silence, *s.* ચુપકી; શાંતિ; મુગા રેહેવું. 2 *int.* ચુપ, છાનો. [ચુપરીતે.
Silent, *a.* મુગું, શાંત; સ્થિર.-ly, *ad.* છાનોમાનો.
Silk, *s.* રેશમ; રેશમી કપડું. 2 *a.* રેશમી.

Silken, silky, *a.* રેશમી; હીરનું, રેશમનું.
Silkweaver, *s.* રેશમ વણનાર.
Silkworm, *s.* રેશમનો કીડો.
Silliness, *s.* નાદાની, બેવકુફી, ભોળપણ.
Silly, *a.* ભોળું, અનાડી,નાદાન. Silvan, *a.* જંગલનું.
Silver, *s.* રૂપું, ચાંદી; રૂપાનાણું. 2 *a.* રૂપેરી.
Silvering, *s.* રૂપાનાણું. silver-smith, *s.* સોની.
Silvery, *a.* રૂપાજેવું સફેદ, રૂપાનું.
Similar, *a.* સરખું, બરોબર. [રોબરી.
Similarity, *s.* સરખાપણું, તુલ્યતા, સાદૃશ્ય, બ-
Similarly, *ad.* તેજ પ્રમાણે.
Simile, *s.* દાખલો, દૃષ્ટાંત.
Similitude, *s.* સાદૃશ્યપણું, સાદૃશ્ય; દાખલો.
Simple, *s.* વનસ્પતિ, બુટ્ટી. 2 *a.* શુદ્ધ; ભોળું, સા-
લસ; સરળ; માત્ર, કેવળ,ખાલી,લુખું.-minded, *a.*
Simpleton, *s.* અનાડી, ભોળાનાથ. [ભોળામનનું.
Simplicity, *s.* શુદ્ધપણું; ભોળાપણું; સેહેલાપણું.
Simply, *ad.* ફક્ત, માત્ર, કેવળ; નિષ્કપટપણે.
Simultaneous, *a.* સમકાલિક. [પાપ કરવું.
Sin, *s.* પાપ, પાતક, અપરાધ, અન્યાય, કુકર્મ. 2 *v.*
Since, *prep.* or *ad.* હવેથી;પેહેલાં; જ્યારથી; કારણકે.
Sincere, *a.* સાફ દિલનું, નિષ્કપટ; જીવજાન.

Sincerely, *ad.* ભાવથી, નિષ્કપટપણાથી,ખરાદિલથી.
Sincerity, *s.* ખરાપણું, સત્યતા. sine, *s.* જ્યા.
Sinew, *s.* સ્નાયુ, નસ. sinews, *s.* બળ, સામર્થ્ય.
Sinful, *a.* દુષ્કર્મનું; પાપી, પાતકી, અધર્મ.
Sing, *v.* ગાવું; કીર્તિ ગાવી, વખાણવું.
Singe, *v.* સેકવું. Singer, *s.* ગાનાર, ગવૈયો.
Singing, *s.* ગાવું, ગાયન, ગાણું. [રવી લેવું.
Single, *a.* એકવડું, એકલું; કુંવારો,વાંઢો. 2 *v.* તા-
Singleness, *s.* એકલાપણું; વાંઢાપણું.
Singly, *ad.* એકએક; મદદ વગર, એકલું.
Singular, *a.* એકલું, અનુપમ; વિલક્ષણ; એક વચન.
Singularity, *s* એકલાપણું;અપ્રતિમતા; વિલક્ષણપણું.
Sinister, *a.* ડાબું; વાંકું; નઠારૂં, કમબખ્ત.
Sink, *s.* મોરી, ગટર. 2 *v.* બુડાડવું; બુડવું; ફસવું; કચરી નાખવું; ધસી પડવું; પાણીથી ભીંજવું; આંખમાં કુવા પડવા; ખોદવું, ખણવું.
Sinless, *a.* પાપરહિત.
Sinner, *s.* ગુન્હેગાર, અપરાધી.
Sir, *s.* મહારાજ, સાહેબ. sire, *s.* મહારાજ; બાપ.
Surname, *s.* અટક, ઉપનામ. sirup, *s.* શિરો.
Sister, *s.* બેહેન, ભગની. sister–in–law, *s.* સાળી; નણંદ; ભોજાઈ.–hood, *s.* બેહેનપણું.

Sit, *v.* બેસવું, બેસી જવું.
Seat, s. જગા, ઠેકાણું, સ્થાન.
Sitting, *s.* બેઠક, મેળાવડો; કચેરી ભરવી તે.
Situate, situated, *a.* વસેલું, સ્થિત; અવસ્થાનું.
Situation, *s.* જગા, સ્થળ; અવસ્થા; નોકરી, ચાકરી.
Six, *a.* છ. sixteen, *a.* સોળ. sixty, *a.* સાઠ.
Size, *s.* કદ, પરિણામ; ચોંહોંટાડવાનો પદાર્થ, સરેસ.
2 *v.* ખેર ચઢાવવો; સરેસ લગાડવો.
Skeleton, *s.* અસ્થિપંજર, ખોળિયું. [ઢવો; આંકવું.
Sketch, *s.* નકસો, ચિત્ર; આંકણી. 2 *v.* નકશો કા-
Skiff, *s.* નાહાની હોડી, મછવો.
Skilful, Skilled, *a.* ચતુર, કુશળ; કસબી, વાકેફગાર.
Skill, *s.* ચતુરાઈ, યુક્તિ, કસબ, હિકમત, હુશોટી.
Skin, *s.* ચામડી, ત્વચા, ચર્મ; છાલ, છોડું. 2 *v.* ચા-
Skinny, *a.* દુબળું. [મડી કાઢવી, છોલવું.
Skip, *v.* છલંગ મારવી; કુદવું, નાચવું.
Skirmish, *s.* ઝટપાઝટપી, ઝગડો.
Skirt, *s.* ઘેર, ચાલ, ઝુલ, પાલવ; હદ્દ; સીમા, છેડો.
2 *v.* સીમા આવવી; કિનારે વસવું.
Skirted, *a.* ઘેરદાર. skirts, *s.* સીમા, હદ્દ.
Skull, *s.* ખોપરી. sky, *s.* આકાશ, આસમાન.
Sky-coloured, *a.* આસમાની. skylark, *s.* ભારદ્વાજ.

Slab, s. શિળા; ગંદુ નાહાનું તળાવ; પાટ, તક્તો.
Slack, a. ઢીલું, નરમ; સુસ્ત, મંદ.
Slacken, v. ઢીલું કરવું; વેગ કમી કરવો;મંદપાડવું;
Slackness, s. ઢીલાપણું; આળસ; ઢીલ. [ઢીલ થવી.
Slander, s. તોહોમત,આળ,નિંદા. 2 v. તોહોમતમુક-
Slanderer, s. ચાડીયો, ચુગલીખોર. [વું,ચાડી ખાવી.
Slanderous, a. કુભાંડ, અપવાદક; નિંદા ભરેલું.
Slap, s. લપડાક, તમાચો, ધોલ. 2 v.લપડાકમારવી.
Slate, s. પથ્થર પાટી, સ્લેટ.
Slaughter, s. કતલ, કાટાકાટી. 2 v. કતલ કરવી.
Slave, s. ગુલામ, દાસ; દાસી.
Slavery, s. ગુલામગીરી, દાસત્વ, બંદાપણું.
Slavish, a. ગુલામી, દાસપણાનું; ખુશામતનું.
Slay, v. પ્રાણ લેવો, મારી નાખવું, કતલ કરવી.
Slayer, s. મારનાર, ખુની.sleek, a. લીસું,સુંવાળું.
Sleep, s. ઉંઘ,નિદ્રા;શયન.2 v. ઉંઘવું,સુવું,શયનકરવું.
Sleepiness, s. સુસ્તી,આળસ. sleepy, a. નિદ્રાતુર,
Sleeve, s. બાંય.sleight, s. હાથચાલાકી. [ઉંઘણશી.
Slender, a. નિર્બળ, પોચું; નાજુક; થોડું; હલકું.
Slice, s. ચીર, ફાડ. 2 v. ફાડ કરવી; કાપવું.
Sidle, v. લપસી જવું, સરવું.
Slight, s. અવગણના, અનાદર. 2 a. નજીવું, બારી-

ક, સૂક્ષ્મ; હલકું, પોકળ. 3 *v.* તિરસ્કાર કરવો,તુચ્છ
Slightly, *ad.* જરા, આસ્તેરહીને,બેપરવાથી.[માનવું.
Slightness, *s.* બારીકપણું; હલકાપણું; નબળાઈ.
Slily, *ad.* ગુપચુપ,ચોરીથી.slim, *a.* પાતળું;નાજુક.
Slime, *s.* લાળ, ચીકણો પદાર્થ, કાદવ.
Slimy, *a.* ચીકણું, ચીકાસવાળું. [સીંકામાં ટાંગવું.
Sling, *s.* ગોફણ; સીંકું, છીકું. 2 *v.* ગોફણ મારવી;
Slip, *s.* ભૂલ, ચુક, દોષ;કકડો, ચિંદડી.2 *v.* લપસવું;
છટકી જવું; ભૂલવું;ખોવું;છુપીરીતેજવું;ચોરીથીખોસવું.
Slipper, *s.* મોજડી, પગરખું, જોડો.
Slippery, *a.* લપસણું; ચંચળ; અનિશ્ચિત.
Slit, *s.* ફાટ, ચીર. 2 *v.* ચીરવું, ફાડવું. [લતું કરવું.
Sloop, *s.* નાહાનું વહાણ. Slope, *s.*ઢોલાવ. 2 *v.* ઢ-
Sloping, *a.* ઢલતું, ઉતરતું, ઢોળાવવાળું.
Sloth, *s.* સુસ્તી, આળસ.–ful, *a.* આળસુ, સુસ્ત.
Slough, *s.* સાપની કાંછલી; કાદવવાળી જગ્યા.
Slovenly, *a.* ફુએડ. 2 *ad.* ગંદીરીતે; ફુએડપણાથી.
Slow, *a.* ધીમું; જડ બુદ્ધિનું –ly, *ad.* ધીમે ધીમે.
Slowness, *s.* સુસ્તી,મંદપણું;ઢીલ,વાર;મંદબુદ્ધિ;નિરાંત.
Sluggard, *a.* ઠોઠ,બોથડ.Sluggish, *a.* સુસ્ત, મંદ.
Sluggishness, *s.* ઢીલ, વાર, આળસ.
Slumber, *s.* ઉંઘ, નિદ્રા. 2 *v.* સુવું, ઉંઘવું.

Slur, *s.* કલંક, ડાઘ, બટ્ટો. 2 *v.* ડાઘ લગાડવો.
Slut, *s.* ફુએડ. Sly, *a.* લુચ્ચું, મતલબી, પક્કું, ખંદું.
Slyly, *ad.* ચોરાવીને, છુપી રીતે, લુચ્ચાઈથી.
Slyness, *s.* લુચ્ચાઈ, ધૂર્ત્તપણું; ચતુરાઈ; ખંધાઇ.
Smack, *s.* સ્વાદ, લેહેજત; વાસ, ગંધ; સડાકો; ચુંબી; તમાચો, લપડાક. 2 *v.* ચુંબી કરવી; ચાબુક વગાડવો; સ્વાદ લેવો.
Small, *a.* નાહાનું; થોડું.–ness, *s.* નાહાનાપણું; થોડાપણું.
Small-pox, *s.* દેવી, માતા, બળીયા.
Smear, *v.* ખરડવું, ચોપડવું, લીપવું. [સલેવો.
Smell, *s.* વાસ લેવાની ઇંદ્રિય; વાસ, ગંધ. 2 *v.* વા-
Smelt, *v.* ધાતુ ગાળવી, રસ કરવો. [પ્રસન્ન થવું.
Smile, *s.* મંદહાસ્ય, કૃપાદૃષ્ટિ. 2 *v.* ગાલમાં હસવું;
Smith, *s.* ઘડવાનું કામ કરનાર, લુહાર.
Smoke, *s.* ધુમાડો, ધુણી. 2 *v.* ધુમાડો દેવો; બીડી પીવી.
Smoky, *a.* ધુમાડાનું; ધુમાડાવાળું. [શાંત કરવું.
Smooth, *a.* લીસું, સુંવાળું; સરખું; શાંત; કોમળ. 2 *v.*
Smoothly, *ad.* શાંતરીતે, સફાઈથી, મધુર વાણીથી.
Smoothness, *s.* લીસાપણું, સફાઈ; સરખાપણું; શાંત-
Smother, *v.* ગુંગળાવવું; દાબી રાખવું. [પણું.
Smuggler, *s.* જકાત-ચોરી કરનાર. Snail, *s.* ગોકળગાય.
Snake, *s.* સાપ, ભુજંગ. –catcher, charmer, *s.* ગારૂડી.

Snap, *s.* ચીપટી, ચુંટલી; બચકું; ચોરી; ચાબખાનો
ફટકારો. 2 *v.* કટકઈ કડકા કરવા;આંગળાથી ચીપટી
Snare, *s.* ફાંસો,પાશ,જાળ. 2 *v.* ફાંસામાંલેવું.[વગાડવી.
Snarl, *v.* ઘુરઘુરવું, જનાવરની પેઠે ઘુરકવું.[પટકાવવું.
Snatch, *s.* ઝપટ, ઝડપ; ખેંચાખેંચ. 2 *v.* ઝુંટવીલેવું.
Sneer, *s.* તિરસ્કાર. 2 *v.* તિરસ્કારબતાવવો;ખેંચીનેબો-
Squeeze, *s.* છીંક. 2 *v* છીંકવું.Snip, *v.* કાતરવું.[લવું.
Snore, *v.* ઘોરવું. Snort, *s.* ફુંફાટામારવા, ફુંકારવું.
Snow, *s.* બરફ, હિમ. Snowy, *a.* બરફનું,હિમમય.
Snub, *v.* ધમકાવવું; કરમાવવું. -nosed, *a.* ચીબું.
Snuff, *s.* મોગરો; તપખીર, છીંકણી. 2 *v.* મોગરો
Snuffers, *s.* ગુલકાતરણી. [પાડવો; શ્વાસ લેવો.
Snug, *a.* સંતાડેલું, દાબીરાખેલું. 2 *v.* અડોઅડસુવું.
So, *ad.* એવું, એમ; આટલું, એવડું;એથીકરીને, એ-
વું છતાં. (-many) એટલાં બધાં. (-much) એ-
ટલું. (-often) એટલી વાર.
Soak, *v.* ભિંજવવું; પલાળવું; ભિંજેલું રેહેવું.
Soap, *s.* સાબુ. 2 *v.* સાબુ લગાડવો.
Soar, *v.* ઉંચે ચડવું; ઈચ્છા-ઉમેદ રાખવી.
Sob, *s.* ડચકું. 2 *v.* ડચકાં આવાં. [ફિકરમાં આવવું.
Sober, *a.* માફકસર પીનાર; સાવધ;ગંભીર. 2 *v.* શુ-
Soberly, *ad.* વગર કેફથી; ગંભીરાઈથી, સાવધપણે.

Sobriety, *s.* સાવધપણું; ધીરજ, વિચારશીલતા.
Sociable, Social, *a.* મળતાવડું; સંસારી.
Sociableness, Sociability, *s.* સ્નેહબુદ્ધિ-ભાવ.
Society, *s.* સોબત, સંગત, મંડળી, પંક્તિ.
Sock, *s.* પગના મોજા. Sod, *s.* ઘાસવાળી જમીન.
Soda, *s.* સોડાક્ષાર. Sodomite, *s.* ગાંડમારનાર.
Sodomy, *v.* ગાંડમારવી. Sofa, *s.* ગાદી, કોચ.
Soft, *a.* નરમ; પોચું; ગરીબ; મધુર; હલકું; દયાળું;
Soften, *v.* પોચું કરવું; શાંત પાડવું. [કકરૂં; ધીમું.
Softly, *ad.* ધિરેધિરે. Softness, *s.* નરમાસ; મધુરપણું.
Soil, *s.* માટી; જમીન, ભોંય; ડાઘ; ખાતર. 2 *v.* બિ-
ગાડવું, મેલું કરવું. [પ્રવાસી.
Sojourn, *s.* પ્રવાસ, દેશાંતરવાસ.-er, *s.* મુસાફર,
Solace, *s.* સુખ, ચેન, આનંદ; સમાધાન. 2 *v.* આ-
સનાવાસના કરવી; દીલાસો આપવો.
Solar, *a.* સૂર્ય સંબંધી. Solder, *s.* રેણ. 2 *v.* ઝાળવું.
Soldier, *s.* સિપાઈ, શૂરવીર. Soldiery, *s.* સિપાઈલોક.
Sole, *s.* પગનું તળીયું. 2 *a.* એકલું.
Solely, *ad.* માત્ર, કેવળ.
Solemn, *a.* ધર્મસંસ્કારનું; ગંભીર; દૃઢ.
Solemnity, *s.* ધાક; ગાંભીર્ય; દેવકાર્ય, ઓચ્છવ.
Solemnize, *v.* યથાશાસ્ત્ર કરવું; ગંભીરપણું આણવું.

Solicit, *v.* વિનંતી કરવી, માગવું.
Solicitation, *s.* વિનંતી, અરજ.
Solicitor, *s.* જાચક, વકીલ.
Solicitous, *a.* ચિંતાતુર; આતુર.
Solid, *a.* સંઘીન, દળદાર, બળવાન, સાબુત.
Solidity, *s.*ઘનતા;બળ. Soliloquy, *s.*આત્મભાષણ.
Solitary, *s.* એકાંતવાસી. 2 *a.* એકાંત, એલાહિદું.
Solitude, *s.* એકાંતવાસ;એકાંતવૃત્તિ; જંગલ; અરણ્ય.
Solomon, *s.* ઘણો ચતુર પુરૂષ.
Soluble, *a.* ઓગળે એવું.
Solution, *s.* પાણી, તેજાબ; ખુલાસો.
Solve, *v.* ખુલાસો કરવો, પીગળાવવું.
Solvent, *a.* દ્રાવક; કરજ ફીટાડવાને સમર્થ.
Some, *a.* જરા; કોઈએક.–body, *s.* કોઈએક સખ્સ.–how, *ad.* ગમેતેમ કરીને.–time, *ad.* કોઈવખત.–what, *ad.*થોડું,જરા.–where, *ad.*કોઈઠેકાણે.
Son, *s.* પૂત્ર, છોકરો. Son-in-law, *s.* જમાઈ,
Song, *s.* ગાયન, ગીત, ગાણું.–ster, *s.*ગવૈયો,ગાનાર.
Sonnet,*s.* લઘુ કવિતા. sonorous,*a.*વાગતું,ખખડતું.
Soon, *ad.* જલદી, ઝટપટ. soot, *s.* મેસ, કાજળ.
Soothe, *v.*દીલાસો આપવો; સમાધાન કરવું; થાબડવું; ખુશામત કરવી.

Soothing, *a.* સમાધાન કરનાર; સુખ આપનાર.
Sop, *s.* ભીંજવેલી રોટલી;લાંચ. sophism, *s.* સત્યાભાસ.
Sophist, *s.* મિથ્યાવાદ કરનાર; નાસ્તિક; વિદ્વાન.
Sorcerer, *s.* જાદુગર. sorcery, *s.* જાદુ.
Sordid, *a.* નીચ, હલકું, પાજી; કૃપણ; લાલચુ.
Sore, *s.* જખમ, ઘા; મર્મસ્થાન. 2 *a.* દુ:ખતું; સુજેલું;
Soreness, *s.* દુ:ખ, દરદ; સોજો; કઠીણપણું. [કઠણ.
Sorrow, *s.* ખેદ,શોક,દીલગીરી. 2 *v.* ખેદકરવો;દુ:ખલાગવું.
Sorrowful, *a.* ઉદાસ, દુ:ખી, શોકાતુર, શ્રમી.
Sorry, *a.* ખિન્ન, દુ:ખી, દલગીર; પશ્ચાતાપી.
Sort, *s.* જાત, પ્રકાર, રીત; તરેહ. 2 *v.* નિવડવું.
Soul, *s.* આત્મા, પ્રાણ, ચૈતન્ય; સાર; પુરૂષ; તેજ.
Sound, *s.* અવાજ, નાદ, ધ્વનિ. 2 *a.* નિરોગી; સલામત, આખું; જબરૂં; નિર્દોષ; વજનદાર; ખરામાર્ગનું. 3 *v.* અવાજ કરવો; મન જોવું; વાગવું.–ly, *ad.* યથાયોગ્ય,બરાબર; રગડીને, સારી પેઠે. [ખાટું કરવું.
Sour, *a.* ખાટું;આકળું,કરડું,મિજાસી;અધીરૂં. 2 *v.*
Source, *s.* મૂળ, બીજ, ઉત્તપત્તિ સ્થાન.
South, *s.* દક્ષિણદિશા.2 *a.* દક્ષિણ દિશાનું.–ing, *s.* દક્ષિણાયન.–east, *s.* અગ્નિકોણ.–ern, *a.* દક્ષિણદિશા તરફનું.–ward, *ad.* દક્ષિણ તરફ.–west, *s.* નૈરૃત્યકોણ. [ક્રો. 2 *a.* મુખ્ય.

Sovereign, *s.* રાજા, મહારાજા; ૨૦ શિલિંગનો શિ॰
Sovereignity, *s.* સર્વાધિકાર, સત્તા.
Sow, *s.* ડુકરી. 2 *v.* રોપવું.
Space, *s.* આકાશ; પ્રદેશ; જગા; મુદત; વિસ્તાર.
Spacious, *a.*વિશાળ, મોહોટું. spade, *s.* કોદાળી.
Span, *s.* વેંટ. 2 *v.* વેંટથી ભરવું.
Spaniel, *s.* શિકારી કુતરો. [ક્ષમા કરવું; જવાદેવું.
Spare, *a.*ફાલતું,શિલક;થોડું; નબળું.2 *v.* બચાવવું;
Sparing, *a.* કસરિયું.-ly, *ad.* કસરથી.
Spark, *s.* ચીણગારી; અંશ, લેશ; પ્રીતિ રાખનાર.
Sparkle, *s.*ચીણગારી;તેજ.2 *v.*તનખા ઉડવા;ચમકવું.
Sparkling, *a.*ચળકતું,તેજસ્વી. sparrow, *s.* ચકલી.
Spatter, *v.* છાંટવું. speak, *v.* બોલવું; વાદ કરવો.
Speaker, *s.* બોલનાર.
Spear, *s.* ભાલો. 2 *v.* ભાલો મારવો.
Spear-head, *s.* ભાલાનું માથું.-man, *s.* ભાલેકરી.
Special,*a.*પ્રકારનું;મુખ્ય;ચોકસ.-ly, *ad.*વિશેષેકરીને.
Specie, *s.* નગદી, અવેજ. species, *s.*જાત, પ્રકાર.
Specific, *a.*અસાધારણ.(-gravity)વિશેષ ગુરૂતત્વ.
Specification, *s.*તપસીલવારકરેલી યાદી;સંજ્ઞા,અટક.
Specify, *v.* તપસીલવાર જણાવવું. [નમુનો.
Specified, *a.*વિગતે કહી જણાવેલું. specimen, *s.*

Specious, *a.* દેખાવડું; સત્યાભાસનું.
Speck, *s.* ડાઘ, ડપકો; ફુલું; કણ, રજ.
Spectacle, *s.* ખેલ, તમાસો; દૃષ્ટિ વિષય.
Spectacles, *s.* ચશમા. spectator, *s.* તમાશગીર.
Spectre, *s.* ભૂત, છાયા, પિશાચ.
Speculate, *v.* તર્ક–સટ્ટો કરવો. [નસિક.
Speculation, *s.* તર્ક, સટ્ટો. speculative, *a.* મા-
Speculator, *s.* સટ્ટા કરનાર.
Speech, *s.* વાણી, વાચા, ભાષણ; ભાષા, બોલી.
Speechless, *a.* વાચાવગરનું, મુગું; નિરુત્તર.
Speed, *s.* વેગ, ત્વરા, ઝડપ. 2 *v.* વેગે જવું; ફતે-
Speedily, *ad.* જલદીથી. [હ પામવું.
Speedy, *a.* ઉતાવળું, ચાલાક.
Spell, *s.* જાદુ, મંત્ર;પાળી,ઉકાવણી. 2 *v.*જોડણીકરવી.
Spelling, *s.* જોડણી, વર્ણરચના, પદાક્ષર. [ઉડાઉ.
Spend, *v.* ખરચવું, વાપરવું; ગુજારવું. –thrift, *s.*
Spent, *a.* ખરચેલું,ગુજારેલું.sphere, *s.* ગોળ, ઈલાકો.
Spherical, *a.* ગોળાકાર. spice, *s.* ગરમમસાલો.
2 *v.* મસાલોભરવો.
Spicy, *a.* મસાલાનું. spider, *s.* કરોળીયો.
Spike, *s.* કણસ; ખીલી, મેખ. 2 *v.* ખીલો મારવો.
Spilt, *s.* છલકાવું. spin, *v.* સુતર કાંતવું, ફેરવવું.

Spindle, *s.* ચાતી. –shanked, *a.* લાંબટાંગ.
Spine, *s.* બરડાનું હાડકું.spinner, *s.* સુતરકાંતનાર.
Spinning, *s.* સુતર કાંતવું. –wheel, *s.* રેંહેંટીયો.
Spinster, *s.* કુમારીકા. Spiral, *a.* પેચદાર.
Spire, *s.* શિખર; વાંકી ચુંકી લીટી; પેચ, લપેટા.
Spirit, *s.* જીવ, આત્મા; પિશાચ; પ્રકૃતિ, સ્વભાવ; બુદ્ધિ; હિંમત; તેજાબ; દારૂ.
Spirited, *a.* હિંમતવાન, દમવાળો; આવેશી.
Spiritless, *a.* ઉદાસ, ફિકું; સ્વાદ વગરનું; નિર્બળ.
Spiritual, *a.* નિરાકાર; પરમાર્થનું; જ્ઞાનમાર્ગનું.
Spirituous, *a.* જલદ, કેફી, અમલ ચઢાવનાર.
Spite, *s.* ખાર, અદાવત; દ્વેષ. 2 *v.* કંટાળોઆપવો.
Spiteful, *a.* કપટી, ડંખી. Spittle, *s.* થુંક, લાળ.
Splash, *s.* છાંટવું, ઉછાળવું, ઉડવું; અફળાવું.
Spleen, *s.* ગુસ્સો; અદાવત; ગમગીની.
Splendid, *a.* શોભિતું, ભભકાદાર, મોહોટું, ઉમદા.
Splendour, *s.* તેજ; થાટમાટ; શોભા; મોહોટાપણું.
Splint, Splinter, *s.* ગાપચું; કામઠું; ફાડવું.
Split, *s.* ચીરો, ફાટ. 2 *v.* ચીરવું, ફાડવું; ફાટવું.
Spoil, *s.* લુટ; નાશ. 2 *v.* લુટવું; નાશ કરવો.
Spoiler, *s.* લુટનાર;નાશકરનાર.Spoke,*s.*પૈડાનીઆર.
Spokesman, *s.* બોલનાર. Spoliation, *s.* લુટ.

Sponge, *s.* વાદળી. 2 *v.* વાદળાથીલુછવું.
Sponsor, *s.* જામીન.
Spontaneous, *a.* સ્વાભાવિક. Spoon, *s.* ચમચો, પળી.
Sport, *s.* રમત, ગમત, મોજ; મશ્કરી; શિકાર. 2 *v.* ખેલવું; મશ્કરી કરવી.
Sportive, *a.* ખેલાડી, આનંદી. Sportsman, *s.* પારધી.
Sportless, *a.* નિષ્કલંક, નિર્દોષ. Spotted, *a.* ડાઘા પાડેલું.
Spouse, *s.* વરરાજા; વહુ, બાયડી.
Sprowl, *v.* હાથપગ લાંબા કરી સુવું; તરફડવું.
Spray, *s.* ડાખળી; છાંટ, હિમકણ; ફીણ.
Spread, *s.* ફેલાવો, વિસ્તાર. 2 *v.* ફેલાવવું; પાથરવું.
Sprig, *s.* ડાખલી, ડાળી. sprightly, *a.* આનંદી, મગન.
Spring, *s.* વસંતઋતુ; કમાન; કુદકો; ઝરણું; મૂળ; ઝડપ. 2 *v.* કુટવું; ઉત્પન્ન થવું; કુદવું. (-upon) તલપ મારવી. (-up) ઉડવું, ઉછળવું.
Sprinkle, *v.* છાંટવું, સીંચવું; ચમકવું.
Sprout, *s.* અંકુર, ફણગો. 2 *v.* નિકળવું; ફણગોફુટવો.
Spur, *s.* કાંટો, આર; ઉત્તેજન. 2 *v.* એડીમારવી; ઉશ્કેરવું.
Spurious, *a.* નકલી, તકલેદી. Spurn, *s.* ધિઃક્કાર. 2 *v.* ધિઃક્કાર કરવો, લાત મારવી.
Squabble, *s.* કટકટ, કલહ. 2 *v.* કટકટકરવી, લાંડવું.
Squander, *v.* ઉડાવવું, વાપરી નાખવું.

Square, *s.* ચોરસ, ચોક; વર્ગ; કાટખુણુ; કોટ;કોષ્ટક; ચોકડી. 2 *a.* ચોરસ;બરોબર. 3 *v.* સુધારવું. -root, *s.* વર્ગમૂળ.
Squat, *a.* ચપટ,ચપટું. 2 *v.* ચપટબેસવું.
Squeeze, *v.* ચાંપવું, છુંદવું, મસળવું.
Squint, *s.* બાડો,કાંણો. 2 *v.* બાડુંજોવું.-eyed, *a.* બાડું.
Squirrel, *s.* ખીસકોલી.Squire, *s.* એકજાતનોકિતાબ.
Stab, *v.* ભોકવું, ખોસવું, જખમ કરવો.
Stability, *s.* મજબુતી, ટકાઉપણું, સ્થિરતા.
Stable, *s.* તબેલો, ઘોડશાળા. 2 *a.* કાયમ, ટકાઉ.
Staff, *s.* લાકડી; સોટો; છડી. Stag, *s.* સાબર.
Stage, *s.* માળો; નાટક, રંગભૂમિ; મજલ; મુકામ.
Stagger, *v.* ડોલવું, ડગવું; ડગમગવું;વિચારમાંપડવું.
Stagnant, *a.* સ્થિર; સુસ્ત. Stagnate, *v.* સ્થિર થવું; મંદહોવું.
Stain, *s.* રંગ; ડાઘ; કલંક. 2 *v.* રંગવું; બિગાડવું; કલંક લગાડવું.
Stair, *s.* પાયરી, પગથિયું; ઘાટ.
Stairs, Staircase, *s.* દાદર, નિસરણી; ચઢણી.
Stake, *s.* ખુંટો; શરત; જુમ્મો. 2 *v.* ખુંટો મારવો; સરત મારવી.
Stale, *a.* વાસી, ઘસાઈ ગયેલું. 2 *v.* વાસી કરવું.
Stalk, *s.* ડીટું, ડાખળી.
Stall, *s.* તબેલો;બેઠક;બાંકડો.-ed, *a.*તબેલામાંરાખેલું.

Stammer, *v.* તોતડું બોલવું. -er, *s.* બોબડો.
Stamp, *s.* છાપ, મોહોર;આકાર. 2 *v.* છાપ મારવી; પગ પછાડવો.
Stanch, *a.* ધીરૂં, સ્થિર. 2 *v.* અટકાવવું; અટકવું.
Stand, *s.* બેસણી; ઘોડી, ડામચીયો; મુકામ, ઠાણું; તટસ્થપણું; ઉભું રહેવું; ટકવું, ચાલવું. (-by) હાજર રેહેવું. (-for) બદલે રેહેવું. (-up) ઉભાથવું. (-up for) પક્ષ ખેંચવી. (-with)મળતુંઆવવું.
Standard, *s.* નિશાણ, વાવટો, ઝુંડો; માપ, ધોરો. -bearer, *s.* પતાકી, ઝુંડો ઉઠાવનાર.
Standing, *a.* ઉભું રેહેતું; હાલત, સ્થિતિ, પદ્વી, દરજ્જો. 2 *a.* ઉભું; ટકાઉ; પ્રસિદ્ધ; કાયમ, જાશુકનું.
Stanza, *s.* શ્લોક; બેત. Star, *s.* તારો; ચાંદરણી.
Starch, *s.* ખળ, કાંજી, લાહી. 2 *v.* હાર ભરવો.
Stare, *v.* તાકીને જોવુ. Star-gazer, *s.* જોશી.
Starry, *a.* તારા સંબંધી; નક્ષત્રમય; તારાથી ભરપૂર.
Start, *v.* ચોંકવું, ચમકવું; ર્વાને થવું.
Startle, *v.* ભડકાવવું, ચમકાવવું, ચમકવું.
Starve, *v.* ભુખે મારવું; ભુખે મરવું.
State, *s.* હાલત, દશા; ઠાઠમાઠ, ધામધુમ; સરકાર; રાજ્ય. 2 *a.* સરકારી; ભભકાદાર. 3 *v.* કલમવાર લખવું; કેહેવું.

Stately, *a.* શોભિતું, પ્રૌઢ; પાદશાહી;ઉત્તમવિચારનું.
Statement, *s.* હકીકત, બ્યાન, વર્ણન; ગણતરી.
Statesman, *s.* રાજકારભારી; રાજનીતિજ્ઞ.
Station, *s.* ઠેકાણું, મુકામ; અમલ; પદ્દી.2 *v.* નેમ-
ણુંક કરવી. [કાગદી.
Stationary, *a.* સ્થિર; અવર્દ્ધમાન. stationer, *s.*
Statistics, *s.* દેશસ્થિતિ.statue, *s.* પુતળું,બાવલું.
Statute, *s.* કાયદો, નિયમ, ધારો, કાનુન.
Stay, *s.* વાસો; સ્થિતિ, ટકાવ; ખોટી. 2 *v.* ધીરજ
આપવી; ખોટી કરવું; ટકવું; થોભવું; વાસકરવો; ભ-
Stead, *s.* જગા, ઠેકાણું, સ્થાન. [રોસોરાખવો.
Steadfast, Steady, *a.* અચળ, સ્થિર; ચિકટ.
Steal, *v.* ચોરવું;છાનામાનાઆવવું.Stealth, *s.* ચોરી.
Steam, *s.* બાફ, વરાળ. 2 *v.* બાફઆપવો; બાફ નિ-
Steamer, *s.* આગબોટ. Steed, *s.* ઘોડો. [કળવો.
Steel, *s.* પોલાદ. 2 *a.* પોલાદનું. 3 *v.* કઠણ કરવું.
Steep, *s.* ચઢાવ. 2 *a.* સીધું, ઉભું. 3 *v.* પળાલવું.
Steeple, *s.* શિખર, ટોંચ, મિનારો, ઘુંમટ.
Steer, *s.* વાછરડો.2 *v.* વહાણ હંકારવું;રસ્તોપકડવો.
Steerman, *s.* સુકાની, સુકાનદાર.
Stem, *s.* થડ,ડાંખળી. 2 *v.* સન્મુખજવું;અટકાવકરવો.
Step, *s.* પગલું, કદમ; પાયરી; ઉપાય. 2 *v.* પગલું

ભરવું; કદમથી માપવું. -brother, s. ઓરમાનભાઈ. -daughter, s. ઓરમાન છોકરી. -mother, s. ઓરમાન મા. -sister, s. ઓરમાન બેહેન. -son, s. ઓરમાન છોકરો. -stone, s. પગથિયું. [વાંઝીયાપણું.

Sterile, *a.* વેરાન;વાંઝણી. Sterility, *s.* ઉજડપણું;

Stern, *a.* વહાણનોપાછલોભાગ.2 *a.* કરડું,માયાહીન.

Steward, *s.* ઘરનો કારભારી-ship, *s.* દીવાનગિરી.

Stick, *s.* લાકડી, કાઠી. 2 *v.* ચોંટાડવું; ચોંટવું.

Stickle, *v.* આગ્રહ કરવો. Sticky, *a.* ચિકણું.

Stiff, *a.* અક્કડ;કઠણ,ઘટ્ટ;હઠીલું;અપ્રશસ્ત;ઉપરઉપરનું.

Stiffness, *s.* અક્કડાઈ; કડકપણું; હઠીલાઈ.

Stifle, *v.* ગુંગળાવવું; દાબી રાખવું; સંતાડવું.

Stigma, *s.* ડાઘ,કલંક;ઠપકો.-tize, *v.* કલંક લગાડવું.

Still, *s.* દારૂ કાઢવાનું યંત્ર. 2 *a* મુગું, શાંત;નિરૂપદ્રવ. 3 *v.* શાંત કરવું. 4 *ad.* હજુ સુધી; તથાપિ. -born, *a.* મુવેલું જન્મેલું.

Stillness, *s.* શાંતિ, નિરાંત; સ્તબ્ધતા, નિર્વાતપણું.

Stimulate, *v.*ઉશ્કેરવું;ઉત્તેજનઆપવું; ચેતનાઆણવી.

Stimulation, Stimulus, *s.* ઉત્તેજન; ચેતનાવર્ધન.

Sting, *s.* ડંખ, દંશ; મર્મ. 2 *v.* ડંખવું; બળવું, દુઃખ પામવું. [વાસઆવવી.

Stingy, *a.* કંજુસ, કૃપણ. Stink, *s.* બદબો. 2 *v.*

Stipend, *s.* મુસારો, પગાર. Stipendary, *s.* પગારદાર માણસ.

Stipulate, *v.* કરાર કરવો. Stipulation, *s.* કરાર, [ઠરાવ; સાટું.

Stir, *s.* ગડબડ, ધામધુમ. 2 *v.* ડોહોલવું; ઉશ્કેરવું.

Stirrup, *s.* પાવડો, પેઘડું, રિકાબ.

Stitch, *s.* ટેભો, ટાંકો; કળતર, સૂળ. 2 *v.* ટાંકોમારવો; સાંધવું.

Stock, *s.* ઝાડનું થડ; દાંડો, ખુંટો; પુંજી; સંગ્રહ; [ખાનદાન. 2 *v.* ભરવું.

Stockade, *s* લડકકોટ. stocking, *s.* પગનાંમોજાં.

Stomach, *s.* પેટ, જઠર; ભુખ, રૂચી; ગર્વ; ગુસ્સો.

Stone, *s.* પથ્થર, પાષાણ; ઠળીયો; પથરી. (precious–) જવાહીર. 2 *a.* પથ્થરનું. 3 *v.* પથ્થરકેંકવો, કાંકણ કરવું. –cutter, *s.* સલાટ. –fruit, *s.* ઠળીયાવાળું ફળ.–hearted, *a.* નિર્દય. –pecker, *s.* પથ્થર ફોડનારૂં પક્ષી છે. –work, *s.* ફરસબંદીનું કામ.

Stony, *a.* પથ્થરનું; ઘણા પથરાવાળું.

Stool, *s.* પાટલો, બાજઠ; ઝાડો, દસ્ત, પેટ. [મારવી.

Stoop, *s.* વાંકુ વળવું; ઝડપ. 2 *v.* વાકું વળવું, નમવું; ઝડપ

Stop, *s.* ખોટી, અટકાવ, રોકાણ; વિરામ; મુકામ, ઠેકાણું; વાંધો. 2 *v.* અટકાવવું, રોકવું; અટકવું; થોભવું.

Stoppage, *s.* રોકાણ, અટકાવ. Stopper, *s.* બુચ, ડાટો.

Store, *s.* સંગ્રહ; વખાર, ભંડાર; સામગ્રી, સામાન.

2 *v.* સંગ્રહ કરવો; વખારમાં ભરવું. –house, *s.* વખાર; ભંડાર. –keeper, *s.* ભંડારી, વખારીયો.
Storm, *s.* વાદળ, તોફાન; દંગો, રીસાદ;આફત. 2 *v.* છાપો મારવો.
Stormy, *a.* તોફાની; જોસ્સા ભરેલું.
Story, *s.* માળો, મેડો; કથા, વાર્ત્તા; તપસીલ; હેવાલ.
Stout, *a.* જોરાવર, મજબૂત, જબ્બર, જબરૂં.
Stove, *s.* ચુલો; ભઠ્ઠી. Straggle, *v.* રઝળવું, ભટકવું.
Straight, *a.* સરખું, પાધરૂં, દુરસ્ત. 2 *ad.* તરત, લાગલુંજ. –en, *v.* સીધું કરવું. –forward, *a.* પાંસરૂં, વ્યાજબી. –way, *ad.* તત્કાળ, તરતજ.
Strain, *s.* ચમક, આચકો; તાણ; ગીત, ગાયન; વલણ. 2 *v.* ચાળવું; ખેંચવું; ગળવું; જોરથી તણાવવું; ગળવું; માથાફોડ કરવી, શ્રમ લેવો.
Strainer, *s.* ગળનાર; ચાળણી, ગળણી.
Strait, *s.* સામુદ્રધુની; સંકટ. 2 *a.* સાંકડું; અઘરૂં.
Straighten, *v.* અડચણમાં નાખવું; સાંકડું કરવું.
Strand, *s.* કાંઠો,તીર;દોરીનુંપીંડું.2*v.*કાંઠાપર ચઢાવવું.
Strange, *a.* પરદેશી; પારકું; ચમત્કારિક; તરેહવાર.
Stranger, *s.* પરદેશી; મુસાફર; પરોણો, મેહેમાણ.
Strangle, *v.*ગુંગળાવીમારીનાખવું.Strap,*s.*ચામડાનો પટો.
Stratagem, *s.* ઉપાય, યુક્તિ; દાવપેચ,કપટ.
Stratum, *s.* પડ, થર. Straw, *s.* પરાળ; તલભાર.

Streak, *s.* લીસોટો, પટો. 2 *v.* પટો પાડવો.
Stream, *s.* નાળું, નદી; વેગ; ઓઘ. 2 *v.* વેહેવું.
Streamer, *s.* નિશાન, વાવટો. Street, *s.* પોળ, મો- [હોલ્લો, શેરી.
Strength, *s.* જોર, બળ, સામર્થ્ય; કસ.
Strengthen, *v.* મજબુત કરવું; પુષ્ટી આપવી; ધીરજ દેવી.
Strenuous, *a.* ઉદ્યોગી. Stress, *s.* બોજ, ભાર; તાણ.
Stretch, *v.* વિસ્તારવું, લંબાવવું; તાણવું; જોર કરવું; [વેહેવું.
Strew, *v.* વેરવું; વિખરવું, પાથરવું.
Strict, *a.* કરડું, સખ્ત, કઠણ; બરોબર, ચોકસ.
Strictly, *ad.* સખ્તપણે.
Stride, *s.* ફલંગ. 2 *v.* ફલંગ મારવી.
Strife, *s.* કજીયો, ઝગડો; સ્પર્ધા, હરીફાઈ.
Strike, *v.* મારવું, ઠોકવું; પીટવું; ભાસવું, માલમ પડવું; તાજુબ થવું. (-against) અથડાવવું. (-off) છેકી નાખવું, ચેરવું. (-out) કાઢી નાંખવું.
String, *s.* દોરી, સુતળી, તાંત, હાર, નાડું. 2 *v.* પોરવવું; [તાર બાંધવો.
Strip, *s.* કટકો, પટ્ટી. 2 *v.* ઉઘાડું કરવું.
Stripe, *s.* પાટો; ફટકો. 2 *v.* ફટકો મારવો.
Stripling, *s.* છોકરો. Strive, *v.* ઉદ્યોગ-યત્ન કરવો.
Stroke, *s.* ફટકો, ટોલ્લો; ધપ્પો; કાપો. 2 *v.* પંપાળવું.
Stroll, *s.* સેહેલ, ફરવું. 2 *v.* સેહેલ કરવી.
Strong, *a.* જોરાવર, બળવાન; જબ્બર; કડવું; વજનદાર.

Structure, *s.* ઈમારત, બાંધણી; બાંધો; રચના.
Struggle, *s.* માથાફોડ; કજીયો, ટંટો. 2 *v.* તરફડવું.
Strumpet, *s.* કસબણ, રાંડ, છીનાળ સોદ્દી બૈરી.
Strut, *s.* ઠમકો, નખરાં. 2 *v.* નખરાં કરવાં.
Stubborn, *a.* હઠ્ઠી, જીદ્દી; મજબુત, જબ્બર.
Stubbornness, *s.* હઠ્ઠ, હુજત, મમત, જીદ્દ.
Student, *s.* નિશાળિયો, શિષ્ય, વિદ્યાર્થી, શિખનાર.
Studious, *a.* વિદ્યાભ્યાસી; ઉદ્યોગી, મેહેનતું. [કરવો.
Study, *s.*વિદ્યાભ્યાસ,ભણવું;અધ્યયન.2*v.*શિખવું;વિચાર
Stuff, *s.* કાપડ; માલમતા; જીદંગી.2*v.*ઠાંસવું.[ખાવી.
Stumble, *s.* ઠોકર, ઠેસ; ભૂલ.2*v.*ઠોકરમારવી; ઠોકર
Stumbling-block,-stock, *s.* અટકાવ, હરકત.
Stump, *s.* ખુંટો; ઠુંઠું. Stun, *v.* બેહેરા કરવું.
Stupefaction, *s.* અચેતના, સુસ્તપણું.
Stupefy, *v.* મૂર્ખ બનાવવું; સુસ્તકરવું.
Stupendous, *a.* અદ્ભૂત, આશ્ચર્યકારક, ઘણુંમોહોટું.
Stupid, *a.* અજ્ઞાન, મૂર્ખ; જડ, મૂઢ, મંદ.
Stupidity, *s.* મૂર્ખાઈ; નાદાની.Stupor, *s.* બેશુદ્ધિ.
Sturdy, *a.* જોરાવર;પુષ્ટ.Stutter, *v.* તોતડુંબોલવું.
Sty, *s.* ડુક્કરખાનું; આંખ પર થતી આંજણી.
Style, *s.* ધાટી, ઢપ,છટા;રીત;ખિતાબ. 2 *v.* નામદેવું.
Subdivide, *v.*વિભાગકરવો.Subdivision,*s.*વિભાગ.

Subdue, *v.* જીતવું, તાબે કરવું, સ્વાધીન કરી લેવું.
Subject, *s.* પ્રજા, રૈયત;વિષય. 2 *a.* તાબેદાર,યોગ્ય.
3 *v.* તાબે કરવું; જીતવું.–matter, *s.* બાબત,વિષય.
Subjection, *s.* અમલનીચે લાવવું;પરતંત્રતા,તાબેદારી.
Subjoin, *v.* પાછળથી સાંધવું.
Subjugate, *v.* તાબે કરવું.
Subjunctive, *s.* સંશયાર્થ.Sublimate, *s.* રસકપૂર.
Sublime, *a.* ઉમદા, ઉંચું; ઉત્કૃષ્ટ, મોહોટું.
Sublimity, *s.* ઉંચાપણું.Submarine, *a.* સમુદ્રમાંનું.
Submission, *s.* તાબેથવું; તાબેદારી, આધિનતા.
Submissive, *a.* તાબેદાર, આધીન.
Submit, *v.* બીજાને સોંપવું; દબીજવું; શરણ જવું.
Subordinate, *a.* હાથ નીચેનું; તાબેદાર; અમુખ્ય.
Subordination, *s.* તાબેદારી, આધીનતા;ઓછીજરૂર.
Subscribe, *v.* સહી કરવી, ઉઘરાણું કરવું;માન્યકરવું.
Subscriber, *s.* સહીકરનાર;ઉઘરાણાની ટીપમાંભરનાર.
Subscription, *s.* ઉઘરાણું, સહી, ખત, હસ્તાક્ષર.
Subsequent, *a.* પછીથયેલું,આવતું.–ly, *ad.* પછવાડેથી.
Subsidiary, *a.* સાહ્યકારી.Subsidy, *s.* પૈસાનીમદદ.
Subsist, *v.* હોવું; ગુજરાન થવું–ચાલવું.
Subsistence, *s.* અસ્તિત્વ;ગુજરાન; જીવનવસ્તુ.[પન.
Substance, *s.* મતલબ, સારા પદાર્થ, સારાંશ; આય-

Substantial, *a.* વાસ્તવિક, અવેજદાર; કસદાર; ખબરદાર.
Substantially, *ad.* ખરેખર, વાસ્તવિક. [*s.* નામ.
Substantiate, *v.* ખરૂં કરી આપવું. Substantive,
Substitute, *s.* અવેજી, બદલી. 2 *v.* બદલામાં આપવું.
Substitution, *s.* અદલાબદલ. Subterfuge, *s.* બાહાનું.
Subtile, *a.* બારીક; નાજુક. Subtility, *s.* બારીકાઈ;
Subtract, *v.* કાઢવું, લઈજવું; બાદ કરવું. [બુદ્ધિ.
Subtraction, *s.* કાઢવું, લેવું; બાદ, બાકી.
Suberb, Suberbs, *s.* ઉપનગર, પરૂં, શાખાપુર.
Subversion, *s.* નાશ, વિધ્વંસ; ઉંધું વાળવું.
Subvert, *v.* પાયમાલ કરવું, બગાડવું; ઉંધું વાળવું.
Succeed, *v.* બદલે આવવું; પછવાડે થવું; સાધવું.
Success, *s.* ફતેહ, યશ, જય; સિદ્ધિ.
Successful, *a.* ફતેહમંદ, સફળ; કૃતાર્થ.
Succession, *s.* પરંપરા; હાર, માળા; વંશાવળી.
Successive, *a.* ચાલતું આવેલું.–ly, *ad.* એકપછીએક.
Successor, *s.* વારસ. Succour, *s.* મદદ. 2 *v.* મદદ
Such, *a.* એવું; તેવું. Suck, *v.* ચુસવું ધાવવું. [આપવી.
Suckling, *s.* ધાવતું, ધાવણું. Suction, *s.* ચુસવું તે.
Sudden, *a.* ઓચિંતું, આકસ્મિક.–ly, *ad.* એકાએક.
Sue, *v.* ફરીયાદી કરવી; અર્જ–વિનંતી કરવી.
Suffer, *v.* સોસવું, ખમવું, વેઠવું; પરવાનગી આ-

પવી; દુ:ખ ભોગવવું.
Sufferer, *s.* ખમનાર,ભોગવનાર;પરવાનગી આપનાર.
Suffering, *s.* દુ:ખ, ક્લેશ; પરવાનગી. [કાબેલિઅત.
Suffice, *v.* પુરૂં થવું. Sufficiency, *s.* પુરતાપણું;
Sufficient, *a.* બસ, પુરતું; યોગ્ય, લાયક.
Suffocate, *v.*ગુંગળાવવું. Suffocation, *s.*ગુંગળાવું.
Suffrage, *s.* સંમતિ, વિચાર, અનુમતિ, મત.
Sugar, *s.* ખાંડ; બુરૂ. 2 *v.* ખાંડ પાવી.–cane, *s.*
સેરડી.–candy, *s.* ખડી સાકર.–mill, *s.* કોહલું.
Suggest, *v.* ચેતવવું.–ion, *s.* સુચના, ચેતવણી.
Suicide, *s.*આપઘાત,આત્મઘાત; આત્મહત્યા કરનાર.
Suit, *s.* જોટ; અર્જ, કજીઓ; ખટલો. 2 *v.* યોગ્ય
Suitable, *a.* યોગ્ય, લાયક. [કરવું; બંદબેસતું.
Suitor, *s.* અરજદાર; માંગનાર. [ડવો, મેલું કરવું.
Sullen, Sulky, *a.* ચીડિયું. Sully, *v.* ડાઘ લગા-
Sulphur, *s.* ગંધક.
Sultry, *a.* ગરમ, ઉન્હું, ઉખણું, બાફમારતું.
Sum, *s.* સરવાળો, એકંદર; રકમ. 2 *v.* સરવાળો કરવો.
Summary, *s.* સંક્ષેપ,સારાંશ. 2 *a.*સંક્ષિપ્ત,ટુંકામાં.
Summer, *s.* ઉનાળો, ગ્રીષ્મકાળ.
Summit, *s.* શિખર, ટોંચ.
Summon, *s.* સમન કરવો. Summons, *s.*સમન.

Sun, *s.* સૂર્ય, સુરજ; તાપ,તડકો. -beam, *s.* સૂર્યનું કિરણ. -burnt, *a.* સૂર્યના તાપથીકાળુંપડેલું.-day, *s.* આતવાર, રવીવાર. -dial, *s.* છાયાયંત્ર.
Sundry, *a.* પરચુરણ, નાના પ્રકારનું, ભાતભાતનું.
Sunflower, *s.* કમળમુખી. Sunrise, *s.* સૂર્યોદય.
Sunset, *s.* સૂર્યાસ્ત. Sunshine, *s.* તડકો, તાપ.
Sup, *v.* ઘુંટડો ભરવો.2 *v.* રાત્રે જમવું, વાળું કરવું.
Superabundance, *s.* અતિશયપણું, પેટપૂર.
Superannuated, *a.* વયાતીત, ઘણુંજ જઈફ.
Supersede, *v.* બરતરફ કરવું, ખસેડવું.
Superstition, *s.* વેહેમ, ધર્માંધપણું; ખોટો ધર્મ.
Superstitious, *a.* વેહેમી,ધર્માંધ,અતિભાવિક,ભોળું.
Supervisor, *s.*ચોકસી રાખનાર. Supper, *s.*ખાનું.
Supplant, *v.* ઠોકર મારી પાડવું,પેટપર પગ મુકવો.
Supplement, *s.* પુરવણી.
Suppliant, *a.* વિનંતી કરનાર.
Supplicate, *v.* અરજ કરવી, વિનવું, કરગરવું.
Supplication, *s.* વિનંતી, અરજ,પ્રાર્થના,કાલાવાલા.
Supply, *s.* ભરતિયું,પુરાવો,ભરતી. 2 *v.* પુરૂપાડવું.
Support, *s.* ગુજરાન; આધાર, આશ્રય. 2 *v.* આધાર આપવો; પોષવું, પાળવું; પકડવું, ખમવું.
Supportable, *a.* સહન કરી શકાય એવું, ટકી શ-

કાય એવું. [આણવું.
Suppose, *v.* ધારવું, વિચારવું; તર્ક કરવો; મનમાં
Supposition, *s.* ધારણા, કલ્પના, તર્ક, અટકળ.
Suppress, *v.* નરમ કરવું, બેસાડી દેવું; દાબવું, છુપાવવું.
Supremacy, *s.* શ્રેષ્ઠપણું, ઐશ્વર્ય, મુખ્યતા; ચઢતી, અ-
Supreme, *a.* મુખ્ય, શ્રેષ્ટ; પરમ અવધિનું. [ધિકાર.
Sure, *a.* ખચિત, નક્કી.–ly, *ad.* ખચિત, બેશક.
Surety, *s.* ખચિતપણું; નિશ્ચય; જામીન, જામીનગિરી.
Surface, *s.* સપાટી; પૃષ્ઠ, ઉપલો ભાગ.
Surfeit, *s.* ટેર, આફ્રો. 2 *v.* ગળાસુધી ખાવું.
Surge, *s.* મોજું, ઉછાળો. Surgeon, *s.* શસ્ત્રવૈદ્ય.
Surgery, *s.* શસ્ત્ર વૈદુ. Surly, *a.* ચીડિયો, ગંધાતો.
Surmise, *s.* અટકળ, કલ્પના; વેહેમ, અંદેશો. 2 *v.*
Surmount, *v.* ચઢીબેસવું. [કલ્પનાકરવી; વેહેમઆવવો.
Surname, *s.* અટક. 2 *v.* અટક આપવી.
Surpass, *v.* ચઢીયાતાં થવું.
Surplus, *s.* શિલક. 2 *a.* ફાલતું. [રાવું.
Surprise, *s.* અચરત, વિસ્મય; ગભરાટ. 2 *v.* ગભ-
Surprising, *a.* અજાએબ જેવું, વિસ્મય ઉત્પન્ન ક-
Surrender, *v.* સોંપવું, પરસ્વાધીન કરવું. [રનારૂં.
Surround, *v.* ઘેરી લેવું.–ing, *a.* ચારમેરનું ઘેરનારૂં.
Survey, *s.* માપણી; ચોકસી, તપાસ. 2 *v.* તપા-

સવું; જમીન માપવી.
Surveyor, *s.* માપણી કરનાર; ચોકસી રાખનાર.
Survive, *v.* પાછળ જીવવું.
Survivor, *s.* પાછળ જીવનાર.
Susceptible, *a.* આપવા જોગ; નાજુક; લાયક.
Suspect, *v.* શક આણવો; અવિશ્વાસ રાખવો;અટ-
Suspend, *v.*લટકાવવું;મુલતવી રાખવું. [કળ બાંધવી.
Suspense, *s.* અનિશ્ચય, મોહોગમ.
Suspension, *s.* મોકુફી, ટાંગવું; મોઘમ રાખવું.
Suspicion, *s.*વેહેમ,સંશય,અંદેશો; અવિશ્વાસ;તર્ક.
Suspicious, *a.* વેહેમી, સંશય ભરેલું, શક ભરેલું.
Sustain, *v.* પોશવું, પાળવું; ખમવું; નિભાવવું.
Sustenance, *s.* ખોરાક;ગુજરાન.Swagger, *v.* ફુલ-
Swallow, *s.* ગળું; ચકલી. 2 *v.* ગળી જવું.[મારવી.
Swamp, *s.* ભીની-હવાવાલીજગ્યા.Swan,*s.* રાજહંસ.
Swarthy, *a.* કાળું, ઝાંખું. Swathe, *s.* બાળોતિ-
યું. 2 *v.* લપેટવું. [મન વાળવું; અમલ કરવો.
Sway, *s.* અમલ, અધિકાર; વજન; સપાટો. 2 *v.*
Swear, *v.* સમ ખવડાવવા; સોગન ખાવા.
Sweat, *s.* પરસેવો, સ્વેદ. 2 *v.* પરસેવો થવો;ભારે
Sweep, *v.* ઝાડવું, ઝાડુ કહાડવું. [ઉદ્યોગ થવો.
Sweeper, *s.* વાળનાર, ઝાડુ કાઢનાર; ભંગીયો.

Sweet, *s.* સુખ; પ્યારો. 2*a.* મિઠું, મિષ્ટ; વાહાલું.
Sweeten, *v.*ગળ્યું કરવું.Sweetheart,*s.*પ્રિયા,પ્યારી.
Sweetish, *a.* થોડું ગળ્યું.Sweetmeat, *s.* મિઠાઈ.
Sweetness, *s.* મિઠાસ, ગળપણ, મધુરતા, માધુર્ય.
Swell, *s.* સોજો; પૂર, રેલ; મોજું. 2 *v.* સોજો આ-
વવો; પૂર આવવું; વધારવું; સુજવું.
Swelling, *s.* સોજો; વધવું, ફુલવું, ઉપશી આવવું.
Swift, *a.* જલદ,ઉતાવળો.–ly, *ad.* જલદીથી,ઉતાવળે.
Swiftness, *s.* વેગ, દોડ, જલદી, ઉતાવળ, ચાલાકી.
Swim, *v.*તરવું;લપસવું.Swimmer, *s.* તરનાર,તારો.
Swindle, *v.* ધુતવું. Swine, *s.* ડુક્કર, ભુંડ.
Swing, *s.* ઝોકો, ઝોળો,હિંડોળો. 2 *v.* હિંચકાખાવા;
Switch, *s.* છડી, સોટી. 2 *v.* છડીથી મારવું. [ઝુલવું.
Swoon, *s.* મુર્છા, બેશુદ્ધિ. 2 *v.* મૂર્છા આવવી.
Swoop, *s.* ઝડપ, ઝપાટો. Sword, *s.* તરવાર.
Sycophant, *s.* ખુશામતિયો. Syllable,*s.*અક્ષર,પદ.
Syllogism, *s.* ન્યાય, અનુમાનનો એક પ્રકાર.
Sylvan, *a.* જંગલી, રાની, વનાચારી.
Symbol, *s.* નિશાની, ચિન્હ. –ical, *a.* લાક્ષણિક.
Symmetry, *s.* આકારશુદ્ધિ, અંગસંજોગ.
Sympathize, *v.* દયા આવવી; સરખું લાગવું.
Sympathy, *s.* દયા; સ્વભાવનું સરખાપણું.

Symptom, s. ચિન્હ, લક્ષણ. Synod, s. સભા.
Synonym, s. પર્યાય. -ous, a. એક અર્થનું.
Synopsis, s. સારાંશ. Syntax, s. વાક્યવિચાર.
Syringe, s. પિચકારી. 2 v. પિચકારી મારવી.
Systematical, a. વ્યવસ્થિત.
Systematize, v. ગોઠવણ કરવી.

T.

Tabernacle, s. તંબુ, ડેરો; દેવલ, દેહેરૂં.
Table, s. મેજ, ટેબલ; સપાટી.-cloth, s. ટેબલપર પાથરવાનું કપડું.-land, s. ડુંગરપરની સપાટ જમીન
Tablet, s. લખવાની પાટી, પત્ર.
Table-talk, s. જમતી વખતે થતી વાતચીત.
Tabour, s. મૃદંગ. Tacit, a. છાનું, ગુપ્ત.
Tacitly, ad. છાનુંમાનું.
Taciturn, a. અલ્પભાષી, મુગું.
Tackling, s. વહાણના દોરડા વિગેરે સામાન.
Tactics, s. સૈન્ય રચના, કવાયત.
Tail, s. પુંછડી, પુંછ; છેડો. -cut, a. બાંડું.
Tale, s. વાત, કાહાણી; ગણત્રી.-bearer, s. ચાડીયો.
Talent, s. અક્કલ, બુદ્ધિ; ગુણ. -ed, a. બુદ્ધિવાન.
Talents, s. અક્કલ, બુદ્ધિ. Talisman, s. જાદુગર.
Talk, s. વાતચીત, સંભાષણ; અફવા. 2 v. વાતચીત

કરવી. (-to) શિખામણ દેવી, ઠપકો દેવો.
Talkative, *a.* બહુબોલો, વાચાળ, બોલકણો.
Tall, *a.* ઉંચુ, લાંબુ. Tallow, *s.* ચરબી.
Tallow-chandler, *s.* મીણબત્તી બનાવનાર.
